# અનુક્રમણિકા

## બાઈબલની બાલનાટીકાઓ


૧ આદમ અને હવા
૨ પરમેશ્વરની મહાન યોજના
૩ પ્રભુઈસુનો જન્મ-બાલનાટીકા
૪ ભલો સમરુની
૫ બાઇબલનો ઈતિહાસ
૬ ઝાખી દાણી
૭ માફી નહિ આપનાર ચાકર
૮ ફરોશી અને દાણીની પ્રાર્થના
૯ માર્થા અને મરિયમ
૧૦ માર્થા અને મરિયમ-પાત્રાભિનય
૧૧ ત્રણ મહાન રાજાઓના ઇન્ટરવ્યુ
૧૨ ખોવાયેલો દીકરો - ઉડાઉ દીકરો
૧૩ ધનવાન અધિકારી
૧૪ ફિલીપ અને હબસી ખોજો
૧૫ યોહાન બાપ્તિસ્મી
૧૬ યોહાન બાપ્તિસ્મીનો જન્મ
૧૭ ઐસ્તર રાણી
૧૮ જીવંત વિશ્વાસ- મુસા અને રાજકુમારી
૧૯ અનંતજીવન (થંભે જડાયેલ ચોર)
૨૦ પિલાતની પસંદગી
૨૧ સનાતન સત્ય પુસ્તક બાઇબલ
૨૨ ચોથો માગી
૨૩ નહેમ્યા- ન્યઝ ચેનલ
૨૪ લાજરસનું સજીવન કરાવવુ
૨૫ યર્મિયાહ સંદેશવાહક
૨૬ યર્મિયાહ ટાંકામા
૨૭ શાઉલમાંથી પાઉલ
૨૮ એલીશા એક વિધવાને મદદ કરે છે
૨૯ ગીબિયોનની છેતરપીંડી
૩૦ નુહ વહાણ બનાવે છે
૩૧ મુસા
૩૨ નામાન
૩૩ શમુએલ
૩૪ યહોશુઆ
૩૫ આખાન
૩૬ એલિયા પ્રબોધક
૩૭ દાનિયેલ-રાજાના સ્વપ્નનો અર્થ કહે છે
૩૮ દસ કુમારીકાઓ
૩૯ દસ કુમારીકાઓ - ૨
૪૦ પ્રભુઇસુનો વિજયવંત પ્રવેશ
૪૧ પ્રભુઇસુ પાણી પર ચાલે છે.
૪૨ પ્રભુ ઇસુનુ સ્વર્ગારોહણ
૪૩ તમારાં તાલંતોનું શું કર્યું?
૪૪ દાઉદ અને ગોલ્યાથ

# પ્રસ્તાવના

બાળકો જે સાંભળે છે તે ૧0% યાદ રાખે છે, જે જુએ છે તે ૫0% યાદ રાખે છે, જે બોલે છે તે ૭0% યાદ રાખે છે અને જે કરે છે તે ૯0% યાદ રાખે છે.

માટે કશું પણ શીખવવા માટે બાળકોને ફકત સંભળાવવું જ નહિ. પણ બાળકોને બતાવવું, બોલાવવું અને જાતે કરાવવું જોઈએ. બાળકો પ્રવુતિશીલ છે. તેમને નીત નવી પ્રવતિઓ કરવી ગમે છે. માટે બાળકોને શીખવવા માટેની અનેક પધ્ધતિઓ છે. જેમાંની એક નાટયપધ્ધતિ છે. આ પધ્ધતિ ધ્વારા બાળકો સાંભળે છે, જુએ છે, બોલે છે અને કરે પણ છે. માટે બાળકોમાં રહેલી સુશુપ્ત અને વિવિધ શક્તિઓ - તાલંતો બહાર લાવી શકાય છે. ખીલવી શકાય છે. બાળકોનો આત્મ-વિશ્વાસ વધે છે. સમજશક્તિ વધે છે. અને યાદ શક્તિ વિકસે છે. માટે બાઇબલની વાતો શીખવવા માટે આ પધ્ધતિનો અસરકારક ઉપયોગ કરી શકાય.

ઈશ્વરપિતાની કૃપા થકી બાળકો અને યુવાનોમાં કાર્ય કરવાની તક મળી. સન્ડે સ્કૂલ VBS, બાઇબલ અભ્યાસ, સેમીનાર વગેરેમાં, બાઇબલની વાતો શીખવતાં અનુભવ્યું કે, આ નાટયપધ્ધતિ બાળકોને ખૂબ રસિક લાગતી હતી. ઉત્સાહ અને રસ પેદા કરતી હતી. માટે સન્ડે સ્કૂલ, VBS, બાઇબલ અભ્યાસ, સેમીનાર વગેરેમા વિવિધ પ્રસંગોની ઉજવણી દરમ્યાન, બાઇબલને લગતાં નાના નાટકોની રજુઆત કરવાની તક મળી.

એમ કેટલાંક બાઇબલની વાતોને લગતાં બાલનાટકોનો સંગ્રહ થયો. જેનો બીજા શિક્ષકો પણ ઉપયોગ કરી શકે એ જ હેતુ છે. ખાસ કરીને ગ્રામ્ય મંડળીઓમાં તેમજ અન્યધર્મી લોકોને સુવાર્તા આપવા માટે, બાઇબલની વાતો સરળતાથી સમજાવવા માટે, આ નાટકોનો અસરકારક ઉપયોગ કરી શકાય. સન્ડે સ્કૂલ, VBS, યુવાનો, મહિલામંડળની બહેનો આ નાટયસંગ્રહનો ઉપયોગ કરી પ્રભુની સુવાર્તા આપે તો આનંદ થશે.

પ્રભુપિતા તેમના મહિમા માટે આ નાટયસંગ્રહનો ઉપયોગ કરે એ જ દ્દયની પ્રાર્થના છે.

જેમણે મને ઉછેરીને,
મારું જીવન ઘડતર કર્યૂં,
સંસ્કાર સિંચન કર્યું અને
મારું જીવન ઉજાળ્યુ.
એવા પ્રભુના નમ્રસેવક

રેવ પી.બી. રાઠૌડ અને પૂંજીબેન પી. રાઠૌડ
મારા પરમ પૂજ્ય કાકાકાકીને અર્પણ.



વિમલા સી. મેકવાન
વડૌદરા

## ૧ આદમ અને હવા

(એદન વાડીનું દ્રશ્ય. વધુ બાળકોને ભાગ લેવડાવવો હોય તો વૃક્ષોની ડાળીઓ પકડાવી સ્ટેજ પર વાડીના દ્રશ્ય જેમ ગોઠવવા)

(બે નાનાં બાળકો આદમ – હવા વાડીમાં ફૂલ – પતંગીયાં પકડતાં ખુશ ખુશાલ હસતાં રમતાં બતાવી વાતાવરણ પ્રફૂલ્લિત બનાવવું)

હવા :- (એક ફૂલ પાસે જઇ કહે) આદમ ..આદમ... જો .. આ કેટલુ સરસ ફૂલ છે?

આદમ :- (પાસે જઇ ફૂલ તોડીને સૂંઘતાં કહે) હંઅઅઅ.. સુગંધ પણ સરસ છે.....

હવા :- (પતંગિયુ જોઇને દોડે) એ..એ..એ..પતંગિયુ..
(આદમ પણ પાછળ જાય.. એમ બાગમાં ફરતાં ફરતાં એક ઝાડ નીચે ઉભા રહે. પડદા પાછળથી વાણી સંભળાય)

વાણી :- "આદમ .. .. હવા .. .. સાંભળો.. તમે ઉભા છો તે વક્ષનું ફળ તમારે કદી જ ખાવાનું નથી. વાડીમાંના બધાં વૃક્ષોનાં ફળ ખાજો પણ આ વૃક્ષનું ફળ તમારે કદી જ ખાવું નહિ. જો ખાશો તો તમે મરશો જ મરશો.." સમજ્યાં ?

આદમ–હવા :- હા.. પ્રભુજી... નહિ ખાઇએ.. (બન્ને જણ વાડીમાં હસતાં રમતાં સ્ટેજ પાછળ જતાં રહે)
(થોડીવાર પછી હવા એકલી વાડીમાં ફૂલો વીણતી વીણતી પેલા વૃક્ષ પાસે આવે.-- અવાજ સંભળાય. -- આમતેમ જુએ.પડદા પાછળથી બોલવું)

સાપ :- (એક ઝાડ પર સાપ હોય) હવા .. હ.. વા....

હવા :- (આમતેમ જુએ) કોઇ મને બોલાવે છે ?

સાપ :- હ..વા.. ઉપર જો.. (હવા ઉપર સાપને જુએ) હવા જો આ ફળો કેટલાં સુંદર છે ? બહુ મીઠાં છે. પાકાંપાકાં મીઠાંમીઠાં.. ..લે .. ખા.

હવા :- અરે ના ના ના ના .. .. અમને દેવબાપે ના પાડી છે.. આ વૃક્ષના ફળ ખાવાના નથી..

સાપ :- અરે હવા.. .. ખા ..ખા.. ખૂબ સરસ છે.. ખાઇ તો જો..

હવા :- (હવા લલચાય.. હાથ લાંબો કરે..અટકી જઇને કહે) ના.. ના.. દેવ બાપ બોલશે..

સાપ :- હવા.. કશું નહિ થાય.. ખા.. ખા..

હવા :- (હવા ફળ તોડે.. એક બચકું ભરીને ખાય) હં અઅઅ.. .. બહુ સરસ છે.
(તે સમયે આદમ, હવાને બૂમ પાડતો આવે)

આદમ :- હવા.. .. હ..વા.. ક્યાં છે તુ. (હવાને ફળ ખાતી જુએ.તરત જોરથી બોલે)

હવા.. આ ફળ ખાવાની ના પાડી છે દેવબાપે.. ..

હવા :- આદમ.. બહુ સરસ છે.. લે .. ખા.. બહુ મીઠઠુ છે..

આદમ :- ના હવા ના .. દેવબાપે ના પાડી છે.. મરી જવાશે..

હવા :- થોડુંક જ ખાધુ છે.. તું પણ થોડું ક જ ખા.. (હવા તેના મોંમાં ફળ ઘાલે.આદમ ફળ ખાય)



સાપ :- હા.હા.હા.હા.હા.હા...... (ખડખડાટ હસે)
(બન્ને જણ પણ હસે.. વારાફરતી ફળ ખાતાં ખાતાં, ખુશ થતાં, હસતાં હસતાં જતાં રહે)

### દ્રશ્ય–૨

(ફરી પાછાં આદમ હવા ગભરાતાં ગભરાતાં વાડીમાં ફરતા હોય)

આદમ :- (બીક ભર્યા અવાજે બોલે) હવા..હવે દેવબાપ આપણને બોલશે..

હવા :- આદમ.. મને પણ બીક લાગે છે..

આદમ :- (એક ઝાડ તરફ આંગળી બતાવી કહે) ચાલ,પેલા ઝાડ પાછળ સંતાય જઇએ..

હવા :- હા.. આદમ, આ પાંદડાં પહેરીને સંતાઇ જઈએ..?
(થોડું ચાલે..– પાંદડાં બતાવી કહે.– પાંદડાં પહેરીને ઝાડ પાછળ સંતાઇ જાય.– થોડી વાર પછી પડદા પાછળથી વાણી સંભળાય)

વાણી :- આદમ .. હવા .. ક્યાં છો તમે..? (થોડી વાર પછી ફરી વાણી સંભળાય)
આ દ મ .. .. હ વા .. ..

આદમ :- (ઝાડ પાછળ થી ગભરાતો બોલે) પ્રભુજી.. અમે નાગાં છીએ..એટલે સંતાઇ ગયાં છીએ..

વાણી :- તમને કોણે કહયું ? કે તમે નાગાં છો ? (આદમ હવા ચૂપ રહે..થોડી ક્ષણો પછી જોરથી વાણી સંભળાય)
આ દ મ .. હ વા .. બહાર આવો ...

આદમ–હવા :- (ગભરાતાં ધ્રુજતાં મોં સંતાડી બહાર આવી ચૂપચાપ ઉભા રહે)

વાણી :- તમે ભલુંભુંડુ જાણવાનું ફળ ખાધુ છે ?

આદમ :- (હવા તરફ આંગળી કરી કહે) આ હવાએ મને ખવડાવ્યું.

હવા :- ના પ્રભુજી.. મને તો પેલા સાપે ખવડાવ્યું..

વાણી :- (ગુસ્સાભર્યા અવાજે કહે) હે સર્પ.. તેં આ લોકોને ફસાવ્યા ? જા.. હવે તું પેટે ચાલજે..અને ધૂળ ખાજે.. અને આદમ અને હવા.. તમે કેમ મારી આજ્ઞા માની નહિ ? તમારે હવે શિક્ષા સહન કરવી પડશે.. જાઓ.. નિકળી જાઓ મારા બાગમાંથી.. હવે તમે મહેનત કરીને અનાજ ઉગાડજો ને ખાજો.. તમે આજ્ઞા માની નહિ, માટે હવે તમને મ્રુત્યુ આવશે .. જાઓ..નિકળી જાઓ..હમણાં જ.
(આદમ હવા એકબીજાના હાથ પકડી રડતાં રડતાં જતાં રહે)

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ — આદમ | ૩ — સાપ |
| ૨ — હવા | ૪ — વાણી બોલનાર |

-: નોંધ :-

- બાળકો બોલી ના શકે તો મૂક અભિનય કરીને ભજવી શકાય.– અવાજ પડદા પાછળથી આપવો.
- સાપનો અવાજ પણ પડદા પાછળથી આપી શકાય.

## ૨ (ઈશ્વરની મહાન યોજના)–આદમ ને હવા.અને પ્રભુઈસુ

અંક – ૧

(આ બાળ નાટક, પાત્રો પોતે બોલીને ભજવી શકે અથવા નાના બાળકો ફક્ત અભિનય કરે અને અવાજ સ્ટેજ પાછળથી આપીને પણ ભજવી શકાય.)

(એદન વાડીનું દ્રશ્ય બનાવવું.એદનવાડીમાં આદમ ને હવા ફરતાં હોય. પ્રભુનો અવાજ સંભળાય.)

દેવ વાણીઃ– (નેપથ્યમાંથી બોલવામાં આવે) આ દ મ...હ વા... સાંભળો,આ વાડીના દરેક ફળો ખાવાની તમને છૂટ છે. પણ જુઓ આ વચ્ચે જે વૃક્ષ છે, તેનું ફળ તમે કદી જ ખાશો નહિ. જો ખાશો તો તમને શિક્ષા થશે. તમે મરણ પામશો.

(આદમ હવા એકબીજાને સમજાવે કે, જો જે આ વૃક્ષનું ફળ ખાવાનું નથી.પછી આદમ વાડીમાં ખોદકામ કરવા લાગે,હવા ફૂલ વીણતી વીણતી પેલા ઝાડ પાસે આવે. એ ઝાડ પર સાપ હોય.હવાને લલચાવે.)

સાપઃ– હવા,.એ..હવા.. (હવા આમતેમ જુએ..) હવા,... જો જો આ ફળ કેટલું સુંદર છે.? બહુ જ મીઠઠુ છે.ખાઇ તો જો.

હવાઃ– (મક્કમતાથી બોલે) ના..ના..ના..દેવબાપે ના પાડી છે, દેવે કહ્યું છે કે, વાડીમાંનાં બધાં ફળ ખાજો. પણ આ એક વૃક્ષનું ફળ ના ખાશો. જો ખાશો તો તમે મરણ પામશો.

સાપઃ– અરે હવા,,તમે નહિ જ મરો... અરે..ખાશો તો તમે પણ દેવના જેવા ભલું ને ભૂંડુ જાણતા થઇ જશો.ખા..ખા..અરે ખાઇ તો જો..

હવાઃ– ના..ના..હું નહિ ખાઉ.. .. દેવે અમને તો એ ફળને અડકવાનું પણ ના કહ્યું છે. અમે મરી જઇએ તો ?

સાપઃ– અરે..હવા..તમે નહિ મરો.ખરેખર તો, જો તમે આ ફળ ખાશો, તો દેવ જેવા બની જશો. ખાઇ તો જો.ખા..ખા..ખાઇ જો..કશું જ નહિ થાય.

(હવા લલચાયને ફળ તોડે. ખાવા લાગે. એટલામાં આદમ ત્યાં આવી પહોંચે.)

આદમઃ–(ચિંતા ને ગુસ્સાથી બોલે) અરે હવા..હ વા.. .. આ તું શું કરે છે ? આ ફળ ખાવાની ના પાડી છે દેવબાપે...

હવાઃ– (કશી પરવા વગર બોલે) બહુ જ મીઠઠુ છે.લે તું પણ ખા .. કેટલું સરસ છે. ખાઇ તો જો.. (આદમને ફળ આપે)

આદમઃ–(આનાકાની કરતાં બોલે) ના..ના..દેવબાપે કહ્યું છે કે જો આ ફળ ખાશો તો મરશો.

હવાઃ– અરે..કશું નહિ થાય.જો મેં ખાધું...મને કશું ના થયું.તું પણ ખા ને..ખા ..ખા..(આદમના મોં માં ફળ ઘાલે,ફળ ખાય.બંને ફળ ખાતાં ખાતાં ચાલ્યાં જાય)

અંક – ૨

(આદમ હવા સ્ટેજ પર આવે. બન્ને ચિંતામાં હોય, ગભરાતા હોય તેમ એકબીજા સામે જુએ)

હવાઃ– (ચિંતામાં બોલે) આદમ..મને તો બીક લાગે છે. દેવબાપ આપણને બોલશે



તો?

આદમઃ–(ચિંતામાં બોલે) હા..મને પણ બીક લાગે છે. હવે શું થશે? (બન્ને ગભરાતાં હાથ પકડી આમતેમ જોતાં આંટાં મારે.થોડી વાર પછી આદમ બોલે)

હવા..હમણાં દેવબાપ આપણને મળવા આવશે જ. ચાલ આપણે સંતાઇ જઇએ. (બન્ને જણ ઝાડના પાંદડાં વિંટાળે, ને એક ઝાડી પાછળ સંતાઇ જાય)

દેવવાણીઃ– (હાંક મારતા હોય તેમ બોલે) આ દ મ..હ વા.. ક્યાં છો તમે ?

આ..દ..મ, હ..વા... બહાર આવો.

આદમઃ–(ગભરાતાં બોલે) પ્રભુ અમે નગ્ન છીએ.

દેવવાણીઃ– (જરા ગુસ્સાથી બોલે) આદમ..હવા...જલ્દી બહાર આવો.. શું તમે ફળ ખાધું છે ?

(આદમ હવા ગભરાતાં ગભરાતાં બહાર આવે. બે હાથ વચ્ચે મોં સંતાડી દે, દેવ આગળ ઘૂંટણે પડે. મોં સંતાડી દે.)

દેવવાણીઃ– (ગુસ્સાથી બોલે) કેમ તમે મારી આજ્ઞા તોડી? તમે મારો હુકમ માન્યો નહિ માટે તમને શિક્ષા થશે જ. જાઓ... હવે તમને મરણ આવશે જ.જાઓ... નિકળી જાઓ આ વાડીમાંથી... (ગુસ્સાથી જોરથી બોલે) જાઓ........

(દેવ આદમ હવાને વાડીમાંથી કાઢી મૂકે. બન્ને રડતાં રડતાં જતાં રહે)

દેવવાણીઃ– (ગંભીરતાથી બોલે) આ માનવોએ પાપ કર્યું છે.પાપની શિક્ષા નાશ જ છે. પણ શું મારા બાળકો નાશ પામે ?

ના..ના.. મારાં બાળકોને હું નાશમાં જવા નહિ દઉ. આ મારાં લોકોને બચાવવા મારે યોજના કરવી જ પડશે. તેમની શિક્ષા હું ભોગવી લઇશ. એ મરણ હું ભોગવીશ. પણ મારાં બાળકોને બચાવી લઇશ.

હું પોતે માનવ બનીને પૃથ્વી પર જઇશ. અને મારું બલિદાન આપીને આ મારાં બાળકોને હું બચાવી લઇશ.

(સ્ટેજ પર ગભાણનું દ્રશ્ય બનાવવું.બાળઇસુ. માતા મરિયમ, યુસફ, દૂતો, ભરવાડો, માગીઓ, પ્રાણીઓ ...વગેરે .પ્રભુઇસુના જન્મનું દ્રશ્ય દર્શાવતાં પાત્રો અને આદમ હવા વગેરે બધાં સ્ટેજ પર આવે. આનંદથી ગીત ગાય. "આનંદ જગમાં તારક જનમ્યો, સત્કાર અવની તુજ રાય....."")

–: પાત્રો :–

મુખ્ય પાત્રો :– બાળ ઇસુના જન્મનું દ્રશ્ય.ગભાણ બનાવવી.
તેમાં બાળકોને નીચેના પાત્રોમાં ઉભા રાખવા.

| | |
|---|---|
| ૧ – આદમ | બાળઈસુ, માતા મરિયમ, પિતા યુસફ, ત્રણ માગીઓ, બેત્રણ ભરવાડો, ત્રણચાર દૂતો, |
| ૨ – હવા | પ્રાણીઓઃ– ઘેટું, ગાય, બકરી, ગધેડુ, ઘોડો. મરઘી, બતક...વગેરે ના સ્ટેચ્યુ–ચિત્રો – રમકડાં મૂકી શકાય. |
| ૩ – સાપ | |
| ૪ – દેવવાણી બોલનાર | |

# ૩ પ્રભુઈસુનો જન્મ – બાલનાટીકા

(બાળ નાટક) અંક-૧

(મરિયમ પોતાની રુમમાં પ્રાર્થના કરતી હોય. એક દૂત આવે. રુમમાં ખૂબ પ્રકાશ થઇ જાય. દૂત મરિયમને કહે.)

લૂક 1:26-38, માત્થી 1:18-2:12

દૂતઃ- (બે હાથ પ્રસારીને કહે) હે કૃપા પામેલી સુખી રહે...પ્રભુ તારી સાથે છે. મરિયમ ઐકદમ ગભરાય જાય. (પ્રકાશથી અંજાય જાય.)

દૂતઃ- હે મરિયમ,બી મા.તુ દેવથી કૃપા પામી છે.તને એક પુત્ર જનમશે. તું તેનું નામ ઈસુ પાડશે.

મરિયમ :- (હાથ જોડી,ગભરાતાં કહે) હે પ્રભુ, એ કેવી રીતે બને ?

દૂતઃ- પવિત્ર આત્મા તારા પર આવશે. અને તને જે પુત્ર જનમશે, તે પવિત્ર દેવનો દીકરો કહેવાશે.

મરિયમઃ- (મરિયમ ઘૂંટણે પડીને,હાથ જોડીને, નમ્રતાથી કહે) હે પ્રભુ, હું તમારી દાસી છું. તમારી ઇચ્છા પ્રમાણે થાઓ.

(દૂત જતો રહે. મરિયમ આશ્ચર્યચકિત થતી, ઉભી થઇ આમતેમ જુએ. ને ખુશ થતી બોલે.)

મરિયમઃ- પ્રભુના દૂતે.. મને દર્શન આપ્યું...? ધન્યવાદ પ્રભુ ...સ્તુતિ હો...સ્તુતિ હો.. (ખુશ થતી જતી રહે)

## અંક-૨

(યુસફ તેના ઘરમાં ઉઘતો હોય. ઐકાએક દૂત આવે. ખૂબ પ્રકાશ ફેલાય જાય. દૂત યુસફને હાંક મારે.)

દૂતઃ- ઓ.. યુસફ.. (યુસફ એકદમ સફાળો જાગી ઉઠે. પ્રકાશથી અંજાય જાય. આમતેમ જુએ.)

દૂતઃ- યુસફ.. તારી સગાઇ થઇ છે તે મરિયમને તેડી લાવ. તેને પવિત્ર આત્માથી એક પુત્ર જનમશે.

યુસફઃ- (ગભરાતો આશ્વર્યચકિત થતો બોલે) શું ..? મરિયમને પુત્ર જનમશે?

દૂત :- યુસફ.. બી મા. કેમકે પવિત્ર આત્માથી તેને દીકરો જનમશે. તું તેનું નામ ઈસુ' પાડશે. તે સઘળાં લોકોના પાપ માફ કરશે, અને તારણ આપશે.

(દૂત ધીમે ધીમે જતો રહે, યુસફ ઊભો થઇ આશ્વર્યથી આમતેમ જુએ. પછી બોલે)

યુસફઃ- (આશ્વર્યથી) અરે.. પ્રભુના દૂતે મને દર્શન આપ્યું..? મરિયમને પુત્ર જનમશે?

ઓહ..તેનું નામ ' ઈસુ' પાડજે એમ પણ કહયું. કેવું અજાયબ ?

હું હમણાં જ મરિયમને તેડી લાવું. (ઝડપથી જાય)



## અંક-૩

(યુસફ મરિયમના ઘેર ગયો હોય. બન્ને આનંદથી વાતો વકરતાં હોય. તેવું દ્રશ્ય)

મરિયમઃ- (આશ્વર્ય ને આનંદથી યુસફને કહે) હું પ્રાર્થના કરતી હતી.અને દૂતે મને દર્શન આપ્યું. ને કહયું,

"મરિયમ બી મા..તને પવિત્ર આત્માથી પુત્ર જનમશે. તું તેનું નામ 'ઈસુ' પાડજે."

યુસફઃ- (તરત જ આશ્વર્યથી કહે) અરે ..મને પણ દૂતે દર્શન આપ્યું.હું તો ઘસઘસાટ ઉઘતો હતો. બૂમ પડી. 'યુસફ'. હું તો ચમકયો.ને જોયું તો દૂત.. મને પણ એવું જ કહયું, દૂતે કે, "યુસફ .. મરિયમને પવિત્રઆત્માથી એક પુત્ર જનમશે,ને તું તેનું નામ 'ઈસુ' પાડશે."

યુસફ ને મરિયમ :- (બન્ને સાથે બોલે) કેવું અજાયબ ?

યુસફઃ- કેવો મહાન હશે એ પુત્ર ..?

યુસફ-મરિયમ :- (આનંદભર્યા ભાવથી સાથે બોલે) 'ઈસુ'.....

(એટલામાં એક માણસ થાળી વગાડતો ઢંઢેરો પીટતો સ્ટેજ પર આવે. બેત્રણ આંટા મારતો બોલે. લોકો સાંભળવા ઘરની બહાર આવે તેવું બતાવવા સ્ટેજ પર થોડા લોકો આવે યુસફ અને મરિયમ પણ સાંભળવા આવે)

ઢંઢેરોઃ- સૂનો ..સૂનો ..સૂનો, નામદાર મહારાજાનો ..હુકમ છે કે,,,વસ્તી ગણતરી કરવાની હોવાથી.. દરેક જણે .. પોતપોતાના ગામમાં જઇ.. નામ નોંધાવવું...

(બે ત્રણવાર ઢંઢેરો બોલીને જતો રહે .. બધા લોકો વાતો કરતાં કરતાં જતાં રહે)

## અંક-૪

(એક બાજુથી યુસફ ને મરિયમ આવે. હાથમાં મુસાફરી માટે જતાં હોય તેવો સામાન હોય.)

યુસફઃ- (ચિંતાથી બોલે) મરિયમ.. આપણે નામ નોંધાવવા આપણા ગામ 'બેથલેહેમ' જવું પડશે. મને તારી ચિંતા થાય છે.

મરિયમઃ- હા..રાજાનો હુકમ છે તો જવું જ પડશે ને... હું ધીમે ધીમે ચાલીશ... ચિૃતા ના કરશો.

યુસફઃ- ના ,..મરિયમ... મેં તારા માટે એક ગધડુ લીધું છે. તું તેના પર બેસી જા. (યુસફ ગધેડુ લઈ આવે. મરિયમને બેસાડે. ચાલતા ચાલતા જાય. સ્ટેજ પર એક બે આંટા મારે)

(બેથલેહેમ ગામ આવે છે. યુસફ ઘેર ઘેર રહેવા માટે જગા શોધતો ફરે છે. બધા ના પાડે છે. એક ઘર બહાર એક છોકરી કચરો વાળતી હોય. જઇને તેને પુછે.)

યુસફઃ- બહેન.. અમને થોડી રહેવાની જગા મળશે ? આ મરિયમની તબિયત સારી નથી. પ્લીઝ..

છોકરી :- ઓહ.. ઉભા રહો.. મારી શેઠાણીને બોલાવું. (મરિયમને જોઇને બોલે.ઉતાવળી જાય ને શેઠાણીને બોલવી લાવે.)

શેઠાણીઃ- (આવીને દુઃખથી કહે) ઓહ..સોરી બેન..મારાથી રાખી શકાય એટલા મુસા

ફરોને મેં આશરો આપ્યો છે. હવે મારા ઘરમાં જરાય જગા નથી. શું કરું?

છોકરીઃ- શેઠાણીજી.. આપણી ગાયની ગભાણમાં એકબાજુ જગા છે.સાફ કરી આપું?

શેઠાણીઃ- ગભાણમાં રહેવાનું ફાવશે તમને? ખરેખર,.. મારી પાસે બીજી જગા નથી. (છોકરી દોડીને સઘડી લઇ આવે. આંગણાંમાં બે ખુરશી પાસે મૂકે)

યુસફઃ- ભલે.. જે હશે તે.. થોડી જગા મળે તો ખૂબ આભાર..

શેઠાણીઃ- આવો.. અંદર આવી જાઓ. બહાર બહુ ઠંડી છે. (સઘડી પાસે બેસવાની જગા બતાવી કહે) આ છોકરી સફાઇ કરે ત્યાં સુધી અહિં બેસો. હું ચા બનાવી લાવું. (છોકરીને કહે) તું જલ્દી જગા સાફ કરીને ઘાસની પથારી બનાવી આપ.

છોકરી :- હાજી.. ફટાફટ કરી દઉ. (સાવરણી લઇ દોડીને જાય)

## અંક-૫

(કેટલાક ભરવાડો ખેતરમાં તાપણું સળગાવી તાપતા હોય. કેટલાક ઉઘતા હોય. આજુબાજુ ઘેટાંબકરાં ઊંઘતાં હોય.એકાએક ગીત સંભળાય,પ્રકાશ ફેલાય. દૂતો ગીતો ગાતા આવે. એ જોઇ ભરવાડો ગભરાય જાય, પ્રકાશથી અંજાય જાય)

દૂતો ગીત ગાયઃ- "પરમ ઉચામાં થાઓ દેવને મહિમા, ને આવો તેને ભજીએ, આવો તેને ભજીએ,આવો તેને ભજીએ પ્રભુને.." (ગીત ગાવું)

૧લો ભરવાડ :- (ગભરાયને બોલે) અરે બાપરે.. આ શું ?

૨જો ભરવાડ :- (થોડી વારે સ્વસ્થ થઇ બોલે) અરે.. આ તો સ્વર્ગના દૂતો ગીત ગાય છે.

એક દૂત :- (હાથ પ્રસારીને બોલે) "બીહો મા, કેમ કે જુઓ,હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું. તમારે સારુ એક તારનાર, એટલે ખ્રિસ્તપ્રભુ જનમ્યો છે. તમારે સારુ એ નિશાની છે કે, તમે એક બાળકને લૂગડામાં લપેટેલો ગભાણમાં સૂતેલો જોશો."

(દૂતો ગીત ગાતા ધીમે ધીમે જતા રહે. ભરવાડૌ આશ્વર્યથી દૂતોને જોયા કરે. દૂતો જતા રહે પછી ભરવાડૌ વાતો કરે)

૨જો ભરવાડ :- અરે ..આ તો આપણને વધામણી આપવા, સ્વર્ગના દૂતો આવ્યા હતા.

૧લો ભરવાડ :- આપણે સારુ એક તારનાર એટલે ખ્રિસ્તપ્રભુ જનમ્યો છે. એમ કહ્યુ દૂતોએ.

૨જો ભરવાડ :- ચાલો ..ચાલો.. આપણે એ તારનારને જોવા જઇએ.

૩જો ભરવાડ :- હા..ચાલો..જલ્દી જઇએ. આપણે એક ઘેટુ ભેટ આપવા લઈ જઈએ. ચાલો ચાલો, તૈયાર થઇ જાઓ (બધા સ્ટેજ પાછળ જાય)

## અંક-૬

(કેટલાક (૩) માગી લોકો રાતના સમયે જુદી જુદી દીશામાં આકાશ દર્શન કરતા વાતો કરતા હોય તેવું દ્રશ્ય)

૧લો માગીઃ- (આશ્વર્યથી કહે) અરે મિત્રો.. જુઓ જુઓ...આ પૂર્વ દીશામાં કોઇ નવો જ તારો દેખાય છે. (બધા એ તારો જોવા ભેગા થાય)



૨જો માગીઃ- (આશ્વર્ય સાથે બોલે) અરે...આ તો અદ્દભૂત તારો છે. કેટલો પ્રકાશિત છે.

૩જો માગીઃ- આવો અદ્દભૂત તારો આકાશમાં દેખાયો છે, માટે જરુર કોઇ મહાન વ્યક્તિનો જન્મ,આ પ્રુથ્વી પર થયો લાગે છે.

૧લો માગી :- હા ..ચોક્કસ...શાસ્ત્રમાં લખ્યું છે, એ જ હશે.. કે, (મિખાહ ૫:૨)" ઓ યહુદિયાના બેથલેહેમ.. તારામાંથી એક એવો પુરુષ ઉભો થશે કે, જે ઇસ્રાએલમાં અધિપતી થશે. જેનો પ્રારંભ પુરાતનકાળથી, હા, અનાદીકાળથી છે."

૨જો માગી :- અરે.. જુઓ.. જુઓ.. આ તારો તો ચાલતો હોય તેવું લાગે છે. આપણે એ તારનારને મળવા જલ્દી જવું જોઇએ.

૩જો માગી :- હા.. હા.. ચાલો મુસાફરી માટે તૈયારી કરીએ. અને એ મહાન વ્યક્તિ માટે કંઇ ભેટ પણ લઇ જવી પડશેને ?

૧લો માગી :- હા..હું એ મહાન રાજાને સોનુ ભેટ આપીશ..

૨જો માગી :- તો હું બોળ ભેટ ધરીશ.

૩જો માગી :- અને હું લોબાન લઇ જઇશ.

૧લો માગીઃ- પણ બેથલેહેમ તો નાનું ગામ છે. તે યહુદાની રાજધાની યરુશાલેમની પાસે આવેલું છે.

૨જો માગીઃ- મિત્રો એક મહાન રાજા, તો રાજમહેલમાં જ જન્મ લે. માટે આપણે યરુશાલેમના રાજમહેલમા જ જઈએ.

૩જો માગીઃ- બરાબર છે, ચાલો..ચાલો.. યરુશાલેમ જ જઇએ. (સાથે બોલે, ને સ્ટેજ પાછળ જતા રહે)

## અંક – ૭

(ત્રણ માગી લોકો યરુશાલેમમાં આવી ગયા. અને વાતો કરે)

૧લો માગી :- ભાઇઓ,આપણે યરુશાલેમમાં તો આવી ગયા.હવે આપણે એ મહાન બાળરાજાને શોધવાના છે.

૨જો માગી :- આપણે સીધા રાજમહેલમાં જ જઇએ.એક રાજા તો રાજ મહેલમાં જ જન્મે ને ?

૩જો માગી :- બરાબર છે. સીધા રાજમહેલમાં જ તપાસ કરીએ. (ત્રણે માગીઓ રાજમહેલમાં જાય.)

(હેરોદ રાજા દરબાર ભરીને બેઠૌ હોય.બધા દરબારીઓ આસપાસ બેઠા હોય. બે સિપાઇઓ બહાર ચોકી કરતા ઉભા હોય તેવું દ્રશ્ય બતાવવું.)

(ત્રણે માગીઔ રાજાના મહેલ પાસે આવીને સિપાઇઓને પૂછે)

૧લો માગીઃ- સલામ, અમે દૂરદેશથી આવ્યા છીએ. અમે રાજાજીને મળવા માંગીએ છીએ.

સિપાઇ :- થોભો,હું પરવાનગી લઇ આવું. (એક સિપાઇ રાજદરબારમાં જઇ રાજાને પ્રણામ કરી પૂછે)

પ્રણામ મહારાજ, દૂરદેશથી ત્રણ લોકો આવ્યા છે. આપને મળવા

માંગે છે.

રાજા :- મોકલો તેમને ... (સિપાઇ પ્રણામ કરીને જાય)

સિપાઈ :- આપ દરબારમાં જઇ શકો છો. (આભાર કહીને ત્રણે માગી દરબારમાં રાજા પાસે જાય.)

ત્રણે માગી :- સાથે વાંકા વળી પ્રણામ કરે) પ્રણામ રાજાધીરાજ...

૧લો માગી :- મહારાજ, અમે દૂરદેશથી આવ્યા છીએ. ખગોળશાસ્ત્રીઓ છીએ. આકાશમાં અમે એક નવિન તારો જોયો. જે કોઇ મહાન વ્યક્તિના જન્મની નિશાની છે.

૨જો માગી :- જી નામદાર, શાસ્ત્રોના આધારે અમે ધારીએ છીએ કે, એ મહાન રાજા યહુદા પ્રદેશમાં જનમ્યા હોવા જોઈએ.

૩જો માગી:- અને કોઇ મહાન રાજા તો રાજમહેલમાં જ જન્મેને ? માટે અમે યહુદાની રાજધાની યરુશાલેમના રાજમહેલમાં તપાસ કરવા આવ્યા છીએ. કે રાજમહેલમાં એવા કોઇ બાળકનો જન્મ થયો છે ?

રાજા :- (સાંભળીને સાવધાન થઇ કહે) જુઓ ભાઇઓ, રાજમહેલમાં હમણાં તો કોઇ બાળકનો જન્મ થયો નથી. પણ તમે બીજે તપાસ કરો. અને જો કોઇ એવા મહાન બાળકનો પતો લાગે તો આવીને મને પણ જાણ કરજો. જેથી હું પણ તે મહાન બાળરાજાના દર્શન કરું.

(ત્રણે માગીઓ પ્રણામ કરી જતા રહે. પછી તરત જ રાજા એકદમ ગુસ્સે થઇ બોલ)

રાજા :- (ખૂબ ગુસ્સાથી કહે) મારા રાજ્યમાં, શું બીજો કોઇ રાજા જનમ્યો છે? દરબારીઓ, હમણાં જ તપાસ કરો. બોલાવો બધા જ પંડિતો, જોષીઓને. અત્યારે જ મને માહિતી જોઈએ.

પ્રધાન :- જી મહારાજ, (સિપાઇને બૂમ પાડી કહે) સિપાઇ.. તમામ પંડિતો, જોષીઓને હમણાં જ દરબારમાં લઇ આવો.

(સિપાઇ.. જી નામદાર કહી દોડતો જઇ પંડિતો, જોષીઓને બોલાવી લાવે. બધા પ્રણામ કરી રાજદરબારમાં આવીને બેસે)

રાજા :- (ગુસ્સાથી બોલે) તમે; મને હમણાં જ જવાબ આપો કે, શું યહુદામાં કોઇ નવા રાજાનો જન્મ થયો છે ? થયો હોય તો કયારે ને ક્યાં ? જલ્દી કહો.. (બધા પંડિતો, જોષીઓ ગભારાય જાય, એકબીજા સામે જુએ, ને પોતપોતાના ચોપડા તપાસવા માંડે.)

રાજા :- (થોડી ક્ષણો પછી અધીરો થઇ ગુસ્સાથી કહે) અરે.. કેટલી વાર ? તમારી પંડિતાઈ ક્યાં ગઇ ? જલ્દી જવાબ આપો, નહિ તો દરેકને ફાંસીએ ચઢાવો.

એક પંડિતઃ- (ગભરાતાં બાઇબલમાં જોઇને બોલે) મહારાજ, પવિત્ર શાસ્ત્રમાં મીખાહના પુસ્તકમાં લખેલું છે કે, "પણ હે બેથલેહેમ એફ્રાથાહ, જો કે તું એટલું નાનું છે કે યહુદાના ગોત્રોમાં તારી કંઇ ગણતરી નથી. તો પણ તારામાંથી મારે માટે એક એવો પુરુષ ઉત્પન્ન થશે કે જે ઈસ્રાએલમાં અધિકારી થવાનો છે; જેનો પ્રારંભ પુરાતન કાળથી, હા, અનાદિકાળથી છે."



રાજા :- (ખૂબ ગુસ્સાથી ઉભો થઇ જાય ને બોલે) શું, મારા રાજ્યમાં નવો અધિકારી જનમશે ? ના, ના, એ શક્ય જ નથી...જોઉં છું મારા રાજ્યમાં કેવો રાજા જન્મે છે..

(રાજા ગુસ્સાથી પગ પછાડતો જતો રહે. બધા દરબારીઓ, પંડિતો, જોષીઓ વગેરે ડર ને આશ્ચર્યથી ગણગણાટ કરતા એકબીજા સામે જુએ, ઇશારા કરે.)

પ્રધાન :- મિત્રો, રાજાજી ઘણા ગુસ્સામાં છે, માટે હવે આપણે દરબાર બરખાસ્ત કરીએ. (બધા એકબીજા સાથે વાતો કરતા જતા રહે)

## અંક – ૮

(પ્રભુઇસુ જનમ્યા તે ગભાણનું દૃશ્ય બનાવવું. બાળઇસુ, માતા મરિયમ, પિતા યુસફ, દૂતો, વગેરે..ગભાણમાં ઘેટું, બકરી, ગાય, ગધેડુ, વગેરે... હોય તેવું)

પ્રથમ ભરવાડો ધીમે ધીમે ચાલતા ચાલતા આવે. તે દરમ્યાન ગીત ગાવુ.

- ચાલો બંધુ આજે આપણ આનંદે સૌ સંચરીએ...
- પછી ભરવાડો ગભાણમાં પ્રભુઇસુ પાસે આવી ઘૂંટણે પડી નમન કરે. ઘેટુ ભેટ ધરે. અને પ્રભુઇસુની પાસે એક તરફ બેસે.
- ત્યાર પછી ત્રણ માગીઓ હાથમાં ભેટ લઇને ધીમે ધીમે આવે. તે દરમ્યાન ગીત ગાવું.
- પૂર્વના અમ રાજવી ત્રણ, દૂરથી આવ્યા કરવા દર્શન...
  ઓ..ઓ..દૈવી તેવજના સિતારા....
- (એમ માગીઓ ધીમે ધીમે પ્રભુઇસુ પાસે આવે, ને તેમની ભેટ પ્રભુઇસુને ધરે. પછી ઘુંટણે પડી નમન કરે. ને એક તરફ ઉભા રહે.)
  (ત્યાર પછી બધા પાત્રો સ્ટેજ પર વ્યવસ્થિત બાળઇસુની આસપાસ ગોઠવાય જાય, ને બધા સાથે ગીત ગાય.. – આનંદ જગમાં તારક જનમ્યો સત્કાર અવની તુજ રાય....)

### -: પાત્રો :-

| | | |
|---|---|---|
| ૧ – મરિયમ | ૬ – શેઠાણી | ૧૧ – સિપાઇઓ (૨-૩) |
| ૨ – યુસફ | ૭ – ભરવાડો (૪-૫) | ૧૨ – પંડિતો જોષીઓ (૩-૪) |
| ૩ – દૂતો | ૮ – માગી લોકો- (૩) | ૧૩ – કેટલાક લોકો (બેથલેહેમમાં યુસફ ઘર શોધે ત્યારે અને ઢંઢેરો સાંભળવા આવે ત્યારે જે લોકો હોય તે) |
| ૪ – ઢંઢેરો પીટનાર | ૯ – રાજા | |
| ૫ – એક છોકરી | ૧૦ – દરબારીઓ (૪-૫) | |

## ૪ ભલો સમરુની-મારો પડોશી કોણ?

અંક-૧

(અનોસ નામનો એક માણસ બહારગામ જવાની તૈયારી કરે છે.
થેલામાં કપડાં મૂકે,પાકીટમાં પૈસા મૂકે વગેરે.)

લૂક 10:25-37

અનોસઃ- (સ્વગત બબડે) ચાલ, યરીખો શહેરમાં જઉ. યરીખો મોટું શહેર છે, ત્યાં કોઇ સારી નોકરી મળી જાય તો સારું..
(ગધેડા પર સામાન ગોઠવી, યરીખો જવા ચાલવા લાગે. એક આંટો મારી બોલે) રસ્તો જંગલમાંથી જાય છે, માટે રાત પડે તે પહેલાં પહોંચી જવું પડે.
(સ્ટેજ પર એકબેઆંટા મારતાં બોલે) આ જંગલમાં લૂંટારાનો ભય છે.. હોં.
(થોડી વાર પછી સ્ટેજ પાછળથી ખડખડાટ થવાનો અવાજ સંભળાય. અનોસ ગભરાય ને આમતેમ જુએ. - બેત્રણ લૂંટારા આવે)

લૂંટારો-૧ :- (બૂમ પાડે) એ.એ.એ..કોન હૈ? રુક જા.....(બધા લૂંટારા તેને ઘેરી વળે)

લૂંટારો-૨ :- એ..ય.. ચલ નિકાલ.. કયા હૈ તેરે પાસ..?

અનોસ :- (ગભરાયને કહે) કશું નથી ભાઇ..આ થોડાં કપડાં છે..

લૂંટારો-૩ :- (થેલી આંચકી લે, ફંફોસે) ચલ બે.. પૈસે નિકાલ.. બચના હૈ તો..

અનોસ :- (હાથ જોડી કરગરે) ભાઇ સાહેબ ..જવા દો..પ્લીઝ.....

લૂંટારો-૧ :- એ..ઐસે નહિ માનેગા.. (મૂક્કીઓ મારે)

લૂંટારો-૨ :- લાતોં કે ભૂત બાતોં સે નહિ માનેગે.. (એ પણ મારે..)

અનોસ :- (મારથી બૂમો પાડે.કાલાવાલા કરે) ઓ... પ્લીઝ..મારો નહિ..છોડો મને પ્લીઝ..

લૂંટારો-૩ :- (મારતો,કપડાં ફાડતો..અનોસના ખીસાં ફંફોસી પાકીટ કાઢી લે) ચલો..છોડો કડકે કે પાસ ઇતના હી હૈ..ચલો..
(ત્રણે લાતો મારીને, પૈસા, સામાન, ઘડિયાળ,ચંપલ બધું લઇને જતા રહે. અનોસ ઘાયલ હાલતમાં કણસતો રસ્તા વચ્ચે પડયો રહે)

દ્રશ્ય-૨

અનોસ ઘાયલ હાલતમાં લોહીલૂહાણ થઇને,બેભાન જેવી હાલતમાં પડયો હોય.

અનોસ :- (ખૂબ દર્દભર્યા અવાજે કણસતો બોલે) - પા..ણી પા ણી.....
(સામેથી એક યાજક આવે. એકાએક ઘાયલ માણસ પર નજર પડે. ગભરાય જાય. એકબાજુ ઉભા રહી જાય)

યાજક :- ઓ બાપરે..આ શું..? (થોડી ક્ષણો આમતેમ જુએ..પછી બોલે) લૂંટારાઓએ મારીને લૂંટી લીધો લાગે છે.. મારું ય આવી બનશે ..ભાગવા દે મને...(ઝડપથી બાજુ પર થઇને જતો રહે)

અનોસ :- ઓ પ્રભુ.. મદદ કરો....પા..ણી..... (દુઃખથી કણસતો બબડયા કરે)
(સામેથી એક લેવી આવે. તેની નજર ઘાયલ પર પડે. ગભરાયને થોડું પાછળ દોડી જાય, બીતો બીતો ઉભો રહે)



લેવી :- (પાછળ દોડતાં બોલે) અરે બાપ..રે.. માર્યા..

અનોસ :- (જોરથી..દર્દથી બૂમ પાડે) ઓ..ઓ..ઓ.. પા..ણી.....

લેવી :- (દૂર ઉભો રહે. ગભરાતો બોલે) જીવે છે આ તો.....
(આમતેમ જોતો બોલે) લૂંટારાએ માર્યો લાગે છે બિચારાને..મદદ કરવા રહીશ તો મને પણ લૂંટી લેશે.. ભાગવા દે ..અહિંથી...(એમ દોડીને પાછો ભાગી જાય.)

અનોસ :- પા..ણી પા..ણી.. અંઅઅઅઅ...
(અર્ધ બેભાન હાલતમાં બબડયા કરે)
(સામેથી ગધેડા પર સામાન મૂકીને એક ભલો સમરુની આવે. ઘાયલને જુએ. ગધેડુ બાજુ પર ઉભું રાખી જુએ. દયા આવે)

સમરુની :- (ઘાયલ પાસે જઇને જુએ.દયાથી કહે) અરે..આ તો ઘણો ઘાયલ છે.....ભાઇ ..તને પાણી આપું હોં..
(ઝડપથી પાણી લાવે. તેનું માથુ પોતાના ઘૂંટણ પર મૂકી પાણી પાતાં બોલે) - ભઇ..હિંમત રાખ..હું તને મદદ કરીશ..
(પાણી પીવડાવી,ઝડપથી પોતાના ગધેડા પરના સામાનમાંથી..રુમાલ. પાટા, દ્રાક્ષારસ વગેરે લઇને પાટાપીંડી કરતાં બોલે)
ભાઇ.. તને ઘણું વાગ્યું છે..હું તને દવાખાને લઇ જઇશ.. હિંમત રાખજે ભાઇ..પ્રભુ તને સારુ કરશે હોં.....
(સમરુની તેના ઘા દ્રાક્ષારસથી સાફ કરી પાટા બાંધી,ઉચકીને તેના ગધેડા પર નાંખીને લઇ જાય)

દ્રશ્ય-૩

(દવાખાનાનું દ્રશ્ય બનાવવું. સમરુની ઘાયલને
ઉચકીને દવાખાનામાં લાવે.ડોક્ટરને વાત કરે)

સમરુની :- ડૌક્ટર સાહેબ.... આ ભાઈ..રસ્તામાં ઘાયલ હાલતમાં પડયા હતા. અજાણ્યા છે.. તેની સારવાર કરાવા લાવ્યો છું.

ડોક્ટર :- (ઘાયલને તપાસે પછી કહે) લોહી ઘણું વહી ગયું છે. દાખલ કરવા પડે. લોહી ચઢાવવું પડશે..

સમરુની :- સાહેબ..હું તેની ફી ભરીશ.. પણ તમે એને દાખલ કરી સારવાર કરો....તો મહેરબાની..

ડોક્ટર :- (કાગળ પર લખતાં નર્સને કહે) કેસ પેપર તૈયાર કરી દાખલ કરો. ઓપરેશન થીએટરમાં લઇ જાઓ.

નર્સ :- યસ સર.. (કહીને ડોક્ટર પાસેથી પેપર લઇ વોર્ડબોયને બૂમ મારે, બોલતાં બોલતાં જાય)
પ્રકાશભાઇ...પેશન્ટને ઓપરેશન થીએટરમાં લઇ જાઓ..
(બે વોર્ડબોય ચાદરનું સ્ટેચર બનાવી ઘાયલને લઇ જાય)

સમરુની :- ડૌકટર સાહેબ...લો આ ફીના પૈસા.. .. હું ચાર દિવસ પછી પાછો આવીશ. ત્યારે બાકીના આપીશ.... મહેરબાની સાહેબ.. .. સલામ

(સમરુની ડોક્ટરને પૈસા આપી. ચાલ્યો જાય. ડોક્ટર પણ જાય. સ્ટેજ પર બીજી બાજુથી પ્રભુઇસુ આવે)

પ્રભુઇસુ :- આ ત્રણમાંથી ઘાયલ માણસનો પડૌશી કોને કહેશો? (પ્રેક્ષકોમાંથી જવાબની રાહ જુએ. થોડી ક્ષણો પછી બોલે)
કાઈને મદદની જરુર હોય, અને જે તેને મદદ કરે તે તેનો પડોશી કહેવાય. તમે તેને ઓળખતા હો કે ના ઓળખતા હો પણ મદદ કરવી તે તમારી ફરજ છે.
'તમે જેને મદદ કરો, તેના પડોશી તમે.' અને 'તમને જે મદદરુપ બને, તે તમારા પડોશી.' દરેકે એકબીજાને મદદરુપ બનવા હંમેશાં તૈયાર રહેવું.
"દયાળુઓને ધન્ય છે, કેમકે તેઓ દયા પામશે."

(પ્રભુઇસુ બોલતા હોય તે દરમ્યાન બધાં પાત્રો સ્ટેજ પર આવે. કોઇ સોનેરી વાક્ય બોલે અથવા નારા બોલે પછી કોઇ ગીત ગાય.)

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ - અનોસ (એક મુસાફર) | ૬ - ડોક્ટર |
| ૨ - લૂંટારા (ત્રણ) | ૭ - નર્સ |
| ૩ - યાજક | ૮ - વોર્ડબોય (બે) |
| ૪ - લેવી | ૯ - પ્રભુઇસુ |
| ૫ - ભલો સમરુની | |



## ૫ બાઇબલ નો ઈતિહાસ

(બે ત્રણ છોકરીઓ હાથમાં બાઇબલ લઇને V.B.S. માં જતી હોય, સામેથી બીજી બેચાર છોકરીઓ – છોકરાઓ આવે, ભેગા થાય ..વાતો કરે)

દેવાંગી :- મિશેલ,.. હવે તો વેકેશન પડી ગયું....કયાં જાઓ છો ?

મિશેલ :- હા..વેકેશન છે,,,પણ અમે તો ..V.B.S. માં જઇએ છીએ.

શ્રેયસ :- V.B.S... ? એટલે શું ?...

શેરેથ :- V.B.S....એટલે...વેકેશન..બાઇબલ..સ્કૂલ..ત્યાં અમે બાઇબલ વિષે..ઈશ્વરની વાતો વિષે.. શીખીશું..

દેવાંગી :- (અન્યધર્મી હોય) ત્યાં શું લઈને જવું પડે ? ....(બાજુના બાળક પાસેથી બાઇબલ લઇને કહે).. આ કઇ બૂક છે ?

મિશેલ :- આ... પવિત્ર પુસ્તક... બાઇબલ ..છે. આ તો ઈશ્વરનાં પોતાના પવિત્ર વચનો છે.

હેતલ :- હેં..એં..એં...... ઈશ્વરના પોતાના..? (બીજા પાસેથી બાઇબલ હાથમા લઇ જોતાં કહે). એટલે ઈશ્વરે પોતે લખ્યાં ?

ક્રિસેબા :- હા...ઈશ્વરે માણસોને પ્રેરણા આપી...અને ઈશ્વરની આજ્ઞા મુજબ જ લખાયાં છે..

વિવેક :- ઓ..હો..એવું છે ..? (બીજા પાસેથી બાઇબલ હાથમાં લે..ખોલીને જુએ ને બોલે) આ તો.. ગુજરાતીમાં છે....ઈશ્વરે ગુજરાતીમાં લખાવ્યું હતું...? (બધા હસે)

જેનિસ :- ના..ના..એકલુ ગુજરાતીમાં જ નહિ, પણ દુનિયાની સૌથી વધુ ભાષાઓમાં લખાયેલું જો કોઇ પુસ્તક હોય તો તે આ બાઇબલ છે.

બધા :- (બધા સાથે બોલે) હેં...એ...એ........

મિશેલ :- અરે....તમને ખબર છે.? દુનિયાની કેટલી ભાષાઓમાં લખાયેલું છે બાઇબલ ..? દુનિયામાં 6000 જેટલી ભાષાઓ છે. તેમાંથી 2069 જેટલી ભાષાઓમાં બાઇબલ અને નવા કરાર છપાયા છે.

અર્પિત :- તો શું હજી, 3931 જેટલી ભાષાઓમાં બાઇબલ છપાયુ જ નથી ?..

નિરાલી :- પણ.. મને એ કહો ને...કે સૌથી પહેલી કઇ ભાષામાં બાઇબલ છપાયું હશે ...?

શેરેથ :- છપાયું નહિ.....લખાયું બોલ..લખાયું......ઇસવીસન પૂર્વે.... ઘણાં વર્ષો પહેલાં ...હિબ્રુ ભાષામાં..જુનો કરાર ..લખાયો..હતો.

દેવાંગી :- જુનો કરાર....? એ શું....?

જેકસન :- જુનો કરાર...અને નવો કરાર...બાઇબલ બે ભાગમાં છે. પ્રભુ ઇસુખ્રિસ્ત આ પ્રુથ્વી પર આવ્યા તે પહેલાં, લખાયો તે જુનો કરાર... અને પ્રભુઇસુ પ્રુથ્વી પર આવ્યા, તે પછી લખાયો તે નવો કરાર.....

મિશેલ :- હા...આ..આ...જુનો કરાર... હિબ્રુ ભાષામાં... અને નવો કરાર... ગ્રીક ભાષામાં લખાયો છે.

શ્રેયસ :- પણ તમે તો ઇસવીસન પૂર્વની વાત કરો છો.....કે લખાયો હતો.....

ક્રિસેબા :- હા..પણ તને ખબર છે..? શાના ઉપર લખાયો હતો..? ..તે જમાનામાં કંઇ કાગળપેન નહોતાં.....

જેનિસ :- હા..હા..મને ખબર છે.....પથ્થર પર કોતરી.. કોતરીને..લખવામાં આવતું હતું......

નિરાલી :- હા... કેટલીક વખત માટીના ચોસલા બનાવીને તે ભીના નરમ હોય ત્યારે તેની પર લખાણ કરવામાં આવતું,પછી સુકાય ત્યારે વંચાય.

જેક્શન :- જો.. આજે ..એ પથ્થર પર કોતરેલું બાઇબલ લઇને દેવળમાં જવાનું હોય તો..? (બધા હસે) (ઓળિયુ બતાવી મિશેલ બોલે)

મિશેલ :- અરે..સાંભળો તો ખરા....ઘેટાં બકરાના ચામડાં..ખાસ પધ્ધતિથી તૈયાર કરી, એકબીજા સાથે સીવીને વાંસ કે લાકડાના ટૂકડા પર વીટીંને ઓળિયું બનાવવામાં આવતું હતું. અને તેના પર લખવામાં આવતું હતું. અને ખબર છે ? કોઇ કોઇ ઓળિયાં તો 10 થી 30 ફૂટ લાંબા હતા.

ક્રિસેબા :- પણ... એટલા લાંબા હોય તો...તેને ખોલવાની અને વાંચવાની કેટલી તકલીફ પડતી હશે..?

શેરેથ :- અરે..નવાઇની વાત...વાંચવાનું કેવી રીતે ?...તેના પર લખેલા અક્ષરો,.શબ્દો..વાક્યો..ફકરા..એવું કંઇ જ નહિ
સળંગ લખાણ .....

બધા :- (આશ્ચર્ય સાથે બોલે) હેં...એ...એ...એ.....

મિશેલ :- હા... અને બીજી વાત જાણો છો ? એક જાતનું બરુ જેવું ઘાસ નદી કિનારે ઉગે...તેમાંથી ચપટી રીબીન જેવી લાંબી પટટીઓ કાઢવામાં આવે..આ પટટીમાંથી ગુંદર જેવો ચીકણો પદાર્થ ઝરતો,એ પટટીઓને એકબીજાની પાસે પાસે ગોઠવવામાં આવે, પછી તેના પર આડી પટટીઓ ગોઠવવામાં આવે ...એમ એકબીજા સાથે ચોંટાડવામાં આવે...... (પૂંઠાની પટટીઓ વડે બતાવીને કહેવું)

ક્રિસેબા :- (ઉતાવળથી વચ્ચે બોલી ઉઠે) હા...હા....મને ખબર છે... એને પેપીરસ પત્ર કહેવાય.એવા પેપીરસ પત્રો બનાવીને એકબીજા સાથે સીવીને લાં..બુ ઓળિયુ બનાવે ને એમાં લખે..

વિવેક :- આ ઓળિયામાંથી કોઇક જ ભાગ શોધીને વાંચવો હોય તો કેટલી મુશ્કેલી પડે ?

જેનીશ :- હા... એ મુશ્કેલી દૂર કરવા. એ પેપીરસ પત્રોને પુસ્તકની જેમ બાંધવામાં આવતા. તેને " કોડેક્ષ" કહેવામાં આવતા. (બતાવીને બોલવું)

શ્રેયસ :- એટલે લાંબુ....લાકડી પર વિંટાડેલું હોય તે "ઓળિયુ" અને પુસ્તકની જેમ બાંધેલુ હોય તે "કોડેક્ષ" ...એમને ..?

અર્પિત :- હા...પણ એ "ઓળિયાં" અને "કોડેક્ષ" આપણને અત્યારે જોવા મળે ?



મિશેલ :- હા..હા..જો તું ભવિષ્યમાં લંડન જાય તો ત્યાં બ્રિટીશ મ્યુઝિયમમાં આવા હસ્તલેખો છે. અને રોમમાં પણ રોમન કેથોલિક લાયબ્રેરીમાં આની પ્રતો છે.

દેવાંગી :- પણ એ બધું તો હિબ્રુ અને ગ્રીક ભાષામાં છે.આપણી ભાષામાં કેવી રીતે બન્યું..?

શેરેથ :- હં..અ..અ..બાઇબલનું કેવી રીતે ભાષાંતર થયું, અને લોકોએ ભાષાંતર કરવા કેટલી જહેમત ઉઠાવી એ બધી ખબર છે ?

વિવેક :- અરે..આવી તો બાઇબલ વિષે મઝા આવે એવી કેટલીય રસપ્રદ વાતો છે. V.B.S. માં આવો તો જાણવા મળે.

મિશેલ :- હા..હા...તારી વાત સાચી છે. આમ વાતો વાતોમાં કેટલો સમય ગયો ? ચાલો હવે V.B.S.માં જઇએ......

નિરાલી :- મને તો આ વાતોમાં ખૂબ મઝા પડી,હજી વધુ કહોને....?

ક્રિસેબા :- V.B.S.ની વાતો જ મઝા પડે એવી છે,..પ..ણ આ....બધાનો વિચાર કરવાનો કે નહિ..? (બધા પ્રેક્ષકોને બતાવીને કહે)

જેનિશ :- હા...હા...ચાલો ..V.B.S. માં ...મઝા આવશે.....ત્યાં બાઇબલ વિષે વધુ શીખવા મળશે..

દેવાંગી :- અમે પણ આવીએ ?..

બધા સાથેઃ- હા...હા...ચાલો..ચાલો..... V.B.S. માં જઇએ.........

(બધાં સાથે ગીત ગાય :- ચાલો ચાલો V.B.S. માં જઈએ.......)

## ૬ જાખી દાણી

હાર્દ :- " ઈશ્વર તમને લાયક બનાવે છે"

લૂક 19 : 1 – 10

હેતુ :- બાળકો સમજે કે ઈશ્વરના પ્રેમને લાયક જીવન જીવવું, એટલે પોતાના પાપોની કબૂલાત કરવી, અને વિશ્વાસ સહિત ઈશ્વરના પ્રમનો સ્વીકાર કરવો. એ પ્રભુઇસુના તારણની યોજનામાં બતાવવામાં આવ્યું છે.
(એક જકાત ઓફિસનું દ્રશ્ય.- ટેબલખુરશી, ફાઇલો, વગેરે હોય. જાખી ખુરશીમા બેઠા હોય. એક પટાવાળો હોય. એક ઢકવાળો આવે, એવું દ્રશ્ય બતાવવું.)

ઢકવાળો :- સલામ સાહેબ. (સલામ કરી પૈસા આપે.)

ઝાખી :- ઢકમાં શો માલ છે ?

ઢકવાળો :- લાકડાં છે સાહેબ,

ઝાખી :- ક્યાંથી લાવ્યા? પાસ બતાવો. (ઢકવાળો પાસ બતાવે,)

ઝાખી :- લાવો ૫૦૦ રુપિયા. (ઝાખી પાવતી ફાડીને આપતાં બોલે)

ઢકવાળો :- સાહેબ પાંચસો રુપિયા? (પાવતી જુએ, વાંચીને કહે) આટલા બધા ? પાવતીમાં તો બસો જ રુપિયા લખ્યા છે. સાહેબ .....

ઝાખી :- (ઝાખી પટાવાળા સામે જોઇને કરડાકીથી બોલે) એ રામુ, ? આની ઢક બાજુ પર મુકાવી દે. (પેલાના હાથમાંથી પાવતી ઝુંટવી લઇ લે)

ઢકવાળો :- (ગભરાયને બોલે, જલ્દી જલ્દી પાંચસોની નોટ આપી દે) ના ના સાહેબ, લો આ પૈસા, પણ મને જવા દો. પ્લી...ઝ.
(ઝાખી પૈસા લઇ લે, ખીસામાં મૂકી દે, પછી બેફિકરાઇથી ન્યઝપેપર લે, પગ ટેબલ પર ચઢાવી વાંચવા લાગે. ઢકવાળો જતો રહે)

બીજો ગાડીવાળો આવે :- (કશું બોલ્યા વિના પાકીટ કાઢે, ઝાખી ઉચે જોયા વિના પાવતી લખી ફાડી આપે. પાવતી જોઇ પેલો પૈસા આપી દે ઝાખી ચૂપચાપ ખીસામાં મુકી દે. પેલો તીરસ્કારભરી નજર કરી જતો રહે.- બહાર જઇ સામે પ્રેક્ષકો સામે જોઇ બોલે)
જોયું ? દર વખતે સો બસો વધારાના આપવાના જ. શું કરવાનું? (હાથ ઉપર બતાવી કહે) પ્રભુ આવશે ત્યાં સુધી આવું જ ચાલવાનું.
(ઝાખી પેપર મુકી દે, બીજું મેગેઝીન લઇને વાંચે. એમ થોડીવાર સમય પસાર કરે. પછી પાણી માંગે)

ઝાખી :- રામુ, પાણી લાવ. (રામુ પાણી આપે પાણી પીને કંટાળા સાથે પૂછે) અરે રામુ, આજે કેમ મંદી છે ? કેમ કોઇ દેખાતું નથી ?

રામુ :- સાહેબ, આજે રસ્તો બંધ છે, એટલે ક્યાંથી કોઇ આવે ?

ઝાખી :- (આશ્ચર્યથી બોલે) રસ્તો બંધ ? કેમ રસ્તો બંધ છે ?

રામુ :- અરે સાહેબ, તમને ખબર નથી ? આજે તો પે...લા ' ઈસુ' યરીખો શહેરમાં આવે છે. ઐટલે આખું યરીખો શહેર ઉમટયુ છે, તેમને જોવા. એટલે છેક નાકા આગળથી રસ્તો બંધ થઇ ગયો છે.

ઝાખી :- (આશ્ચર્યથી કહે) ઈસુ? એ વળી કોણ છે? કે તેમને જોવા આખુ શહેર ઉમટે?



રામુ :- (ખૂબ ભાવથી કહે) અરે સાહેબ, તમે ઈસુને નથી ઓળખતા ? અરે...એ તો મહાપુરુષ છે. દૈવી વ્યક્તિ છે. જનમથી આંધળાં, લૂલા, લંગડાંને, તરત સાજા કરી દે છે. અરે, મરેલાંને પ..ણ સજીવન કરતાં, મેં તો નજરે જોયા છે.

ઝાખી :- (આશ્ચર્ય કરતાં બોલે) હેં....શું વાત કરે છે ? (ઉભો થઈ જાય) તો તો મારે પણ જોવા પડશે એ ઈસુને. ચાલ ત્યારે બંધ કરી દે ઓફિસ. ચાલ, આપણે પણ જઇએ. ઐ ઈસુને જોવા.
(ઝાખી ઉભો થઇ બહાર નિકળે, રામુ ઓફિસ બંધ કરે. પછી બંને ઇસુને જોવા જાય)

### દ્રશ્ય – ૨

(રસ્તા પર ખૂબ ભીડ હોય, લોકો ધક્કામુક્કિ કરતા હોય. જાખી ને રામુ ઈસુને જોવા આમતેમ ફરે, જગા શોધે. પ્રભુને જોવા પ્રયત્નો કરે પણ પ્રભુઇસુ દેખાય નહિ.)

ઝાખી :- (કંટાળો કરીને બોલે) રામુ, આટલી ભીડમાં શી રીતે દેખાશે ?

રામુ :- સાહેબ, આ બાજુ આવો, હું જગા કરું. (બંને આમતેમ ફરે, રામુ બીજાને ધક્કો મારી જગા કરવાનો પ્રયત્ન કરે.) અરે, ભઇ જવા દે જરા.

એક માણસ :- (ચીડાઇને બોલે) એય....ધક્કા શાનો મારે છે ? (બંને જરા ધક્કામુક્કિ કરે.)

ઝાખી :- (રામુને બહાર ખેંચીને કહે) અરે ભાઈ રામુ, રહેવા દે મારે નથી જવું આ ભીડમાં.
(બંને પાછળ ખસી જાય. આમતેમ આંટા મારે.
એકાએક ઝાખીને એક ઝાડ નજરે પડે.)

ઝાખી :- (ઝાખી ખુશ થઇને કહે) રામુ ...જો એક મસ્ત આઇડિયા. (આંગળી ચીંધીને બતાવે) પે..લું ઝાડ દેખાય છે ?

રામુ :- હા..આ..આ.

ઝાખી :- બસ, તો એ ઝાડ પર ચઢી જઉ. એટલે મને બરાબર દેખાશે.

રામુ :- જોરદાર સાહેબ, શું આઇડિયા છે.? ચઢી જાઓ, ચઢી જાઓ. (રામુ ઝાખીને ચઢવામાં મદદ કરે) હં..અ..અ ચઢૌ..ચઢો..
(ઝાખી ઝાડ પર ચઢીને ઈસુને આવવાની રાહ જુએ. થોડીવારમાં પ્રભુઇસુ ચાલતા ચાલતા આવે. બરાબર ઝાડ નીચે આવીને ઉભા રહે)

પ્રભુઈસુ :- (ઝાડ ઉપર જોઇને બોલે) ઝાખી જલ્દી નીચે ઉતર. આજે હું તારે ઘેર આવવા માંગુ છું.

ઝાખી :- (આશ્ચર્યથી, ઝાડ ઉપરથી જ બોલે) હેં...પ્રભુ, મારે ઘેર? (પછી જલદી જલ્દી નીચે ઉતરે પ્રભુને પગે પડે, પ્રણામ કરી બે હાથ જોડી કહે)
પ્રભુ, તમે ખરેખર મારે ઘેર આવશો ? પધારો પધારો. વેલકમ પ્રભુ, (પછી રામુને કહે) રામુ, જા જલ્દી જઇને તૈયારી કર. પ્રભુઇસુ આપણા ઘેર આવે છે. જા જલ્દી.. (રામુ હા હા કહેતો દોડતો જાય. પછી પ્રભુઇસુને પોતાના ઘેર લઇ જાય.) ચાલો પ્રભુ.
(લોકોના ટોળામાંથી કેટલાક લોકો વાતો કરે)

પહેલો :- (તીરસ્કારથી બોલ) જોયું ? આ જાખી, પેલો દાણી.....

બીજો :- આ ઈસુ, આવા પાપીને ઘેર જાય છે ?

ત્રીજો :- એ ઈસુને ખબર નથી કે એ કેટલો દુષ્ટ છે ?

ચોથો :- ના રે ના આ ઈસુ તો દૈવી પુરુષ છે, તેમને તો બધી ય ખબર હોય કે કોણ કેવું છે ? તો ..ય જાય છે.ચાલો, આપણે નથી જવું એ પાપી દાણીને ઘેર. (બધા લોકો પાછા જતા રહે)

### દ્રશ્ય – ૩

(ઝાખીનું ઘર. રામુ પાણીની ડોલ. રુમાલ વગેરે લાવે.)

ઝાખી :- આવો આવો, પ્રભુ, પગ ધૂઓ. (ઝાખી પ્રભુના પગ ધોવડાવે.રુમાલથી લૂછે વગેરે...પછી કહે.)
ચાલો પ્રભુ, જમવા આવો. (પ્રભુને પ્રેમથી જમાડે)
(જમ્યા પછી પ્રભુની સામે ઉભો રહી, હાથ જોડી નમ્રતાથી બોલે)

ઝાખી :- પ્રભુ, આપ મારા જેવા પાપીને ઘેર આવ્યા, મારું તો જીવન ધન્ય બની ગયું. પ્રભુ હવે હું કદીય ખોટું કામ નહિ કરું. મેં આજ સુધી ઘણાંને છેતર્યા છે. પણ હવેથી મેં જેના વધારે પૈસા લીધા છે, તે બધાને હું ચારઘણા પાછા આપી દઇશ. અને મારી અડધી સંપતિ ગરીબોને દાનમાં આપી દઇશ. પ્રભુ મને માફ કરી દો. હવેથી હું તમારો શિષ્ય બની નવું જીવન જીવીશ.

પ્રભુઇસુ :- (ખુશ થઈ, ઝાખીને માથે હાથ મૂકીને કહે) શાબાશ, ઝાખી,આજ તારા ઘેર તારણ આવ્યું છે.આજથી તું દેવનો દીકરો છે. ખૂબ આશિર્વાદિત થા.

ઝાખી :- (પ્રભુના પગમાં પડી જાય.) આભાર પ્રભુ.. તમારો ખુબ ખુબ આભાર. ધન્ય હો પ્રભુ, તમે મારું તારણ કર્યું.
(ઝાખી જોરથી નારા પોકારે) પ્રભુઇસુ મસિહ કી --- જય
પ્રભુઇસુ મસિહ....જિંદા હૈ વો આને વાલા ---- હૈ
(નારા બોલાય ત્યાં સુધી બધા પાત્રો સ્ટેજ પર આવી જાય,પછી કોઇ એક ગીત ગાય.)

નૈયા તારણની નૈયા તૈયાર છે, આવો બેસી જાવને હો, નૈયા તૈયાર છે.......અથવા કોઇ પણ ગીત ગાવુ.

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ – ઝાખી દાણી | ૬–પહેલો માણસ (વાતો કરે તે માણસો) |
| ૨ – રામુ (ઓફિસનો પટાવાળો) | ૭ – બીજો માણસ |
| ૩ – ઢક વાળો | ૮ – ત્રીજો માણસ |
| ૪ – ગાડીવાળો | -૯ – ચોથો માણસ |
| ૫ – એક માણસ (ભીડમા હોય તે) | ૧૦ – બીજા ઘણાં માણસોનું ટોળું (સ્ત્રી,પુરુષો,બાળકો વગેરે) |



## ૭ માફી નહિ આપનાર ચાકર

(સમાધાનની પસંદગી)

શાસ્ત્રપાઠ :- માત્થી 18 : 21-35

### દ્રશ્ય – ૧

(પ્રભુઈસુ, તેમના શિષ્યો અને કેટલાક લોકોને ઉપદેશ આપતા હોય તેવું દ્રશ્ય)

પ્રભુઇસુ :- માફી આપવી એ ઉત્તમ ગુણ છે. તમારે હંમેશાં બીજાને માફી આપવી જ જોઇએ.

પિતર :- પણ પ્રભુ કોઇ વ્યક્તિ મારી વિરુધ્ધ અપરાધ કરે, ને હું તેને માફ કરૂં,પણ જો તે મને વારંવાર હેરાન કરે તો હું કેટલી વાર માફ કરું ? સાત વખત ?

પ્રભુઇસુ :- પિતર, સાત જ વખત નહિ, પણ હું તને કહું છું કે તારે સિતેરગણી સાત વાર સુધી માફી આપવી જોઇએ.

પિતર :- (આશ્ચર્યચકિત થઇને કહે) સિતેરગણી સાતવાર ?
(આંગળીઓ વડે ગણતો હોય તેમ કરીને આશ્ચર્યથી બોલે)
70*70*70*70*70*70*70 = --------------------------
અધધધધધધ...ધ,,ધ પ્રભુ એનો અર્થ એ કે આખી જીંદગી માફ જ કર્યા કરવાનું?

પ્રભુઇસુ :- હા પિતર તો જ તમે આકાશના રાજ્યમાં પ્રવેશ કરી શકશો... સાંભળો..અને જુઓ..

### દ્રશ્ય – ૨

(રાજા રાજદરબાર ભરીને બેઠા હોય તેવું દ્રશ્ય)

રાજા :- કોષાધ્યક્ષ (ખજાનચી) આપનો હિસાબ બતાવો.

કોષાધ્યક્ષ:-જી મહારાજ, (ઉભા થઇ ચોપડો આપે, ને બાજુમાં ઉભા રહે)

રાજા :- (ચોપડો તપાસે..પછી કહે) આ કોણ છે ? એક હજાર તાલંત એટલે એક કરોડ રુપિયાનો દેવાદાર ? અને આજ સુધી એક પાઇ પણ ભરી નથી ? કોણ છે એ ? બોલાવો એને..

કોષાધ્યક્ષ:-જી મહારાજ.. (સિપાઇને કહે) સિપાઇ જાઓ સુબેદાર સરુયાને બોલાવી લાવો..
(પ્રણામ કરી સિપાઇ જાય અને સુબેદાર સરુયાને બોલાવી લાવે)

સરુયા :- (ઝુકીને પ્રણામ કરે) પ્રણામ.. મહારાજ..

રાજા :- ભાઇ આ એક હજાર તાલંતનુ, દેવું છે, તમારું ? અને આજ સુધી એક પાઇ પણ ભરી નથી ? જાઓ, હમણાં જ દેવુ ભરપાઇ કરો..

સરુયા :- (પગે પડી હાથ જોડીને કરગરે) મહારાજ ક્ષમા કરો, મારી પાસે હમણાં

એટલા પૈસા નથી.મને સમય આપો.
મહારાજ દયા કરો..દયા કરો.. પ્લી..ઝ.... મહારાજ દયા કરો
.....(ખૂબ રડે ને કરગરે)

રાજા :- (દયા આવે તે ભાવ સાથે) દયા આવે છે મને..તું માફી માગે છે, માટે.. જા તારું બધું દેવૂ માફ કરું છું..
પણ યાદ રાખ હવેથી દેવું કરવાની ટેવ છોડી દે..સમજ્યો ?..
(કોષાધ્યક્ષને કહે).. તેનું દેવું માફ કરી દો.

કોષાધ્યક્ષ:-જી મહારાજ...

સરુયા :- (રાજાના પગે પકડીને કહે) ખૂબ આભાર..મહારાજ ..બહુ મહેરબાની..આપનો ખૂબ ખૂબ આભાર..
(હાથ જોડીને..આંસુ લૂછતો બહાર ગયો. - બહાર જઇને આનંદ કરતો નાચતો કૂદતો બોલે)
એ..એ..એ..કેવી મઝા.. મારું બધું દેવું માફ થઇ ગયું..
મઝા..મઝા..એ.....(નાચતો કૂદતો ચાલ્યો જાય)

## દ્રશ્ય — ૩

(બીજા દિવસે સરુયા અને મિત્રો ઉભા ઉભા વાતો કરતા હોય)

બનાયા :- કેમ સરુયા,.. તું તો ફાવી ગયો,તારું તો કરોડો રુપિયાનું દેવું માફ થઇ ગયું....

અઝાર્યા:- હા દોસ્ત, તારે તો અમને મોટી પાર્ટી આપવી જોઇએ..

સરુયા :- હા..હા..ચોક્કસ.. બોલો ક્યારે કરીએ પાર્ટી..? આવતા રવિવારે..?

બંને મિત્રો :- હા..હા.. આવતા રવિવારે સાંજે ...પાકકુ..હોં..

સરુયા :- હા..હા..પાકકુ..રવિવારે સાંજે પાર્ટી..નક્કિ..
(એકાએક સરુયાની નજર સામે જતા એનાન પર પડે છે, તેને બતાવીને કહે)
અરે,.. પેલો એનાન જ છે ને..... (બૂમ પાડે) એય એનાન.......

એનાન :- (બૂમ સાંભળીને ઉભો રહે,.સરુયા તેની પાસે જાય, પેલા બે મિત્રો પણ જોવા ઉભા રહે)

સરુયા :- એય..તેં મારી પાસેથી સો દિનાર ઉછીના લીધા હતા તે યાદ છે કે નહિ ? ક્યારે આપીશ ?

એનાન :- હા..હા.. દોસ્ત યાદ છે...આ પગાર થશે એટલે ચોક્કસ આપી દઇશ.....

સરુયા :- (કોલર પકડીને ગુસ્સાથી કહે) પગાર થશે ત્યારે..એટલે ? ચાલ..હમણાં જ આપી દે..વાયદા ના કર..

એનાન :- (હાથ જોડી કાલાવાલા કરે) અરે ભાઇ, માફ કર..હમણાં મારી પાસે નથી..મને થૌડો સમય આપ..
બે ત્રણ દિવસમાં આપી દઇશ,..બસ...

સરુયા :- (ધક્કા મારી ગસ્સાથી કહે) કડકા...બે ત્રણ દિવસમાં ક્યાંથી લાવવાનો છે ?.... બહાના કાઢે છે ?



તું એમ નહિ માને..તને તો જેલમાં જ પુરી દઉ. રુપિયા ના આપે ત્યાં સુધી જેલમાં જ રહે.. ચાલ .. જેલમાં (ધક્કા મારતો મારતો લઇ જાય)

એનાન :- (પગમાં પડે..રડતો કકડતો પગ પકડીને કહે) દયા કર.... મારા ભાઈ...દયા કર.. તારા પૈસા ચોક્કસ આપી દઇશ.....કોઇ પાસેથી લઇને ય આપીશ..પણ...જેલમાં ના પુરો...દયા કરો.....
(સરુયા બોચી પકડી ઉભો કરે....ધક્કા મારતો....લઇ જાય...સિપાઇઓને સોંપી દે)

સરુયા :- સિપાઇઓ ....પુરી દો આને જેલમાં...(ગુસ્સાથી બબડતો જતો રહે)
(પેલા બે મિત્રો આ બધું જોઈને દુ:ખી થાય છે..આશ્ચર્યથી એકબીજા સાથે વાતો કરે)

બનાયા :- જોયું..? આ કેવો અન્યાય..? બિચારાને જેલમાં પુરાવ્યો....આવુ તો ના ચાલે.....

અઝાર્યા:- બહુ જ ખરાબ કહેવાય...રાજાએ એના કરોડ રુપિયા માફ કર્યા...અને એ ફક્ત સો રુપિયા માફ કરતો નથી.

બનાયા :- આ.તો..બરાબર નથી જ..આપણે રાજાને આ વાત કરવી જ જોઇએ.. ગરીબ પર થતો અન્યાય જોઇ ના રહેવાય

અઝાર્યા :-હા,કોઇને અન્યાય થતો જોઇએ ને આપણે ચૂપ રહીએ, તો પાપ કહેવાય. બાઇબલનાં નીતિવચનમા લખ્યું છે કે "જેઓને મોતમાં ઘસડી લઇ જવામાં આવે તેઓને છોડાવ." માટે આપણે આ માણસને છોડાવવો જોઈએ.

બનાયા :- બરાબર છે.. ચાલ રાજાને કહીએ. (બંને રાજા પાસે જાય)

## દ્રશ્ય — ૪

(રાજા દરબાર ભરીને બેઠા હોય...બે મિત્રો રાજા પાસે આવે ને બધી વાત કરે.)

સિપાઇ :- પ્રણામ મહારાજ..બે ભાઇઓ આપને મળવા માંગે છે.

રાજા :- (રજા આપે) આવવા દો..

બંને મિત્રો:-(સાથે પ્રણામ કરે) પ્રણામ.... મહારાજ..

અઝાર્યા :-રાજા સાહેબ,આપે પેલા સુબેદાર સરુયાને કરોડો રુપિયાનું દેવું માફ કર્યું હતું. તેણે ગઇ કાલે એનાન નામના એક ગરીબ ચાકરનું,ફક્ત એક સો રુપિયાનું દેવું હતું, એટલા માટે બિચારાને જેલમાં પુરાવી દીધો છે.

રાજા :- (ગુસ્સે થઇને કહે) શું વાત કરો છો ?... હમણાં જ હાજર કરો એ દુષ્ટ માણસને..
(સિપાઇઓ દોડતા જઇ સરુયાને પકડી લાવે.)

સરુયા — (ગભરાઇને ધ્રુજતો ધ્રુજતો) પ્રણામ મહારાજ....

રાજા :- (ગુસ્સાથી) દુષ્ટ માણસ, મેં તારું કરોડો રુપિયાનું દેવું માફ કર્યું,..અને તારા પર દયા કરી.. તો તારે એ ગરીબ ચાકર પર દયા કરવી જોઈએ કે નહિ ? ..... (આ દરમ્યાન સરુયા કરગરે માફી માંગે)
જા તને એનાથી પણ વધુ સજા કરવામાં આવશે.. (સિપાઇને કહે) ઓ

સિપાઇઓ જાઓ આ પેલા ગરીબ ચાકરને છોડી દો અને આ દુષ્ટ માણસને સખત શિક્ષા કરો. અને ભયંકર ..આજીવન કેદમાં પુરી દો...

સરુયા :- (રડતાં રડતાં કાલાવાલા કરે) માફ કરો..ભૂલ થઇ ગઈ..માફ કરો..માફ કરો...બચાવો......

(સિપાઇઓ ધક્કા મારતા.. મારતા.. લઇ જાય.)

(પ્રભુઇસુ સ્ટેજ પર આવી ઉપદેશ આપતા હોય તેમ કહે)

પ્રભુઇસુ :- તો આ જ પ્રમાણે.તમારા આકાશમાંના બાપ તમારા બધા જ અપરાધ માફ કરે છે, તો તમારે પણ એકબીજાના અપરાધ માફ કરવાના જ છે. જો તમે વારંવાર માફી પામો છો, તો તમારે પણ વારંવાર માફી આપવાની છે.

(બધા સાથે બોલે જય ખ્રિસ્ત......)

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ - પ્રભુઇસુ | ૬ - બનાયા |
| ૨ - પિતર | ૭ -અઝાર્યા |
| ૩ - રાજા | ૮ - એનાન |
| ૪ - કોષાધ્યક્ષ | ૯ - સિપાઇ |
| ૫ - સરુયા | |



## ૮ ફરોશી અને દાણીની પ્રાર્થના

શાસ્ત્રપાઠ :- લૂક 18 : 9 – 14

(પશ્ચાતાપની પસંદગી)

(પ્રભુ મંદિરમાં લોકો પ્રાર્થના કરતા હોય, પ્રભુઇસુ ને શિષ્યો પણ મંદિરમાં હોય, - એક ધનવાન ફરોશી રુઆબભેર આવે તેની પાછળ એક દાણી નતમસ્તકે ધીમે ધીમે આવે ....પ્રાર્થના કરે)

ફરોશી :- (ઉભા રહીને, મોં ઉપર કરીને, ગર્વથી જોરથી પ્રાર્થના કરે) હે પ્રભુ, હું પ્રાર્થના કરવા આવ્યો છું હું બીજા માણસો જેવો અન્યાયી, કે જુલમી નથી. હું તમારો ભક્ત છું. (બાજુમાં ઉભેલા દાણી તરફ આંગળી ચીંધીને કહે)
હું આ દાણી જેવો ખરાબ નથી.પ્રભુ, તમે જાણો છો કે હું અઠવાડિયામાં બે વાર ઉપવાસ કરું છું. અને મારી બધી આવકનો દસમો ભાગ દાનમાં આપું છું. માટે પ્રભુ તમે મને આશીર્વાદ આપો..
હું તમારી સ્તુતિ કરું છું,...આમીન.
(પછી દાણી તરફ નફરતભરી નજર કરી જતો રહે.)

દાણી :- (દાણી ઘૂંટણે પડીને માથૂ નીચુ કરી રડતાં રડતાં પ્રાર્થના કરે.).
ઓ પ્રભુપિતા હું પાપી છું,મારા પર દયા કરો. પ્રભુ હું જુઠઠુ બોલ્યો છું, બીજાને દુઃખી કર્યા છે, ઘણાંનું પડાવી લીધું હશે. માફ કરો.. પ્રભુ... દયા કરો...દયા કરો.. (રડતાં રડતાં કહે)
હે પ્રભુ હવે હું આવું નહિ કરું...મને માફ કરો..પ્રભુ માફ કરો .....આમીન..
(થોડી વાર નત મસ્તકે બેસી રહે પછી ધીમેથી ઉઠીને જતો રહે) – (આ બન્ને જણને પ્રભુઇસુ અને તેમના શિષ્યો જોતા હોય છે.એટલે પ્રભુઇસુ શિષ્યોને કહે)

પ્રભુઇસુ :- જોયું ? આ બે માણસોની પ્રાર્થના સાંભળી ?
હું તમને કહું છું કે પેલા ફરોશી કરતાં આ દાણીની પ્રાર્થના ઈશ્વરે સાંભળી છે. દાણીએ નમ્ર બની પોતાની ભૂલો કબૂલ કરી, તેથી ઈશ્વર તેના પર ખુશ થયા ને તેને માફી આપી.
પણ પેલો ફરોશી મનમાં ગર્વ-અભિમાન કરે છે,કે પોતે ઉપવાસ કરે છે દાન આપે છે, હું તો સારો છું, બીજાના જેવો ખરાબ નથી.આવા વિચારો ઈશ્વરને ગમતા નથી, માટે ઈશ્વર દુઃખી થાય છે....માટે એ ફરોશી ની પ્રાર્થના સાંભળવામાં આવી નથી.
માટે તમે પ્રાર્થના કરો ત્યારે નમ્ર બની, પોતાની ભૂલ કબૂલ કરો.
"જે પોતાના પાપ કબુલ કરે છે, તેનાં જ પાપ માફ કરવામાં આવે છે."

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ - પ્રભુઇસુ | ૩ - ફરોશી |
| ૨ - દાણી | ૪ - પ્રભુના શિષ્યો (5 અથવા 10-12 શિષ્યો લઇ શકાય) |

## ૯ માર્થા અને મરિયમ

(અગ્રીમતાની પસંદગી)

શાસ્ત્રપાઠ :- લૂક 10 : 38-42

(પ્રભુઇસુ ચાલતા એક ગામથી બીજે ગામ જતા હોય,માર્થા પાણી ભરીને આવતી હોય, દૂરથી પ્રભુઇસુને જુએ છે. ઝડપથી પ્રભુ પાસે જઇને કહે)

માર્થા :- (આશ્ચર્યથી) અરે, પેલા તો પ્રભુઇસુ જ છે. (ઝડપથી પાસે જાઇને કહે) પ્રભુ...પ્રભુ તમે? ચાલો, મારા ઘરે. આવો.

પ્રભુઇસુ :- અરે..માર્થા તું ? કેમ છે, લાજરસ અને મરિયમ ?

માર્થા :- મઝામા છે, લાજરસ હવે કામ પરથી આવ્યો જ હશે.અને મરિયમ તો ઘરે જ છે. ચાલો, જમીને જજો.

(પ્રભુઇસુ સાથે ચાલતા ચાલતા ઘરે જાય....બહારથી માર્થા, મરિયમને બૂમ પાડે)

માર્થા :- મરિયમ જો કોણ આવ્યું છે ?

મરિયમ :- (બહાર આવી આનંદ આશ્ચર્ય સાથે બોલે) અરે પ્રભુ તમે ? આવો.. આવો. (બેસવા ખુરશી આપે) લો બેસો.

માર્થા :- (ગાગર મૂકે, પગ ધોવા પાણી ને રુમાલ આપે) લો પ્રભુ..... પગ ધુઓ.

મરિયમ :- (પીવાનું પાણી લાવે) લો પ્રભુ... પાણી પીઓ.

માર્થા :- પ્રભુ હું જલ્દી જલ્દી જમવાનું બનાવી દઉ. (માર્થા રસોઇ કામ કરવા લાગે, કામ કરતી કરતી બોલતી હોય.)

દાળ મૂકી દઉ, (દાળ મૂકે) શાક શું બનાવું ? રીંગણ બટાકા? (શાક સમારતાં બોલે) મિઠાઇ શું બનાવીશ ?

શીરો કે લાપસી ? ..... (ચૂલાને ફૂંક મારે..ધૂમાડો લાગે) અરે.રે..આ ચૂલો સળગતો ય નથી. બળ્યું...

(કંટાળીને, જરા ગુસ્સાથી બોલે) આ મરિયમ કંઇ ગઇ ? કેટલું કામ છે ? (બૂમ પાડે) મરિ.ય.મ.....

(મરિયમ પ્રભુઇસુના ચરણોમાં બેસીને ઉપદેશ સાંભળતી હોય)

માર્થા :- અરે રોટલી ક્યારે બનશે ? (બૂમ પાડે) મરિયમ...અહિં આવ.. રોટલી બનાવ.....

(માર્થા કામ માટે રઘવાટ કરે.. જરા ગુસ્સાથી બોલે)

શું કરે છે મરિયમ ? સાંભળતી નથી...? (બહાર જાય,મરિયમને પ્રભુ પાસે ઉપદેશ સાંભળતી બેઠેલી જુએ)

અરે.રે.પ્રભુ, તમે.. આ મરિયમને કંઇ કહો ને ..હું એકલી બધું કામ કેવી રીતે કરું ? મને મદદ કરવા કહો ..એને.

પ્રભુઇસુ :- (હાથથી શાંત રહેવાનો ઇશારો કરે) માર્થા..માર્થા..તું ઘણી વાતો વિષે ચિંતા કરે છે અને ગભરાય છે..

પણ યાદ રાખ બીજી બધી બાબતો કરતાં ઈશ્વરના વચનો તરફ ધ્યાન આપવું વધુ અગત્યનું છે. મરિયમે સારું કામ પસંદ કર્યું છે.



-માર્થા પ્રથમ ઈશ્વરના વચનો એટલે બાઇબલ વાંચન કરવું, પ્રાર્થના અને ઈશ્વર સંગતને પ્રથમ સ્થાન આપવું જોઈએ...તું અનુભવ કરી જો...પહેલાં ઈશ્વરની વાતો તરફ ધ્યાન આપીશ તો બીજાં બધાં વાનાં તને પુરાં પાડવામાં આવશે.ને બધાં કામ સરળ લાગશે.....સમજી ?

માર્થા :- ઓહ.. માફ કરો પ્રભુ, હું મારાં સંસારી કામોમાં તમારા પાસે બેસવાનો સમય જ કાઢતી નથી.પણ હવેથી હું તમને પ્રથમ સ્થાન આપીશ.

પ્રભુઇસુ :- એ માટે હું તમને કહું છું કે તમારા જીવને માટે ચિંતા ન કરો. ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાના કદને એક હાથભર વધારી શકે છે ? પક્ષીઓનો વિચાર કરો. ઈશ્વર તેઓનું પોષણ કરે છે.તો તમે પક્ષીઓ કરતા કેટલા વિશેષ મુલ્યવાન છો? તમે પ્રથમ દેવનું રાજ્ય શોધો, અને એ વાનાં પણ તમને પુરાં પાડવામાં આવશે.

માર્થા :- પ્રભુ હવેથી હું પ્રથમ દેવની વાતોને મહત્વ આપીશ. પછી જ બીજાં કામ કરીશ.

(માર્થા ખુશ થઇ ઈશ્વરના ચરણોમાં બેસીને ઉપદેશ સાંભળવા લાગે)

પ્રભુઇસુ :- (પ્રભુ ખુશ થતા બોલે) સરસ.. (પછી ઉભા થઇ બધા પ્રેક્ષકો સામે જોઇ કહે) જો તમે મારામાં રહો અને મારાં વચન તમારામાં રહે તો,તો તમે જે કંઇ ચાહો તે માગો, તે તમને મળશે.

-: પાત્રો :-

૧ – પ્રભુઇસુ
૨ – માર્થા
૩ - મરિયમ

## ૧૦ પાત્રાભિનય- માર્થા-મરિયમ

(એકપાત્રી અભિનયની જેમ ધ્વિપાત્રી અભિનય કરી, પ્રભુના ચમત્કારોનો શુભસંદેશ આપી શકાય)
(સ્ટેજ પર બન્ને સાથે આવે. પ્રથમ માર્થા પોતાનો પરીચય આપે. પછી મરિયમ આપે)

માર્થાઃ- હું માર્થા.

મરિયમ :- અને હું મરિયમ.

માર્થા-મરિયમ :- અમે બન્ને બહેનો થઈએ. (બન્ને હાથ પકડી સાથે બોલે)

માર્થા :- અમારે એક ભાઇ છે.

મરિયમ :- તેનું નામ લાજરસ.

માર્થા-મરિયમ :- અને પ્રભુઇસુ અમારા ખાસ મિત્ર છે. (ખુશ થતી બન્ને એકબીજા સામે જોઇ સાથે બોલે)

માર્થા :- (દુખી અવાજે બોલે) એક દિવસ, અમારો ભાઇ .. બીમાર પડયો.

મરિયમ :- (રડતાં અવાજે બોલે) અને તે મરી ગયો. (ડુસકું ભરે)

માર્થા :- મેં પ્રભુને કહયું, પ્રભુ,તમે અહીં હોત તો મારો ભાઇ મરત નહિ. (ઘૂંટણે પડી હાથ જોડી બોલે)

મરિયમ :- મેં પણ પ્રભુને એ જ કહયું, પ્રભુ, તમે અહીં હોત તો મારો ભાઇ મરત નહિ. (તે પણ ઘૂંટણે પડી બોલે. ડુસકાં ભરતી બન્ને ઉભી થાય)

માર્થા :- પછી ?,.. પછી પ્રભુઇસુ આવ્યા. .. પણ.. (માર્થા ગળગળી થઇ જાય)

મરિયમ :- પણ.. .. મારો ભાઇ તો મરી ગયો હતો. (ગંભીર સ્વરે બોલે)

માર્થા :- અરે.. તેને મરી ગયે તો ચાર દિવસ થઇ ગયા હતા. (દુ:ખી અવાજે બોલે)

મરિયમ :- છતાં પણ પ્રભુઇસુ કહે, " તમે તેને ક્યાં મૂકયો છે ?"

માર્થા :- અમે પ્રભુ ઈસુને,.. લાજરસની કબરે લઇ ગયાં.

મરિયમ :- અરે.. (આશ્ચર્ય વ્યક્ત કરતાં કહે) પ્રભુ તો કહે, "પથ્થર ખસેડો."

માર્થા :- મેં કહયું, અરે પ્રભ્રુ .... લાજરસને મરે તો, ચાર દિવસ થઇ ગયા. ..હવે તો તે ગંધાતો હશે..

મરિયમ :- પણ.. પ્રભુઇસુએ તો.. .. બૂમ પાડી.. (ભાવભિોર થઇ કહે)

માર્થા-મરિયમ :- (બન્ને સાથે બૂમ પાડે) "લાજરસ.. .. બહાર આવ.."

માર્થા :- અને.. અને.. લાજરસ તો બહાર આવ્યો. (આનંદાશ્ર્ચ્ર્ય સાથે)

મરિયમ :- લાજરસ .. જીવતો બહાર આવ્યો. (ખૂબ જ આશ્ચર્ય સાથે, ખુશીથી પાગલ થતી કહે)

માર્થા :- (તરત જ બોલી ઉઠે) અને અમે તો, લાજરસને ભેટવાને બદલે .. ..

માર્થા-મરિયમ :- ઇસુને જ ભેટી પડયાં ..... (ખૂબ જ આનંદથી બન્ને એકબીજાને ભેટી પડે ને બન્ને સાથે બોલે)



## ૧૧ ત્રણ મહાન રાજાઓનું ઈન્ટરવ્યુ

(દરેકને T.V. જોવાનું બહુ ગમે છે.માટે આ V.B.S. માં,
બાળકોએ પણ એક T.V. ન્યુઝ ચેનલ શરુ કરી છે ..
તો...ચાલો આપણે પણ જોઇએ...ટેલીવિઝન પર "હોસાના VBS ન્યુઝ ચેનલ")

વક્તા :- ઇન ધ નેમ ઓફ જીજસ ક્રાઇસ્ટ...ચેનલ નંબર – 2000... "હોસાના V.B.S. ન્યુઝ ચેનલ" દવારા પ્રસ્તુત ...
પવિત્ર બાઇબલ આધારિત ઇઝરાએલના પ્રથમ ત્રણ મહાન રાજાઓનાં ઈન્ટરવ્યુ....
હોસાના V.B.S. સ્ટુડિઓમાં હાજર છે..... (નામ બોલે તેમ વારાફરતી રાજાઓ પોતાની અદાથી પ્રવેશ કરે)
– પ્રથમ.....મહારાજા ... નામદાર....શાઉલ....
વેલકમ રાજાસાહેબ, શાઉલરાજા...પધારો... (શાઉલ રાજા ખુરશીમાં બેસે)
– બીજા છે...રાજાધિરાજ .. મહાન.. સમ્રાટ.. દાઉદરાજા...
મોસ્ટ વેલકમ....હીઝ હાઇનેસ... દાઉદરાજા.. (દાઉદ રાજા ખુરશીમાં બેસે)
– અને ત્રીજા... નેકનામદાર..મહારાજ.. સર્વજ્ઞાની..શ્રીમંત.. સુલેમાનરાજા...
ભલે પધારો...રાજાસાહેબ સુલેમાન....(સુલેમાન ખુરશીમાં બેસે)

વક્તા :- માનનિય મહારાજાશ્રીઓનું સ્વાગત કરીએ...તાળીઓના ગડગડાટથી વધાવીએ... (બધાં તાળીઓનો ગડગડાટ કરે)
થેન્ક્યુ પ્રજાજનો ફોર તાલીયાં.... તો હવે... શરુ કરીએ.... ઈન્ટરવ્યુ...
(ઇન્ટરવ્યુ લેનાર, બધા રાજાઓને હાથ મિલાવી અભિવાદન કરે.. પછી બોલે)

વક્તા :- હું મિસ્ટર રવિ રાઠૌડ ..હોસાના V.B.S. 1999ઓ માટે ઇન્ટરવ્યુ ....નાઉ વેલકમ ફોર ધીસ ટોક શો....એવરીવન.
(પ્રથમ શાઉલ રાજા)
પ્રથમ... રાજાસાહેબ શાઉલ...હું આપને પ્રશ્ન પુછું છું.....

પ્રશ્ન – ૧ પ્રથમ આપની ઓળખ આપશો...પ્લીઝ..આઇ મીન નામ...કામ...ઠામ...ગામ...વગેરે વગેરે....

જવાબ :- જી હા...મારું નામ 'શાઉલ'...મારા પિતાનું નામ 'કીશ'...અમારો દેશ ઈઝરાએલ...એમાં હું બિન્યામિન કુળનો છું...મારા પિતા કુળના આગેવાન હતા. ખૂબ શક્તિશાળી અને પૈસાદાર હતા...તેમનો દિકરો હું.. 'શાઉલ'...(જરા અભિમાનથી બોલે)

પ્રશ્ન – ૨ રાજા સાહેબ, આપને શું,.. ખૂબ ગમે છે ?..

જવાબ :- મને ઈશ્વરનું ભજન કરવાનું ગમે છે..અને મને ઈશ્વરની વેદીઓ બાંધવાનું બહુ ગમે છે...

પ્રશ્ન – ૩ તમે કોને કોને માન આપો છો ?

જવાબ :- સર્વ પ્રથમ હું પ્રભુને માન આપું છું..ત્યારબાદ મારા પિતાને માન આપું છું..હું મારા પિતાને આધિન રહી તેમની હરેક આજ્ઞા ખુશીથી માનું છું...અન ઈશ્વરભક્ત.. મુરબ્બી શમુએલનો પણ હું આદર કરું છું ને દરેક બાબતમાં તેમની સલાહ લઉ છું.....

પ્રશ્ન – ૩ રાજાજી...આપને ઈસ્રાએલના સૌથી પ્રથમ રાજા થવાનું માન કેમ મળ્યું ..? જરા દર્શક મિત્રોને જણાવશો..?

જવાબ :- તે મારા દેવની કૃપા છે..પવિત્રશાસ્ત્રમાં ૧લો શમુએલ 2:30 માં લખ્યું છે કે "જેઓ મને માન આપે છે તેઓને હું માન આપીશ" કદાચ દેવે મને એટલે આ માન આપ્યું હશે.

પ્રશ્ન – ૪ હવે આપને છેલ્લો, પણ અગત્યનો પ્રશ્ન... આપ... પહેલાં રાજા તરીકે પસંદ થયા...પણ પાછળથી ઈશ્વરે તમને રાજા તરીકે કેમ નાપસંદ કર્યા...?

જ્વાબ :- હા.. મારાથી બે મોટી ભૂલ થઇ હતી.એક ભૂલ એ કે, મેં ઈશ્વર પરના વિશ્વાસમાં ધીરજ ન રાખી...ને જે મારે નહોતું કરવાનું તે મેં કર્યું એકવાર મારે પલિસ્તીઓ સાથે લડાઇ કરવાની હતી.....,ઈશ્વરને દહનિયાર્પણ ચઢાવીને પછી જ હું લડાઇ શરુ કરતો હતો... પણ ત્યારે પ્રબોધક શમુએલને આવતાં વાર લાગી...તેથી પ્રબોધકના બદલે, મેં જ વેદી પર બલીદાનો ચઢાવી દીધાં...જે મારે નહોતુ કરવાનું તે મેં કર્યું. મેં પ્રભુને માન ના આપ્યું. વાંચો,.એજ પ્રભુનું વચન ૧લો શમુએલ 2:30 "જેઓ મને તુચ્છ ગણે છે તેઓ હલકા ગણાશે." બીજી ભૂલ – લડાઇ બાદ પ્રભુની આજ્ઞા હતી કે... જીત મળે પછી તે નગરનો સંપૂર્ણ નાશ કરવો...તેમાંની કોઇ પણ વસ્તુઓ લેવી નહિ..ને બધું જ બાળીને ભસ્મ કરી નાંખવું...પણ મને લોભ લાગ્યો ને તેમાંની સારી સારી વસ્તુઓ મેં લઇ લીધી..મેં પ્રભુની થોડી આજ્ઞા માની ને થોડી ના માની.....પ્રભુ સંપૂર્ણ આધીનતા માંગે છે...હું પ્રભુને સંપૂર્ણ આધીન ન હતો...માટે મને ઈશ્વરે રાજા તરીકે ના પસંદ કર્યો.....

વક્તા :- જોયું દર્શકો..? પ્રભુ સંપૂર્ણ આધીનતા માંગે છે, થોડી નહિ. સમજ્યા..? અને પ્રભુ કહે છે. "જૈઓ મને માન આપે છે, તૈઓને હું પણ માન આપીશ, અને જેઓ મને તુચ્છ ગણે છે તેઓ હલકા ગણાશે." ૧ શમએલ 2:30 વાંચો ને માનો નહિ તો આ દશા થશે. (શાઉલને કહે) થેન્કયુ.... રાજા સાહેબ.... તમારો ખુબ ખૂબ આભાર... (હવે વક્તા બીજા રાજા દાઉદને પ્રશ્નો પૂછે)

(દાઉદ રાજા)

વક્તા :- મહારાજા દાઉદ, હવે આપનો વારો.....

પ્રશ્ન – ૧ (આપશ્રી.....આપની ઓળખ આપશો ...પ્લીઝ..?)

જવાબ :- હું ઇઝરાએલ દેશના બેથલેહેમ નામના એક નાનકડા ગામનો વતની છું.



મારા પિતાનું નામ ઈશાઇ છે. અમે કુલ આઠ ભાઇઓ હતા... એમાં સૌથૌ નાનો હું, દાઉદ...મારા ભાઇઓ રાજાના સૈન્યમાં બહાદૂર સૈનિકો હતા.....મારા પિતા મોટા પશુપાલક હતા..તેથી હું નાનો હતો ત્યારથી જ મારા પિતા મને ઘેટાંબકરાં ચરાવવા મોકલતા હતા..

પ્રશ્ન – ૨ ઓહ..તો તમે નિશાળમાં ભણવા નહોતા જતા...? ...અને આખો દિવસ ઘેટાં તો ચરતાં હોય...ત્યારે તમે શું કરતા ...?

જવાબ :- મારા ખેતરો.. મારી નિશાળ....મારા જંગલો મારી કોલેજ....જ્યાં મારાં ઘેટાં ..ત્યાં મારી સ્કૂલ...જ્યારે ઘેટાં ચરતાં હોય ત્યારે હું વીણા વગાડતો ને ગીતો ગાતો.ને ગોફણ ચલાવતાં શીખતો...

પ્રશ્ન – ૩ જો આપ નાના હતા ત્યારથી જંગલમાં ઘેટાં ચરાવવા જતા હતા... તો...જંગલમાં આપને બીક નહોતી લાગતી....?

જવાબઃ- ના, મને જરાય બીક ના લાગતી....કારણ કે મારા દેવ મારા સાથે રહી મને મદદ કરતા.....

પ્રશ્ન – ૪ (પ્રેક્ષકો સામે જોઇ બોલે) ઓહ.., અદ્દભૂત વિશ્વાસ ..પરમેશ્વર પર.. (રાજાને કહે) રાજાસાહેબ, જંગલનો તમારો કોઇ ખાસ અનુભવ જણાવશો.....?

જવાબ :- જરુર..... એકવાર મારાં ઘેટાંના ટોળાં ઉપર એક રીંછ આવ્યું....તેને મેં એક જ ઝાટકે મારી નાંખ્યુ... બીજા એકવખતે એક વિકરાળ સિંહે, મારા એક ઘેટા પર તરાપ મારી...ઘેટાંને મોઢામાં પકડી લીધુ..પણ મેં..સિંહ સાથે બાથ ભીડી ખૂબ લડાઇ થઇ...આખરે મૈં સિંહના બે જડબાં પકડી ...ચીરી જ નાંખ્યો....અને મારા ઘેટાંને તેના મોંમાંથી છોડાવ્યુ.

પ્રશ્ન – ૫ (આશ્વર્યથી) ઓ હો..હો..હો...સિંહને ચીરી નાંખ્યો..? રાજાસાહેબ, કમાલ કરી તમે તો,આવી આપની બીજી કોઇ બહાદૂરી..?

જવાબ :- હં..અ..અ..અ...એકવાર ઈઝરાએલ અને પલિસ્તીઓ સાથે યુધ્ધ ચાલ્યું.....' દવન્દવ યુધ્ધ'.....સમજો છોને 'દવન્દવ યુધ્ધ' ?

વક્તા :- (હસીને જવાબ આપે) હા...સામસામેના લશ્કરનો એક..એક.. એમ બે જ યોધ્ધા લડે...જે જીતે તેની જીત કહેવાય...રાઇટ સર..?

જવાબ :- હા..આ..આ..બરાબર...એ લડાઇના સમયે ..હું લગભગ 15-16 વર્ષનો હોઇશ. મારા પિતાએ,મને ભાઇઓની ખબર કાઢવા મોકલ્યો. કારણ કે મારા ત્રણ ભાઇઓ લશ્કરના સૈનિકો હતા. બે લશ્કરો સામ સામે પડાવ નાંખીને બેઠાં હતાં. પણ લડાઇ ચાલતી નહોતી, મેં જોયું તો એક પલિસ્તી યોધ્ધો, 'ગોલ્યાયાથ'..કદાવર..9-10 ફૂટ ઉંચો, રાક્ષસ જેવો. ને એ ઇસ્રાએલને તિસ્કાર કરતો, ગાળો બોલે. પણ કોઇ જ તેની સામે લડવા તૈયાર નહિ.. મારાથી સહન ના થયુ.મેં કહયું,..હું તેની સાઘે લડવા જઇશ..ને હું ફક્ત મારી ગોફણ લઇને તેની સામે

ગયો. અને ફક્ત એક જ પથ્થરે.. તેને મહાત કરી નાંખ્યો....અને તેની જ તલવારથી.. તેનો શીરચ્છેદ કર્યો......

પ્રશ્ન – ૬ (તાળી પાડી ગર્વથી બોલે) વાહ ...રાજા દાઉદ...વાહ...રાક્ષશી ગોલ્યાથને એક 15-16 વર્ષના કિશોરે હરાવ્યો...ગજબ કહેવાય. મહારાજ, આપના બચપણના કોઇ યાદગાર પ્રસંગ વિષે કહેશો ?

જવાબ :- જરુર..હું બચપણથી જ હું વીણા વગાડતો હતો.તે સમયે શાઉલરાજાને દુષ્ટાત્મા હેરાન કરતો હતો. કોઇએ કહ્યું, કોઇ સંગીતકાર રાજાની આગળ ગાશે તો રાજાને સારુ થશે.ત્યારે મને પસંદ કર્યો. હું રાજાની આગળ, વીણાના સૂરો સાથે ઈશ્વરસ્તુતિના ગીતો ગાતો.ને ઈશ્વર રાજાને સારા કરી દેતા.એમ ઘેટાં ચરાવતાં પણ મને રાજમહેલમાં જવા મળતુ હતુ. ત્યાં રાજાનો પુત્ર,રાજકુમાર યોનાથાન મારો પરમ મિત બની ગયો. મારો જીગરી દોસ્ત મને મળ્યો,એ મારા બચપણનો યાદગાર પ્રસંગ.

પ્રશ્ન – ૭ એટલે રાજાસાહેબ, આપ બચપણમાં વીણા અને ગોફણ ચલાવતા શીખ્યા તેનો લાભ થયો...ખરુંને ..?

જવાબ :- હા...એક નાની ગોફણ શીખવાથી હું રાક્ષસ ઉપર જીત મેળવી શક્યો ....અને વીણા શીખવાથી હું રાજમહેલ સુધી પહોંચી શક્યો.
કોઇ પણ નાનું કે મોટું કામ કરો...જો પુરું મન લગાડીને કરો..તો સફળતા મળે જ છે...
સભાશિક્ષક 9:10 મા. કહ્યું છે કે, “જે કોઇ કામ તારે હાથ લાગે તે મન લગાડીને કર”

વક્તા :- (પ્રેક્ષકોને કહે) જોયું.. ? જે કોઇ કામ..નાનું કે મોટું .. મન લગાડીને કરો..ને તમને મળેલા તાલંતોનો ઉપયોગ કરો.
(રાજાને કહે) ખૂબ ખૂબ આભાર...મહારાજા...આપે કામ અને તાલંના ઉપયોગ વિષે..શીખવ્યું.....થેન્ક્યુ વેરી મચ..સર..
(સુલેમાન રાજા)

વક્તા :- શ્રીમંત મહારાજ...સુલેમાન ...આપના વિષે જાણવા દર્શકમિત્રો ઉત્સુક છે...

પ્રશ્ન – ૧ મહારાજ, આપ તો..એક રાજકુમાર હતા ..માટે.. આપ ઈઝરાઐલ ના રાજા બન્યા...ખરુંને..?

જવાબ :- ના..જી...એવું નથી.....મારા મોટા ભાઈઓ પણ રાજકુમારો હતા...તેઓ પણ રાજા.. બની શક્યા હોત... પણ મને તો.. પરમેશ્વરે જ રાજા બનવાનું માન આપ્યું...કારણકે હું નાનપણથી જ.. મારા પિતા દાઉદની જેમ..ઈશ્વરને ખૂબ ચાહતો અને મારી ...દરેક નાની મોટી પ્રવ્રુતિઓમાં.. ઈશ્વરને પ્રથમ સ્થાન આપતો હતો...માટે પરમેશ્વરે મને ..રાજા બનાવ્યો...,
“જે પરમેશ્વરને માન આપે છે,.. તેને પરમેશ્વર માન આપે છે”



પ્રશ્ન – ૨ રાજાસાહેબ...આપ કેવી રીતે દાવો કરો છો.. કે ‘ઈશ્વર પણ મને ચાહતા હતા’.?

જવાબ :- ચોક્કસ...ઈશ્વર મારી સાથે વાત કરતા હતા...મને સ્વપ્નમાં દર્શન આપતા હતા...

પ્રશ્ન – ૩ (આશ્ચર્યથી કહે) હેં...પરમેશ્વર તમારી સાથે વાત કરતા હતા..? દર્શન આપતા હતા? શું કહ્યું હતું સ્વપ્નમાં...પરમેશ્વરે..?

જવાબ :- એકવાર ...જ્યારે મેં એકહજાર બલીદાનો ચઢાવી પરમેશ્વરનું ભજન કર્યું ..ત્યારે,પ્રભુએ મને દર્શન આપી કહ્યું...
“માંગ ..માંગ..માંગે તે આપું ..બોલ.. તને શું આપું ?”

પ્રશ્ન – ૪ (આશ્ચર્યથી કહે) શું વાત કરો છો..? તમે શું માંગ્યુ...શું માંગ્યું...?

જવાબ :- મેં કહ્યું...હે મારા દેવ..તમે મને રાજા બનાવ્યો માટે તમારો ખૂબ આભાર...તમે જો મને રાજા બનાવ્યો જ છે.તો હવે ..તમે જ મને રાજ કરવા માટે .. જ્ઞાન અને બુધ્ધિ.. તથા વિવેકી હૃદય આપો...

પ્રશ્ન – ૫ (આશ્ચર્યથી કહે) બસ..? એટલું જ માંગ્યુ...? ધન,.દોલત..ઘોડાગાડી ..બંગલા..એ બધું ના માંગ્યુ..?

જવાબ :- ના..મારા મિત્ર...મને જે જોઇતું હતું... તે જ મેં માંગ્યુ...પણ..

પ્રશ્ન – ૬ પણ..? પણ શું.. રાજાસાહેબ..?

જવાબ :- પણ .. મારા દેવે મને કહ્યું... “ મારા દિકરા..હું તારા પર પ્રસન્ન છું...કારણ કે તેં મારી પાસે વિવેકી હૃદય માંગ્યુ..માટે હું તને જ્ઞાન..બુધ્ધિ..ને વિવેકી હૃદય તો.. આપીશ જ..પણ .. સાથે સાથે તને ..ધન..દોલત..વૈભવ..માન..સુખશાંતિ બધું જ આપીશ...
આ પ્રુથ્વી પર ..તારા જેવો કોઇ થયો નથી..ને થશે પણ નહિ...”
યાદ રાખો..માત્થી ૬:૩૩માં પભુનું વચન છે કે..“પણ તમે પહેલાં તેના રાજ્યને શોધો..એટલે એ બધાં વાનાં પણ.. તમને અપાશે”

પ્રશ્ન – ૭ વાઉવ...ક્યા બાત હે રાજા સાહેબ...ઓ..કે..એટલે તમે પહેલાં દેવના રાજ્યને શોધ્યું, માટે તમને આ બધું મળ્યુ એમને ?

જવાબ :- ઓફ કોર્સ...સો ટકા સાચુ.

પ્રશ્ન – ૮ ઓ કે ..રાજાસાહેબ.. તો હવે...આપના જીવનના કોઇ ખાસ.. યાગાર કાર્ય વિષે જણાવશો...?

જવાબ :- હા..જી.. મારા દેવને માટે..મેં યરુશાલેમ શહેરમાં એક ભવ્ય મંદિર બંધાવ્યું...અને મેં આ જગતના લોકો માટે એક બહુ ઉપયોગી એવું...એક પુસ્તક લખ્યું છે.... ‘નિતિવચનો’.. વાંચજો...
વાંચવા જેવું છે...જરુર.. વાંચજો...

વક્તા:- સ્યોર...સર...થેન્કયુ વેરી મચ ....
સર..આપની પાસેથી તો..ઘણુંબધું જાણવાનું છે, પણ સમયના અભાવે ..મુલતવી રાખુ છુ. .. થેન્ક્યુ સર..
(હવે વક્તા .. દર્શકમિત્રોને સંબોધીને કહે)

હવે દર્શક મિત્રો...આ મહાનુભવોને .. આપ.. કોઇ પ્રશ્ન પુછવા માંગો છો..?

દર્શક - ૧ (દર્શક આંગળી ઉંચી કરે --- વક્તા તેની પાસે માઇક લઇ જાય.. એટલે દર્શક બોલે) (જે બોલે તેની પાસે માઇક લઇ જવુ) આઇ એમ પ્રજ્ઞા કસોટે,...હું મહારાજા શાઉલરાજાને પ્રશ્ન પુછવા માંગુ છુ... 'પાપ' વિષે આપ શું કહેવા માંગો છો..?

જવાબ :- (શાઉલ રાજા જવાબ આપે...માઇક શાઉલ પાસે લઇ જવું) 'પાપ' ..આપણને ઈશ્વરથી દૂર લઇ જાય છે...પણ..જીવનમાં પરમેશ્વરને પ્રથમ સ્થાન આપવાથી.. 'પાપ' આપણાથી દૂર ભાગે છે.

દર્શક - ૨ થેન્કયુ સર...થેન્કયુ વેરી મચ.. (બધા તાળી પાડે) (બીજા દર્શક આંગળી ઉંચી કરે..તે પ્રશ્ન પૂછે)

દર્શક - ૩ ગુડમોર્નિંગ એવરીવન,. હું અંજના મેકવાન.. મહાન દાઉદરાજાને ..મારો પ્રશ્ન છે..'આનંદ પ્રમોદ' કરવા વિષે આપ શું માનો છો..?

જવાબ :- (દાઉદરાજા જવાબ આપે) આનંદપ્રમોદ કરવો જોઇએ...પરંતુ ..દેવની અને માણસોની દ્દષ્ટિમાં યોગ્ય હોય તેવો આનંદ કરવો. અને આનંદ પ્રમોદમાં..ઈશ્વર માટે સમય ના રહે.એવું ના કરતાં. યાદ રાખજો..ઈશ્વરને ભૂલી જશો તો.ઈશ્વર પણ, તમને ભૂલી જશે... (બધા તાળી પાડે)

દર્શક-૪ થેન્કયુ...રાજાજી.. (તીજો દર્શક હાથ ઉંચો કરે, પ્રશ્ન પૂછે)

દર્શક-૫ પ્રેઇઝ ધ લોર્ડ..આઇ એમ મોનિકા...મારો પ્રશ્ન ..મહાજ્ઞાની ..સુલેમાન રાજાને છે..' આપણાં મિત્રો વિષે ...આપ શું કહેશો ..?

જવાબ :- 'જે ઘણાં મિત્રો કરે છે..તે પોતાનું જ નુકશાન વહોરે છે..પણ એક એવો મિત્ર હોવો જોઇએ કે,જે ભાઇ કરતાં..નિકટનો સબંધ રાખે' અને ..એ મિત્ર છે... "પ્રભુઇસુ ખ્રિસ્ત" ..તમારે કેવા મિત્રો છે..? સૌથી ઉત્તમ મિત્ર 'પ્રભુઇસુ ખ્રિસ્ત' છે.. "પ્રભુઇસુને" તમારા ખરા મિત્ર બનાવો... અનુભવ કરો અને જુઓ કે "ખ્રિસ્ત પ્રભુઇસુ" કેવા મિત્ર છે. (બધા તાળીઓના ગડગડાટ કરે)

(નેપથ્યમાંથી ગીત સંભળાય..." ઇસુ જેવો મિત. કોણ છેઓઓઓઓ..)

વક્તા :- થેન્કયુ દર્શક મિત્રો...થેન્કયુ ..મહાન. રાજા સાહેબો....ફરી મળીશુ....આવતા V.B.S.માં...ગુડ બાય..ગુડ બાય..એવરીબ ડી.....

(સ્ટેજ પર વક્તા દરેક રાજાઓને હાથ મિલાવે..બધા આનંદથી છૂટા પડે)

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ – વક્તા | ૫ – પ્રજ્ઞા કસોટે– પ્રશ્ન પુછનાર – 1 |
| ૨ – શાઉલરાજા | ૬ – અંજના મેકવાન– પ્રશ્ન પુછનાર–2 |
| ૩ – દાઉદરાજા | ૭ – મોનિકા – પ્રશ્ન પછનાર – 3 |
| ૪ – સુલેમાન રાજા | ૮ – પડદા પાછળ ગીત ગાનાર 3-5 |



## ૧૨ ઉડાઉ દીકરો (ખોવાયેલો દીકરો)

લૂક 15: 11-32

### દ્દશ્ય-૧

(ચાર મિત્રો ભેગા થઇ ગપ્પાં મારતા હોય તેવું દ્દશ્ય)

૧લો મિત્ર :- ચાલો.. કોલેજના ચાર વર્ષ પુરા થયા હવે શું કરવાનું ?

૨જો મિત્ર :- હવે નોકરી શોધવાની ..બીજું શું ?

૩જો મિત્ર :- હા ભાઇ..હવે નોકરી જ કરવાની છે ને આખી જીંદગી ? ચાલો કંઇ ફરવા જઇએ..

૪થો મિત્ર :- હા યાર ..લોન્ગ ટૂર કરીએ.. પછી સંસારમા પડી જઇશું તો આવી મઝા નહિ આવે..

બધા સાથે બોલે :- હા..હા..ચાલો..

૧લો મિત્ર :- આવતી પહેલી તારીખે નીકળીએ.. પાકકુ..?

૨જો મિત્ર :- પાક્કુ.. ચાલો તૈયારી કરીએ..

૩જો મિત્ર :- પરેશ,યાર તુ ખૂબ નસીબદાર છે.આપણા બધામાં સૌથી પૈસાદાર બાપ નો બેટો છે.તો જરા થોડા વધારે પૈસા લઇ લેજે ને યાર..કદાચ કંઇ જરુર પડે તો

૪થો પરેશ :- ચોક્કસ..ચિંતા ના કરો મિત્રો.. ચાલો મોજ કરી આવીએ.. (બધા વાતો કરતા છૂટા પડે)

### દ્દશ્ય-૨

(એક ઘરમાં પિતા પુત્ર વાત કરતા હોય તેવુ દ્દશ્ય)

પિતા :- બેટા, તારે આટલા બધા પૈસાની શી જરુર છે ? હજી તુ નાનો છે.

પુત્ર :- (ગુસ્સાથી બોલે) પપ્પા.. હજી પણ તમે મને નાનો કહો છો ? હવે હું જુવાન થઇ ગયો છું. મારી પણ કોઇ ઇચ્છાઓ હોય કે નહિ ?

પિતા :- (પ્રેમથી કહે) દીકરા, તારી ઈચ્છા હોય તેની ના નથી.પણ યોગ્ય છે કે નહિ, તે તારે સમજવું પડેને ?

પુત્ર :- (ગુસ્સાથી બોલે) મારે કશું સાંભળવું નથી... બસ મને મારા ભાગની અડધી મિલ્કતના પૈસા આપી દો ..બીજી વાત ના કરો..

પિતા :- (દુઃખથી કહે) છોકરા.. હજી પણ સમજી જા.. પસ્તાઇશ.. આ તું યોગ્ય નથી કરતો..

પુત્ર :- (ગુસ્સાથી ઘાંટો પાડીને કહે) હું કહું છું.. મારા અડધા ભાગના નાણાં મને આપી દો...સંભળાય છે ?

પિતા :- (ઘરમાં જઇ નાણાં લાવીને આપતાં દુઃખથી કહે) દીકરા..તું ક્યાં જઇશ..શું કરીશ ?

(પુત્ર નાણાં ઝુંટવી લેતો હોય તેમ લઇને ઝડપથી ચાલ્યો જાય. પિતા આંસુભરી આંખે દૂર સુધી જતો જોયા કરે.. આંસુ લુછતા ઘરમાં જતા રહે.)

દશ્ય-૨

(ત્રણ મિત્રો મુસાફરીના સામાન સાથે રાહ જોતા ઉભા હોય,
વાતો કરતા હોય. દૂરથી પરેશ આવતો દેખાય)

૧લો મિત્ર :- અલ્યા.. હજી પેલો પરેશ કેમ દેખાતો નથી ?

૨જો મિત્ર :- (આમતેમ જોતો હોય) પે..લો આવે.. પરેશ જ છે.

૩જો મિત્ર :- (કંટાળા સાથે બૂમ પાડતો હોય તેમ બોલે) પરેશ..ચાલ યાર... ક્યારના રાહ જોઇને ઉભા છીએ..

૪થો પરેશ :- હા.. ચાલો ..ચાલો.. બાપા સાથે મગજમારી કરવામાં મોડુ થયું યાર...

બધા :- ચાલો.. ચાલો..મઝા કરીએ.. (ચારે મિત્રો જાય)

દશ્ય-૩

(એક હોટલનું દશ્ય. ચારે જમવા બેઠા હોય.
હસતા મજાક કરતા હોય. ખોરાકના ઓર્ડર આપતા હોય તેવું દશ્ય)

૧લો મિત્ર - (આનંદથી) ફરવાની મઝા આવી ગઇ.. બહુ ફર્યા ..ખૂબ ભૂખ લાગી છે યાર..

૨જો મિત્ર :- હા..યાર..મસ્ત ખાવાનું મંગાવો.. બીરયાની.. નાન..પરાઠા.. ગુલાબજાંબુ..

૪થો પરેશ:- અને ચીકન ટીક્કા.. આઇસ્ક્રીમ ખાવુ છે કે કોલ્ડ ડ્રીંક્સ ?

૩જો મિત્ર :- (પરેશની ગળે હાથ ભરાવી કહે) અરે વાહ .. પરેશ તું ખરેખર દીલદાર છે હોં યાર..તું જે ખવડાવીશ તે ખાઈશું...બરાબરને મિત્રો ?

1-2 મિતો સાથે :- દોસ્ત હો તો ઐસ્સા .. (ઓર્ડર આપે ..વેઇટર ખાવાનું આપી જાય.બધા હસતા વાતો કરતા જમે.અને જાય. પરેશ બીલ ચુકવે)

૧લો મિત્ર :- મઝા આવી ગઇ જમવાની હોં પરેશ.. થેન્ક યુ..

૨જો મિત્ર :- હવે શું કરીશું ?

૩જો મિત્ર :- ચાલો પક્ચિર જોવા જઈએ..

બધા સાથે :-હા..હા.. ચાલો.. (ચારે સીનેમા હોલ પાસે આવે.ટીકિટ લેવા લાઇનમા ઉભા રહે.) ------- (થોડી થોડી વારે બીજા બે મિત્રો બોલે)

૧લો મિત્ર :- હું જરા બાથરુમ જઈ આવું. મારી ટીકિટ લેજો હોં..

૨જો મિત્ર :- લાઇન બહુ લાંબી છે નહિ ? તો હું શીંગદાણા લઇ આવું,પેલી સામની લારી પરથી ? (એમ કરી જતો રહે)

૩જો મિત્ર :- (ટીકિટ બારીમાં મોં ઘાલી વાતો કરે, પછી પરેશને કહે) યાર પરેશ..જોને આ છૂટા માંગે છે. મારી પાસે તો હજારની જ નોટ છે. શું કરું ?

૪થો પરેશ :- (પાકીટમાંથી પૈસા કાઢી ચુકવે, ત્રીજો પાછળ આવી પેલા બે ને ઈશારો કરે.એટલે દોડતા આવે)

૧લો મિત્ર :- મારી ટીકિટ લીધી ? (પરેશ બધાને ટીકિટ આપે)

૨જો મિત્ર :- (ટીકિટ લે, પાકીટ કાઢી કહે) લે પરેશ, ટીકિટના પૈસા..



૩જો મિત્ર :- (પરેશને પકડીને ઉતાવળથી ખેંચતાં કહે) ચાલો યાર, શો શરુ થઇ ગયો.. પછી લેવડદેવડ કરજો.. (ચારે ઝડપથી જતા રહે)

દશ્ય-૪

(એક હોટલનું દશ્ય. ચારે મિત્રો પોતાનું કામ, સામાન પેક કરતા વાતો કરતા હોય,)

૧લો :- યાર.. બહુ મઝા આવી હોં ખૂબ ફર્યા... દોસ્તો સાથે હોય.. એ મઝા જ ઓર..

૨જો :- (નવાઇ પામતો બોલે) યાર..એક મહિનો પુરો થઇ ગયો .. ખબરે ય પડી?

૩જો :- જુઓ,આપણે કાલે અજંટા ઈલોરા જવાનુ છે. એટલે અત્યારે જ બધો સામાન પેક કરી દેજો.. સવારે મોડુ ના થાય. (દરેક પોતાનો સામાન પેક કરી દે)

મિત્રો :- (વારાફરતી બોલે) ..

૧લો — ચાલો,હવે આરામ કરીએ

૨જો- મને પણ થાક લાગ્યો છે હોં

૪થો- લાગે જ ને થાક..ઓછું રખડયા છીએ ?' (બધા ઉંઘી જાય)

(બધા ઘસઘસાટ ઉંઘતા હોય. થોડીવાર પછી ૧લો જાગે. ધીમે રહીને ૨જા ને ૩જાને ઊઠાડે. ઇશારો કરી, સામાન લઇ જતા રહેવાનું કહે. અને ચોથા પરેશને ઉંઘતો મૂકી છાનામાના જતા રહે.)

દશ્ય-૫

(સવાર પડે. પરેશ ઉંઘમાંથી જાગે. આજુબાજુ નજર કરે. કોઇને જુએ નહિ.
આશ્ચર્યથી ઉઠીને આમતેમ તપાસ કરતાં કહે.)

૪થો મિત્ર પરેશ :- (આશ્ચર્યથી) અરે, ક્યાં ગયા બધા ? .... (બહાર જઇ જુએ) બહાર પણ કોઇ નથી. તેમનો સામાન પણ દેખાતો નથી ? (થોડીવાર વિચારીને કહે) ચોક્કસ.. મને મૂકીને જતા રહયા લાગે છે. ... (નિરાશ થઈ,માથે હાથ મૂકીને વિચાર કરે..)

હોટલનો વેઇટર :- (દરવાજો ખટખટાવે, પરેશ ઉભો થઇ ખોલે) સર.. ચા, કોફી.. નાસ્તો લાવું ?

પરેશ :- (દબાયેલા સ્વરે કહે) હા ભાઇ, લાવ..ખાવું તો પડશે જ ને..

વેઇટર :- (થોડીવાર પછી વેઇટર ચાનાસ્તો લઇને આવે ને કહે) સાહેબ, ટીપ તો આપો? છેલ્લા દોઢ મહિનાથી સેવા કરું છું.
(વેઇટર બોલ્યા વિના ઉભો રહે, પરેશ તેની સામે જોઇ રહે.. પછી પાકીટ કાઢી કમને પૈસા આપી દે.વેઇટર લઇને જતો રહે)

પરેશ :- (દુ:ખી સ્વરે બબડે) હું જેમને મારા પ્યારા મિત્રો માનતો હતો, પણ સ્વાર્થી નિકળ્યા. મારા પૈસે મઝા કરી, ને મને મૂકીને જતા રહયા. (પાકીટ કાઢી પૈસા ગણે) હવે આટલા જ પૈસા બાકી રહયા

છે. હોટલનું બીલ પણ મારે જ ભરવું પડશે ને ? .. (નિરાશ થઇ થેલો ભરાવી જાય)

હોટલ માલિકઃ- અરે ઓ ભાઇ.. હોટલનું બીલ ચુકવીને જાઓ.. (પરેશ ચૂપચાપ બીલ ચૂકવવા જાય)
(પાવતી આપતાં હોટલ માલિક કહે) પાંચ હજાર રુપિયા..

પરેશ :- (ચમકીને આશ્ચર્યથી બોલી ઉઠે) પાંચ હજાર રુપિયા ?

હોટલ માલિકઃ- (કરડાકીથી કહે) એટલે ?.... ચાર જણા દોઢ મહિનાથી પડયા હતા. તો થાય ને ? (પરેશ બીલ ચુકવીને બહાર જાય)

પરેશ :- (ચિંતા દુઃખથી, બાકીના દસ રુપિયા જોઈને કહે) દસ રુપિયા જ બાકી રહયા..? હવે ..? (હતાશ થઇ ચાલ્યો જાય)

### દ્રશ્ય-૭

(ચીંથરેહાલ હાલતમાં પરેશ રખડતો, કોઇ કામ શોધતો ભટકે. કોઇ કામ પર રાખતું નથી. એક માણસ ભૂડો ચરાવવાનું કામ આપે)

પરેશ :- (હાથ જોડી કરગરતો કહે) સાહેબ ..કામ શોધી શોધીને થાકી ગયો. પ્લીઝ..સર .. ગમે તે કામ કરીશ .. .આપો તો બહુ મહેરબાની..

ભૂંડનો માલિકઃ- તારા દેદાર તો જો ? તું શું કામ કરવાનો ..? (દયા કરતો હોય તેમ) જા .. આ ભૂંડો ચારવા લઇ જા.. સાંજે રોટલો આપીશ..

પરેશ :- (નીરાશ થઇ) સારું. આભાર સાહેબ.. (ભૂડૌનું ટોળુ હંક્તો ચરાવા લઇ જાય.)
(ખૂબ દુઃખથી બોલે) બહુ ભૂખ લાગી છે.ચાલવાની જરાય શક્તિ નથી. હવે મારી પાસે ફૂટી કોડીએ નથી....ભૂંડો ચારુ તો સાંજે રોટલો મળશે.. (ભૂખથી કણસતો પેટ પર હાથ મૂકી આડો પડી જાય, થોડી વાર પછી બેઠો થાય..સામે ભૂંડોનું ટોળુ ચરતું હોય, તે જુએ અને સ્વગત બબડે) આ ભૂંડૌ ખાય છે તે શીંગ ખાઉ ? (જેમતેમ ઉભો થઇ થોડી શીંગો વીણી લાવે, ને શીંગો ખાતાંખાતાં રડી પડે)
(રડતા અવાજે બોલે) અરે..રે.. મારા પિતાને ઘેર કેટલા બધા મજુરોને.. પુષ્કળ રોટલી ખાવા મળે છે. અને અહીં હું ભૂખે મરું છું.....
(પસ્તાવો કરે) ખરેખર.. મેં બહુ ખોટું કર્યું..મારા પિતા મને કેટલો બધો પ્રેમ કરતા હતા ? મેં તેમની સાથે કેવું ખરાબ વર્તન કર્યું ? તમને પ્રેમથી સમજાવતા હતા, છતાંય મેં તેમનું કહ્યું ના માન્યુ.....એટલે જ આજે .. મારા આ ભૂંડા હાલ થયા છે..
(પોક મૂકીને રડી પડે) (થોડી વાર પછી સ્વસ્થ થઇ બોલે) મારા પિતા મને ખૂબ પ્રેમ કરે છે,..હું તેમની પાસે પાછો જઉ..માફી માંગીશ ..કે, “પિતાજી..મેં પાપ કર્યું છે..
હવે હું તમારો દીકરો કહેવા ને લાયક નથી. તમે મને એક મજુર તરીકે રાખો..
(પાક્કો નિર્ણય કર્યો હોય તેમ, ઉભો થઇ ભૂંડોનું ટોળું હાંકીને લઇ જાય)



### દ્રશ્ય - ૮

(વૃધ્ધ પિતા લાકડી વડે ચાલતા ચાલતા ગામની ભાગળે આવીને રાહ જોતા ઉભા રહે)

પિતાજી :- (દુઃખી અવાજે) મારો દીકરો.. ક્યાં હશે ? .. શું કરતો હશે.. (આકાશ તરફ હાથ ઉચા કરી કહે) હે પ્રભુ.. મારા દીકરાને પાછો લાવો..
(આંખ પર હાથ રાખી દૂર નજર કરી કહે) જરુર ... મારો દીકરો પાછો આવશે.. થોડી વાર પછી, દૂર કોઇ દેખાય) દૂ.ઉ..ઉ..ઉ..ર, કોઇ આવતું દેખાય છે.. મારો દીકરો હશે ? .. (થોડીવાર પછી) મારો દીકરો હોય તો કેવું સારૂં ?
(પાસે આવ્યો ને ઓળખ્યો) .. મારો દીકરો જ લાગે છે.. તેના જેવી જ ચાલ છે..
(પિતા આંખો પર હાથ મૂકી જુએ, દીકરાને ઓળખે ને આનંદથી દોડતો ભેઠી પડે) દીકરા.આ.આ.. મારા દીકરા..

પરેશ :- (પિતાને દોડતા આવતા જોઇને તે પણ દોડીને ભેટી પડે.ને પોક મૂકીને રડતાં બોલે) પિતા..જી..
(પછી પિતાના પગે પડી જઇ માફી માંગે) પિતાજી..માફ કરો.. મેં બહુ મોટી ભૂલ કરી છે. હવે હું તમારો દીકરો કહેવાને લાયક નથી.માફ કરો પપ્પા. મને તમારા મજુર તરીકે રાખો..સોરી પપ્પા..સોરી.... (પિતા દીકરાને વ્હાલ દર્શાવે ..ચૂમીઓ કરે,..માથે હાથ ફેરવે.. વગેરે)

પિતાજી :- (વ્હાલથી બગલમાં લેતાં કહે) ના બેટા..ના.. તું મારો વ્હાલો દીકરો છે.. બેટા તું પાછો આવે,એની રોજ વાટ જોતો હતો.. પ્રભુ તને પાછો લાવ્યા..
આભાર પ્રભુ... ચાલ બેટા.. ઘેર આવ..મારા દીકરા.. આવ..
(દીકરાને પિતા બગલમાં ઘાલી ઘેર લઇ જાય)
(ઘરનાં ઘણાં લોકો, નોકરચાકરો વગેરે ટોળે વળી જાય. ખોવાયેલા દીકરાને જોઇને બધા આનંદમાં આવી ગયા હોય તેવું દ્રશ્ય)

પિતાજી :- રામુ.. સોનુ.. જલ્દી પાણી લાવો.. (એક ચાકર પાણી આપે,પિતા ગ્લાસ લઇ દીકરાને મોઢે ધરે. દીકરો પાણી પીએ.) જાઓ.. મારા દીકરાને નવડાવી ને સુંદર કિંમતી વસ્ત્રો પહેરાવો. હાથમાં હીરાની વીંટી પહેરાવો. પગમાં સુંદર મોજડી પહેરાવો. અને આખા સમાજના લોકોને આમંત્રણ આપો. મોટી મીજબાની કરો.ઉત્સવ મનાવો.. કેમકે આ મારો દીકરો મુઓ હતો, તે જીવતો થયો છે.તે ખોવાયેલો હતો, પણ પાછો જડયો છે.
વાંચો.. બાઇબલમાં લૂક ૧૫:૭ “હું (પ્રભઇસુ) તમને કહું છું કે,..... એક પાપી પસ્તાવો કરે તેને લીધે આકાશમાં આનંદ થશે.” ખુદ પ્રભુઇસુ પોતે કહે છે કે,..જો કોઇ એક,પસ્તાવો કરી પ્રભુપિતા પાસે પાછો આવે તો પણ આકાશના દૂતો મોટો ઉત્સવ મનાવશે.....તો વ્હાલાંઓ. જો કોઈ ભૂલો પડયો હોય,કોઇ ખોટા વ્યસનોમાં, કોઈ

ખોટી આદતમાં, ખોટી મજબૂરીમાં ફસાઇ ગયો હોય તો. અત્યારે જ ભૂલ કબૂલ કરો, ને પસ્તાવો કરો..

દેવ- પ્રભુઇસુ પ્રેમથી સ્વીકારે છે. અને આકાશમાના દૂતો તેને માટે હર્ષ કરી મોટો ઉત્સવ મનાવશે....
આવો પ્રભુઇસુ પાસે આવો . .....હાલેલુયાહ..
(બધા ખુશ થઇ .. હાલેલુયાહ.. હાલેલુયાહ..કરતા બધા નાચવા કૂદવા ને ગીતો ગાવા લાગે. બધા પાત્રો સ્ટેજ પર આવીને કોઇ ઝમકદઝર ગીત ગાવું)

નોંધ :- આ નાટકમાં મોટાભાઇ નું પાત્ર ઉમરવુ હોય તો નીચે આપેલ છે. .. સમય અને સૂઝસમજ પ્રમાણે રજુઆત કરવી.

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧લો મિત્ર | ૭ - ચાકર- છગન |
| ૨જો મિત્ર | ૮ - ચાકર- સોનુ |
| ૩જો મિત્ર | ૯ - ભૂંડોનો માલિક |
| ૪થો મિત્ર (ખોવાયેલો દીકરો-પરેશ) | ૧૦ - હોટલનો માલિક |
| ૫- પિતા | ૧૧ - વેઇટર |
| ૬- મોટોભાઇ | |

## દ્રશ્ય-૯

(શક્ય અને સમય હોય તો આ કરી શકાય - સ્તુતિ આરાધનાનુ કોઇ ઝમકદાર ગીત વગાડવું કેટલાંક બાળકો સ્ટેજ પર નૃત્ય કરી વાતાવરણ ઉલ્લાસભર્યુ બનાવી શકાય)
(તેના એક ચાકર સાથે ખેતરમાંથી આવતો હોય તેવું દ્રશ્ય.)

મોટોભાઇ :- (આશ્ચર્ય કરતાં બોલે) અલ્યા છગન.કોઇ ગામમાં લગન પ્રસંગ કે તહેવાર છે ? ગાવા બજાવવાનો અવાજ આવે છે ?

છગન :- ના મોટાભાઇ.. હોય તો આપણને ખબર હોય જ ને ? પેલો કિશોર જાય, તેને પુછુ. (બૂમ પાડે) એ.. .. કિશોર..

કિશોર :- (બૂમ સાંભળીને ઉભો રહે,તેમની સામે આવી કહે) બોલો ભાઇ.. કંઇ કામ હતું?

મોટાભાઇ :- આ ગાવાબજાવવાનો અવાજ આવે છે. .. શું છે ?

કિશોર :- હા..મોટાભાઇ.. ઘણી ખુશીની વાત છે.. તમારા નાનાભાઇ પાછા આવ્યા છે.એટલે તમારા પિતાજીએ મોટી મીજબાની રાખી છે. એ નાચગાનનો અવાજ છે..

મોટાભાઇ ને ચાકર :- (બન્ને સાથે બોલે) ઓહ.. એવું છે ?.. (કિશોર બીજી બાજુ જતો રહે..મોટાભાઇ ચૂપચાપ ચાલે)

છગન :- (આનંદથી કહે) અરે વાહ.. નાનાભાઇ પાછા આવ્યા.. કેટલું સારું થયું..નહિ મોટાભાઇ ?

મોટાભાઇ :- છગન.. તુ ઘેર જા.. .. હું નથી આવતો ઘેર..



છગન :- કેમ મોટાભાઇ ?

મોટાભાઇ :- (ગુસ્સાથી કહે) કહયું ને..... તુ જા.. (છગન ઘેર પહોંચે. પિતા તેને એકલો જોઇ પૂછે)

પિતાજી :- છગન.. કેમ તુ એકલો ? મોટો ક્યાં છે ?

છગન :- (ગભરાતો બોલે) માલિક,..મોટાભાઇ ..ભાગોળ સુધી આવ્યા..મને કહે ... 'તું જા..'
(પિતા તરત બહાર ભાગોળે જાય. મોટોભાઇ એક જગાએ ગુસ્સાભર્યો બેઠો હોય, પિતા પાસે જઈ પ્રમથી ખભે હાથ મૂકી કહે)

પિતાજી :- દીકરા..કેમ અહીં બેઠો છે ? ચાલ ઘરે..બેટા..જો તારો ભાઇ આવ્યો છે.

મોટાભાઇ :- (ગુસ્સાથી હાથ હટાવીને બોલે) નથી આવતો જાઓ..એ તમારું અપમાન કરીને ગયો,બધી માલમિલકત ઉડાવીને આવ્યો.એ બહુ સારુ કામ કર્યું એણે એટલે તમે મોટો જલસો કર્યો છે ?

પિતાજી :- (શાંત પાડતાં,પ્રેમથી કહે) બેટા.. તારો નાનોભાઇ ખોવાય ગયો હતો. તે પાછો જડયો છે. તો આનંદ થાય જ ને ?

મોટાભાઇ :- (વધુ ગુસ્સાથી બોલે) અરે..હું આટલા વરસથી હું તમારી સાથે ને સાથે સખત કામ કરું છું.કદી તમારી એક નાની સરખી આજ્ઞા ઉથાપી નથી.છતાં ક્રોઇ દિવસ તમે મને કહયું કે, લે આ સો રુપિયા.. જા તારા મિત્રો સાથે પાર્ટી કરજે..? અને આ નાલાયક..બધી માલમિલકત ઉડાડી આવ્યો,તેના માટે આટલી મોટી મિજબાની..?

પિતાજી :- (આજીજી કરતા સ્વરે કહે) બેટા.. મારા દીકરા.. તું હંમેશાં મારી સાથે જ છે. અને મારી તમામ માલમિલકત તારી જ છે.પણ આજે તારે ખુશ થવું અને હરખાવુ જોઇતુ હતુ. કારણ કે આ તારો ભાઇ મરી ગયો હતો, તે પાછો જીવતો થયો છે.અને ખોવાયેલો હતો તે પાછો જડયો છે. આમ તારે ઈર્ષા કરવી જોઇએ નહિ. એક પાપી પસ્તાવો કરીને પાછો ફરે, તો આકાશમાંના દૂતો અને ખૂદ ઈશ્વર પોતે ઘણાં જ ખુશ થાય છે. માટે આપણે પણ ખુશ થવું જોઇએ.. એ જ દેવને ગમે છે.....

## ૧૩ ધનવાન અધિકારીની પસંદગી

(આધીનતાની પસંદગી)

શાસ્ત્રપાઠ :- માર્ક 10 : 17 – 22

(યાજક અને અનાન્યા રસ્તામાં વાતો કરતા ઉભા છે..ત્યાંથી નિકોદેમસ પસાર થાય છે.)

નિકોદેમસ :- (ચાલતાં ચાલતાં બન્નેને કહે) સલામ રાબ્બી....સલામ મુરબ્બી,,

યાજક :- સલામ....બેટા..કેમ છે ?

અનાન્યા :- સલામ..

નિકોદેમસ :- સારું છે ..રાબ્બી ..અગત્યનું કામ છે, મોડું થશે માટે જઉ.. હોં.. સોરી..

યાજક :- હા..હા..જાઓ..જાઓ..ગોડ બ્લેસ યુ... (અનાન્યાને કહે) ખરેખર હોં, અનાન્યાભાઇ આ છોકરો નિકોદેમસ ખૂબ ડાહયો છે હોં. પ્રભુમાં ઘણો વિશ્વાસુ-ધાર્મિક યવાન છે. નાની ઉમરમાં મોટો અધિકારી બન્યો છે, પણ જરાય અભિમાન નથી હોં.

અનાન્યા :- સાચી વાત, એ મારો વિધ્યાર્થી છે, પહેલીથી ખુબ હોંશિયાર અને ધનવાન છે. અને ભણ્યો પણ ઘણું, છતાંય ધર્મ અને નિયમપાલનમાં ખૂબ ચૂસ્ત છે. માટે મને પણ એનૈ માટે માન છે હોં..

યાજક :- સાચી વાત...સારુ અનાન્યાભાઇ... (હાથ મિલાવી કહે) જઈએ હોં.. ફરી મળીશું.....આવજો...

અનાન્યા :- આવજો.....આવજો..... (બંન્ને જાય)

### દશ્ય – ૨

(નિકોદેમસ ચાલતો જતો હોય. .. એક જગ્યાએ પ્રભુઇસુ અને શિષ્યો .. એક ટોળાને ઉપદેશ કરતા હોય.)

નિકોદેમસ :- અરે આ તો પ્રભુઇસુ ..ખ્રિસ્ત છે..પહેલાં તેમને મળું. (ઉત્સાહથી દોડતો જાય..પ્રભુના પગે પડે)
નમસ્કાર.. પ્રભુ...મારા ઉત્તમ શિક્ષક..

પ્રભુઈસુ :- તું મને ઉત્તમ કેમ કહે છે ? ઈશ્વર વિના બીજું કોઇ ઉત્તમ નથી.

નિકોદેમસ :- ના પ્રભુ આપ ઉત્તમ જ છો. પ્રભુ .. 'સર્વકાલિકજીવન' .. 'અનંતજીવન' પામવા માટે મારે શું કરવું જોઈએ ?

પ્રભુઇસુ :- શું તું દસ આજ્ઞાઓ જાણે છે ? ચોરી કરવી નહિ..ખૂન કરવું નહિ.. જુઠઠી સાક્ષી પુરવી નહિ..માતાતિાનું સન્માન કરવું.. તે બધું પાળ, એટલે અનંતજીવન મળશે.

નિકોદેમસ :- ગુરુજી...એ બધું તો હું નાનપણથી જ પાળુ છું.

પ્રભુઇસુ :- (પ્રેમથી તેની પીઠ થપથપાવીન કહે) તો તારે હવે એક વાતની જરુર છે. જા તારી સર્વ સંપતિ વેચી દે..અને તારા પૈસા ગરીબોને આપી



દે..એટલે તને સ્વર્ગમાં ખૂ..બ સંપત્તિ મળશે.....પછી મારી પાસે આવ અને મારો શિષ્ય બન.

■ નિકોદેમસઃ-(નિરાશાથી મોં પડી જાય..માથું નીચું કરી ચૂપ થઇ)

■ પ્રભુઇસુ :- (પ્રેમથી ખભે હાથ મૂકે)

■ નિકોદેમસઃ-(ઉદાસ થઇ ધીમે ધીમે ચાલ્યો જાય)

■ પ્રભુઇસુઃ- (આસપાસના સર્વ લોકો ને કહે) ધનવાન લોકોને દેવના રાજ્યમાં પેસવૂં કેટલું અઘરું છે ? યાદ રાખો દ્રવ્યની અને ઈશ્વરની સેવા એક સાથે કરી શકાતી નથી.

પ્રભુઇસુ :- શું પસંદ કરશો ? આ જગતના ધનદોલત,વૈભવ,મોહમાયા, મોજશોખ ? કે ઈશ્વરનું રાજ્ય ને અનંતજીવન ? પ્રથમ તમે દેવના રાજ્યને શોધો એટલે એ બધાં વાના પણ તમને આપવામાં આવશે. તે કરતાં ઉત્તમ અનંતજીવન પામશો.
(પછી પ્રભુ ચાલવા લાગે..બધા લોકો પણ અંદર અંદર વાતો કરતા જતા રહે)

-: પાત્રો :-

૧ – પ્રભુઇસુ
૨ – નિકોદેમસ (ધનવાન અધિકારી)
૩ – યાજક
૪ – અનાન્યા (એક શિક્ષક-રાબ્બી)

## ૧૪ ફિલીપ અને હબસી ખોજો

શાસ્ત્રપાઠ :- પ્ર. કૃત્યો 8 : 26 – 40
દિન — ૬ "તમે માર્ગદર્શક છો"

હેતુ :- બાળકો સમજે કે, ઈશ્વર તેમના વચનો દવારા આપણી સાથે વાત કરે છે, અને આપણે, પાર્થના દવારા ઈશ્વરની સાથે વાત કરીએ છીએ. અને તેમના પવિત્રઆત્મા દવારા આપણને માર્ગદર્શન આપે છે.

### દ્રશ્ય – ૧

(ફિલીપ પ્રાર્થના કરતો હોય, એવામાં આકાશવાણી દવારા ઈશ્વરનો સંદેશો મળે)

ફિલીપ :- (ઘુંટણે પડીને પ્રાર્થના પ્રાર્થના કરતો હોય) – હે પ્રભુ, હું તમારૂ બાળક છું, આજે મારે શું કરવાનું છે તે મને જણાવો. તમને ગમે છે તેવું જીવન જીવતાં શીખવો. અને તમારી ઇચ્છા પ્રમાણે કાર્યો કરું એવી શક્તિ આપો.

આકાશવાણી:- (પડદા પાછળથી વાણી બોલવી) – ફિલીપ ઉઠ, દક્ષિણ દિશા તરફ જા. યરુશાલેમથી ગાઝા જવાનો માર્ગ જે અરણ્યમાં થઇને જાય છે, ત્યાં જા.

ફિલપિ :- (ચોંકીને ઉભો થઇ જાય, આજુબાજુ જુએ) – હેં.. મને કોઇનો અવાજ સંભળાયો, મેં સ્પષ્ટ સાંભળ્યુ કે, દક્ષિણ તરફ જા, યરુશાલેમથી ગાઝા જવાના રસ્તે જા.

(ફિલીપ આમતેમ ફરીને તપાસ કરે કે કોઇ છે કે નહિ.) – મને તો લાગે છે કે, જરુર આ ઈશ્વરનો જ આદેશ છે...માટે હું જઇશ, હમણાં જ જઇશ.

(ચંપલ પહેરી, ખભે થેલી ભરાવી ચાલતાં ચાલતાં મનમાં નકશો ગોઠવતો હોય તેમ બોલે) – દક્ષિણદિશામાં.. યરુશાલેમથી ગાઝા જવાનો રસ્તો...પછી અરણ્ય આવશે.

(થોડું ચાલે, પછી વિચાર કરતો હોય તેમ બબડે) અરણ્યમાં કેમ લઇ જતા હશે પભુ મને ? .....હશે ચાલો....પભુની ઇચ્છા. (એમ ચાલ્યો જાય)

### દ્રશ્ય — ૨

(એક સારથી રથ હંકારતો હોય, તેમાં એક અધિકારી બેઠો બેઠો પુસ્તક વાંચતો હોય, એવું દ્રશ્ય)
(થોડીવારમાં ફિલીપ આવે, દૂર દૂર પેલો રથ ફિલીપને દેખાય, થોડીવાર જુએ, પછી વિચાર કરે)

ફિલીપ :- (હાથ આંખો પર રાખીને વિચાર કરતો હોય તેમ બોલે) ઔ હો હો હો......કેટલું મોટું અરણ્ય....અને પે..લો, રથ જાય છે.? કોણ હશે ?

વાણી :- (એવામાં આકાશવણી સંભળાય) ફિલીપ જા દોડ રથની સાથે થઇ જા. ને તેની સાથે વાત કર



ફિલીપ :- (ચોંકીને આમતેમ જુએ, પછી બોલે) હેં....ફરી આકાશવાણી..? ચોક્કસ, ઈશ્વર મને જ કહે છે. (પછી ફિલીપ દોડીને રથ પાસે પહોંચી જાય)

ફિલીપ :- (રથમાં બેઠેલા માણસને પ્રણામ કરીને વાત કરે) – પ્રણામ સાહેબ, કેમ છો?

હબશીખોજો :-(અચાનક પુસ્તકમાંથી મોં ઉચું કરી અવાજ તરફ જુએ, પછી આશ્વર્યથી હસીને વાત કરે) ઓ.હો....પ્રણામ, આપ કોણ ? અહીં અરણ્યમાં ચાલતા જાઓ છો ? ક્યાં જાઓ છો ? ગાઝા જવું હોય તો, આવો રથમાં બેસો

ફિલીપ :- મારું નામ ફિલીપ છે. હું યરુશાલેમથી આવું છું. આવા અરણ્યમાં આપને જોઇને આનંદ થયો.

હબશી :- હું ઇથોપિયાની રાણી કાંડાકેના ખજાનાનો ઉપરી અધિકારી છું. હું યરુશાલેમના મંદિરમાં ઈશ્વરનું ભજન કરવા આવ્યો હતો.

ફિલીપ :- (ખુશ થતાં બોલે)–અરે વાહ, તમે પણ જીવતા દેવ યહોવાના ભકત છો એમને? હું પણ યહોવાનો પરમભકત છું. તમને મળીને ખૂબ આનંદ થયો.

હબશી :- (હાથ મિલાવીને ખુશી વ્યકત કરતાં બોલે) હાલેલુયા... પ્રઈઝ ધ લોર્ડ... નાઇસ ટુ મીટ યુ.

ફિલીપ :- નાઇસ ટુ મીટ યુ ટુ.....સાહેબ, આપ આ કયું પુસ્તક વાંચો છો ?

હબશી :- હા, હું યશાયા પ્રબોધકનું પુસ્તક વાંચું છું. પણ મને આ પુસ્તકમાં જે લખ્યું છે, તે સમજાતું નથી. કોઇના સમજાવ્યા વિના હું કેમ કરીને સમજી શકું ? શું આપ સમજાવશો મને ?

ફિલીપ :- જરુર... આપ શું વાંચો છો ?

હબશી :- (જરા સંકોચ સાથે બોલે) અરે..ભાઇ આવો આવો, ઉપર રથમાં આવો. સોરી યાર..તમે નીચે ઉભાઉભા વાતો કરો છો. ને...હું ? આવો, ઉપર આવો.. (હાથ લાંબો કરીને ફિલીપનો હાથ પકડી રથમાં ચઢાવતાં બોલે)

ફિલીપ :- કંઇ વાંધો નહિ... સાહેબ (કહેતો ચઢીને રથમાં બેસે, પછી બોલે) – શું વાંચો છો, સાહેબ ?

હબશી :- અહીં લખ્યું છે કે, "ઘેટાંની પેઠે મારી નંખાવવાને તેને લઇ જવામાં આવ્યો, અને જેમ હલવાન પોતાના કાતરનારની આગળ મૂંગું રહે છે તેમ તેણે પોતાનું મોં ઉઘાડયુ નહિ....." વગેરે આ બધું લેખક કોના વિષે લખે છે ? પોતાના વિષે, કે કોઇ બીજાને વિષે ?

ફિલીપ :- જુઓ સાહેબ, પ્રબોધક આ બધું પોતાના વિષે નહિ, પણ "પ્રભુઇસુ ખ્રિસ્ત" જે ઈશ્વર પોતે માનવરુપે પ્રગટ થયા. જે જગતના લોકોના તારણહાર છે. હમણાં થોડા સમય પહેલાં યરુશાલેમમાં જેમને વધસ્તંભે જડાવવામાં આવ્યા હતા. એ બધી ખબર છે ? તેમના વિષે જાણો છો તમે ?

હબશી :- હા..હા .એ મહાપુરુષ વિષે મને ખબર છે. કેવા ગજબ ચમત્કારો કરતા હતા. દૈવી પરુષ હતા. હું તો માનુ છું કે ખરેખર એમનામાં દૈવી આત્મા હતો.

ફિલીપ :- હા..આ..આ..એકદમ સાચી વાત કરી તમે. એ જ "પ્રભુઇસુ ખ્રિસ્ત" વિષે આ પુસ્તકમાં લખ્યું છે.આ જગતના લોકોને, પાપમાંથી બચાવવા, ઈશ્વરે પોતે માનવસ્વરુપે, આ પૃથ્વી પર જન્મ લીધો. એ..જ આ "પ્રભુઇસુ" દેવના પુત્ર. જગતના લોકોના પાપ માટે વધસ્તંભ પર પોતાનું બલિદાન આપ્યું.
એ પ્રભુઇસુને,જ્યારે વધસ્તંભે જડવા લઇ જતા ત્યારે,તેમણે જરા પણ વિરોધ કર્યો નહિ, ઘેટાની જેમ મૂંગા મોઢે દુઃખ સહન કર્યું. એ બધું આ પુસ્તકમાં "પ્રભુઇસુ ખ્રિસ્ત" વિષે લખવામાં આવ્યું છે. માટે જે કોઇ આ "પ્રભુઇસુ" પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય પણ અનંતજીવન પામે.

હબશી :- (ખૂબ ભાવથી કહે) હા..હા..હું .. હું અનંતજીવન પામવા માંગુ છું. હું 'પ્રભુઇસુ' પર વિશ્વાસ કરું છું. હવે મારે શું કરવું જોઇએ ?

ફિલીપ :- જો તમે પ્રભુઇસુ પર, ખરેખર વિશ્વાસ કરતા હો તો, તમારે હવે પાણીથી બાપ્તિસ્મા લેવું પડે.

હબશી :- જુઓ ભાઇ, આ નદી આવી, અહીં પાણી છે. મારે બાપ્તિસ્મા લેવું છે. તો તમે મને બાપ્તિસ્મા આપશોને ?

ફિલીપ :- જરૂર ..જરૂર..હું તમને બાપ્તિસ્મા આપીશ. ચાલો ...આવો.. (પછી બંને જણ નીચે ઉતરે ને નદીના પાણીમાં જઇ ફિલીપ હબશીને બાપ્તિસ્મા આપે.પછી નદીની બહાર આવે)

હબશી :- ભાઇ તમારો આભાર. આજે તમે મને સાચું માર્ગદર્શન આપ્યું ને, તારણની વાતો કહીને મને અનંતજીવનનો માર્ગ બતાવ્યો. માટે હું તમારો ખૂબ જ આભાર માનું છું.

ફિલીપ :- મને પણ તમારી સાથે વાતો કરી, સુવાર્તા આપીને ખૂબ આનંદ થયો. પ્રભુની સ્તુતિ થાઓ.અને હવેથી તમે પણ આ તારણની વાતો બીજાને જણાવજો.

હબશી :- હા હા ચોક્કસ, હવેથી હું, દરેકને જણાવીશ કે 'પ્રભુઇસુ' જ ખરા તારણહાર છે. અનંતજીવન આપનાર, મુક્તિદાતા છે....

ફિલીપ :- હાલેલુયાહ....પ્રઇઝ ધ લોર્ડ..

હબશી :- પ્રેઇઝ ધ લોર્ડ.. હાલેલુયાહ..... (બંને જણ નારા બોલાવે) હા લે લુ યા હ ...... પ્રઇઝ થ લોર્ડ..... (કોઇ ગીત ગાવું હોય તો ગાઇ શકાય)

-: પાત્રો :-

૧ - ફિલીપ
૨ - હાબશી ખોજો
૩ - રથ ચલાવનાર
૪ - પડદા પાછળથી વાણી બોલનાર



# ૧૫ યોહાન બાપ્તિસ્મી

શાસ્ત્રપાઠ :- 3: 4-6,13-17
દિન - 4 "તમે દેવના દીકરા છો."

હેતુ :- બાળકો સમજી શકે કે, તેમના સ્વર્ગીય પિતાની જેમ, ઈશ્વર તેમને પણ ખાત્રી આપે છે કે, તેઓ ઈશ્વરનાં બાળકો છે.માટે તેમના પર વિશ્વાસ રાખો.

દૃશ્ય — ૧

(યોહાન બાપ્તિસ્મી ઉપદેશ આપતા હોય, લોકોનુ ટોળું યોહાનનો ઉપદેશ સાંભળતું હોય, કેટલાક વારાફરતી આવીને બેસે, તેવું દૃશ્ય બાતાવવું.)

યોહાન :- "હે લોકો,ચેતો,ઈશ્વરનું રાજ્ય નજીક આવી ગયું છે.પ્રભુ તમારો ન્યાય કરવા આવી રહયા છે. કેમકે ઈશ્વર કુહાડો લઇને જેમ કોઇ વૃક્ષ સારાં ફળ આપતું નથી, તેને કાપીને અગ્નિમાં બાળી નંખાય છે, તેમ જો તમે ભૂંડા કામ છોડીને સારાં કામ નહિ કરો તો તમારો પણ નાશ એ જ રીતે થશે. માટે પસ્તાવો કરો ને પાપથી પાછા ફરો.

એક માણસઃ- હે રાબ્બી, મારે ઈશ્વરના કોપથી બચવુ છે, હું શું કરું ?

બીજો માણસઃ- હા,ગુરુજી, મને અને મારાં ઘરનાંને પણ તારણ અપાવો. અમારે શું કરવું ?

ટોળામાંથી લોકોનો અવાજ આવે :- અમને બચાવો, બચાવો. અમારે પણ તારણ પામવું છે.

યોહાન :- (હાથથી શાંત રહેવાનો ઇશારો કરીને કહે) શાંતિ રાખો. જો તમે ખરેખર તારણ પામવા માંગતા હો, તો તમે તમારાં પાપ કબૂલ કરો, જો કંઇ પણ ખોટું કરતા હો તો હમણાં જ છોડી દો,પ્રભુની પાસે માફી માંગો, પસ્તાવો કરો,ને હવે પછી કદી ખોટું ન કરવાની પ્રતિજ્ઞા કરો. તો તમે પાપથી બચશો.

લોકોનું ટોળુંઃ- અમે અમારાં પાપ કબૂલ કરીએ છીએ, અમે પસ્તાવો કરવા તૈયાર છીએ.

યોહાન :- જો, તમે ખરેખર ખરા હૃદયથી પસ્તાવો કરતા હો,અને ફરી કદી પણ એ પાપ ન કરવાનો નિર્ણય કરતા હો તો, આવો આ નદીમાં ડૂબકી મારીને ઈશ્વર સમક્ષ બાપ્તિસ્મા લઇ પ્રતિજ્ઞા કરો.

લોકો :- (બધા ઉભા થઇ જાય.) અમે પ્રતિજ્ઞા લેવા માંગીએ છીએ. બાપ્તિસ્મા લેવા માંગીએ છીએ.

યોહાન :- (હાથથી ઈશારો કરે) બધાં બેસી જાઓ, વારાફરતી એક એક આવો. (પછી યોહાન નદીના પાણીમાં જાય, વારાફરતી લોકો બાપ્તિસ્મા લેવા નદીમાં જાય.- પહેલાં યોહાન પ્રાર્થના કરે)

હે, પ્રભુ, આજે આ તમારા લોકો પોતાના પાપોનો પસ્તાવો કરે છે, તમે તેમનાં પાપ માફ કરો.તેમનું તારણ કરો. (પછી ત્રણ ડૂબકી ખવડાવી બાપ્તિસ્મા કરે)

દૃશ્ય — ૨

(ચારપાંચ ફરોશીઓ અને સાદૂકીઓ, ભેગા મળી વાતો કરે છે.)

એક ફરોશીઃ- અરે, તમે જાણ્યું ? સંત યોહાન,આવ્યા છે, ગજબ ઉપદેશ કરે છે હોં. સભળવા જેવો છે.

એક સાદૂકીઃ- હા, મેં તો તેમને સાંભળ્યા છે,યોહાન કહે છે કે ઈશ્વરનો કોપ આવી રહયો છે. અરે લોકોના તો ટોળેટોળાં તેમની પાસે જાય છે.

બીજો ફરોશીઃ- બધાં કહે છે કે એલીયા પ્રબોધકની જેમ દેવ તેમની સાથે વાત કરે છે, હું પણ મારા પાપની કબૂલાત કરવા તેમની પાસે જઉ છું.

બીજો સાદૂકીઃ- મને પણ વિશ્વાસ પડે છે તેમની વાતો પર. ચાલો, હું પણ આવું તમારી સાથે.

બધા સાથે બોલે :- અમે પણ આવવા માંગીએ છીએ.

પહેલો ફરશીઃ- ધરમના કામમાં ઢીલ શાની. ચાલો હમણાં જ.

બધા સાથે બોલે :- હા,ચાલો ચાલો, (કહેતાં બધા યોહાન બાપ્તિસ્મા કરતા હોય ત્યાં જાય)

દૃશ્ય — ૩

(યોહાન બાપ્તિસ્મા કરતા હોય, ત્યાં ફરોશીઓ-સાદૂકીઓ આવે,ને કહે)

ચારે સાથે :- (બુમ પાડતા હોય તેમ બોલે) રાબ્બી, અમે પણ તમારા શિષ્યો બનવા માંગીએ છીએ. અમને પણ બાપ્તિસ્મા આપો.

યોહાન :- (તેમની સામે જોઇને જરા ગુસ્સાથી કહે) તમે ?... ફરોશીઓ ને સાદૂકીઓ? બાપ્તિસ્મા લેવા આવ્યા છો ?

ચારે સાથે :- હા.રાબ્બી, અમે પણ ઈશ્વરના કોપથી બચવા માંગીએ છીએ.

યોહાન :- ઓ સર્પોના વંશો. ઇશ્વરના કોપથી નાશી છૂટાશે અને બચી જવાશે એવી ચેતવણી તમને કોણે આપી ? યાદ રાખો, એકલું બાપ્તિસ્મા લેવાથી તમે બચી જશો,એમ ના માનશો. તમારાં ભૂંડા કામ છોડી દો, અને સારાં કામ કરો. સમજ્યા ?

ચારે સાથે બોલે :- (હાથ જોડીને ગભરાતાં બોલે) હા,હા,જરુર જરુર..

એક ફરોશીઃ- (હાથ જોડી,વિનંતી કરતો બોલે) રાબ્બી, અમે અમારાં પાપ છોડી દઇ, ને સારાં કામ કરવા તૈયાર છીએ,અમને બચાવો.

બીજા ત્રણે સાથે બોલે :- રાબ્બી, અમે પસ્તાવો કરીએ છીએ. અમને બચાવો,.. બચાવો.

યોહાન :- સારું,...આવો,.. હમણાં હું તમને પાણીથી બાપ્તિસ્મા આપું છું ખરો. પણ મારા પછી એક મહાન વ્યક્તિ આવે છે 'પ્રભુઇસુ ખ્રિસ્ત' તે તમને બધાંને પવિત્રઆત્માથી તથા અગ્નિથી બાપ્તિસ્મા



આપશે. માટે હવેથી શોભે તેવાં સારાં ફળો આપો.

(પછી યોહાન ફરોશીઓ-સાદૂકીઓને બાપ્તિસ્મા આપે. એટલામાં પ્રભુઈસુ આવે. યોહાન તેમને જોઇને આશ્વર્યચકિત થઇજાય. પ્રભુઇસુ યોહાન પાસે નદીમા બાપ્તિસ્મા પામવા જાય)

પ્રભુ ઇસુ :- (યોહાન પાસે જતાં કહે) મને પણ બાપ્તિસ્મા આપો.

યોહાન :- (ગદગદ થતાં ભાવથી બોલે) પ્રભુ, હું તમને બાપ્તિસ્મા આપું ? તમે તો દેવપુત્ર છો. હું તમને કેવી રીતે બાપ્તિસ્મા આપી શકું ? ના, ના, એ ના બને.

પ્રભુઇસુ :- (હાથથી ઇશારો કરે) યોહાન, હમણાં એમ થવા દો. હમણાં તો તમે મને બાપ્તિસ્મા આપો એ જ યોગ્ય છે. એમાં જ ઈશ્વરની ઇચ્છા પુર્ણ થાય છે.

(યોહાન પ્રભુઇસુને બાપ્તિસ્મા આપે. ત્રણ ડૂબકી થઇ જાય પછી. વાણી સંભળાય, કબૂતરરુપે પવિત્રઆત્મા આવે તેવો અવાજ કરી શકાય.)

આકાશવાણીઃ- "આ મારો વહાલો દીકરો છે,હું તેના પર પ્રસન્ન છું."

(બધાં આ આકાશવાણી સાંભળીને સ્તબ્ધ થઇ જાય, - અચંબો કરે. - આશ્વર્યજનક ઉચ્ચારો કાઢે કે અભિનય કરે, પછી યોહાન જોરથી નારા બોલાવે.)

યોહાન :- (જોરથી નારા બોલાવે)

પ્રભુઇસુ મસિહ કી ------ જ..ય
વો રાજાઓ કા રાજા ------ હૈ
વો આનેવાલા ------ હૈ

(છેલ્લે ગીત ગાઇ શકાય)

હું છું ઇસુનું બાળક ...અથવા પવિત્રઆત્મા આવ.,

-: પાત્રો :-

૧ - પ્રભુઇસુ
૨ - યોહાન
૩ - ફરોશીઓ ( 2-4 )
૪ - સાદુકીઔ ( 2-4 )
૫ - બાપ્તિસ્મા લેતા માણસો (5-6 )

## ૧૯ યોહાન બાપ્તિસ્માનો જન્મ

શાસ્ત્રપાઠ :- લુક 1:5-20, 24, 25, 57, 58
દિન-૧ "તમે દેવના હાથની કૃતિ છો."

હેતુઃ- દેવે બાળકોને પણ પોતાની પ્રતિમા પ્રમાણેઉત્પન્ન કર્યાં છે, અને તેમના માટે અત્યંત કાળજી લીધી છે. માટે બાળકો ઈશ્વર પ્રત્યેના પ્રેમ અને ભકિતભાવથી ભરપુર થાય.

### દૃશ્ય - ૧

(એક ઘરનું દૃશ્ય.ઘરમાં એલીસાબેત કામ કરતી હોય. બહારથી ઝખાર્યા પ્રવેશ કરે)

ઝખાર્યા :- (બૂમ પાડીને બોલે) એલીસાબેત, એલીસા..બેત...

ઐલીસાબેતઃ- શૂં છે ? બૂમો કેમ પાડો છો ?

ઝખાર્યા :- અરે, આજે મંદિરમાં ધૂપ ચઢાવવાનો વારો મારો છે.તું જલ્દી પાણી ગરમ કરી આપ ને મારાં કપડાં વગેરે તૈયાર કરી આપ.જલ્દી..

ઐલીસાબેતઃ- હેં..એ..એ..આજે તમારો વારો છે ? તો ચાલો ચાલો પાણી ગરમ જ છે. નાહી લો, લો હું કપડાં લાવુ છું.

એલીસાબેતઃ- (કપડાં લાવે, ઝભ્ભો લાવે પહેરાવવામાં મદદ કરતાં બોલે) મંદિરમાં જાઓ છો તો પ્રભુને પ્રાર્થના કરજો.પ્રભુ આપણને એક બાળક આપે. (પોતે હાથ જોડી પ્રાર્થના કરે.) હે પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળજો. અમને એક બાળક આપ્યુ હોત તો કેવું સારું ?

ઝખાર્યા :- અરે એલીસાબેત, શા માટે નિસાસા નાંખે છે ? જેવી પ્રભુની ઈચ્છા. .. હંમેશાં સંતોષી રહેવું... સમજી ?

એલીસાબેતઃ- સારું,.. જાઓ, મોડું થશે. (ઝખાર્યા જાય.એલીસાબેત જતાં જોઇ રહે, પછી હાથ જોડી મનમાં પ્રાર્થના કરતી બબડતી જતી રહે)

### દૃશ્ય - ૨

(મંદિરનું દૃશ્ય.ઝખાર્યા મંદિરમાં ધૂપદાની હલાવતો આંટા મારતો પ્રાર્થના કરતો હોય તેમ બબડે.બહાર લોકોનું ટોળું પ્રાર્થના કરતું ઉભું હુય)

ઝખાર્યા :- (ઝખાર્યા એકાએક એક દૂતને જૂએ.ચોંકી જાય. થરથર કાંપવા લાગે. ગભરાતાં ગભરાંતા બોલે) પ્રભુ, ઓ પ્રભુ..પ્રભુ....

દૂત :- (હાથ ઉચો કરીને બોલે) ઝખાર્યા....ગભરાઇશ નહિ. ઈશ્વરે તારી પ્રાર્થના સાંભળી છે. તારી પત્નિ એલીસાબેતને પુત્ર થશે. અને તારે તેનું નામ 'યોહાન' પાડવું.

ઝખાર્યાઃ- (ઉભો થાય. ગભરાંતા ગભરાતાં હાથ જોડીને આશ્ચર્યથી બોલે.) હેં....શું કહ્યૂં પ્રભુ ? પુત્ર ? એલીસાબેતને પુત્ર થશે ?

દૂત :- હા,તે એક મહાન વ્યક્તિ બનશે. પવિત્રઆત્માથી ભરપુર થશે. તે



લોકોને પ્રભુની તરફ વાળનાર મહાન સેવક બનશે.

ઝખાર્યા :- (આશ્ચર્યચકિત થઇ બોલે) પ્રભુ....પ્રભુ એ કેવી રીતે બને ? હવે તો અમે બન્ને ઘણાં વૃધ્ધ થઇ ગયાં છીએ.

દૂત :- હું ગાબ્રીએલ દૂત છું. ઈશ્વરે જ મને તારી સાથે વાત કરવા અને આ ખુશખબર આપવા મોકલ્યો છે.

ઝખાર્યા :- (ઉતાવળથી વચમાં જ બોલી ઉઠે) હેં....? ખરેખર ? એવું થશે ? એ હું શી રીતે જાણી શકું?

દુત :- (જરા ગુસ્સાભર્યા અવાજે બોલે) ઝખાર્યા, શું તને પ્રભુ પર વિશ્વાસ નથી? જા મારી વાત સાચી પડે અને પુત્ર જન્મે ત્યાં સુધી તું મૂંગો થઇ જશે. બોલી શકશે નહિ.

ઝખાર્યા :- (ગભરાતો ગભરાતો હાથ જોડી બોલવાનો પ્રયત્ન કરે,પણ તોતડાય જાય.) એં....એં....ઐં... (કરતો મૂંગો બની ગયો હોય તેવો અભિનય કરે. દૂત અદૃશ્ય થઇ જાય. ઝખાર્યા પણ જતો રહે.)

### દૃશ્ય - ૩

(એક ઘરમાં પુત્ર જન્મના આનંદનો અવસર હોય. સગાંસબંધીઓ ભેગા મળી આનંદોત્સવ કરતા હોય. ઘરમાં સ્ત્રીઓ અને બહાર પરુષો બેઠા હોય તેવું દૃશ્ય બતાવવું) - (કેટલીક સ્ત્રીઓ આવે. અહીં સ્ત્રીઓના કાલ્પનિક નામ આપ્યા છે)

સુનામી :- (સુનામી તેના પતિ અને બાળક સાથે આવે. આનંદ વ્યક્ત કરતાં કહે) અરે એલીસાબેત, કોંગ્રેજ્યુલેશન.... (ભેટીને બોલે) પ્રભુબાપે તને દીકરો આપ્યો...સરસ સરસ .....

એલીસાબેતઃ- (ખુશ થઇને બોલે) હાં..... પ્રભુનો આભાર..સ્તુતિ હો.

રુથ :- (ફૂલની કલગી આપીને ખબૂ આનંદથી બોલે) એલી...ઐલી...પ્રભુએ પ્રાર્થના સાંભળીને ?

જેરુશા :- (ગીફ્ટ આપીને બોલે) ધન્યવાદ એલીસાબેત ....દીકરાને પ્રભુ ખુ..બ આશિર્વાદ આપે હોં... (દીકરાને માથે હાથ ફેરવે)

એલીસાબેતઃ- થૈન્કયુ....થૈન્કયુ....પ્રભુની સ્તુતિ હો..

યાજક :- (યાજક આવે. બધાંને શાંત રહેવા કહે) ચાલો આપણે શાંત રહીએ અને પ્રભુએ દીકરાનું દાન આપ્યું છે. માટે આભાર માનીએ.પ્રાર્થના કરીએ. પછી આપણે છોકરાનું નામ પાડવાની વીધી કરીશું. (હાથ જોડી ટૂંકી પ્રાર્થના કરાવે) ચાલો...હવે શું નામ પાડીશું દીકરાનું ?

રાહેલ (એક વૃધ્ધ બેન) :- જુઓ...રીવાજ છે કે છોકરાના વડવાઓના નામ પરથી જ નામ પાડવાનું હોય એટલે ઝખાર્યાના વડવાઓના નામ પરથી જ કોઇ નામ પાડો.

ઐલસિાબેતઃ- (એકદમ વચ્ચે જ બોલી ઉઠે) ના.. ના.. એનું નામ તો "યોહાન" પાડવાનુ છે.

રુથ :- એલી, પણ તારા સગાંવહાલાંમાં તો એવું નામ કોઇનું ય નથી ?

સુનામી :- અરે પણ ...છોકરાના પિતાને તો પૂછો ? કે તેમને શું નામ પાડવું છે?

જેરુશા :- હા..એ બરાબર ...યાજક સાહેબ, તમે પૂછો છોકરાના પિતાને કે, શું નામ પાડવું છે ?

યાજક :- (ઝખાર્યાને પૂછે) બોલો ઝખાર્યાભાઇ, તમે શું નામ પાડવા માંગો છો, દીકરાનું ?

ઝખાર્યા :- (બોલાતું નથી તેવો ઈશારો કરી પાટીપેન માંગે. કોઇ પાટીપેન લાવી આપે ઝખાર્યા પાટીમાં 'યોહાન' લખે અને તરત બોલી ઉઠે) "યોહાન" કારણ કે મંદિરમાં દેવના દૂતે મને દર્શન આપીને પુત્ર જન્મની વાત કરી, ને તેનું નામ યોહાન પાડવું, તેમ કહ્યું. (ઝખાર્યા પોતે અને બધા લોકો આશ્ચર્યચકિત થઇ જાય ને ઝખાર્યા બે હાથ જોડી સ્તુતી કરે) આભાર પ્રભુ....આભાર..સ્તુતિ હો.. સ્તુતિ હો ..સ્તુતિ હો. (બીજા બધા પણ આનંદ-આશ્ચર્યથી સ્તુતિ કરે. અને ત્યાં જે લોકો છે, તે જાતજાતના ઉદગાર કાઢે - દાખલા તરીકે) ૧ - ગજબ કહેવાય, ૨ - ઝખાર્યા બોલતા થઇ ગયા, ૩ - અદ્દભુત હોં... આ છોકરો કેવો મહાન બનશે ?...., (વગેરે. વગેરે..બોલે. છેલ્લે બધાં સ્તુતિઆરાધના કરતાં ગીત ગાય-આશીર્વાદો મળ્યા તમોને.. સંભારીને ગણો એકએકને...અથવા કોઇપણ ગીત ગાવું..)

-: પાત્રો :-

૧ - ઝખાર્યા
૨ - એલીસાબેત
૩ - દૂત
૪ - યાજક
૫ - સુનામી
૬ - રૂથ
૭ - જેરુશા
૮ - રાહેલ (વૃધ્ધ બહેન)



## ૧૭ એસ્તર રાણી

શાસ્ત્રપાઠ :- એસ્તર 7- 8 અધ્યાય
દિન-૧ 'તમે દેવના સેવક છો'

હેતુ :- બાળકો સમજે કે ઈશ્વરે અત્યારે તેઓને જે જગાએ મૂક્યા છે, ત્યાં તેઓએ ઈશ્વરની સેવા કરવાની છે.

દૃશ્ય - ૧

(માર્દખાય ટાટના વસ્ત્ર પહેરી શોક કરતો બેઠો હોય,માથે, હાથે પગે રાખ ચોળતાં ચોળતાં બબડતો હોય. એવું દૃશ્ય બતાવવું)

મોર્દખાયઃ- (દુઃખ ભર્યા અવાજે બોલે) - હે પ્રભુ,. હવે તો તમે જ બચાવી શકો એમ છો. પ્રભુ અમે તમારા લોકો છીએ, અમને બચાવો પ્રભુ...મદદ કરો. (એક દાસી ત્યાંથી પસાર થાય,તે આશ્વર્યથી મોર્દખાયને જુએ)

દાસી :- (આશ્રવર્યથી) અરે આ મોર્દખાય શું કરે છે ? (ઉભી રહીને જુએ) અરે આ તો વિલાપ કરે છે, શું થયું હશે માર્દખાયને ? ચાલ રાણીસાહેબાને કહું. (દાસી ઉતાવળે રાણી પાસે જઇને કહે) પ્રણામ રાણી સાહેબા, મહેલના દરવાજા પાસે, મોર્દખાય ટાટના વસ્ત્રો પહેરી, શરીરે રાખ ચોળીને વિલાપ કરે છે.

એસ્તર રાણી :- (એકદમ ઉભી થઇ જાય, ખૂબ દુઃખ ને આશ્વર્ય સાથે કહે) શું કહ્યું ? મોર્દખાય ટાટ પહેરીને...રાખ ચોળીને બેઠા છે ? શું થયું છે તેમને ?

દાસી :- એ તો ખબર નથી રાણી સાહેબા

રાણી :- (ચિંતા ને દુઃખથી બોલે) ઓ હો ...શુ કરું ? દાસી, તું જલ્દી જા અને બે જોડ નવા કપડાં લઇજા અને મોર્દખાયને ટાટ કાઢી કપડાં બદલવાનું કહે.

દાસીઃ- જી રાણી સાહેબા. (કહીને કપડાં લઇ મોર્દખાય પાસે જાય ને કહે) સલામ મોર્દખાય. લો આ કપડાં. રાણી સાહેબાએ મોકલ્યાં છે.અને કહાવ્યું છે કે ટાટ કાઢીને આ નવા કપડાં પહેરી લો.

મોર્દખાયઃ- ના...ના...ના બેન મારે નથી જોઇતા એ વસ્ત્રો. (મોર્દખાય વસ્ત્રો લેવાની ના પાડે. દાસી પાછી રાણી પાસે જાય)

દાસી :- રાણી સાહેબા, મોર્દખાય તો વસ્ત્ર લેવાની ના પાડે છે. બહુ દુઃખી હોય તેમ લાગે છે

રાણી :- ના પાડે છે ? (દુઃખથી બોલે - પછી થોડું વિચારીને કહે) - જા, તું સંરક્ષક હથાકભાઇને બોલાવી લાવ.

દાસી :- જી રાણી સાહેબા, (પ્રણામ કરીને જાય અને હથાકને બોલાવી લાવે)

હથાક :- (દાસી સાથે આવે, પ્રણામ કરીને કહે) - પ્રણામ રાણી સાહેબા, શો હુકમ છે?

રાણી :- (દુઃખભર્યા અવાજે બોલે) - હથાકભાઇ,તમે જઇને તપાસ કરો કે મોર્દખાય શા માટે શોક કરે છે ? મને જલ્દી ખબર આપો.

હથાક :- જેવો આપનો હુકમ, રાણી સાહેબા. (પ્રણામ કરીને જાય)

### દૃશ્ય — ૨

(મોર્દખાય ટાટ પહેરીને બેઠા છે. ત્યાં હથાક આવે ને કહે)

હથાક :- (પ્રણામ કરીને બોલે) પ્રણામ મોર્દખાય,આપ શા માટે શોક કરો છો ? રાણી સાહેબા આપની ઘણી જ ચિંતા કરે છે, શોક કરવાનું કારણ પુછાવે છે.

મોર્દખાયઃ- (દુઃખી સ્વરે કહે) ભાઇ હથાક, રાણી સાહેબાને કહો કે,મારી યહુદી પ્રજાનો નાશ કરવાનું કાવતુ ઘડાયુ છે. નાનામોટા,અબાલ વૃધ્ધ, તમામ સ્ત્રી પુરુષોની કતલ કરી, તેમને લૂંટી લેવાનો હુકમ કરવામાં આવ્યો છે. (એક ઓળિયુ આપીને કહે) લો, આ હુકમનામુ,રાણી સાહેબાને આપજો અને કહેજો કે યહુદી પ્રજાને બચાવી લેવા રાજાને વિનંતી કરે.

હથાક :- ઓહો..એવું છે ? (ઓળિયું હાથમાં લેતાં, દુઃખી સ્વરે બોલે) તમારી વાત હમણાં જ રાણીજીને કહું. (પ્રણામ કરીને જતો રહે અને રાણી પાસે જાય)

હથાક :- (રાણી પાસે આવીને ઓળિયું આપતાં કહે.) — પ્રણામ રાણી સાહેબા, આ પત્ર મોર્દખાયે આપને આપ્યો છે. શોક કરવાનું કારણ તેમાં જણાવ્યું છે. અને આપને વિનંતી કરી છે કે,આપ રાજા પાસે જઇને તેમને બચાવવાની વિનંતી કરો.

રાણીઃ- (પત્ર લઇને વાંચે દુઃખથી હતાશ થઇને બોલે) અરેરે....આ શું ? આખી યહુદી કોમનો નાશ કરવાનો છે ? (દુઃખથી આંટા મારે) — હવે... હું શું કરું ? રાજાની આજ્ઞા વિના તો રાજા પાસે જવાય જ નહિ.અને જો કોઇ જાય તો તેને મારી નાંખવામાં આવે..... (દુઃખથી હાથ પછાડી કહે) — જાઓ, હથાક મોર્દખાયને પુછી કે હું શું કરું ? (ખૂબ દુઃખ થતું હોય તેમ ઘરમાં આંટા મારે અને હથાક રાણીને પ્રણામ કરીને,પાછો મોર્દખાય પાસે જાય)

હથાક :- (પ્રણામ કરીને કહે) મોર્દખાય, રાણીજી આપનો સંદેશો વાંચીને ઘણાં જ દુઃખી થયા છે. અને ચિંતામાં છે, કે રાજાના હુકમ વિના તો રાજા પાસે કોઇ જઇ શકતું જ નથી. અને છતાંય જો રાણીજી જાય તો રાજા તેમને મારી નાંખે. માટે રાણી સાહેબા પુછાવે છે કે તેઓ રાજા પાસે કેવી રીતે જાય ?

મોર્દખાયઃ- (જરા જુસ્સાથી બોલે) હથાક, જઈને રાણીજીને કહો કે તમે રાજમહેલમાં રહો છો, માટે તમે બચી જશો એમ ના ધારો.અને આ સમયે જો તમે છેક જ છાનામાના બેસી રહેશો તો,ઈશ્વર યહુદીઓને બચાવવા માટે, બીજી કોઇ જગાએથી મદદ મોકલશે. પણ યાદ રાખો, તમારો અને તમારા કુટુંબનો તો નાશ જ થશે કારણ કે તમને આવા સમયને માટે જ આ રાણીપદ આપવામાં આવ્યું નહિ હોય ? જાઓ, મારો આ સંદેશો કહો રાણી સાહેબાને.

હથાક :- (રાણી પાસે જઇ પ્રણામ કરીને કહે) રાણી સાહેબા,મોર્દખાય કહે છે કે. જો આ સમયે આપ છાનામાના બેસી રહેશો તો યહુદીઓનો બચાવ અને મદદ તો ઈશ્વર બીજેથી મોકલશે, પણ તમારો ને તમારા કુટુંબનો તો



નાશ જ થશે. અને રાણીપદ આપને આવા સમય માટે જ આપવામાં આવ્યું નહિ હોય ?

(આ સાંભળી રાણી એકદમ જુસ્સા અને ખુમારીથી ઉભી થઇ જાય અને બોલે)

રાણી :- (ખુમારીથી બોલે) જાઓ, મોર્દખાયને કહો કે,'સુસા' શહેરના ના બધા યહુદી લોકો એકઠા થાય ને ત્રણ દિવસ સુધી ઉપવાસ કરે.હું ને મારી દાસીઓ પણ ત્રણ દિવસ ઉપવાસ કરીશું. અને કાયદાની વિરુધ્ધ જઇને પણ હું રાજા પાસે જઇશ. ભલે રાજા મને મારી નાંખે, તો પણ હું રાજા પાસે જઇશ. અને યહુદી કોમને બચાવવા રાજાને વિનંતી કરીશ. જાઓ, મોર્દખાયને મારો આ સંદેશો હમણાં જ કહો.

હથાક :- જી રાણી સાહેબા. (પ્રણામ કરીને જાય)

### દૃશ્ય — ૩

(રાજા એકલા રાજ્યાસન પર બેસીને એક ઓળિયું વાંચે છે.અને એસ્તર રાણી, એક દાસી સાથે રાજાના ખંડ સામે દરવાજા પાસે આવીને ઉભી રહે છે.)

રાજા :- (સ્વગત બબડતો હોય તેમ બોલે) ઓહ, તો મોર્દખાયે મારો જીવ બચાવ્યો હતો એમને ? તો તો મારે મોર્દખાય માટે કંઇક કરવું જોઇએ (પછી ઓળિયું વાળતાં વાળતાં સામે નજર કરે, રાણીને જુએ. ને આશ્ચર્યથી કહે) – ઓહ... રાણીજી ?... કેમ અચાનક આવવું થયું ?

રાણી :- (રાણી પ્રણામ કરતાં કરતાં ગભરાઇને નીચે પડી જાય. કંઇ જ બોલી ના શકે)

રાજા :- ઓહ.... (રાણી સામે રાજદંડ ધરે, અને કહે) ગભરાશો નહિં, રાણીજી..... (પછી રાજા ઊભા થઇ રાણી પાસે જાય ને હાથ પકડી ઉભા કરે અને કહે) રાણીજી, ગભરાઓ નહિ, આવો ..ઉભા થાઓ.... (પાસેના આસન પર બેસાડે) – બેસો,.. બોલો રાણીજી.... કેમ આવવું પડયું આપને ?

રાણીઃ- (જરા સ્વસ્થ થાય પછી ગભરાતાં બોલે) ક્ષમા કરો મહારાજ,.. મારે ઘણા જ અગત્યના કામ અર્થે આવવું પડયું.

રાજા :- ઓહ ...રાણીજી,....બોલો આપની શી ઈચ્છા છે ? બોલો, આપ અડધું રાજ્ય માંગશો, તો પણ આપવા તૈયાર છું. ગભરાશો નહિ રાણીજી, બોલો.

રાણી :- મહારાજ, આપને યોગ્ય લાગે તો, હું આજે આપના માટે મીજબાની તૈયાર કરું, આપ પધારો. હું ત્યાં આપને મારી અરજ જણાવીશ.

રાજા :- (ખુશ થતાં કહે) જરૂર.. જરૂર,... ચોક્કસ આવીશ..... મને ઘણો આનંદ થયો.

રાણી :- મહારાજ, આપ હામાનને પણ સાથે લેતા આવો. એવી મારી વિનંતી છે.

રાજા :- (હસતાં હસતાં કહે) જેવી આપની મરજી, રાણીજી. જરુર હામાન પણ આવશે. બસ ?

રાણી :- (બે હાથ જોડી કહે) આભાર મહારાજ,... આજ્ઞા આપો.... (પ્રણામ કરીને જાય, રાજા દરવાજા સુધી મુકવા જાય)

## દૃશ્ય - ૪

(એસ્તર રાણીના મહેલમાં મીજબાની તૈયાર કરવામાં આવી છે. રાજા અને હામાન પ્રવેશ કરે છે)

રાણી :- (ઝુકીને પ્રણામ કરતાં કહે) - પધારો મહારાજ, આપનું હાર્દિક સ્વાગત છે. (બેસવાની જગા બતાવી કહે) બીરાજો.. મહારાજ
(રાજા અને હામાન ટેબલુરશી પર જમે, રાણી પીરસે અને જમાડે)

રાજા :- વાહ....સરસ ભોજન છે.. (ખાતાં ખાતાં વખાણ કરે) હં..અ..અ મઝા આવી ગઇ. (પછી રાણીને પૂછે) બોલો રાણીજી, આપની શી અરજ છે ? આપ ચાહે તે માંગો..... બોલો શી અરજ છે? (રાજા પાણી પીએ, - હાથ ધૂએ, - લૂછે..- વગેરે અભિનય કરે)

રાણી :- (હાથ જોડીને કહે) - મહારાજ, આપની કૃપા દૃષ્ટિ હોય તો,મને અને મારા લોકને જીવતદાન આપો.

રાજા :- (આશ્ચર્યથી કહે) - જીવતદાન... ? .. રાણીજી, આપ શું કહેવા માંગો છો ? મને કંઇ સમજાયુ નહિ ?

રાણી :- (હાથ જોડી, કાકલુદી કરતી હોય તેમ બોલે) - ક્ષમા કરો મહારાજ, હું એક યહુદી છું. અને મારી આખી યહુદી પ્રજાને, કતલ કરી, નાશ કરવા માટે, અમને વેચી દેવામાં આવ્યા છે...મહારાજ, આ માસની તેરમી તારીખે નાશ કરવાનો હુકમ થઇ ગયો છે.માટે અમને બચાવી લો .. મહારાજ, (બે હાથ જોડી, ઘૂંટણે પડી રડતાં રડતાં બોલે) - પ્લી..ઝ,..., પ્લી..ઝ મહારાજ બચાવો,... અમને બચાવો.

રાજા :- (આશ્ચર્યથી બોલે) શું વાત કરો છો રાણીજી ?..તમને અને તમારી પ્રજાને, મારી નાંખવા વેચી દેવામાં આવ્યાં છે ? કોણ છે આવું કૃત્ય કરનાર ?

રાણી :- (ઉભી થઇ, ગુસ્સાથી,.. રુઆબથી કહે) - આ ઘોર કૃત્ય કરનાર.....
(હામાન તરફ આંગળી ચીંધતા કહે) આ.... દુષ્ટ હામાન છે.
(હામાન ગભરાઇને થરથર ધ્રુજે, રડે,કરગરે,ને માફી માંગતો પગે પડી જાય)

રાજા :- (ખૂબ ગુસ્સાથી) શું.ઉ..ઉ..ઉ ? હા મા ન ..? (હામાન સામે ક્રોધથી જુએ.ટોટો પકડીને ઉભો કરતાં કહે) શું આ સાચી વાત છે...હામાન ?

હામાન :- (થરથર ધ્રુજતો.કાલાવાલા કરે) - માફ કરો.... મહારાજ,....માફ કરો.... મારી ભુલ થઇ ગઇ.
(રાજા ક્રોધથી, તપી જાય, હામાનને ધક્કો મારી હડસેલીને ગુસ્સાથી બૂમ પાડતો હોય તેમ બોલે)

રાજા :- અરે, છે કોઇ અહીં...? (બે ચાર સિપાઈઓ દોડતા આવે. રાજા હામાન તરફ આંગળી ચીંધીને કહે) પકડી લો.. આ દુષ્ટ પાપીને. કેદમાં નાખો ભયંકર શિક્ષા કરો.

હાર્બોના સંરક્ષક :- મહારાજ, (હામાન સામે આંગળી ચીધી કહે) ખરેખર હામાન દૂષ્ટ છે. તેણે મોર્દખાયને મારી નાંખવા, પોતાના જ ઘરમાં પચાસ ફૂટ ઉંચી ફાંસી ઉભી કરી છે, અને એણે આજે જ મોર્દખાયને ફાંસી દેવાની



યોજના કરી છે.

રાજા :- (ક્રોધથી કહે) જાઓ....હમણાં ને હમણાં જ .. તે જ ફાંસી પર આ દુષ્ટ પાપીને લટકાવી દો...દૂર કરો...મારી નજર સામેથી.. આ દુષ્ટને.
(સિપાઇઓ ધક્કા મારતા હામાનને લઇ જાય. - પછી રાજા, રાણીને પોતાના હાથમાંથી વીંટી—મુદ્રા કાઢીને આપે અને કહે)
- રાણીજી.. લો આ મારી મુદ્રા..અને હું તમને સતા આપું છું કે, તમારા લોકને બચાવવા માટે તમારે જે કરવું હોય તે તમે કરી શકો છો.

રાણી :- (પ્રણામ કરતાં બોલે) આભાર....આભાર.. મહારાજ.
(પછી રાણી જયકાર બોલાવે અને બધા પાત્રો સ્ટેજ પર ભેગાં થઇ જાય ને નારા બોલે.....પછી કોઇ ગીત ગાય.)
મહારાજાનો જય હો...મહાન પરમેશ્વરની સ્તુતી હો... (બધા પાત્રો જય બોલતાં સ્ટેજ પર આવે ને કોઇ ગીત ગાય. કિતના મહાન પરમેશ્વર.)

### પાત્રો

| | |
|---|---|
| ૧ — એસ્તર રાણી | ૫ — હથાક (રાજાનો સંરક્ષક) |
| ૨ — રાજા | ૬ — દાસી (રાણીની દાસી) |
| ૩ — હામાન (રાજાનો પ્રધાન) | ૭ — હાર્બોના સંરક્ષક (સિપાઇઓનો ઉપરી) |
| ૪ — મોર્દખાય (રાજાનો એક આગેવાન) | ૮ — સિપાઇઓ (બેત્રણ) |

# ૧૮ જીવંત વિશ્વાસ – મોસે અને રાજકુમારી

(મોસે (મુસા) એક રાજકુમાર છે. તેના રાજમહેલમાં ખૂબ ગુસ્સામાં હોય તેવું વર્તન કરે. આશ્ચર્ય અને ગુસ્સાથી બોલે)

મોસેઃ- હું....મોસે...? મોજીસ....?
(ગુસ્સાથી ધુંઆપુંઆ થતો આંટામારે. દુઃખ થી બોલતો જાય)
હું આ મહેલમાં સુખવૈભવ ભોગવું છું...અને મારા ભાઇઓ..? ગુલામ ..? કેટલું દુઃખ ભોગવે છે..? કેમ..પ્રભુ..કેમ
(દુઃખથી માથે હાથ દઇ ખુરશીમાં ફસડાઇ પડે..પછી સ્વસ્થ થઇ ઉભો થઇ પ્રાર્થનાના સૂરે બોલે)
પ્રભુ હું શું કરું...? તમે જ મને રસ્તો બતાવો...પ્રભુ... (એક બે આંટા મારી પડદા પાછળ જતો રહે)

રાજકુમારીઃ- (બૂમ પાડતી આવે) મોસે...મો..સે.....મોજીસ.. ક્યાં છે તું..? ...... રાજકુમાર.....ક્યાં છે...?

દાસી :- (દોડતી આવે..પ્રણામ કરી કહે) કુંવરી સાહેબા .. રાજકુમાર તો વહેલી સવારે ઘોડેસ્વારી કરવા જાય છે..
હજી નથી આવ્યા.....
(એટલામાં રાજકુમાર મોસે આવે... દાસી જતી રહે..રાજકુમારી ખુશ થઇ મોસે પાસે જઇને કહે)

રાજકુમારી :- ઓહ...મોસે...હું તને જ શોધતી હતી દિકરા...આજે તારે રાજ દરબારમાં હાજર રહેવાનું છે...આજે રાજા તને ખાસ જવાબદારી સોંપવા માંગે છે.....

મોસા :- (કંટાળા સાથે બોલે) પ્લીઝ..... મમ્મીજી....હું હવે રાજદરબારમાં જવા માંગતો નથી..

રાજકુમારી :- (ચીંતા અને આશ્વર્ય સાથે બોલે) કેમ...? કેમ.....? દિકરા...શું થયું...?

મોસે :- મમ્મા...હું રાજકુમાર નથી....માટે હું રાજદરબારમાં નહિ જાઉ.....

રાજકુમારી :- (ચિંતાપૂર્વક બોલે) કોણે કહયું.કે તું રાજકુમાર નથી....? કેમ આમ બોલે છે...બેટા..?

મોસેઃ- (ખૂબ નમ્રતાથી..માતાના ખભે હાથ મુકી..સમજાવતો હોય તેમ બોલે)
મમ્મા...સાંભળો..મને કાલે જ ખબર પડી કે..હું રાજકુમાર નથી....બોલો મા..આ સાચું છે ને..?
સાચુ કહો મમ્મી...હું તમારો દિકરો નથી...પણ તમે મને નદીમાં એક ટોપલીમા તણાતો હતો ત્યાંથી લઇ આવ્યા હતા ને...?

રાજકુમારી :- (દુઃખથી) બેટા કોણે કહયું તને...? તું મારો દિકરો છે .... મારો રાજકુમાર..



મોસે :- મમ્મી....મને સાચુ કહો... હું હિબ્રુ બાળક છું ને...?.... પ્લીઝ ..મમ્મી સાચુ કહો....

રાજકુમારી :- (રડતાં રડતાં દુઃખી સ્વરે બોલે) હા...દિકરા તું હિબ્રુ બાળક હતો....પણ હવે તું રાજકુમાર છે..રાજકુમાર આ મિસર દેશના અડધા રાજ્યનો રાજા છે તું.....બેટા.

મોસે :- થેન્કયુ.. મમ્મી ...હવે મને મારી જાતનું ભાન થઇ ગયું છે...હવે હું રાજકુમાર નથી પણ ...જીવતા પરમેશ્વર યહોવાનો દિકરો છું....હવે હું મારા દેવ પાસે જવા માંગુ છું....આજ્ઞા આપો...મમ્મી.....

રાજકુમારીઃ- (ખૂબ દુઃખ સાથે રડતાંરડતાં બોલે) મોસે ..બેટા એવું ના બોલ....હું તારા વિના જીવી નહિ શકું.....

મોસે :- (વિનંતી કરતો હોય તેમ બોલે) મમ્મી...મારા ભાઈઓ મારા લોક ..કેટલું ભયંકર દુઃખ ભોગવે છે.....
અને હું અહિં રાજમહેલમાં મઝા કરું....?

રાજકુમારી :- (કાલવાલા કરતી હોય તેમ બોલે) બેટા તું તારા ભાઇઓને... જરૂર મદદ કરજે ...તારે જે કરવું હોય તે કરજે...પણ તું અહિં મારી પાસે જ રહે....

મોસે :- મમ્મી...તમે જ મને શીખવાડયું છે ને..કે પરમેશ્વર મહાન છે.... માટે તેમને ગમે તેવું જ કરવાનું.....?

રાજકુમારી :- (સ્વસ્થ થઇને બોલે) મોસે..બેટા..છોડ.. આ વાત વિષે આપણે પછી ચર્ચા કરીશું....હમણાં તો તું રાજદરબારમાં જવા માટે તૈયાર થઇ જા...મોડું થશે જા બેટા.....
(એમ કહી રાજકુમારી જતી રહે....મોસે તૈયાર થવા જાય.....)

## દૃશ્ય – ૨

(રાજ દરબાર ભરાયો હોય તેવું દૃશ્ય...બધા બેઠા હોય.. રાજકુમારી અને મોસે પ્રવેશ કરે...બધા ઉભા થઇ માન આપે)

રાજા :- (રાજદંડ અથવા હાથ ઉંચો કરી આદેશ કરે) રાજ દરબારની કાર્યવાહી શરુ કરવામાં આવે.....

પ્રધાન :- (જહાંપનાહ...... (ઉભા થઇ નમન કરી કહે...પછી એક ઓળિયું ખોલીને વાંચે)
મિસર દેશના 'ગેશોન' પ્રદેશને અલગ પ્રાંત બનાવી ..ત્યાં નવા સરસૂબાની નિમણુંક કરવાની કાર્યવાહી કરવામાં આવે..
(ઓળિયું રાજાને આપે..નમન કરી બેસી જાય.....રાજા ઓડિયું લે...વાંચે..પછી બોલે)

રાજા :- હં..અ..અ..અ..ગેશોન પ્રદેશના નવા સરસૂબા તરીકે હું....મોસેને પસંદ કરું છું.....મોજીસની નિમણુંક જાહેર કરવામાં આવે....

મોસે :- (તરત ઉભો થઇ જાય..પ્રણામ કરી કહે) જહાંપનાહ...આપનો ખૂબ ખૂબ આભાર...પરંતુ હું ગોશેન પ્રદેશનો સરસૂબો નહિ બની શકું....ક્ષમા

કરો....જહાંપનાહ.....
(આખો દરબાર આશ્વર્યચકિત થઇ જાય... બધાં અંદર અંદર ગુસપુસ કરે ....
રાણી પણ વ્યાકુળ થઇ જાય.)

રાજા :- (આશ્વર્યથી કહે) રાજકુમાર શું આપને કંઇ ઓછું લાગે છે...? શું કોઇ
મોટા પ્રદેશના સૂબા બનવાની ઈચ્છા છે ?
એમ હોય તો જણાવો...

મોસેઃ- ના જી....નામદાર..પણ 'પણ હું કોણ છું' તેની મને સમજ પડી ગઇ
છે...હું હવે રાજકુમાર નથી....

રાજા :- (તરત જોરથી બોલે) રાજકુમાર પાગલ તો નથી થઇ ગયાને...?
(બધા દરબારીઓ પણ આશ્વર્ય વ્યક્ત કરતા ઈશારા કરે..)

મોસે :- ક્ષમા કરો જહાંપનાહ...પણ એ વાત સત્ય છે કે..હું એક હિબ્રુ છું...ને
મારા દેવ, જીવતા પરમેશ્વર યહોવા છે..
હું મારા દેવની પાસે...મારા લોકની પાસે જવા માંગું છું.....

રાજા :- (ગુસ્સાથી બોલે) રાજ કુમાર....આવા દુષ્ટ વિચારો છોડી દો...હવે
તમે યુવાન થયા છો...
નાદાનિયત છોડી દો ...અને રાજકારભારમાં ધ્યાન આપો....

મોસે :- (નમ્રતાથી કહે) ક્ષમા ચાહું છું નેકનામદાર....મને મારા લોકની ...અને
મારા ઈશ્વરની સેવા કરવા જવાની આજ્ઞા આપો.....

રાજા :- રાજકુમાર..આ મિસરનું અડધું રાજ્ય..આ દ્રવ્યભંડારો. રાજમહેલો..
આ વૈભવ..સુખસાહયબી છોડી દેવા માંગો છો?

મોસે :- જહાંપનાહ...મિસરના દ્રવ્ય ભંડારો કરતાં...મારા દેવની સાથે દુઃખ
ભોગવવું... એ સંપતિ અધિક છે.

રાજાઃ- (ગુસ્સાથી બોલે) મોસે...મિસરના રાજાની અવગણના કરો છો ?
રાજવૈભવનું સુખ છૌડી જાતીભાઇઓ પાસે ગુલામી ભોગવવા જવું છે
..? તો આ રાજપોશાક પણ ઉતારી દો...નિકળી જાઓ
અહિંથી..જાઓ ભોગવો દુઃખ.. આજ ક્ષણે છોડી દો રાજદરબાર.....

મોસે :- (પ્રણામ કરી કહે) જેવી આજ્ઞા જહાંપનાહ...પાપના ક્ષણિક સુખ
કરતાં...ઈશ્વરના લોકો સાથે દુઃખ ભોગવવું મને વધારે પસંદ છે.
(તરત માથા પરનો મુગટ, ઝભ્ભો..ગળામાં પહેરેલી માળા અને ચંપલ કાઢી
નાંખે....રાજા પણ ગુસ્સામાં પગ પછાડતો..
રાજકુમારીનો હાથ પકડી ..ખેંચીને લઇ જતો રહે...દરબારીઓ પણ આશ્વર્ય
ચકિત થઇ, ઇશારા, વાતો, ગણગણાટ કરે...)

રાજકુમારી :- (મોસે સામે જોઇને..રડતી..કલ્પાંત કરતી .. હાથ મોસે તરફ કરીને દુઃખથી બોલે)
મોસે...મારા દિકરા...ના જા... ના જા...હું મારા દિકરા વિના નહિ
જીવી શકું....મોજીસ...મોસે...

મોસે :- (શાયરી કહે)
"દુનિયાકી તેરી દોલત કોઇ કામ ના આ શકેગી વિશ્વાસ કર પ્રભુ પર (2)



દોલત વહી બનેગી ઈસુ કો જીસને પાયા (2)
જીવનકા ધન કમાયા ઈસુ કે નામ સે તું શેતાન સે લડ શકેગા.

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ - મોસે | ૪ - પ્રધાન |
| ૨ - રાજકુમારી | ૫ - દાસ અથવા દાસી |
| ૩ - રાજા | ૬ - દરબારીઓ - 7-8 |

## ૧૯ અનંતજીવન

દિન-2 હાર્દઃ- "શું હું લાયક છું ?

(પ્રભુઈસુ સાથે થંભે જડાયેલ ચોર.)

શાસ્ત્રપાઠ :- લુક 23: 39-43

હેતુઃ- બાળકો સમજે કે, મારી પોતાની કોઇ લાયકાત નથી, અને મને પ્રભુની જ ખૂબ જરુર છે. માટે મારે પ્રભુને, ખરા મનથી પ્રતિસાદ આપવો જોઇએ.

વક્તા :- (સ્ટેજ પર આવી બોલે) કોઇ પણ માનવી ગમે તે હોય કે, ગમે તેવો હોય, પણ જો તે સાચા મનહૃદયથી પ્રભુઇસુનો સ્વીકાર કરે તો પ્રભુઈસુ તેનો ઉધ્ધાર કરે જ છે કારણ કે જગતના તમામ લોકોના પાપ માફ કરી તેમનો ઉધ્ધાર કરવા માટે, પરમેશ્વર પોતે પ્રભુ ઈસુ બનીને, પોતાનું બલિદાન આપવા માટે જ આ પ્રુથ્વી પર આવ્યા. માટે "જે કોઇ તેમના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે. ... તો જુઓ "અનંતજીવન"

(વધસ્તંભે જડવાનું દ્રશ્ય. ઘણાં લોકો, સ્ત્રીઓ રડતી હોય, સિપાઇઓએ પ્રભુ ઇસુને અને એક ચોરને થંભે જડી દીધા હોય, બીજા ચોરને જડતા હોય. એવું દ્રશ્ય)

સિપાઇ :- (પ્રભુના થંભને જમીનમાં ઠોકીને બેસાડે, બીજા બે મદદ કરતા હોય. પછી બોલે) ચાલો આ ઈસુનું કામ તો પત્યુ.

સિપાઇ :- હવે, આ એક બાકી રહયો.

સિપાઇ :- ચાલો, લાવો એને પણ લટકાવી દો. (બે સિપાઇ ચોરને પકડી લાવે, ચોર ધમાલ કરે રડે, સિપાઇઓ મારતા મારતા લઇ આવે)

ચોરઃ- (ચોર રડે, કરગરીને બોલે,થંભે ના જડાવા ધમાલ કરે) ના, ના, મારે વધસ્તંભે નથી જડાવું. દયા કરો, ઓ સાહેબો દયા કરો.

સિપાઇ :- એ બદમાશ, ચૂપ મર. નહિ તો વધારે માર ખાઇશ. (મારતો, ઘસડતો બોલે)

સિપાઇ :- ચાલો,જલ્દી કરો. સાંજ પડી જશે.

(સિપાઇઓ બળજબરીથી ચોરને વધસ્તંભ પર સુવાડે, ખીલા ઠોક્તા હોય તેમ કરે. પછી વધસ્તંભને દોરડા વડે ઉભો કરે, જમીનમાં ઠોકી બેસાડે. એવો અભિનય કરે.)

ચોર :- (રડતાં રડતાં, દુઃખ, ગુસ્સાથી પ્રભુઇસુ તરફ જોઇને બોલે) ઓ ઈસુ, તું તો મસિહા બનીને બહુ ચમત્કારો કરતો હતો ને ?
અરે મરેલાંને ય જીવતાં કરતો હતો, તો અત્યારે શું કરે છે ? બહુ મોટો દેવનો દીકરો છે તો, પોતાને બચાવ ને અમને ય બચાવ ને ?

ચોર :- (પેલા ચોરને ધમકાવતાં દુઃખ સાથે બોલે) ઓ,..નાથીયા, ચૂપ મર, શું બોલે છે તેનું ભાન છે તને? આ ઇસુ તો દેવ છે દેવ. તું દેવથી ય ડરતો નથી ? અલ્યા, આપણે તો આપણાં પાપની સજા ભોગવીએ છીએ. પણ આ ઈસુએ તો કંઇ જ ખોટું કર્યું નથી. એ તો દેવનો દીકરો છે. (પછી પ્રભઇસુ તરફ જોઇ ખુબ નમ્રતાથી બોલે) હે ઈસુ, તમે ફરી રાજા



બનીને આવો, ત્યારે મને યાદ રાખજો. હોં...

પ્રભુઇસુ :- (ચોર તરફ નજર કરીને બોલે) હું તને ખચીત કહું છું કે,આજ તું મારી સાથે પારાદૈસમાં હોઇશ.

2 ચોર :- ઓ પ્રભુ. આભાર ...આભાર. બહુ મહેરબાની. હું જરાય લાયક નહોતો પણ તમે મને લાયક બનાવ્યો. ધન્ય હો પ્રભુઇસુ.
(નારા બોલાવવા --- પ્રભુઇસુ મસિહ કી ---- જય. વગેરે... )

વક્તા :- (સ્ટેજ પર આવી બોલે) આ બીજો પાપી ચોર,તેણે ઘણાં પાપ કર્યાં હતાં. પણ મરતાં મરતાં તેણે પ્રભુઇસુ પર વિશ્વાસ કર્યો કે તે સાચા દેવ છે. અને નમ્ર બનીને પ્રભુને વિનંતી એટલે પ્રાર્થના કરી કે,પ્રભુઈસુ તમે ફરી આવો ત્યારે મને યાદ રાખજો. અને તરત જ પ્રભુઈસુએ તેને કહ્યું કે 'તું ચોક્કસ આજે જ મારી સાથે પારાદેશ એટલે સ્વર્ગમાં હોઈશ.' એ જ રીતે જો આપણે નમ્ર બનીને પ્રભુઈસુ પર વિશ્વાસ કરી પ્રાર્થના કરીશું તો ચોક્કસ પ્રભુ આપણી વિનંતી માન્ય કરશે જ. તો બોલો.. પ્રભુઈસુ મસિહ કી .....જય. પ્રભુઇસુ મસિહ આજ ભી ...જિંદા હૈ....પ્રભુઈસુ મસિહ ફિરસે....આનેવાલા હૈ.

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ – પ્રભુઇસુ | ૫ – ૨જો સિપાઇ |
| ૨ – ૧લો ચોર | ૬ – ૩જો સિપાઇ |
| ૩ – ૨જો ચોર | ૭ – વક્તા |
| ૪ – ૧લો સિપાઇઓ | |

## ૨૦ પિલાતની પસંદગી

શાસ્ત્રપાઠ :- યોહાન 18 : 28 – 19 : 19

(સ્થિર ઉભા રહેવાની પસંદગી)

– અહીં પિલાત જે રાજા છે તેને પણ પસંદગી કરવાની ઘડી આવી... કે શું કરવું ? – પછી પિલાતે કેવી પસંદગી કરી ?...જુઓ..ને શીખો

(એક લોકોનું ટોળું પ્રભુઇસુને પકડીને,ધક્કા મારતુ પિલાતના ઘેર લઇ જતુ હોય)

લોકોનું ટોળુ :- (બૂમો પાડે) ન્યાય આપો.....ન્યાય આપો...

પિલાત :- (બહાર આવી,હાથથી શાંત રહેવા કહે) શું વાત છે ?

પહેલો :- (ટોળામાંથી એક માણસ) :- આ માણસ ખરાબ છે,એને શિક્ષા કરો.

પિલાત :- શું કર્યું છે,એ માણસે ?

બીજો :- (ટોળામાંથી બીજો માણસ):- આ ઈસુ કહે છે કે “હું દેવનો દીકરો છું”

ત્રીજો :- (ટોળામાંથી ત્રીજો માણસ):- અરે, એ કહે છે કે “હું યહુદીઓનો રાજા છું.”

પિલાત :- અરે ભાઇઓ, આ તો તમારા નિયમશાસ્ત્રની વાતો છે. એટલે તમે જ તેનો ન્યાય કરો..જાઓ.

પહેલો :- ના,ના, એ અમારો અધિકાર નથી, તમે રાજા છો તમારે જ ન્યાય કરવો જોઇએ.

બીજો :- આ ઇસુને શિક્ષા થવી જ જોઈએ, તેને મૃત્યુદંડ કરો.

ત્રીજો :- હા એને વધસ્તંભે જડો.

ટોળું :- (જોરથી બૂમો પાડે) મારો... મારો... વધસ્તંભે જડો....વધસ્તંભે જડો..

(પિલાત ટોળાથી ગભરાય છે,પ્રભુઇસુને પાસે બોલાવે)

પિલાત :- (પ્રભુઇસુને પાસે બોલાવીને પૂછે) શું તું યહુદીઓનો રાજા છે ?

પ્રભુઇસુ :- મારું રાજ્ય આ જગતનું નથી,મારું રાજ્ય તો આકાશમાં સ્વર્ગનું છે.

પિલાત :- એટલે શું તું રાજા છે ?

પ્રભુઇસુ :- તમે જ કહો છો કે ‘હું રાજા છું.’ અને એટલે તો હું આ જગતમાં આવીને સત્ય પ્રગટ કરું છું.

પિલાત :- (ટોળા પાસે જઈને કહે) મને તો આ માણસમાં કંઇ વાંકગુનો દેખાતો નથી, પછી એને શા માટે સજા કરવાની ? જુઓ તમારો તહેવાર “પાસ્આપર્વ” ચાલે છે, તો એને છોડી દઉં ?

ટોળું :- ના ના એને નહિ.....એને તો વધસ્તંભે જડો...વધસ્તંભે જડો... મારી નાંખો. (ટોળુ સતત બૂમો પાડતુ રહે)

પિલાત :- (આમ તેમ આંટા મારે સ્વગત બબડે) અરે..રે શું કરું ? આ ઇસુ નિર્દોષ છે. એનો કંઇ ગુનો નથી.બિચારાને શા માટે મારી નાંખવો ?

ટોળું :- (બૂમો પાડે) વધસ્તંભે જડો.....વધસ્તંભે જડો.....

પિલાત :- (ટોળાને શાંત થવા ઈશારા કરે) અરે ભાઇઓ આ ઇસુમાં મને તો કંઇ ગુનો દેખાતો નથી.શા માટે તેને વધસ્તંભે જડાવો છો ?

ટોળું :- (વધુ જોરથી બીમો પાડે) વધસ્તંભે જડો.....વધસ્તંભે જડો.....

પહેલો :- (પિલાતને કહે) જો તમે આ ઇસુને છોડી દેશો તો અમે કૈસર રાજાને ફરિયાદ કરીશું કે તમે કૈસરની વિરુધ્ધ જાઓ છો. તો તમારુ આવી બનશે.માટે ઇસુને વધસ્તંભે જડાવો.

પિલાત :- (પિલાત ગભરાયને બૂમ પાડે) પાણી લાવો.....પાણી ...(સિપાઇ એક મોટા વાસણમાં પાણી અને રુમાલ લાવે)

પિલાત :- (વાસણમાં જ પાણીથી હાથ ધુએ ને કહે જુઓ ઇસુ ન્યાયી છે, પણ તમારી બૂમોને લીધે હું તેને વધસ્તંભે જડવા તમને સોપું છું, માટે હું તો નિર્દોષ છું,.જાઓ,..લઇ જાવ ઇસુને.તમારે જે કરવું હોય તે કરો..જાઓ.

(સિપાઇઓ પ્રભુઇસુને પકડીને લઇ જાય.....લોકો બૂમો પાડે) વધસ્તંભે જડો..... વધસ્તંભે જડો.......

– આમ પ્રભુઇસુને વધસ્તંભે જડવા ધક્કામુક્કિ કરતા લઇ જાય.

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧ – પ્રભુઈસુ | ૪ – બીજો માણસ |
| ૨ – પિલાત | ૫ – ત્રીજો માણસ |
| ૩ – પહેલો માણસ | ૬ – લોકોનું ટોળું |

## ૨૧ સનાતન સત્ય પુસ્તક બાઈબલ

(અદાલતનું દ્રશ્ય હોય તેવું સ્ટેજ સજાવવું.....જજ..વકિલો..સેક્રેટરી, પટાવાળા,. પ્રેક્ષકો.,વગેરે..હોય)

વક્તા :- આ પ્રથમવાર બન્યું છે કે,અદાલતમાં ખ્રસ્તી ધર્મ પુસ્તક.. "બાઇબલ" ને ..લગતો કેસ આવ્યો હોય. દુનિયા કહે છે કે."બાઇબલ" એ સનાતન સત્ય પુસ્તક છે. પરંતુ... કેટલાક કહે છે કે, "બાઇબલ"માં જે વાતો લખવામાં આવી છે,..તે સત્ય છે તેની સાબિતી શી?
– તો... આજે ફેંસલો કરીએ કે,.. "બાઇબલ" ...સત્ય પુસ્તક છે.. કે નહિ.....

(જજ પ્રવેશ કરે.. ત્યારે બધા ઉભા થાય.. બેસી જાય.. અદાલતની કાર્યવાહી શરુ થાય..)

જજઃ- પ્રોસિડ... (શરુ કરવામાં આવે)

સેક્રેટરી :- હોસાના V.B.S. અદાલતમાં ..ખ્રિસ્તી ધર્મપુસ્તક "બાઇબલ"માં લખવામાં આવેલી વાતો સત્ય હકિકત છે કે નહિ.તે વિષે કેસ ચાલે.

૧લો વકિલઃ- મી લોર્ડ...આ અદાલતની તોહિન છે..કાનુની દેવીની મશ્કરી છે..." બાઈબલ"ની વાતો.. સત્ય નથી..પણ દંતકથા છે.

૨જો વકિલઃ- એક્સક્યુઝમી લોર્ડ.મારા વકિલ મિત્ર ભૂલી જાય છે કે, "બાઇબલ" દંતકથા છે કે, સત્ય પુસ્તક..એ ફેંસલો કરવાનો હજી બાકી છે.

જજ :- યુ આર વોન..મીસ્ટર (પહેલા વકિલને કહે)

૧લો વકિલઃ- આઇ એમ સોરી ..મી લોર્ડ...

૨જો વકિલઃ- મી લોર્ડ...હું એ સાબિત કરી શકું છું કે.. "બાઇબલ" એ સત્ય પુસ્તક છે...મારી પાસે જોઇએ તેટલા પુરાવા અને સાક્ષીઓ છે.

જજ :- યુ કેન પ્રોસિડ.

૧લો વકિલઃ- આઇ ઓબ્જેક્ટ....મી લોર્ડ....હું મારા વકિલ મિત્રને પુછવા માંગુ છું કે...જળપ્રલયથી ..આખી દુનિયાનો નાશ થયો એની સાબિતિ છે..? એમની પાસે..?

૨જો વકિલઃ- યસ...મી લોર્ડ...ઈરાન,ઇજિપ્ત,.ગ્રીક.ઓસ્ટ્રેલિયા, કોરિયા, અમેરીકન ઇન્ડિયન, ફીજી, ચીન, ફિલીપાઇન, બ્રાઝીલ, મેક્સિકો, પેરુવિયન, ચીલી, ને મુસ્લીમ દેશો.અરે ભારતમાં પણ. એમ આખા વિશ્વના જુદા જુદા બીજા પણ અનેક દેશોમાં આ વાત માનવામાં આવે છે. કે પ્રુથ્વી પર મહાજળપ્રલયથી, આખી પ્રુથ્વીનો નાશ થયો હતો. એટલુ જ નહિ પણ,એ જળપ્રલયમાં વ્હાણ કે હોડી દવારા આઠ વ્યક્તિઓ બચી ગઇ હતી. તેમાંથી ફરી માનવજાત વિકાસ પામી. આ વાત સ્પષ્ટ રીતે બાઇબલમાં દર્શાવી છે.જો આટલા બધા દેશોના શાસ્ત્રો આ વાત માન્ય રાખતા હોય, તો બાઈબલની મહાજળપ્રલયની વાત સત્ય જ છે. એમાં લેશમાત્ર શંકા નથી.

૧લો વકિલઃ- યોર ઓનર.... ફક્ત માનવાના આધારે જ...સત્ય માની શકાય નહિ.. સાબિતિ..સાક્ષી..રજુ કરવામાં આવે...



જજ :- યુ કેન પ્રોસિડ...

૨જો વકિલઃ- યસ મી લોર્ડ ... હું મારા પ્રથમ સાક્ષી .. મીસ્ટર જ્યોર્જ સ્મીથને .. રજુ કરવા માંગુ છું....

સિપાઇ :- (બૂમ પાડે) મીસ્ટર જ્યોર્જ સ્મીથ....હાજિર હો..ઓ..ઓ..ઓ.....
(સાક્ષી.. જ્યોર્જ.. હાજર થાય.. રજો વકિલ.. તેમની પાસે "બાઇબલ" પર હાથ મુકાવી ..શપથ લેવડાવે)

જ્યોર્જ :- (ધર્મ પુસ્તક પર હાથ મૂકી બોલે) હું જે કંઇ કહીશ તે સત્ય કહીશ...સત્ય સિવાય...કંઇ પણ નહિ કહું....

૩જો વકિલ– આપનું નામ ..? અને..વ્યવસાય....?

જ્યોર્જ :- મારું નામ.. જ્યોર્જ સ્મીથ....હું ભુસ્તરશાસ્ત્રી છું...

૨જો વકિલઃ- "બાઇબલ"માં.. જે મહા જળપ્રલય વિષે..લખવામાં આવ્યું છે... તે વિષે .. આપ શું કહેવા માંગો છો ..?

જ્યોર્જ :- ઇ.સ.પૂર્વે..1872 માં..નિનવેની લાયબ્રેરીમાં રાખવામાં આવેલી શીલાપાટીઓ...પ્રભુઇસુખ્રિસ્ત પહેલાં ..2000 વર્ષો પૂર્વે લખાયેલી છે. તેમાં "બાઇબલ" માં જે વર્ણન છે ..તે જ મુજબનું ..વર્ણન કરવામાં આવેલું છે... માટે "બાઇબલ" સાચું છે.

૧લો વકિલઃ- મી લોર્ડ...એક શીલાપાટીના આધારે....જુઠને .. સત્ય.. ન કહી શકાય...એ લખાણ બનાવટી પણ હોય શકે.....

જજ :- મીસ્ટર વકિલ-ધ...આપની પાસે અન્ય કોઇ સાબિતી છે..?

૨જો વકિલઃ- યસ...મી લોર્ડ... હું... ડોક્ટર વુલીને... રજુ કરવા માંગુ છુ...મારી બીજી સાબિતી.

સિપાઇ :- (બમ પાડે) ડોક્ટર વુલી...હાજીર હો......

ડો.વુલી :- (શપથ લેવડાવે) હું જે કંઇ કહીશ તે સત્ય જ કહીશ ...સત્ય સિવાય બીજું કંઇ જ નહિ કહું..

૩જો વકિલઃ- ડૌક્ટર વુલી... "બાઇબલ"માં વર્ણવેલા જળપ્રલય વિષે... આપ શું કહો છો..?

ડો.વુલી :- 1) – સૌ પ્રથમ ઈ.સ. 1929માં, મને યુફ્રેટીસ નદીના ઉતરપ્રદેશમાં (અબ્રાહમના "ઉર" શહેરમાં) પાણીથી જામી ગયેલો.આઠ થી દસ ફૂટ જાડો..માટીનો થર મળી આવ્યો. તેની નીચે..નગરના અવશેષો, ઘરેણાં, વાસણો, ઓજારો, રથો. વગેરે મળ્યા. અને ખાસ વાત કે આટલો જાડૌ માટીનો થર...સામાન્ય પાણીના પ્રવાહથી થઇ જ ન શકે. કોઇ ભયંકર..મહામોટા જળપ્રલયથી જ થયો હોય,વળી બીજા પણ જુદા જુદા ત્રણ સ્થળોએ..આવા જ પાણી ધ્વારા પથરાયેલા ..કાદવના થરો..મળી આવ્યા છે..માટે આખી પ્રુથ્વી પર..કોઇ મહા ભયંકર જળપ્રલય થયો હતો...એ વાત નક્કિ જ છે..

૨) – એ જ રીતે સાઇબિરિયા,ગ્રીનલેન્ડ જેવા અતિ બરફાચ્છિાદિત પ્રદેશોમાં મહાકાય પ્રાણીઓના મ્રુત શરીરો હજારોની સંખ્યામાં મળી

આવ્યાં, જેમાં કેટલાકના મોંમાં તાજો ચવાતો ચારો હતો. એ પ્રાણીઓનાં પોસ્ટમાર્ટમ કરતાં, એ ગૂંગળાયને મરણ પામેલાં માલુમ પડયાં.

3) – પ્રુથ્વી પર અનેક જગાએ ખૂબ ઉંડા ખાડા છે, જેમાં પ્રુથ્વીના દરેક ખંડના પ્રાણીઔનાં હાડકાં, હજારોની સંખ્યામાં જોવા મળ્યાં છે. તો એક જ જગાએ પ્રુથ્વીના બધા ખંડોના પ્રાણીઔનાં હાડકાં એકસામટાં કેવી રીતે આવ્યાં? ચોક્કસ મહાજળપ્રલય થયો હોય તો જ આ શક્ય બને.

4) – ઉંચા પહાડોની ટોચો પર સમુદ્રના અવશેષો,શંખલાં છીપલાં, જોવા મળે છે. તે ક્યાંથી આવ્યાં ? મહાજળપ્રલયથી પર્વતો ડૂબી ગયા હોય તો જ એ શક્ય છે.

5) – પાણી હંમેશાં લેવલ શોધે છે,માટે જ્યારે આખી પ્રુથ્વીની સપાટી પર પાણી ફેલાય રહે, ત્યાર પછી જ ઉપર ચઢે,ને પર્વતો પર ચઢે ને પર્વતોને ડૂબાડી શકે.માટે બાઇબલ સત્ય છે,ને તેની જળપ્રલયથી પ્રુથ્વીનો નાશ થયો તે વાત પણ સત્ય હકિકત છે.

જજ :- આપની વાતની..નોંધ લેવામાં આવે છે...

1લો વકિલઃ- યોર મેજેસ્ટી... "બાઇબલ"ના યહોશુઆના પુસ્તકના..છઠઠા અધ્યાયમાં લખ્યું છે કે..લોકોના હોકારાથી. 'યરીખો' શહેરની દિવાલ તૂટી પડી...આ વાત એકદમ..હંબગ છે..કારણ કે યરીખો શહેરને..બબ્બે દિવાલો હતી...અંદરની દિવાલ... દસ ફૂટ જાડી..અને બહારની દિવાલ.. છ ફૂટ જાડી હતી..અને ત્રીસ ફૂટ ઉંચી હતી..વળી.. આ બે દિવાલ વચ્ચે..પંદર ફૂટનું અંતર હતું...આટલી મોટી દિવાલો... માત્ર હોકારાથી...તૂટી પડે..?...બિલકુલ અશક્ય...

જજઃ- મિસ્ટર વકિલ-૨ .. કંઇ કહેવું છે...? આપને આ વિષે..?

૨જો વકિલઃ- યસ..મી લોર્ડ.. આ માટે હું એક ..અંગ્રેજ ભુસ્તર શાસ્ત્રી.. ડોક્ટર જ્હોન ગારસ્ટેન્ગને.. બોલાવવા માંગુ છું.....

જજ :- યુ પ્રોસિડ...

સિપાઇ :- (બૂમ પાડે) ડોક્ટર જ્હોન ગારસ્ટેન્ગ...હાજીર હો.....

ડો.જ્હોન :- (શપથ લે) હું જે કંઇ કહીશ.. તે સત્ય જ કહીશ ..અને સત્ય સિવાય.. બીજું કંઇ નહિ કહું..

૩જો વકિલઃ- આપનું નામ .. અને વ્યવસાય...?

ડો. જ્હોન :- મારું નામ.. ડો.જ્હોન ગારસ્ટેન્ગ છે..હું એક અંગ્રેજ ..ભુસ્તર શાસ્ત્રી છું..

૨જો વકિલઃ- ડો. જ્હોન... " બાઇબલમાં" લખવામાં આવ્યું છે...તે 'યરીખો' શહેરના પતન વિષે ..આપે કોઇ શોધખોળ કરી છે ?

ડો.જ્હોન :- જી હા..સર..મેં 1929 થી 1936 દરમ્યાન..યરીખોના ખંડિયેરોની શોધ કરી.. 'યરીખો' શહેરના કોટ વિષે ઘણો અભ્યાસ કર્યો.. એ કોટ બનાવવામાં આવ્યો હતો, એમાં કંઇ જ ખામી નહોતી...છતાં



કોટ..એમને એમ તૂટી પડયો...વળી તેને બે દિવાલો હતી.. બહારની દિવાલ.અંદરની દિવાલને ખેંચીને...બહારની બાજુએ.. તૂટી પડી હતી..તૂટેલા કોટ નીચે અનાજ ભરવાના કોઠારો મળ્યા.. તેમાં પુષ્કળ ઘઉં..જવ..જુવાર..ખજૂર ..દાણા..વગેરે મળ્યા છે..મજબૂત દિવાલો તૂટે તેવી કોઇ જ શક્યતા નહોતી, છતાં બાઇબલના દેવની સૂચના અનુસાર જ દિવાલ તૂટી પડી એ સત્ય હકિકત છે. દૈવી ચમત્કાર જ છે.

૨જો વકિલઃ- મી લોર્ડ...નોંધ લેવામાં આવે...અને "બાઇબલમાં" એ ..યરીખો નગરને.. ફરીથી બાંધવામાં ન આવે ...તે મુજબ... આ અભ્યાસીઓની નોંધ છે..સાંભળો.. (ડો.જ્હોન તરફ ઈશારો કરી બોલવા કહે)

ડો જ્હોન :- યહોશુઆના પુસ્તક ૬:૨૬માં લખ્યું છે કે..યરીખો શહેરને ફરી બાંધવું નહી....બાંધનારને ભયંકર શિક્ષા થશે...
આ યરીખો શહેર પાંચસો વર્ષ સુધી ખંડેર જ રહયું...કોઇ એ નગર બાંધી શક્યું નહિ...અને હાલ જે યરીખો શહેર છે...તે કેટલાક માઇલ..દૂર છે..તેમજ એ યરીખો શહેર વિષે જે ભવિષ્યવાણીઓ બાઇબલમાં કરવામાં આવી તે મુજબ જ થયું છે તેના પુરાવા આ કોપીમાં છે. (કેટલાંક કાગળો જજને આપે)

૨જો વકિલઃ- (ઓળિયું આપે) મી લોર્ડ...આ છે લેખિત પુરાવા..નકશા.. અને સાબિતિ...આમ "બાઇબલ" એ કલ્પિત કે જોડી કાઢેલી વાતો નથી ..પણ સત્ય હકિકતો છે....

જજ :- આપની દલિલમાં વજુદ છે....

૧લો વકિલઃ- આઇ ઓબ્જેક્ટ...મી લોર્ડ..."બાઇબલ" ના રાજા સુલેમાનના જ્ઞાન અને તેના મહેલો વિષે..અતિશયોક્તિ છે. એ મકાનોને મહેલો બાંધવા માટે ..આટલા મોટા.. પથ્થરો અને ..આટલું બધું સોનું .. ક્યાંથી લાવ્યા હશે..?

૨જો વકિલઃ- અમારા કેટલાક ..ભુસ્તરશાસ્ત્રીઓ અને અધ્યાપકોશ્રીઓને.. તે વિષે જણાવવાની રજા માંગુ છુ...મી લોર્ડ..

જજ :- રજા છે..

સિપાઇ :- ભુસ્તરશાસ્ત્રી અને અધ્યાપકો.... હાજર હો......

૨જો વકિલઃ- અધ્યાપકશ્રી ...આપ 'બાઇબલના" રાજા સોલોમન વિષે જણાવશો..?

અધ્યાપક-1:-ઇ.સ. 1924માં,મેં 'માગિદોન' શહેરને સુલેમાન રાજાએ બંધાવેલા મંદિર વિષે અભ્યાસ કર્યો..તેના વર્ણન મુજબ.. મેં પ્લાન ઘડી કાઢયો..આ શહેર જે જગ્યા પર હતું..તેનું અનુમાન કરી..જમીન પર જુદા જુદા વિસ્તારોમાં નિશાનીઓ કરી..અને કારીગરોને કહયું અહીં ખોદો...દિવાલ મળશે...આ જગા પર ઓરડી મળશે...અને એમ જ.. આખું 'મગિદોન' શહેર મળ્યું.... અને આ રીતે 'હાસોર' અને

'ગેઝેર' શહેર પણ શોધી કાઢ્યા... (વકિલને ફાઇલ આપે) આ છે તે સઘળી વિગત અને નકશા..

અધ્યાપક-2:-સુલેમાન રાજાએ...પોતાના મહેલો અને મંદિર અને તેની દિવાલ બાંધવા માટે...જે બહુ જ મોટા પથ્થરો વાપર્યા હતા...તે મેં.. ઇ.સ. 1952માં યરુશાલેમની નીચે એક ગુફા છે...તે શોધી કાઢી...જેમાંથી આ મોટા પથ્થરો લેવામાં આવ્યા હતા...

અધ્યાપક-3:-નામદાર સાહેબ... "બાઇબલમાં" ૧લો રાજા 9: 15-19 માં લખ્યા મુજબ... સુલેમાન રાજા પાસે..ચૌદસો રથો.. અને બાર હજાર ઘોડા...અને ચારસો પચાસ તબેલા હતા.. તેમાં કંઇજ અતિશયોક્તિ નથી...કારણ કે..મગ્ગિદોના શહેરના જે ખંડેરો મળી આવ્યા છે...તેમાં ચારસો પચાસ તબેલા અને ઘોડા બાંધવાના થાંભલા મળી આવ્યા છે.....

અધ્યાપક-4:-મેં 'એશ્યોન ગેબેર' શહેરના ખંડેરો શોધી કાઢ્યા છે...જે વહાણોનું મુખ્ય બંદર હોય..તેવું જ છે...જે જુદા જુદા દેશોમાં તાંબુ લઇ જતા હતા...કારણ કે..આ ખંડેરોમાં ઉધ્યોગ માટે બનાવેલા..મોટા ભઠ્ઠાવાળા મકાનો અને તાંબાની ખાણો મળી આવી છે.... "બાઇબલ" કહે છે કે...રાજા સુલેમાન...આરબ..આફ્રિકા..ભારતમાં વેપાર કરતો હતો...તે તાંબુ લઇ જતો હતો અને સોનું..રુપુ.. ઝવેરાત..હાથીદાંત..મોર વગેરે પ્રાણીઓ લાવતો હતો...તે વાતો તદન સત્ય હકિકતો છે....તેના પુરાવા છે..

જજ :- તમારી દલીલો સ્વીકારવામાં આવે છે....

૧લો વકિલ:- મી લોર્ડ...મારા વકિલ મિત્ર દાવો કરે છે કે...બાઇબલ હજારો વર્ષો પહેલાં ..લખાયું છે..તે કેવી રીતે માની શકાય..?

જજ :- મિસ્ટર વકિલ-2 આ વિષે આપનું શું કહેવું છે..?

૨જો વકિલ:- માનનિય નામદાર...પ્રથમ આ છોકરાઓને પૂછીએ... (બે 12 થી 15 વર્ષના છોકરાઓને હાજર કરવામાં આવે)
આપ કોણ છો તે કહો.. અને તમને શું મળ્યું હતું...? કેવી રીતે..? તે વિષે કહો...

છોકરો-1 :- ઇ.સ. 1947ની ઉનાળાની ઋતુમાં...હું અને આ મારો મિત્ર... ઇઝરાએલના મ્રુત સરોવર નજીક આવેલા..પર્વતો ઉપર..અમારાં ઘેટાં બકરાં ચરાવતા હતા...ત્યારે મારું એક બકરું ખોવાયું હતું...અમે પર્વતો પર આમતેમ શોધતા હતા..ત્યાં ઘણી ગુફાઓ હતી.. અમને એમ કે..બકરું ..એ ગુફાઓમાં પેસી ગયું હોય...એટલે હું નાનો પથ્થર લઇ..ગુફાઓ ઉપર મારતો હતો..એક ગુફા પર પથ્થર મારતાં.. રણકતો હોય તેવો .. જુદો જ અવાજ આવ્યો..તેથી મેં ને મારા મિત્રએ વારંવાર પથ્થરો મારી, આ અવાજ સાંભળ્યો..માટે અમને લાગ્યું કે ત્યાં કશુંક હોવું જોઈએ.અમે તે ગુફા પાસે ગયા..અને



તપાસ કરી તો..ત્યાં અમે માટીના વાસણો જોયા..અમે જઈને વડિલોને ખબર આપી, પછી તેઓએ ત્યાં જઇ તપાસ કરી તો, 10 ઇંચ પહોળા અને 25 થી 29 ઈંચ ઉંચા..માટીના સાત વાસણો મળી આવ્યાં..અમને એમ કે સોનારુપાના ચરુ હશે..પણ તેમાંથી તો...શણના લુગડામાં લપેટેલાં..સાત 'ઓળિયાં' (એટલે પુસ્તકો) મળ્યાં.. પછી તો ... વડિલોએ એ પુસ્તકો યરુશાલેમ શહેરમાં જઇ વેચી દીધાં.

૨જો વકિલ:- તમને ખબર છે..એ ઓળિયાં કોને વેચ્યાં હતાં..?

છોકરો-2 :- હા...હું મારા પિતા સાથે જ ગયો હતો..અમે ચાર ઓળિયાં આર્ક બિશપને વેચ્યાં હતાં..અને ત્રણ ઓળિયાં એક પ્રોફેસરને વેચ્યાં હતાં

1લો વકિલ:- યોર ઓનર...આ છોકરાઓ.. ઉપજાવેલી કાઢેલી વાર્તા કહી..ગેર માર્ગે દોરે છે..અને વકિલમિત્ર..કોર્ટનો સમય બરબાદ કરાવે છે...

જજ:- મિસ્ટર લોયર-2...શું આપ.. આ વાત સાચી છે... તેમ સાબિત કરી શકો છો..?

૨જો વકિલ:- યસ..મી લોર્ડ... આર્ક બિશપ અને મા.અધ્યાપકશ્રી ને સાક્ષી તરીકે હાજર કરું છું..
(આર્ક બિશપ અને પ્રોફેસર હાજર થાય...બન્નેને શપથ લેવડાવે..પછી પ્રશ્ન પૂછે)
માનનિય બિશપ સાહેબ... શું આ છોકરાઓ કહે છે..તેમ.. તમે ઓળિયાં ખરીધ્યા હતા.. તેમની પાસેથી..?

આર્ક બિશપ:-હાં...બિલકુલ સાચું...મેં ચાર ઓળિયાં ખરીધ્યાં હતા..આ જ લોકો પાસેથી.. અને તેમાં શું લખેલું છે તે જાણવા માટે ..હું વિધ્વાન અભ્યાસીઓ પાસે લઇ ગયો....તે તો 'યશાયા' અને 'હબ્બાકુક' ના ઓળિયાં હતાં...જે આજે તે 'બાઇબલ'ના મહાન પુસ્તકો છે.

પ્રોફેસર :- હા..મેં પણ..આ જ લોકો પાસેથી ત્રણ ઓળિયાં ખરીધ્યાં હતાં...મેં પણ ખુબ અભ્યાસ કર્યો..અને બીજા નિષ્ણાંત અભ્યાસીઓની પાસે પણ જઇને..પાકી ખાત્રી કરી...તો એ તો... 'ઉત્પતિ'ઓ 'પુનર્નિયમ'..અને 'ગીતશાસ્ત્ર' ના ઓળિયાં હતાં...જે "બાઇબલ"ના મુખ્ય પુસ્તકો છે....

આર્ક બિશપ:-એ પછી અમે .. આ છોકરાઓને જે ગુફાઓમાંથી આ ઓળિયાં મળ્યાં હતાં...તે ગુફાઓ જોઇ..અને 1949માં એ ગુફાઓમાં અમે વધુ શોધ કરી..તો બીજી સાડત્રીસ ગુફાઓ મળી આવી.અને અમને બીજાં 'પેપીરસ' 'ચામડા' અને 'ત્રાંબા' ના ઓળિયાં મળ્યાં... તે ઉપરાંત..દીવાઓ અને માટીનાં કેટલાંક વાસણો પણ મળી આવ્યાં..જે ઈ.સ. પૂર્વે હજારો વર્ષો પહેલાંનાં છે....

૨જો વકિલ:- તો ..આ ઓળિયાં...હાલ ક્યાં છે..?.. આપની પાસે..?

આર્ક બિશપ:-ઇઝરાઐલ સરકારે..આ ઓળિયાં..2500 ડોલરમાં (બે હજાર પાંચસો ડોલરમાં) મારી પાસેથી ખરીદી લીધાં... જે હાલ .. યરુશાલેમની હિબ્રુ

યુનિવર્સિટીમાં છે...ત્યાં "પસ્તકોનું પવિત્ર સ્થળ" નામનો એક ખાસ ઓરડો (રૂમ) છે...
તેમાં આ પુસ્તકો ...રાખવામાં આવેલાં છે..

રજો વકિલ:- યોર ઓનર...આ તમામ..પુરાવાઓ..અને સાક્ષીઓ ધ્વારા ..સાબિત થાય છે કે.. "બાઇબલ" એ બિલકુલ સત્ય પુસ્તક છે. માટે..મી લોર્ડ..આપને તથા અદાલતને નમ્ર અરજ છે કે... આ પવિત્ર પુસ્તક "બાઇબલ" .. એ સનાતન સત્ય પુસ્તક છે... તેમ જાહેર કરવામાં આવે...

જજ :- તમામ પુરાવાઓ..અને સાક્ષીઓની..જુબાનીઓને ધ્યાનમાં લઇને. "બાઇબલ" ને 'સનાતન સત્ય પસ્તક' ઠરાવવામાં આવે છે..
(જજ આ નિર્ણય લખે ...અને પેનની અણી તોડી નાંખે)
(અદાલતમાં હાજર તમામ લોકો..હર્ષોલ્લાસથી તાળીઓ પાડી...ધીમી કિકિયારીઓ કરી.. "બાઇબલ" ને સત્ય પુસ્તક સ્વીકારે)

-: પાત્રો :-

| | |
|---|---|
| 1) જજ | 9) અધ્યાપક-1 |
| 2) રાઇટર | 10) અધ્યાપક-2 |
| 3) વકિલ-1 | 11) અધ્યાપક-3 |
| 4) વકિલ-2 | 12) અધ્યાપક-4 |
| 5) સિપાઇ | 13) છોકરા-બે |
| 6) મી.જ્યોર્જ | 14) આર્ક બિશપ |
| 7) ડૉ.વુલી | 15) પ્રોફેસર |
| 8) ડૉ.જ્હોન | 16) પ્રેક્ષકો-10-15 |



## ૨૨ ચોથો માગી

દૃશ્ય-1

(એક ખાસ ચર્ચા મિટિંગ યોજવામાં આવી હોય તેવું દ્રશ્ય :- પૂર્વ દેશના ચારપાંચ ખગોળશાસ્ત્રીઓ જા માગીઓ એક ખંડમાં ચર્ચા કરતા બેઠા હોય, બીજા બેત્રણ વિદવાનો આવે. બધા ભેગા થઇ ચર્ચા કરતા હોય. - એવામાં બીજા ત્રણ યુવાન માગીઓ ઉતાવળા દોડતા આવે ને કહે)

કાસ્પર (1લો માગી) :- (આનંદાશ્ચર્ય ને ઉતેજનાપૂર્વક કહે) મુરબ્બીઓ... આર્તબાન... અમે રાત્રે આકાશમાં એક નવો જ 'તારો' જોયો.

આર્તબાન (૪ થો માગી):- (ઉત્સાહથી જવાબ આપે) હા..હા..કાસ્પર..અમે પણ એક નવો 'તારો' જોયો, તે કહેવા જ હું આવ્યો છું.

અબિયા (વૃધ્ધ પુરૂષ):- હા દિકરાઓ,.. એ 'તારો' નવો જ છે,..અને મને લાગે છે કે એ એજ 'તારો' છે, જે મહાન સમયનો સંકેત છે.

બેલ્થાઝાર (રજો માગી):- (પ્રશ્નાર્થ સૂરે કહે) મુરબ્બી... શાનો સંકેત ?

અબિયા (૧ વૃધ્ધ):- પવિત્રશાસ્ત્રમાં ભવિષ્યવાણી છે કે, "યાકુબમાંથી એક 'તારો' ઝબૂકશે, અને ઇઝરાયેલમાં રાજદંડ ઉઠશે" એનો અર્થ એ કે કોઇ મહાન રાજવીનું આગમન આ પ્રુથ્વી પર થશે. ... મને લાગે છે કે, એજ સંકેત આ 'તારો' બતાવે છે.

રેઉએલ (રજા વૃધ્ધ) :- હા કોઇ મહાન આત્મા પ્રુથ્વી પર પ્રગટ થવાનો હોય, ત્યારે આવા 'તારા'... દવારા સંકેત આપવામાં આવે છે.

અલિફાઝ (૩જો માગી):- (ઉતાવળથી બોલે) હા..હા..જરુર ..આ 'તારો' .. કોઇ મહાત્માનું આગમન દર્શાવતી નિશાની જ છે.

અબિયા (૧લા વૃધ્ધ):- ભાઇઓ..સાંભળો...આ 'તારો' આપણને કાલે રાત્રે જ દેખાયો છે...માટે હજુ વધુ નિરીક્ષણ કરો.. એ 'તારા' વિષે બરાબર અભ્યાસ કરો. પછી જ નિર્ણય કરી શકાય કે, એ મહાવિભૂતિનો જન્મ ક્યાં થવો જોઇએ ?

આર્તબાન :- હા..ભાઇઓ,સાચી વાત છે.. આપણે જુદા જુદા સ્થળેથી નિરીક્ષણ કરવું જોઇએ.

અબિયા :- બરાબર છે..એમ કરો..કાસ્પર,,બેલ્થાઝાર..અને અલિફાઝ..તમે ત્રણ જણા..બાબિલોનના પર્વતો પર જઇને નિરીક્ષણ કરો.
અને.. આર્તબાન..રેઉએલ, ને હું... અહી નબો પર્વત પર અમારી સાથે નિરીક્ષણ કરીશું.

રેઉએલ :- મને લાગે છે કે, બેત્રણ દિવસ નિરીક્ષણ કરવું જોઇએ. ત્યાર બાદ નિર્ણય પર આવવું જોઇએ.

અબિયા :- હા..બરાબર છે..સંપૂર્ણ ખાત્રી કર્યા બાદ જ એ મહાન રાજાના દર્શન કરવા નીકળજો...અને હાં... એ મહાન રાજા માટે કંઇક ભેટ લઇ જવાની પણ તૈયારી રાખજો.

કાસ્પર (૧લો માગી) :- હું.. એ રાજા માટે ..સોનું લઇ જઇશ..

બેલ્થાઝાર(૨જો માગી):- હું તો લોબાન લઇ જઇશ..

અલિફાઝ(૩જો માગી):- અને હું કિંમતી બોળ લઇ જઇશ..

આર્તબાન(૪થો માગી):- મેં તો હમણાં જ કિંમતી રત્નો ખરીધ્યાં છે.... (ખિસ્સામાંથી રુમાલમાં રાખેલાં રત્નો કાઢીને બતાવે) જુઓ.. આ 'સૂર્ય મણી'....આ 'નીલમણી'....આ મહામૂલુ 'મોતી' ....હું આ રત્નો એ મહાન રાજવીને ભેટ ધરીશ..

અબિયા :- સરસ....બહુ સરસ.. જાઓ એ મહાન રાજાના દર્શન કરીને ધન્ય થાઓ...
અને હા કાસ્પર તમે ત્રણે જણ દસ દિવસ સુધી આર્ત બાનની રાહ જોજો...અને આર્તબાન તું પહોંચી જજે તેમની પાસે, પછી ચારે જણ સાથે એ મહારાજા ના દર્શન કરવા મુસાફરી શરુ કરજો..

ચારે જણ સાથે બોલેઃ- જી મુરબ્બી....પ્રણામ.. ... (પ્રણામ કરી ચારે જાય)

અબિયા :- (આશિર્વાદના સૂરે કહે) ઇશ્વર તમને સફળ કરો.......
(બધા જાય.....)

## દ્રશ્ય – ૨

(પહેલા ત્રણ માગીઓ... આકાશ દર્શન કરતા હોય તેવું દ્રશ્ય)

કાસ્પર :- (ઉત્સુકતાથી) જુઓ.. જુઓ... પેલો 'તારો'... દેખાયઓ

બેલ્થાઝાર :- (એ તરફ જોઇને) અરે વાહ... કેટલો.. તેજસ્વી 'તારો' છે..? ચોક્કસ એ કોઇ મહારાજા જનમ્યાની નિશાની જ છે.

અલિફાઝ :- (એકદમ આશ્વર્યથી બોલે) અદ્દભૂત...ગ..જ..બ..અરે.. જુઓ..જુઓ એ 'તારો'.. સરકતો હોય એવું લાગે છે.

કાસ્પર :- (આશ્વર્યથી) હા.... આ તો યરુશાલેમ તરફ સરકતો હોય એવું લાગે છે.

બેલ્થાઝાર :- આપણે એ 'તારા'ની પાછળ પાછળ જઇએ...એ જ્યાં જાય ત્યાં આપણે જઇશું....ચાલો મુસાફરીની તૈયારી કરીએ..

કાસ્પર જી અલિફાઝ :- (સાથ બોલે) હા...હા...ચાલો..ચાલો..
(ત્રણે જણ અંદર જાય..... મુસાફરી માટેનો સામાન લઇને આવે)

કાસ્પર :- આ આર્તબાન હજી આવ્યો નથી....આપણે તેની રાહ જોવી પડશે.....દસ દિવસમાં આવવાનો હતો.

બેલ્થાઝાર :- હા. રાહ તો જોવી જ પડશે....આજે દસમો દિવસ થશે ..કાલ સુધી રાહ જોઇએ..- (ત્રણે ઉંઘી જાય ...બીજા દિવસે ઉઠે)

અલિફાઝ :- શું કરીશું ?.... આર્તબાનની રાહ જોવામાં પેલો 'તારો' આગળ નિકળી જશે...તો આપણને દેખાશે નહિ ..તો મુશ્કેલી પડશે.



કાસ્પર :- એમ કરો, આપણે આર્તબાન માટે ચિઠ્ઠી મૂકી દઇએ કે અમે 'તારા' ની પાછળ પાછળ પૂર્વ દિશામાં જઇએ છીએ, તું અમારી પાછળ પૂર્વ દિશામાં આવજે,.... ક્રોઇક જગાએ તો જરુર ભેગા થઇ જઇશુ.

બંને સાથે :- હા.....એ બરાબર છે.

કાસ્પર :- જુઓ.....અહિં પથ્થરોની નિશાની કરીએ.....ને તેમાં ચીઠ્ઠી મુકીએ.. (એક જણ ચિઠ્ઠી લખે... બે જણ પથ્થર લાવે ને એક પર એક ગોઠવે..અને નજરે પડે તેમ ચિઠ્ઠી દબાવીને મૂકે, પછી ચાલી નિકળે)

## દ્રશ્ય – ૩

(આર્તબાન – ૪થો માગી મુસાફરી માટે નિકળે છે.)

આર્તબાન :- અરે.. મારા મિત્રો મારી રાહ જોતા હશે,મારે જલ્દી પહોંચવું પડશે, આજે નવમો દિવસ તો થઇ ગયો. મારે ઉતાવળ કરવી પડશે.
(ઝડપથી ચાલે..રસ્તામાં એક બીમાર માણસ કણસતો હોય .. આર્તબાન અવાજ સાંભળીને તેની તરફ જાય..)

આર્તબાન :- (દયા ભર્યા અવાજે બોલે) અરે..રે..કોણ હશે બીચારો....?
(પાસે જઇને અડકે) અરે.... આને તો ભયંકર તાવ છે....ઘણો બીમાર લાગે છે..... (ઉભો થઇ..આંટા મારતા બબડે..)
શું કરું ..?.. મને તો ઘણું મોડુ થાય છે.....મારા મિત્રો જતા રહેશે તો ?.....અને પેલો 'તારો' પણ સરકતો હતો.. તે પણ મારી આંખોથી ઓઝલ થઇ જશે તો..? મારે તો એ દૈવી બાળરાજાના દર્શન કરવા જ છે... (બીમાર સામે જોઇને કહે) હવે.. આને હું કેવી રીતે મદદ કરું....?

બિમાર માણસ :- (દર્દથી કણસતો બોલે) પાણીઓ.પા..ણી..પા....

આર્તબાન :- મારે આને મદદ કરવી જ જોઇએ....દવાખાને તો લઇ જઉ ..
(દોડીને પાસે જાય, પાણી પીવડાવે, ઉચકીને ઉંટ પર બેસાડે ને દવાખાને લાવે..ડોક્ટર સાથે વાત કરે...)
ડૌક્ટર સાહેબ, આ ભાઇ,..રસ્તામાં બીમાર હાલતમાં પડયો હતો... બહુ જ ગરીબ લાગે છે.. અજાણ્યો છે.. ..

ડૌક્ટર :- અજાણ્યો છે....પણ ભાઇ.. સારવારના પૈસા કોણ આપશે?

આર્તબાન :- (મોતી કાઢીને આપે) લો ..સાહેબ,..આ મહામૂલુ મોતી છે, તેની બરાબર સારવાર કરજો..અને વધે તે એને આપી દેજો.. મારે તો ઘણે દૂર જવું છે...... (પેલા બીમારને કહે) .. ભાઇ....ઈશ્વર તને સાજો કરશે હોં......
(આર્તબાન મુસાફરી આગળ વધારે..નિરાશાના સૂરે સ્વગત બબડે)....
અરે..રે..સાંજ પડી ગઇ..આજનો દિવસ નીકળી ગયો..મને પહોંચતા હજી તો બે દિવસ થઇ જશે..મારા મિત્રો જતા રહયા

હશે તો.? (આકાશ તરફ જોઇ પ્રાર્થનાના સૂરે કહે) હે પ્રભુ..મને મદદ કરો, મારે એ મહાન દૈવી રાજાના દર્શન કરવા જ છે.. (જતો રહે)

### દશ્ય – ૩

(આર્તબાન ચાલતો ચાલતો ..ડુંગર પર પહોંચ્યો....મિત્રોને શોધે.. આમતેમ જાય.. જુએ.. બૂમ પાડે..)

ક્રા..સ્પ..ર....., બેલ્થાઝાર......ક્યાં છો તમે..? અ.લિ. ફાઝ.....કાસ્પર.....

(નિરાશના સૂરે કહે).. મારા મિત્રો જતા રહયા...અને પેલો 'તારો' પણ રાતે જ દેખાશે ને..?

(આકાશ તરફ જુએ..આમતેમ આંટા મારે..જુએ.. ગોઠવેલા પથ્થર જુએ..ઉત્સુકતાથી નજીક જાય..આશ્ચર્યથી બોલે)

નિશાની..?.. ઓહ ચીઠ્ઠી..?–(ચીઠ્ઠી લે.......ખોલીને મોટેથી વાંચે)

"ભાઇ આર્તબાન, અમે તારી ખૂબ રાહ જોઇ..એક આખો દિવસ રોકાયા,..હવે અમે એ સરકતા દૈવી 'તારા'ની પાછળ જઈએ છીએ, તું પૂર્વદીશામાં અમારી પાછળ આવજે,... આપણે જરુર ભેગા થઇશું......પ્રભુ તને સહાય કરો.....

લી. તારા મિત્રો કાસ્પર, બેલ્થાઝાર અને અલિફાઝ.."

(આર્તબાન નિરાશ થઇ જાય....પછી થોડો સ્વસ્થ થઇ બોલે)

આખરે નીકળી જ ગયા મારા દોસ્તો....કંઇ નહિ....મારે મારા તારનારના દર્શન કરવા જ છે માટે હું એકલો ..પણ પહોંચીને જ જંપીશ.

(આર્તબાન..મુંઝવણમાં આમ તેમ આંટા મારે...વિચાર કરતો હોય તેમ...પછી સ્વગત બબડે)

આર્તબાન :- (સ્વગત) પૂર્વ દિશામાં..પણ જાઉ ક્યાં ? પેલો તારો પણ મારી દ્દષ્ટિથી ઓઝલ થઇ ગયો. (થોડો વિચાર કરે) હા..યાદ આવ્યું..શાસ્ત્રમાં લખ્યું છે કે "હે યહુદિયાના 'બેથલેહેમ',..તારા માંથી એક એવો પુરુષ ઉત્પન્ન થશે,..કે જે ઇઝરાયેલનો અધિકારી થવાનો છે,"... માટે 'બેથલે હેમ' ગામમાં જ એ મહાપુરુષનો જન્મ થયો હોવો જોઇએ..માટે 'બેથલેહેમ' જ જઉ..

(મુસાફરી આગળ વધે..'બેથલેહેમ' ગામમાં આવી ગયો.....ઘેર ઘેર પૂછે....) અહિં કોઇ બાળકનો જન્મ થયો છે? .......(બીજા ઘેર જઇ પૂછે) કોઇ નવજાત શિશુનો જન્મ થયો છે ? (છેવટે પ્રભુઇસુના જન્મસ્થળે આવી પહોંચે)

અરે..બહેન..અહિં કોઇ બાળકનો જન્મ થયો છે ?

એક છોકરી :- અં..... હા.. થોડા દિવસ પહેલાં.... એક બાળકનો જન્મ થયો હતો અહિં...

આર્તબાન :- (ઉત્સુકતાથી) હેં...એં..એં..એં..? ખરેખર? ક્યાં છે એ બાળક? મને બતાવશો.....બહેન..?



છોકરી :- એ તો બહારગામથી આવેલા હતા..એટલે થોડા દિવસ જ અહિં રહયા..પછી એ બાળકના માતાપિતા તો એને લઇને જતા રહયા.

આર્તબાન :- કયાં ગયા એ લોકો મને કહો ને બહેન.....પ્લીઝ..

છોકરી :- જુઓ ભાઇ..વસતીગણતરી માટે હજારો લોકો આવેલા આ ગામમાં ..એ બધા અજાણ્યા મુસાફર હોય.,અમે તો આશરો આપેલો, એટલે અમને તો કંઇજ ખબર નથી.પણ..હા..એ લોકો અહિં હતા ત્યારે તમારા જેવા જ ત્રણ માણસો તેમને મળવા આવ્યા હતા. તેમણે કંચન..બોળ..અને લોબાન..એવી ભેટો આપી હતી તે બાળકને, એ મને ખબર છે..પણ પછી તો એ લોકો જતા રહયા.. ક્યાં ગયા એ તો ખબર નથી ભાઇ..

આર્તબાન :- (નિરાશાના સૂરે કહે) ઓહ...એ તો મારા મિત્રો જ હતા...અરે રે...મારા મિત્રોને પ્રભુના દર્શન થયા..હું કેવો અભાગી..મને ના મળ્યા પ્રભુ... (આકાશ તરફ જોઇને) પ્રભુ.... મારે તમારા દર્શન કરવા જ છે...... હવે ક્યાં શોધું મારા પ્રભુને ?
.....(સ્વગત બોલતો....આર્તબાન નિરાશ મને ચાલ્યો જાય)

### દશ્ય – ૪

આર્તબાન :- ચાલ યરુશાલેમ જાઉ.....યરુશાલેમના ભવ્ય મંદિરમાં ..પ્રાર્થના કરવા જાઉ..

(આર્તબાન યરુશાલેમના મંદિરમાં આવે...મંદિર નિહાળે..પ્રાર્થના કરે..પછી મંદિરમાં એક જગાએ નિરાશ વદને બેસે.. વુધ્ધ પ્રબોધક શિમિયોન આવે)

શિમિયોન :- ભાઇ..અજાણ્યા લાગો છો.....કંઇ મદદની જરુર છે ..?

આર્તબાન :- (પ્રણામ કરે) પ્રણામ....હું ઘણા દૂર દેશથી આવ્યો છું, ખગોળશાસ્ત્રી છું..આકાશમાં એક નવો જ તેજસ્વી 'તારો' જોયો...એ કોઇ મહાન વ્યક્તિના જન્મની નિશાની છે...શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે એ દૈવી આત્મા.. આ પ્રદેશમાં જ જનમ્યા હોવા જોઈએ..બસ એ દૈવી આત્માના દર્શન કરવા નિકળ્યો છું..... આપ મારા માટે પ્રાર્થના કરો કે.....હું એ દૈવી બાળકના દર્શન કરી શકું....

શિમિયોન :- (આશ્ચર્યથી) ઓહ.....દૈવી બાળક..? એને તો થોડા દિવસ પહેલાં, એના માતાપિતા આ મંદિરમાં લઇને આવ્યા હતા... (આકાશ તરફ હાથ પ્રસારી) એ બાળક..તો જગતના સર્વ લોકોનો તારણહાર છે..અને ઇઝરાયેલનો પ્રકાશ.. પ્રભુઓના..પ્રભુ..છે.

આર્તબાન :- (આશ્ચર્ય ને ઉત્સુકતાથી શીમયોનના હાથ પકડીને કહે) ખરેખર મુરબ્બી..?... ક્યાં છે દૈવી બાળક ? મને બતાવો ને....

મારે તેના  દર્શન કરવા છે

શિમયોન :- દિકરા,..એ વાતને આજે તો દસબાર દિવસ થઇ ગયા... તે બાળકનું સ્વાર્પણ કરવા આવ્યા હતા, તેના માતાપિતા...... પછી તો તેઓ ..જતા રહયા.

હાન્ના :- (હાન્ના નામની વૃધ્ધ સ્ત્રી ત્યાં સફાઇ કરતી હોય) સાચી વાત છે..તે બાળક તો..આખી ઇઝરાયેલ પ્રજા..જે ઉધ્ધારકની વાટ જુએ છે..તે જ છે.... કેવું દૈવી 'તેજ' પ્રકાશતું હતું....તે બાળકમાંથી....ખબર નહિ તેઓ ક્યાં ગયાં હશે..?

આર્તબાન :- (ખુબ નિરાશ થઇ કહે) અરે..રે..ફરી એકવાર મોડો પડયો હું...મારા પ્રભુ... મને ના મળ્યા. (રડી પડે..રડતાં રડતાં બોલે) કેમ ..પ્રભુ..કેમ..?   મને દર્શન નથી દેતા ?......

શિમયોન :- (ખભે હાથ મૂકીને કહે) દિકરા..એમ નિરાશ ન થા..તને જરુર પ્રભુના દર્શન થશે.....

હાન્ના :- હા..બેટા. તારી ઉત્કંઠા તને જરુર એ તારણહારનો ભટો કરાવશે ..જા..તારા તારણહારની શોધ કર.. (બધા પોતાના રસ્તે ચાલ્યા જાય..)

## દ્રશ્ય – ૫

આર્તબાન :- (સ્વગત બબડતો ચાલ્યો જતો હોય) હે પ્રભુ...હું તમને ક્યાં શોધું?...તમે જ મને માર્ગ બતાવો..
(કેટલાક લોકો એક કન્યાને પકડીને લઇ જતા હોય,..કન્યાની માતા રડતી-કકડતી તેને છોડી દેવા વિનંતી કરતી હોય.....તેવું દ્રશ્ય)

માતા :- છોડી દો...છોડી દો ..મારી દિકરીને...મને લઇ જાઓ..પણ મારી દિકરીને છોડી દો. (આ જોઇ આર્તબાન ઉભો રહે...પેલી માતા મદદ મેળવવા આર્ત બાનના પગ પકડીને કાલાવાલા કરે)

માતા :- ભાઇ સાહેબ...મારી દિકરીને છોડાવો ..આ લોકો મારી દિકરીને ગુલામ બનાવી લઇ જાય છે....મદદ કરો ભાઇ....બચાવો.. બચાવો મારી  દિકરીને...(ખૂબ રડે)

આર્તબાન :- (હાથ જોડી એ ટોળાને ઉભા રાખે..નમ્રતાથી કહે) મારા ભાઈઓ... શું બાબત છે..? શા માટે લઇ જાઓ છો..આ દિકરીને.....

એક માણસ :- અરે...આ બાઇનો પતિ મારી પાસેથી ઉછીના રુપિયા લઇ જતો હતો...આજે વ્યાજ સાથે દસહજાર થઇ ગયા..હવે આનો પતિ તો મરી ગયો, હવે આ બાઇ ક્યાંથી દેવું ચુકવવાની છે..? એટલે તેની છોકરીને ગુલામ તરીકે લઇ જઉ છું.....

આર્તબાન :- (હાથ જોડીને નમ્રતાથી કહે) ભાઇ..દયા કરો..વિધવા બાઇનો સહારો છે, આ દિકરી...છોડી દો ભાઇ આ દિકરીને.. દયા કરો....

એ માણસ :- (કરડાકીથી બોલે) દયા કરો તે......દેવું કોણ ચુકવશે...? મારા દસ હજાર રુપિયાનું શું......?



આર્તબાન :- (ખિસ્સામાંથી રુમાલ કાઢે..નીલમણી કાઢીને આપી દે) હું તમારું દેવું ચુકવી દઉ તો.?...લો આ બહુ કિંમતી નીલમણી છે... તે લઇ લો... પણ..આ વિધવા બાઇની દિકરીને છોડી દો......

એ માણસ :- (નીલમણી હાથમાં લે...આભો બની ફેરવી ફેરવીને જુએ...આશ્વર્યથી બોલે) ની લ મ ણી..? છોડી દો...છોડી દો..એ છોકરીને....
(છોકરીને છોડી દે...ટોળું ખુશ થતું ચાલ્યું જાય..છોકરી દોડીને માતાને વળગી પડે..)

માતા :- (માદિકરી આર્તબાનના પગે લાગી આભાર માને)
આભાર..ભાઇ,. ખૂબ મહેરબાની..પ્રભુ તમારું ભલું કરે...(આંસુ લુછતાં ચાલ્યા જાય)

આર્તબાન :- (આકાશ તરફ જોઇને કહે) હે..પ્રભુ...તમને આપવાની ભેટમાંથી બે રત્નો તો ગયાં..હવે એક જ બાકી જ રહય જલ્દી દર્શન આપો અને આ છેલ્લી ભેટ સ્વીકારો...... (આગળ ચાલ્યો જાય...)

## દ્રશ્ય – ૬

(લગભગ બાર વર્ષ વીતી ગયાં.આર્તબાન પરોપકારનાં કામ કરતો કરતો પોતાના તારણહારના દશર્ન કરવા માટે મુસાફરી કરતો જ રહે છે.)
(એક બોર્ડ ઉપર લખવું "બાર વર્ષ બાદ"..અને પ્રેક્ષકોને બતાવવું...)

આર્તબાન :- (ચાલતાં ચાલતાં સ્વગત બોલે) ફરતાં ફરતાં બાર વર્ષ વીતી ગયાં...પણ નથી મળતા મારા મિત્રો કે નથી મળતા મારા પ્રભુ..... પરંતુ હે ઇશ્વર મારી જીંદગીના છેલ્લા શ્વાસ સુધી હું તમને શોધતો જ રહીશ...મારે તમારા દર્શન કરવા જ છે...મને ખાત્રી છે..તમે મને મળશો જ (ચાલતાં ચાલતાં યરુશાલેમમાં આવી ગયો...મંદિરને જોઇને.. આનંદાશ્વર્યથી બોલે)
આ હા..હા..હા..કેટલું ભવ્ય છે આ યરુશાલેમનું મંદિર...,
(મંદિરમાં જઇ ઘુંટણે પડી..હાથ ઉચા કરી ..પ્રાર્થના કરે)
હે પ્રભુ..તમારા ભક્ત સોલોમને કહયું છે કે ..."જ્યારે તમારા લોક..આ સ્થાન તરફ મુખ ફેરવીને પ્રાર્થના કરે ત્યારે તમે તેનું સાંભળજો" તો હે.. પ્રભુ...આજે તમે મારી પ્રાર્થના સાંભળો...તમે મને દર્શન આપો..મારે તમને જોવા છે પ્રભુ...દર્શન આપો...
(આમ થોડી વાર પ્રાર્થનામાં રહે...પછી ઉભો થઇ મંદિરમાં એક જગાએ બેસે...મંદિરમાં કેટલાક  યાજકો, ફરોશીઓ, શાસ્ત્રીઓ ચર્ચા કરતા હોય તે સાંભળે)

યાજક :- ખરેખર ..એ છોકરામાં જરુર દેવનો આત્મા છે..તેની વાતો...અને વાત કરવાની રીત..કેવી ગજબ હતી ...?

૧લો શાસ્ત્રી :- હા...તે છોકરો બોલતો હતો, ત્યારે મારા દ્રદયમાં....તો કંઇક ગજબનો અનુભવ થતો હતો.

૨જો શાસ્ત્રી :- ચોક્કસ... એ છોકરામાં દૈવી આત્મા હોવો જોઇએ..નહિ તો એ આવી વાતો કરી જ ના શકે.....

(આર્તબાન એમની વાતો સાંભળી ઉત્સુકતાથી તેઓની પાસે જઇ પુછે)

આર્તબાન :- (પ્રણામ કરીને કહે) પ્રણામ..સાહેબો.. આપ કોના વિષે વાત કરી રહયા છો..? તે મને જણાવશો.....પ્લીઝ..

યાજક :- અરે ભાઇ, એક બારેક વર્ષનો છોકરો આવ્યો હતો અહિં મંદિરમાં..તે અમારી સાથે ધર્મચર્ચા કરવા લાગ્યો..તેની વાત કરવાની છટા...તેનું જ્ઞાન....ગજબના હતા..

૧લો શાસ્ત્રી :- (આશ્ચર્યથી કહે) અરે..તે બોલતો હતો ત્યારે તેના મુખ પર અજાયબ ...પ્રકાશઆભા પ્રગટતી હતી..જાણે દૈવી પ્રકાશ..

૨જો શાસ્ત્રી :- જાણે કોઇ દૈવીપુત્ર હોય તેવું લાગતું હતુ..મને તો..... ગ..જ..બ..ની અનુભૂતિ થતી હતી..

આર્તબાન :- (ઉત્સુકતાથી પૂછે) સાહેબો... કોણ હતો એ છોકરો..? મને બતાવશો..પ્લીઝ..? મારે જોવો છે એને..ક્યાં છે એ.....?

યાજક :- ભાઇ..એ કોણ હતો ને ક્યાં ગયો...એ તો અમને ય ખબર નથી...અમે ચર્ચા કરતા હતા ત્યારે ..તે અમારી સાથે ચર્ચા કરવા લાગ્યો.. અમે તો આશ્ચર્યચકિત થઇ તેનુ સાંભળતા હતા...એટલામાં તેનાં માતાપિતા આવીને લઇ ગયા..... ક્યાંથી આવ્યો ને ક્યાં ગયાં...ખ્યાલ જ ના રહયો..

આર્તબાન :- (ખૂબ હતાશ થઇ ..માથું પકડીને બેસી જાય..આક્રંદભર્યા સ્વરે બોલે) ઓ પ્રભુ એ તમે જ હશો..પ્રભુ હું અહીં પણ મોડો પડયો...? પ્રભુ તમે ના મળ્યા..? ઓ પ્રભુ.....

(યાજક અને શાસ્ત્રીઓ આશ્ચર્ય કરતા ચાલ્યા જાય.....થોડી વાર પછી આર્તબાન પણ નિરાશ વદને ચાલ્યો જાય...)

## દ્રશ્ય – ૭

(આર્તબાન “કાના” ગામમાં આવે છે, કોઇને પૂછે છે .........બોર્ડ પર લખીને બતાવવું “જથો માગી “કાના” ગામમાં)

આર્તબાન :- (એક માણસને પૂછે) ભાઇ આ કયું ગામ છે..? અહિં કોઇ ધર્મશાળા હશે ?

એક માણસ :- આ “કાના” ગામ છે..આ.. તરફ આગળ જાઓ. ચાર રસ્તા આવશે.. ત્યાં કોઇને પૂછજો..ધર્મશાળા બતાવશે..

(આર્તબાન આગળ જાય...ચાલતા ચાલતાં ..એક અનાથાશ્રમાં બાળકોના રડવાનો અવાજ સાંભળે .....)

આર્તબાન :- અરે.....આ તો ઘણાં બાળકો રડતાં હોય તેવો અવાજ આવે છે...

(ઉભો રહે..નજીક જઇ જુએ..ઘરમાં ઘણાં બાળકો રડતાં,ઠંડીથી ધ્રુજતાં,ભૂખથી,તાવથી પિડાતાં હોય..સંચાલક ભાઇબહેન પણ બીમાર હાલતમાં દેખાય)



આર્તબાન :- (દયા આવે..પેલા ભાઇ પાસે જઇને પૂછે) ભાઇ શું થયું છે ? કેમ રડે છે બધાં..?

સંચાલક :- શું કરીએ ભઇ..? અમે આ અનાથાશ્રમ ચલાવીએ છીએ.. અમે બંને જણ બીમાર થઇ ગયાં છીએ...કેટલાંક બાળકોને પણ તાવ, શરદી, ખાંસી છે અને ખાવાના સાંસાં છે...ત્યારે આ કડકડતી ઠંડીમાં, આ છોકરાં માટે ગરમ કપડાં ક્યાંથી લાવીએ..? એટલે રડે છે બીચારાં.....શું કરીએ..?

(હાથ ઉપર કરી પ્રાર્થનાના સૂરે કહે) કોઇ મદદ કરનાર નથી.. . પ્રભુ...હવે તો તમે જ કંઇ મદદ કરો..તો..જ ..

આર્તબાન :- (દયા આવે) ભાઇ અને બહેન,... જો તમને વાંધો ના હોય....તો હું તમારી મદદ કરું....?

સંચાલક :- (હાથ જોડી કહે) મહેરબાની ભાઇ મદદ કરો તો....આ બાળકો માટે કંઇ ખાવાની વ્યવસ્થા કરી આપો તો બહુ મહેરબાની.. પ્રભુ તમારુ ભલું કરશે.....

આર્તબાન :- જરુર.....ચિંતા ના કરશો.....હું તમને મદદ કરીશ...

(હાથમાં થેલો લઇ ખરીદી કરવા નિકળે... ચાલતાં ચાલતાં પ્રાર્થનાના સૂરે કહે....ખિસ્સામાંથી રુમાલમાંનું રત્ન કાઢીને બોલે)

હે પ્રભુ.....હવે તમને ભેટ ધરવા આ છેલ્લૂં રત્ન બાકી હતું ..તે હવે આ અનાથાશ્રમ માટે વાપરું છું.....

(આકાશ તરફ જોઇ કહે) હે મારા પ્રભુ.....હવે તો ખાલી હાથે તમારી પાસે આવીશ...

વાણી :- (બહારથી કોઇ બોલે–આમ આર્તબાન ‘કાના’ગામના અનાથાશ્રમમાં સેવા કરવા રોકાય જાય છે..)

આર્તબાન :- (સ્વગત બબડતો જાય) બજારમાં જઇ આશ્રમ માટે અનાજ ખરીદવું પડશે...અને બાળકો માટે ગરમ કપડાં પણ ખરીદી લાવું...

(કામ માટે બજારમાં નિકળ્યો છે...ચાલતાં ચાલતાં લોકોની વાતો સંભળે છે...બે માણસો વાતો કરતા જતા હોય .તેમની પાછળ ચાલતો હોય)

જોના :- અરે ..માર્ક.. ગઇ કાલે તું .... એલાઝારના લગનમાં આવ્યો હતો ?

માર્ક :- (આશ્ચર્યભાવથી બોલે) હા યાર... કેવો ગજબ ચમત્કાર... પેલા મરિયમ આન્ટીના ઇસુએ તો ‘પા..ણી’ નો દ્રાક્ષારસ બનાવ્યો હતો.

કેટલો મસ્ત..... સ્વાદિષ્ટ હતો,,,,, નહિ ?

જોના :- (આશ્ચર્યથી) હા યાર..ગજબ ..પણ માર્ક એ ઇસુને તેં જોયા હતા ?...તેમને જોઇને હું તો આભો જ બની ગયો હતો.. દૈવીપુરુષ હોય તેવું તેજ હતું એમનું...મને તો લાગ્યું કે ખુદ ઇશ્વર ઉતરી આવ્યા છે.....

આર્તબાન :- (મનમાં વિચારતો હોય તેમ બોલે) દૈવી પરુષ...ઇશ્વર....?

(પેલા બેમાણસની નજીક જઈ નમ્રતાથી પૂછે) નમસ્તે ભાઇઓ.....તમે કોની વાતો કરો છો ?

જોના :- અરે ભાઇ..ગઇ કાલે એક લગ્ન હતું...જમણમાં ખરા ટાઇમે જ દ્રાક્ષારસ ખૂટી ગયો...એ સમયે 'ઈસુ' નામના એક ભલાઆદમીએ છ કૂંડામાં પાણી ભરાવ્યું. અને ચમત્કાર કરી, એ પાણીનો દ્રાક્ષારસ બનાવી દીધો..
એટલો સરસ..એટલો સ.ર.સ..કે કદી ના પીધો હોય.

માર્ક :- (આશ્વર્યથી) ખરેખર.....એ ઇસુ તો દૈવી આત્મા છે....મને ખબર છે....કારણ કે એ લોકો અમારી પડોશમાં જ રહે છે..... તેમની માતા મરિયમને તો દેવદૂતે દર્શન આપ્યું હતું... અને કહયું હતું કે "તમને એક પુત્ર જનમશે..જે આખા જગતના માનવજાતનો ઉધ્ધાર કરશે..." એ જ ઇસુ હતા એ.....હું ઓળખુંને એમને....

આર્તબાન :- (આશ્વર્યથી કહે) ખરેખર....ક્યાં છે એ ઇસુ...? મને બતાવોને ભાઇ.....પ્લી...ઝ..?

જોના :- અરે ભાઇ..પછી.. એ ઇસુ ક્યાં ગયા..એ કોને ખબર....? પછી તો બધા...,લગનમાં....ખાવાપીવામાં...ને મોજશોખમાં...પડયા હોય..પછી ઇસુને કોણ પૂછે છે.. ક્મ યાર..બરાબરને......હા..હા..હા..હા..હા.. (બંને મિત્રો તાળી આપી હસતા હસતા જતા રહે)

આર્તબાન :- (હતાશ થઇ બોલે) અરે..રે..પ્રભુ...? તમે 'કાના' ગામમાં હતા.. ને હું પણ 'કાના'માં જ હતો.....તો પણ મને કેમ ના મળ્યા .પ્રભુ..? કેમ ..પ્રભુ..કેમ..?
(માથુ ઘુંટણ પર નમાવી નિરાશ થઇ..બેસી જાય.....પછી સ્વસ્થ થઇ ચાલ્યો જાય..)

## દ્રશ્ય – ૮

આર્તબાન :- હવે અનાથાશ્રમની વ્યવસ્થા બરાબર થઇ ગઇ છે...માટે ચાલો હવે હું મારા તારણહાર પ્રભુની શોધ કરવા નીકળું...
(આર્તબાન ખભે થલો લટકાવી ચાલ્યો જાય....રસ્તામાં એક ટોળું જતું હોય ...તેની પાછળ ચાલતો..ટોળાની વાતો સાંભળતો...જતો હોય..)

ઝિલ્પા :- અલી દીના...આ તો ખરો ચમત્કાર નહિ..? બે જ માછલી અને પાંચ જ રોટલીથી આખા પાંચ હજાર માણસો જમે.. એવું બને કદી ?

દીના :- હા અલી.. આ ઇસુ તો સાચે જ... ' દેવ' છે હોં... તો જ આવો ચમત્કાર કરી શકે ને....?

રુબેન :- તમે જોયું..? એ ઇસુ આપણને ઉપદેશ કરતા હતા...ત્યા તેમનું મોં કેવું ઝગારા મારતુ હતું ..? દૈવી તેજ નિકળતું હતું તેજ...

હનોખ :- હા ભઇ હા...એ ઈસુ તો...દેવ નહિ તો દેવના દિકરો તો છે જ હોં.....એમાં શંકા જ નહિ.....



(આર્તબાન ...આ વાતો સાંભળી,..તેઓની પાસે જઇને પુછે)

આર્તબાન :- (સ્વગત બોલે) દેવ...? દેવપુત્ર...? ઈસુ...?
(આગળ જતા લોકોને ઉભા રાખે) ઓ ભાઈબેનો...ઉભા રહો.....
(પેલા લોકો ઉભા રહે) તમે કોની વાતો કરો છો...?
મને કહો ને....

રુબેન :- અરે ભાઇ...જો પેલો.. ડુંગરો દેખાય છે ને.... ત્યાં અમે બધાં ગયાં હતાં.. 'ઇસુ' નામના એક માણસ.. એવો સરસ ઉપદેશ કરે છે કે તમે સાંભળ્યા જ કરો...અરે તમારું જીવન સુધરી જાય...

હનોખ :- હા...એ ઈસુએ તો ગજબ ચમત્કાર કર્યો...ત્યાં તો પાંચ હજાર લોકો ભેગા થયેલા...તે બધાંને બે માછલી ને પાંચ રોટલીમાંથી જ ખવડાવ્યું...બધાંએ ધરાયને પેટભરીને ખાધુ...પછી 'ઈસુ'એ કહયું કે..બધાં એઠવાડો ત્યાં પડી રહેવા ના દો... ભેગો કરી લો.... તો માનશો..? છાંડેલા ટૂકડાની ય બાર ટોપલી ભરાય...બોલો... આ ચમત્કાર જેવોતેવો છે? ગજબ કહેવાય.....

આર્તબાન :- (ઉત્સુકતાથી કહે) ઈસુ..? ક્યાં છે ઇસુ...? પેલા ડુંગર પર.....?
(ડુંગર તરફ દોડે)

રુબેન :- ઓ ભઇ...ઓ ભઇઇ... (દોડતા આર્તબાનને બૂમ પાડે..આર્ત બાન ઉભો રહે) એ તો પછી હોડીમાં બેસીને જતા રહયા....પેલી પાર.....હવે તને ના મળે....હવે એ તો ક્યાં ગયા હશે..શું ખબર...?

આર્તબાન :- (નિરાશ થઇ બોલે) જતા રહયા...? પ્રભુ ઇસુ..?
અરે..રે.. પ્રભુ મને દર્શન કેમ નથી કરાવતા.....?
(આર્તબાન માથે હાથ દઇબેસી જાય..બહુ દુઃખી દેખાય..થોડીવાર પછી ઉભો થઇ ચાલ્યો જાય...પેલા લોકો પણ આશ્વર્ય કરતા જતા રહે.)

## દ્રશ્ય – ૯

વાણી :- (આમ આર્તબાન ભલાઇના કામ કરતો...પ્રભુઇસુની શોધ કરતો પાછો યરુશાલેમ શહેરમાં આવ્યો...)

આર્તબાન :- (ચાલતાં..ચારેતરફ નજર કરતાં આશ્વર્યથી કહે) અરે...આજે યરુશાલેમ શહેર શાંત શાંત કેમ લાગે છે..? પાસ્ખાપર્વ ચાલે છે...ત્યારે તો શહેર ધમધમતુ હોય...પણ આજે તો કંઇ અજબ શાંતિ લાગે છે.. .એમ કેમ હશે ..?
(બે ત્રણ માણસો વાતો કરતા જતા હોય..આર્તબાન ચાલતાં ચાલતાં તેમની વાતો સાંભળે છે.)

૧લી વ્યક્તિ :- (બહુ દુઃખ પૂર્વક કહે) બહુ જ ખરાબ...બહુ જ ખરાબ...જેણે હંમેશાં દરેકનું ભલું જ કર્યું હોય...એવા દેવ સમાન 'ઈસુને' વધસ્તંભે જડાવે તે ચાલે...?

૨જી વ્યક્તિ :- એ 'ઇસુ'એ....તો આંધળાને દેખતા..લંગડાને ચાલતા ને મરેલાંને ય જીવતા કર્યા...એ માણસ નહિ દેવ છે દેવ..પરમેશ્વર..

૩જી વ્યક્તિ :- ખરેખર એ દેવ જેવા માણસનો કંઇ જ ગુનો નથી...છતાં તેને વધસ્તંભે જડે એ હળાહળ અન્યાય છે...પાપ છે..ભયંકર પાપ..
(આ સાંભળી આર્તબાન..તેમની પાસે જઇને પૂછે)

આર્તબાન :- (બેબાકળો થઇ પૂછે) કોણ..? ક્યાં..? દેવ..? 'ઇસુદેવને' વધસ્તંભે જડે છે..? ક્યાં..? મને બતાવો.. પ્લીઝ.. બતાવો..

૧લી વ્યક્તિ :- (આંગળી ચીંધી કહે) એ...આ બાજુ... 'ગલગથા' નામની ટેકરી છે,ત્યાં વધસ્તંભે જડવા લઇ ગયા...પ્રભુઇસુને...

આર્તબાનઃ- (બેબાકળો બની દોડે) 'ગલગથા' ની ટેકરી...? ઓ ઇસુ..ઉ..ઉ...મારા પ્રભુ..ઉ..ઉ...હું આવું છું.......
(દોડતો જાય)

### દૃશ્ય – ૧૦

(આર્તબાન દોડતો હાંફતો..ટેકરી પર પહોંચ્યો..ત્યાં બે ત્રણ બેનો.. બેત્રણ ભાઇઓ રડતા રડતા પાછા જતા હોય...તેમને પૂછે.)

આર્તબાન :- (હાંફતાં..હાંફતાં.પૂછે) અરે ભાઇઓ, આ ગલગથા ટેકરી છે..? અહીં કોઇ 'ઈસુને' વધસ્તંભે જડવા લાવ્યા છે..? તે ક્યાં છે..?

એક જણ :- (રડમસ..દુઃખી અવાજે કહે) ભઇ...એ ભલા 'ઇસુને' તો...હમણાં જ કબરે દફનાવવા..લઇ ગયા...

આર્તબાન :- (વ્યાકુળ થઇ કહે) હેં..એં..એં..? એટલે ..? 'ઈસુ' મરી ગયા..? ને કબરે દફનાવવા લઇ ગયા...? ક્યાં..ક્યાં..?

બીજો માણસ :- (દુઃખી સ્વરે કહે) ભાઇ...ક્યાં દફનાવવા લઇ ગયા એ તો અમને ય ખબર નથી..એટલી ભીડ..ને અવાજ.. તે શું ખબર પડે.

આર્તબાન :- (દુઃખથી ફસડાય પડે) 'ઇસુ'...પ્રભુ 'ઇસુ'...આખરે ય તમે ના જ મળ્યા... (કલ્પાંત કરતાં બોલે) કેમ પ્રભ..કેમ...? મને કેમ દર્શન ના આપ્યું.... (રડે છે....... થોડી વાર પછી.....જતો રહે)

### દૃશ્ય – ૧૧

(આર્તબાન રસ્તે ચાલતો ચાલતો..સ્વગત બબડતો જતો હોય.... સામેથી એક માણસ આવતો હોય....તેવું દૃશ્ય)

આર્તબાન :- (સ્વગત) હું કેવો કમભાગી...પ્રભુઇસુના દર્શન માટે આખી જીંદગી તલપ્યો....પણ મને ઇસુ ના જ મળ્યા...
ચાલ મારા પ્રભુની કબર તો જોઉ.... (સામેથી એક માણસ આવતો હોય..તેને પૂછે..)
ભાઇ પેલા 'પ્રભુઇસુ'ને વધસ્તંભે જડયા હતા..તેમની કબર ક્યાં હશે...? બતાવશો..? પ્લી..ઝ....



એ માણસ :- (આંગળી ચીંધી બતાવે) હા.....જુઓ .. આ બાજુ જાઓ..પછી ડાબી બાજુ વળી જજો...પંદરવીસ ડગલાં ચાલશો..તો એક ગુફાના મોં ઉપર..મોટો પથ્થર મૂકેલો હશે... તે જ 'ઇસુ'ની કબર.....

આર્તબાન :- (જરા સંતોષના ભાવથી) થેન્ક્યું... થેન્ક્યું... ભાઇ આભાર તમારો.....
(આર્તબાન ઉતાવળો કબરે પહોંચે..... ત્યાં બે બહેનો રડતી રડતી જતી હોય....તેમને પૂછે)
ઓ બહેનો... પેલા 'ઇસુ'ને વધસ્તંભે જડયા હતા...તેમની કબર બતાવશો..? પ્લીઝ.....

એક બહેન :- (રડતાં રડતાં..આંગળી ચીંધી બતાવે) આ જ કબર....અહીં જ 'ઇસુને' દફનાવેલા ..પણ કબર તો ખાલી છે.....

આર્તબાન :- (દોડતો કબરે જાય..ડોકિયું કરીને અંદર જુએ..) કબર ખાલી છે..? પ્રભુઇસુ નથી...? ક્યાં છે 'ઇસુ'...?
(માથુ કુટતો..ફસડાઇ પડે...કલ્પાંત કરે...) ઓ પ્રભુઇસુ...
અરે..રે..તમે મને કેમ નથી મળતા...? તમને મળવા હું આખી જીંદગી રખડયો...તો ય ના મળ્યા..પ્રભુ.....
(ઘુંટણમાં માથુ ટેકવી..રડે અને બોલતો જાય.....)
હું પાપી છું..એટલે જ મારા પ્રભુ મને ના મળ્યા.....ના મળ્યા..... (એકાએક પ્રકાશ પડે.....પ્રભુઇસુ દર્શન આપે.....આર્ત બાન ચમકી જાય....)

પ્રભુઇસુ :- આર્તબાન...મારા દિકરા...હું તો તારી સાથે ને સાથે જ છું....તારી મુસાફરીના પ્રથમ ડગલાથી જ ..હું તને દર્શન આપતો તારી સાથે ને સાથે જ રહ્યો છું.....

આર્તબાન :- (આશ્ચર્યથી...ભાવવિભોર થઇ...પ્રભુઇસુના ચરણોમાં પડી...હાથ જોડી કહે) પ્રભુ ઇસુ...? મારા દેવ...? તમે...? ધન્ય પ્રભુ...ધન્ય... સ્તુતિ હો....પ્રભુ... (પ્રભુઇસુ હાથ પકડી તેને ઉભો કરે, ભેટે) પ્રભુ...તમે મને ક્યારે મળ્યા હતા...? હું તમને મળવા કેટલું રખડયો.....

પ્રભુઇસુ :- દિકરા...હું માંદો હતો..ત્યારે તેં તો મારી સેવા કરી હતી...હું ભુખ્યો હતો ત્યારે તેં તો મને ખવડાવ્યું હતું...હું ઠંડીએ થરથરતો હતો ત્યારે તેં તો મને કપડાં ઓઢાડયાં હતા....

આર્તબાન :- (આશ્ચર્યથી) મેં...? ક્યારે...? ક્યારે..પ્રભુ..? ના..ના..મેં તો કદી તમને જોયા જ નથી...

પ્રભુઇસુ :- દિકરા..તું નિકળ્યોને તરત પેલા બિમારને જ્યારે તું દવાખાને લઇ ગયો...તે હું જ હતો..પેલી છોકરીને તેં છોડાવી તે પણ હું જ હતો.. અને પેલાં અનાથ બાળકોને તેં ખવડાવ્યું, પીવડાવ્યું, ઓઢાડયું...તેમની જે જે સેવા કરી તે બધું... તેં મને જ કર્યું હતું.....

એમ ..દિકરા હું તને દર્શન આપતો જ રહયો છું....
(પ્રભુઇસુ પ્રેમથી તેનો હાથ પકડીને લઇ જતાં કહે.....)
આર્તબાન..મારા મિત્ર,..ચાલ મારી સાથે.. આ જ તું
મારી સાથે..ઇશ્વરપિતાના ઘરમાં આવ.....
(આર્તબાન,..આશ્ચર્યચકિત ..ભાવવિભોર થઇ..ખૂબ ખુશીસંતોષના
ભાવ સાથે પ્રભુઇસુ સાથે જાય...પભુ હાથ પકડી દોરી જાય.
દરમ્યાન ગીત સંભળાય.)

કેવો અજબ ઉધ્ધારનાર... કેવો અજબ ઉધ્ધારનાર..
કેવો અજબ ઉધ્ધારનાર છે ઇસુ મુજ ત્રાતા,
કેવો અજબ ઉધ્ધારનાર છે ઇસુ મુજ નાથ......

-: પાત્રો :-

| | |
|---|---|
| દ્રશ્ય - ૧-૨ | દ્રશ્ય - ૮ |
| ૧ - અબિયા - વૃધ્ધ પુરુષ | ૧૮ - એક માણસ (કાના ગામમાં) |
| ૨ - રેઉએલ - " " | ૧૯ - આશ્રમનો સંચાલક + તેની પત્નિ + બાળકો |
| ૩ - કાસ્પર - ૧લો માગી | ૨૦ - માક |
| ૪ - બેલ્થાઝાર - ૨જો માગી | ૨૧ - જોના |
| ૫ - અલિફાઝ - ૩જો માગી | દ્રશ્ય - ૯ |
| ૬ - આર્તબાન - ૪થો માગી | ૨૨ - ઝિલ્પા |
| દ્રશ્ય - ૩ | ૨૩ - દિના |
| ૭ - બિમાર માણસ | ૨૪ - રુબેન |
| ૮ - ડૉક્ટર | ૨૫ - હનોખ |
| દ્રશ્ય - ૪ | દ્રશ્ય - ૧૦ |
| ૯ - એક છોકરી (બેથલેહેમમાં) | ૨૬ - ૧લી વ્યક્તિ |
| દ્રશ્ય - ૫ | ૨૭ - ૨જી વ્યક્તિ |
| ૧૦ - શિમિયોન - વૃધ્ધ પ્રબોધક | ૨૮ - ૩જી વ્યક્તિ |
| ૧૧ - હાન્ના - વૃધ્ધ સેવિકા | દ્રશ્ય - ૧૧ |
| દ્રશ્ય - ૬ | ૨૯ - એક જણ |
| ૧૨ - માતા | ૩૦ - બીજો જણ |
| ૧૩ - દિકરી | ૩૧ - એક ભાઇ |
| ૧૪ - ટોળું - એક માણસ ને તેના મિત્રો | ૩૨ - એક બહેન |
| દ્રશ્ય - ૭ | દ્રશ્ય - ૧૨ |
| ૧૫ - યાજક | ૩૩ - પ્રભુ ઇસુ |
| ૧૬ - ૧લો શાસ્ત્રી | |
| ૧૭ - ૨જો શાસ્ત્રી | |

-: નોંધ :- પાત્રો સૂઝસમજથી પસંદ કરવા. કેટલાક પાત્રો બે કે ત્રણ કે વધુ દ્રશ્યો માં પણ ભાગ લઇ શકે છે. મુખ્ય પાત્ર આર્તબાન છે.- જે ચોથો માગી છે.



## ૨૩ નહેમ્યા - (ન્યુઝ ચેનલ)

(ટેલીવિઝન પર સમાચાર આપતા હોય તે રીતે ભજવવાનું નાટક
– VBS ના અભ્યાસક્રમ માટે ભજવાયેલું નાટક)

યરુશાલેમનું મંદિર :- (પ્રથમ યરુશાલેમના મંદિરનો ટૂંક અહેવાલ રજુ કરવો..જેથી નાટકની સમજ કેળવાય.)

વક્તા :- યે હોસાના V.B.S. ન્યુઝ ચેનલ 2004 હૈ......
(શરુઆત કરવા માટે.. એક બાળક પ્રેક્ષકોને સંબોધીને નીચે પ્રમાણે સવાલ પૂછે. અને શરુઆત કરે)
ક્યા આપ બાઇબલ પઢતે હો..? પહચાનતે હો..સાન્બા લાટકો..? ઝરુબ્બાબેલ ઔર નહેમ્યાને ક્યા કિયા.? ટોબિયા ઔર શમાયા કા નામ સુના.હૈ ?
નહિ ?....તો દેખો .. હમારા ... "હોસાના V.B.S. ન્યુઝ ચેનલ" ...

ન્યુઝ ચેનલ

(ન્યુઝ રુમનું દ્રશ્ય બનાવવું..ન્યુઝ રુમમાં ન્યુઝ રીડર અને બે વિધ્વાન મહેમાનો બેઠેલા છે..સમાચારનું પ્રસારણ થાય છે તેવું દ્રશ્ય રજુ કરવું...)

ન્યુઝ રીડર :- નમસ્કાર...આપ દેખ રહે હૈ...હોસાના V.B.S. ચેનલ...2004
મૈ મિશેલ .. આપકા "હોસાના ન્યુઝ ચેનલ" મેં સ્વાગત કરતી હું..
આઇએ..એક નજર ડાલતે હૈ..હમારે મુખ્ય સમાચારો પર......
- યરુશાલેમ મેં..ભવ્ય મંદિરકા નવધનર્માણ શુરુ...
- નહેમ્યાને સંભાલી તૂટે હુએ કોટકી બાગદોડ...ક્ષ જીમ્મેદારી ઞ
- નહેમ્યા કે ખૂન કા સોદા.....
- આઇએ અબ દેખતે હૈ..સમાચાર વિસ્તૃત સે....
- યરુશાલેમકા વિશ્વવિખ્યાત..ઔર પવિત્ર માના જાતા મંદિર..તૂટ ગયા થા..ઉસકા સતર (70) વર્ષો બાદ નવનિર્માણ કાર્ય શુરુ હો ચુકા હૈ...ઔર ઇસ કાર્ય કે લીએ..એક યુવક..ઝરુબ્બાબેલકી પસંદગી કી ગઇ હૈ...
- હમારે સાથ ફોન પે મોજુદ હૈ.. હમારે સંવાદદાતા.. યરુશાલેમ સે..આઇએ ઇનસે બાત કરતે હૈ....
- માર્શના .. બતાઇએ...વહાં પે ક્યા ચલ રહા હૈ ? .....

સંવાદદાતા-1 :- મિશેલ .. યહાં પર .. પુરા જો યરુશાલેમ શહર હૈ ..વો પુરા બરબાદ હો ચુકા થા ..ઔર યહાં પર એક ભવ્ય ઔર બહુત ખ્યાત નામ મંદિર થા..ઉસકા નવનિર્માણ કાર્ય.. પુરે જોરશોર સે શુરુ હો ચુકા હૈ...ઔર ઇસ કાર્ય કી જિમ્મેદારી .. ઝરુબ્બાલેલ નામકે એક

યવાન લીડર કો સોંપી ગઇ હૈ ..
જો ઇસ સમય મેરે સાથ.. વો મૌજુદ હૈ ..આઇએ મિલતે હૈ ..ઉનસે
.. (પાસે ઝરુબ્બાબેલ ઉભો હોય તેને પ્રશ્ન પૂછે)
તો.. ઝરુબ્બાબેલ બતાઇએ ..ક્યા આપ ..ઇતના બડા કાર્ય પુરા કર શકેંગે ?.

ઝરુબ્બાબેલઃ- જી .. મુઝે પરા યકિન હૈ ..કી મૈં ઇસ કાર્ય કો અચ્છી તરહ સે પુરા કર શકુંગા ..ક્યોંકી ઈશ્વરપિતાને ..મેરી પસંદગી કી હૈ ..
ઔર ..વો હી મુઝે સામર્થ્ય દેતે હૈ ..ઈશ્વર હંમેશાં મેરે સાથ હૈ ..વો યે કામ પુરા કરાયેગા..

સંવાદદાતા-૧ઃ-તો આપને દેખા .. ઝરુબ્બાબેલકા આત્મવિશ્વાસ ..ઔર ઈશ્વર પર ભરોસા ..
મૈ માર્શના .. “હોસાના V.B.S. ન્યુઝ ચેનલ” .. યરુશાલેમ સે ..

ન્યુઝ રીડરઃ- હમારે સાથ .. સ્ટુડિયો મેં મૌજુદ હૈ ..હમારે દો મહેમાન .. ડૌ. આશિષ ઔર ડો. નોએલ ..
તો ડો.આષિશ ..બતાઇએ ..ઇસ કાર્ય કે લીએ .. ઝરુબ્બાબેલ કો હી ક્યું ચુના ગયા ..?

ડો.આષિશઃ- કયોં કી ઝરુબ્બાબેલ .. પુરે દિલ સે,પુરે મન સે ઓર પુરે જી સે ..ખુદા કા સન્માન કરતા થા ..ઔર નિયમશાસ્ત્ર પઢ કે .. સંશોધન કરકે .. અચ્છી તરહ સે ..જીવન મેં નિભાતા થા ..ઔર સબસે બડી બાત .. યે હૈ કી .. યહોવાકી કૃપા ઇસ પર થી...

ન્યઝ રીડર :- ઇસકા મતલબ.. પુરે દિલ,..મન ..ઔર જી સે .. ખુદા ઔર વચન પર વિશ્વાસ કરને વાલે પે.. પરમેશ્વરકી કૃપા હોતી હૈ.?

ડો.આશિષ :-જી હાં .. ઐકદમ સચ્ચા ..એબ્સોલ્યુટલી રાઇટ ....

ન્યુઝ રીડર :- ઔર ડો.નોએલ .. આપ બતાયેંગે ..કી યે યરુશાલેમ કે મંદિર કે પીછે ક્યા કહાની હૈ ..?

ડો. નોએલઃ- યરુશાલેમ કા યે મંદિર ..બહુત ભવ્ય ઔર વિશ્વવિખ્યાત થા ...કિંમતી પથ્થરો ..ઔર લકડીસે બનાયા હુઆ યે મંદિર .. અંદર કી ઔર ..પરા સોને સે મઢા હુઆ ..બહુત સુંદર..સુશોભિત થા ..વૈસે તો યે મંદિર .. રાજા સોલોમનને બનાયા થા.
લેકિન ..બાઇબલ મેં એક અજીબ સી બાત લીખી હૈ ....

ન્યઝ રીડર :- (આશ્ચર્યથી પુછે) અજીબ સી બાત ?.. વો ક્યા હૈ ..?

ડો.નોએલ :- પઢો ..(૧લા રાજા ૬ : ૭) બાઇબલ મેં.. પહલે રાજા છઠવે અધ્યાય કી સાતવી કલમમેં લીખા હૈ કી ..
(બાઇબલમાંથી આ કલમ વાંચે ..પછી બોલે) સુના ?..હૈ ના અજીબ ?.. જબ યે મંદિર ..બનતા થા તબ.. હથોડે, કુરાડી, ઔર લોહે કે.. કોઇ ભી હથિયાર કી..આવાજ સુનાઇ નહીં દેતી થી .. (લોકો સામે જોઇને બોલે) સોચો..યે કભી હો શકતા હૈ ..મનુષ્યોં સે ..?



ન્યુઝ લીડર :-વાઉ ... (આશ્વર્ય વ્યક્ત કરે) ડો.નોએલ,.. સુના હૈ કી યે મંદિર તોડ દીયા ગયા થા ..તો ક્યું ..ઔર કિસને તોડા થા ?

ડો.નોએલ :- ભલા, પરમેશ્વર કી યોજના સે બના હુઆ મંદિર કોઇ તોડ શકતા હૈ ? પઢા હૈ આપને બાઇબલ ? (૧લા રાજા ૯)
પહલે રાજાઓંકા નવમા અધ્યાય? (થોડી ક્ષણ થોભીને બોલે) તો સુનો .. (બાઇબલમાં જોઇને વાંચે) “આપ ઔર આપકે સંતાન ..મુઝે અનુસરના છોડ દોગે ..મેરી આજ્ઞાઓ ..વિધીઓ નહિ નિભાઓગે ..ઔર અન્ય દેવદેવીઓકી પૂજા કરોગે.. તો યે મંદિર .. મેરી દૃષ્ટિ સે દૂર કરુંગા ..નષ્ટ કર દૂંગા ..ઔર સુનો ..
યર્મિયા ૮:૨૫ સે ૧૧ મેં ક્યા લીખા હૈ ..? “તુમને મેરે વચન સુને નહિ ..ઈસ લીયે..મૈં બાબિલકે રાજા ..નબૂખાદનેસાર કો .. બુલાઉંગા .. ઔર યે મંદિર ઓર યરુશાલેમ કો ઉજેડ કરુંગા .. ઔર તુમ લોગ ..(૭0) સતર વર્ષ તક ..બાબિલ કે રાજાકી ..સેવા કરોગે ..” તો યે થા ..પરમેશ્વરકા ફરમાન ..ઔર યરુશાલેમ કે લોગ ..ભૂલ ગયે ..અપને મહાન પરમેશ્વર કો ...સબ લોગ અપની મનમાની કરને લગે ..અન્ય દેવદેવીઓંકી પૂજા ..એશોઆરામ..કરને લગે..ઇસ મૌકે કા ફાયદા ઉઠા કર..બાબિલ કે રાજા નબ્બુખદનેસસારને ચઢાઇ કી..ઔર ..યે પવિત્ર મંદિર કો લૂંટા ..તોડ દિયા ઔર આગ લગાઇ..કઇ લોગો કો માર ડાલે ..ઔર કઇ લોગો કો ..બંદિવાન બના કે લે ગયા..ઇસ તરહ પુરા યરુશાલેમ શહર..ઔર પવિત્ર મંદિર કો નષ્ટ કિયા ગયા...

ન્યુઝ રીડરઃ- બહુત ખૂબ ..ડો.નોઐલ ..આપને બહુત અચ્છી જાનકારી દી ..આપકા બહુત બહુત ધન્યવાદ ..
(બધાં સામે જોઇને બોલે) તો આપને સુના..યરુશાલેમ કે મંદિર કે બારેમેં ...અબ આગે બઢતે હૈ..અન્ય સમાચાર કી ઔર ઔર અબ ......નહેમ્યાને સંભાલી ..તૂટે હુએ.. કોટ કી બાગદોડ...(જિમ્મેદારી)
યરુશાલેમ શહર કી.. ચારોં ઔર એક બડા કોટ બના હુઆ થા .. જો દુશ્મનો સે રક્ષા દેતા થા ..વો તોડ દિયા ગયા હૈ. ઇસે ફિરસે ..બનાયા જા રહા હૈ ..ઔર ઇસ કામ કે લીએ..બેબિલોન કે રાજા કા પાત્રવાહક, નહેમ્યા ..જો મૂલરુપ સે ઇસ્રાએલપુત્ર હૈ ..વો.. નહેમ્યા કી પસંદગી કી ગઇ હૈ, યરુશાલેમ શહર કે ચારોં ઔર કોટ બનાને કે લીએ.
આંખો દેખે હાલ કે લીએ ..આઇએ સીધે ચલતે હૈ ..યરુશાલેમ ..જહાં પર મોજુદ હૈ ..હમારી સંવાદદાતા ..ક્રિસેબા મીસ ક્રિસેબા .. ક્યા આપ મેરી આવાજ સુન શકતી હૈ ..?

સંવાદદાતા-2 (ક્રિસેબા) :- જી હાં.. મૈ સુન શકતી હું ..

ન્યુઝ રીડરઃ- ક્રિસેબા .. બતાઇએ ..વહાં પર ક્યા ચલ રહા હૈ ?..

સંવાદદાતા-૨ :- મિશેલ .. યહાં પર યરુશાલેમ કે કોટ કા સમારકામ ..પુરે જોરશોર સે ચલ રહા હૈ ..યહાં પર તૂટે હુએ પથ્થરો કે ઢગ પડે હૈ.. ઉસકી સફાઇ ઔર બાંધકામ વગેરાહ .. લોગ બડે ઉત્સાહ સે કર રહે હૈ ..ઔર આપ દેખ રહે હૈ કી .. નહેમ્યા ..જો આગેવાન .. જો ગવર્નર હૈ .. વે ભી કામ કર રહે હૈ ..

લેકિન .. યહાં પર એક બડી સમસ્યા આ ગઇ હૈ .. જૈસે કી ..આપ દેખ રહે હૈ કી ..લોગ અપને એક હાથમેં તલવાર .. ઔર દુસરે હાથ સે .. કોટ કે બાંધકામ કર રહે હૈ .. આઇએ ..ઈન સે મિલતે હૈ ..

(બાંધકામ કરતા લોકોમાંથી કોઇ એક પાસે જઇને પુછે ..) આપ ..હાથમેં તલવાર લે કે ..કયું કામ કર રહે હૈ ?..

એક માણસ:- હમારે દુશ્મન હમ પર કઇ બાર હમલા કર ચુકે હૈ.....બનાયા હુઆ કોટ તોડ ચુકે હૈ ...ઔર અબ ભી ઉનકે હમલે ચાલુ હૈ ..ઇસ લીએ.

સંવાદદાતા-૨:- તો યે થા યરુશાલેમ કા કોટ .. મૈ ક્રિસેબા .. "હોસાના V.B.S. ન્યુઝ ચેનલ" .. યરુશાલેમ સે ..

ન્યુઝ રીડર :- અબ વક્ત હો ચલા હૈ ..એક બ્રેક કા...ફિર મિલતે હૈ.....(T.V. માં જાહેરાત આવે તેવી રીતે જાહેરાત આપવી)

જાહેરાત- બ્રેક :- જાહેરાત-૧ હંહંહં....હા..હા.. શું તમે રોજ બાઇબલ વાંચો છો ?... (બાળકો અભિનય સાથે ગીત ગાયને જાહેરાત આપે તે રીતે)

જાહેરાત-૨ "દોડો દોડો દોડો...આઇએ ઔર પાઇએ. હમારે યહાં, યે સબ મિલતા હૈ (વારાફરતી એક એક બાળક વસ્તુ લઈને આવે)

૧ - ન્યાય કા બખ્તર ૨ - સત્ય કા કમ્મરબંધ ૩ - શાંતિ કે જુત્તે ૪ - વિશ્વાસકી ઢાલ ૫ - તારણ કા ટોપ ૬ - આત્મા કી તલવાર યહ સબ આપકો મિલેગા ...હોસાના મેથોડિસ્ટ ચર્ચ, સન્ડેસ્કૂલ મેં ....હર રવિવાર ...બિલકુલ મુફ્ત ..ફ્રી..ફ્રી..ફ્રી......

ગેરેંટી ...યે સબ ઇતને ટીકાઉ હૈ ..કી યે અનંતકાલ તક ચલેંગે ...લીજીએ ઔર ભરોસા કીજીએ ..આપ હમારી વેબસાઇટ ભી લોગીન કર શકતે હૈ ...ભભભ.હોસાના સુનદાયસચહૉલ.ચોમ ઓઔર હમારા કોન્ટક્ટ નંબર હૈ ..યર્મિયા ૩:૩૩ ઓઓઓઓકોન્ટેક્ટ કરો ઔર ચમત્કાર પાઓ.....બિલકુલ મુફ્ત.....જલ્દી કીજીએ ..ધીસ ઇઝ લાસ્ટ ચાન્સ.....

ન્યુઝ રીડર:- ન્યઝ રુમ મેં.. આપકા ફીરસે સ્વાગત હૈ ..અબ આઇએ દેખતે હૈ .. બ્રેકિંગ ન્યુઝ .. નહેમ્યા કે.. ખૂન કા સૌદા ..

અભી અભી હમારે સંવાદદાતા ..કે પાસ..ગુપ્તચર વિભાગ સે . એક વિડિયો ટેપ પ્રાપ્ત હુઇ હૈ ..આઇએ દેખતે હૈ ..ઇસ ટેપ મેં ક્યા હૈ. હાં .. તો કોમલ ... ક્યા હૈ આપ કે બ્રેકિંગ ન્યુઝ ? ...



સંવાદદાતા-૩:- મુઝે F.B.I. સે એક વિડિયો ટેપ મિલી હૈ ..જો મેં દિખા રહી હું ..ઉસ કે કુછ અંશ ..

(લાકડા કે પૂંઠાની એક ટી.વી.ની ફ્રેમ બનાવીને મુકવી.નીચે ચાદર લટકાવવી જેથી પાછળ ઉભલી વ્યક્તિઓ દેખાય નહિ.ટી.વી.માં ચાર વ્યક્તિઓ વાતો કરતી દેખાય તે રીતે ગોઠવવું.- શમાયા - શાન્બાલાટ - ટોબિયા - ગેશેમ)

સાન્બાલાટ:- (શમાયા ના ખભે હાથ મૂકીને કહે) શમાયા,.. દેખો.. તુમ નહેમ્યા કે દોસ્ત હો .. તુમ્હે ..નહેમ્યા કા કત્લ (ખૂન) કરના હોગા.

ટોબિયા :- દેખો .. હમ તુમ્હે .. એક લાખ ..સોને કે સિક્કે દેંગે .. (સોનામહોરો ભરેલી થેલી બતાવે)

શમાયા :- (આશ્ચર્યચકિત થઇને બોલે) એક લાખ ... સોને કે સિક્કે ?...

ટોબિયા :- યે લો ...પચાસ હજાર ...ઓર પચાસ હજાર કામ હોને કે બાદ .. (શમાયા રુપિયા લઇ લે ને સંમતિ આપે)

ગેશેમ :- હમ તુમ્હે ...યરુશાલેમ કા રાજા ભી બનાયેંગે .. સમજે ? ...કામ જલ્દી પુરા કરો ......

સંવાદદાતા-૩ :- તો આપને દેખા કી, શમાયા... જો નહેમ્યા કા દોસ્ત થા .. વો સુપારી લેતે હુએ .. રંગે હાથ પકડા ગયા... ઇસકે બાદ .. મૈને.. નહેમ્યા સે ભી મુલાકાત લી .. આઇએ દેખે .... (T.V. માં નહેમુયા સાથે વાત કરતાં બતાવવું)

નહેમ્યા .. એ બતાઓ કી .. શમાયા .. આપકા બહુત અચ્છા દોસ્ત થા ..ફીર ભી ઉસને.. ઐસા કયું કિયા ?...

નહેમ્યા :- જી ..શમાયા, મેરા બહુત અચ્છા દોસ્ત થા, ફીર ભી, પતા નહિ ..ઉસને ઐસા ક્યું કિયા ?.. મુઝે તો યે મિડિયા સે હી પતા ચલા.

સંવાદદાતા-૩ :- થેન્કયુ .. નહેમ્યા ..(T.V. માંથી બહાર આવીને બોલે) વૈસે તો .. યે યોજના નિષ્ફલ ગઇ .. લેકિન મૈને ..ઇસ બારે મેં .. શમાયા સે ભી બાત કી .. આઇએ દેખે ..કુછ અંશ ..

(T.V. માં વાતચીત બતાવવી) તો શમાયા... આપને ઐસા ક્યું કિયા?.. જો.. નહેમ્યા ..આપકા અચ્છા મિત્ર થા ..ફીર ભી આપને .. સુપારી ક્યું લી ? ..

શમાયા :- (શરમથી બોલે) યે બાત કે લીએ .. મૈ..બહુત શરમિંદા હું ..મુજ સે .. બહુત બડી ગલતી હો ગઇ ..જબ નહેમ્યા .. અપને કાર્ય મેં સફલ હોતા જાતા થા ..ઔર ઉસે જો માન સન્માન મિલતા થા .. ઈસ સે મુઝે ઈર્ષા આને લગી ..મન હી મન .. મૈ.. નહેમ્યાસે જલને લગા .. ઉસી સમય ..ઉન લોગોંને મુઝે પૈસે.. ઔર રાજા બનાને કી લાલચ દી ..મૈં .શેતાન કી ચાલ મેં ફંસ ગયા ..ઔ યે ગલતી કર બૈઠા. .. સચમુચ .. મુઝે બહુત પછતાવા હો રહા હૈ .. (શમાયા પસ્તાવો થતો હોય તેમ રડે)

સંવાદદાતા- ૩ :- તો.. યે થા ,. ખૂન કા કિસ્સા .. મૈ કોમલ ... "હોસાના

V.B.S. ચેનલ" ..યરુશાલેમ સે ...
ન્યુઝ રીડર :– થેન્કયુ કોમલ ... દેખા ? ઈર્ષા અદેખાઇ જૈસા પાપ..કિતના ભયંકર ઔર ખતરનાક હૈ ? ..ખૂન ભી કરવા શકતા હૈ .. પઢીએ બાઇબલ ..ક્યા કહતે પ્રભુ કે વચન ..ઈર્ષા ઔર અદેખાઇ કે બારે મેં તો ..અબ દેખતે હૈ ... કુછ આંતરરાષ્ટ્રિય સમાચાર .. હમારે સંવાદદાતા ..ભારત કે તામીલનાડુ મેં મૌજુદ હૈ .. ઉનકે પાસ ..હમારે લીયે કુછ જાનકારી હૈ ..આઇએ ચલતે હૈ .. તામીલનાડૂ ...
શેરેથ બતાઇએ .. આપકે પાસ ક્યા ખબર હૈ ?..
સંવાદદાતા–૪ :– મૈ. અભી ..ભારત કે તામીલનાડૂ રાજ્ય કે ..ચૈન્નાઇ શહર મેં હું ..છુઠટી કા માહોલ હૈ ..બહુત સે લોગ ..કુછ ઐતિહાસિક સ્થલ દેખ રહે હૈ ..અબ મૈં ..ચૈન્નાઇ સે આઠ કિલોમીટર કી દૂરી પે .. "સૈન્ટ થોમસ" માઉન્ટૈન પર હું ..
પ્રભુ ઈસા મસિહ કા એક શિષ્ય .. "થોમા" ..કેરાલા (મલબાર) કે "કન્નાનોર" ..બંદર પર ઉતરા થા..યહાં મલબાર મે ..થોમાને (7) સાત મંડલી કી સ્થાપના કી,ફીર થોમા, ચેન્નાઇ કે માઇલાપુર શહરમેં આયા ..ઔર સુવાર્તા પ્રચાર કરને લગા.. મૈં ખડા હું .. વો "સૈન્ટ થોમા માઉન્ટ" હૈ ..જહાં પર થોમા કો પથ્થરોં સે મારા થા .. ઔર એક શત્રુ ને ભાલા માર કર હત્યા કી...અભી યહાં પર બહુત બડા ચર્ચ હૈ. ..યહાં સે પુરા ચેન્નાઇ શહર ..ખૂબસૂરત દિખ રહા હૈ ..
ન્યુઝ રીડર :– થેન્કયુ શેરેથ .. ઔર કુછ જાનકારી હૈ આપ કે પાસ ? ..
સંવાદદાતા– ૪ :– હાં મિશેલ ...દો સ્થલ ઔર હૈ ..સૈન્ટ થોમા કે બારે મૈ. ..ચૈન્નાઇ સે દો મિલ પર ..એક " લીટલ માઉન્ટૈન" હૈ ..જહાં પર એક ગુફા હૈ ..જીસમેં થોમા કો આશ્રય મિલતા થા .. ઔર થોમા .. યહાં એક સ્થાન પર .. ખડે રહ કર ..ઉપદેશ કરતે થે ..વો થોમા કે કદમો કી છાપ... યહાં પર આજ ભી સ્પષ્ટ રુપ સે દિખાય દેતી હૈ ..
ઔર ..દુસરા ..સૈન્ટ થોમા કો જહાં પર દફનાયા ગયા થા ..ચેન્નાઇ શહર મેં ..વહાં ઉસકી કબર પર ..બહુત બડા ચર્ચ બના હૈ. "સૈન્ટ થોમા ચર્ચ"..ઔર યહાં પર જીસ ભાલે સે થોમા કો મારા થા .. વો ભાલા ભી યહાં મૌજુદ હૈ ..
તો.. યે થા "સૈન્ટ થોમા" કા જીવનકાલ ..હિન્દુસ્તાન મે .. મૈં શેરેથ .. "હોસાના V.B.S. ન્યુઝ ચેનલ" ..ચેન્નાઇ ..ઈન્ડિયા સે ન્યુઝ
રીડર :– તો યે થા હમારા .. "હોસાના V.B.S. ન્યુઝ ચેનલ" ઈસી કે સાથ ..નમસ્કાર ..બાય .બાય ..ફિર મિલેંગે .. ઈસી સમય... ઈસી જગહ .. અગલે સાલ .. તબ તક કે લીએ ..અલવિદા



..નમસ્કાર ..

| | |
|---|---|
| ૧ – વક્તા (જે સ્ટેજ પાછળથી બોલે તે) | ૯ – ડો. નોએલ |
| ૨ – ન્યુઝ રીડર | ૧૦ – એક માણસ |
| ૩ – સંવાદદાતા–૧ | ૧૧ – સાન્બાલાટ |
| ૪ – સંવાદદાતા–૨ | ૧૨ – ટોબિયા |
| ૫ –સંવાદદાતા–૩ | ૧૩ – શમાયા |
| ૬ – સંવાદદાતા–૪ | ૧૪ – ગેશેમ |
| ૭ – ઝરુબ્બાબેલ | ૧૫ – નહેમ્યા |
| ૮ – ડો.આશિષ | ૧૬ – બાળકો (જાહેરાત આપવા માટે) |

(આ નાટક નાતાલના દિવસોમાં પણ ભજવવામાં આવ્યું હતું ત્યારે તેમાં નાતાલનો પ્રસંગ ઉમેર્યો હતો. જે નીચે મુજબ છે)

ન્યુઝ રીડર :– તો આપને દેખા .. વિનાશ ,લડાઇ,ઈર્ષા, બેવફાઇ, ખૂન ..સે ભરા જગત ..એસે જગ કો બચાને કે લીએ .. ખુદ પરમેશ્વરને .. "ઈસામસિહ" બન કે જન્મ લીઆ.વો દિન હૈ ... "ક્રિસ્ટમસ" ... તે મૌસમ ચલ રહા હૈ ..ક્રિસ્ટમસ કા ..બડી ધૂમધામ સે ...આઇએ દેખતે હૈ .. હોસાના મેથોડિસ્ટ ચર્ચ કે બચ્ચે ... કૈસે મના રહે હૈ ...ક્રિસ્ટમસ ......
(બાળકો ક્રિસ્ટમસ સોન્ગ,અભિનય સાથે ગાશે ...) વી વિશ યુ મેરી ક્રિસ્ટમસ ....... કે બીજુ કોઇ પણ .....)
ન્યુઝ રીડર :– તો યે થા હમારા .. "હોસાના V.B.S. ન્યુઝ ચેનલ" ઈસી કે સાથ ..નમસ્કાર ..બાય .બાય ..ફિર મિલેંગે .. ઈસી સમય... ઈસી જગહ .. અગલે સાલ .. તબ તક કે લીએ ..અલવિદા ..નમસ્કાર ..

## ૨૪ લાજવરસને સજીવન કર્યો

(લૂક 11:1-44)

દ્રશ્ય-1

(એક ઘરમાં બિમાર લાજરસ પથારીમાં સૂતેલો હોય.બે બહેનો માર્થા-મરિયમ સેવા કરતી હોય. પોતા મૂકે વગેરે.- પડોશીઓ દિલાસો આપતા હોય.તેવું દ્રશ્ય.)

આબ્નેર (એક વડિલ):- (લાજરસનું કાંડુ તપાસી કહે) લાજરસને તો તાવ ઘણો છે...કેટલા ઓસડ પીવડાવ્યા પણ ઉતરતો જ નથી.

લાબાન (બીજા વડિલ) :- અરે..આજે તો ત્રીજો દિવસ થયો, પણ તેણે એક કણ ખોરાક લીધો નથી..

માર્થા :- (દુઃખથી) અરે.. કોઇ પ્રભુઇસુને બોલાવો..કોઇ જલ્દી જાઓ.. પ્રભુઇસુ જ તેને સાજો કરી શકશે...

મરિયમ :- (એક જુવાનને કહે) અરે જોનાથાન..જા ને ભઇલા..પ્રભુઇસુને શોધી કાઢ..ને કહે કે લાજરસ ખૂબ જ બીમાર છે...જા જલ્દી તેડી લાવ..

જોનાથાન :- સારું, હું હમણાં જ જઉ છું.પણ પ્રભુઇસુ હાલ બેથાનિયા ગામમાં તો નથી. એ તો બધા ગામોમાં ફરીને સેવા કરતા હોય છે. હમણાં કયા ગામ હશે?

માર્થા :- ગમે ત્યાં હોય. તપાસ કર.શોધી કાઢ ને જલ્દી લઇ આવ. જા..

(જોનાથાન પ્રભુઇસુને બોલાવવા જાય.. બીજા બધા લાજરસની સેવા કરતા બતાવવા...પડદો પડે)

દ્રશ્ય-૨

જોનાથાન :- (ચાલતાં ચાલતાં સ્વગત બોલે) અરેરે.. બે દિવસમાં ત્રણ ગામ તો ફરી વળ્યો.પ્રભુઇસુ ક્યાં હશે? આ ગામમાં આજે મળી જાય તો સારુ.

(પ્રભુઇસુ તેમના ચારપાંચ શિષ્યો સાથે ચાલતા જતા હોય. જોનાથાન તેમને જુએ.તેમની તરફ દોડતો જાય..બૂમ પાડે)

ઓ પ્રભુ....ઓ.. પ્રભુઇસુ...ઉભા રહો.... (બૂમ સાંભળી પ્રભુને શિષ્યો તે તરફ જોતા ઉભા રહે..)

જોનાથાન :- (પાસે જઇ હાંફતાં હાંફતાં બોલે) પ્રભુ...પ્રભુ.. અરે બે દિવસથી તમને શોધવા આ ગામથી પેલા ગામ ફરું છું. લાજરસ ખૂબ જ બીમાર છે.

જલ્દી ચાલો..માર્થામરિયમ તમને જલ્દી બોલાવે છે..તમે જ તેને સાજો કરી શકશો.

પ્રભુઇસુ :- હા,મને ખબર છે. મરણ થાય તેવો મંદવાડ નથી. પણ દેવને મહિમા મળે માટે તેને એ મંદવાડ થયો છે. માટે તું જા. હું ચોક્કસ ત્યાં આવીશ. હોં..

જોનાથાન:- સારું પ્રભુ, પણ જલ્દી આવો હોં.... (પ્રણામ કરીને જાય.)

પ્રભુઇસુ :- (શિષ્યોને કહે) આપણે આ જ નગરમાં બે દિવસ રહીને લોકોને



ઉપદેશ આપીએ અને સેવા કરીશું. માટે તમે રહેવાની વ્યવસ્થા કરો. હું પ્રાર્થના માટે એકાંતમાં જઉ છું (પ્રભુ પ્રાર્થના કરવા જાય. શિષ્યો એકબીજા સાથે વાતો કરતા સ્ટેજ પાછળ જતા રહે)

(ફરીથી પ્રભુઇસુ શિષ્યો સાથે સ્ટજ પર આવે. અને વાત કરે)

પ્રભુઇસુ :- ચાલો, આપણે બેથાનિયા ગામ જઈએ.આપણો મિત્ર લાજરસ ઉંઘી ગયો છે. હું તેને ઉંઘમાંથી જગાડવા જવાનો છું.

થોમા :- (હસતાં હસતાં આશ્ચર્યથી કહે) હા..હા..હા..પ્રભુ.. તમે લાજરસને ઉંઘમાંથી જગાડવા જશો ? કેમ લાજરસ પોતે નહિ ઉઠે ?

પ્રભુઇસુ :- ના.. (થોડી ક્ષણ અટકીને ગંભીરતાથી કહે) લાજરસ ખરેખર મરણ પામ્યો છે. આજે તો તેને મરી ગયાને ચાર દિવસ થઇ ગયા છે.

ચારે શિષ્યો સાથે :- (આશ્ચર્યચકિત થઇ દુઃખથી બોલે) હેંએએએં....મરી ગયો..? લાજરસ મરી ગયો ?...

માત્થી :- (આશ્ચર્યથી કહે) પ્રભુ.. તમને ખબર હતી કે, ચાર દિવસ પહેલાં લાજરસ મરી ગયો. તો ય પ્રભુ..

થાદી :- (તરત વચ્ચે બોલી ઉઠે) અરે પ્રભુ..? પ્રભુ..પેલો માણસ તમને ખબર આપવા આવ્યો હતો..કે લાજરસ ખૂબ બીમાર છે.તો ય તમે કેમ ના ગયા ?

પ્રભુઇસુ :- હા..તમે વિશ્વાસ કરો માટે હું ના ગયો. પણ હવે ચાલો આપણે બેથાનિયા જઇએ ને લાજરસને સજીવન કરીએ..

(બધા જાય. શિષ્યો આશ્ચર્ય વ્યકત કરતા હાવભાવ કરે.વાતો કરતા જાય.. દાખલા તરીકે -- ગજબ કહેવાય..પ્રભ તો સર્વજ્ઞ છે..પ્રભુ કેવા મહાન છે..વગેરે)

દ્રશ્ય - 3

(ભાઇ લાજરસના મૃત્યુથી માર્થામરિયમ ઘરમાં રડતી બેઠી હોય. આજુબાજુ બીજી સ્ત્રીઓ અને બહાર પુરુષો શોકમગ્ન બેઠા હોય.તેવું દ્રશ્ય)

આબ્નેર :- (માર્થા મરિયમના માથે હાથ મૂકી કહે) દીકરીઓ ... દુઃખી ના થશો. લાજરસ તો પ્રભુના ઘેર સ્વર્ગમાં ગયો છે.

લાબાન :- હા..બેટા..દરેકે આ દુનિયા છોડી એક દિવસ તો જવાનું જ છે ને ..? (એમ દિલાસો આપે)

(બહારથી જોનાથાન દોડતો આવે..માર્થા મરિયમ પાસે જઇને ખબર આપે.)

જોનાથાન :- (હાંફતાં બોલે) માર્થાબેન. મરિયમબેન. પ્રભુઇસુ આપણાં ગામમાં આવ્યા છે. ભાગોળે કેટલાય લોકો સાજા થવા તેમને વિંટળાય વળ્યા છે. (બધી સ્ત્રીઓ ગણગણાટ કરે.)

એક સ્ત્રી :- આ પ્રભુઇસુ વહેલા ગામમાં આવ્યા હોત તો લાજરસ બચી જાત.

બીજી સ્ત્રી :- હા ..જુઓને.. કાયમ પ્રભુઇસુ માર્થાના ઘેર જ ઉતારો કરે અને..

ત્રીજી સ્ત્રી :- (તરત વચ્ચે જ બોલી ઉઠે) લાજરસ પર કેટલો બધો પ્રેમ રાખતા હતા, પ્રભુઇસુ ? સગા ભાઇ કરતાંય વધારે હતો લાજરસ..

ચોથી સ્ત્રી :- આખી દુનિયાના લોકોને સાજા કર્યા પભુએ, ને પોતાનો જ રહી ગયો..

પાંચમી સ્ત્રીઃ- અરે..બેનો..દરેક મનુષ્યના આયુષ્યના દિવસ દેવે ગણીને જ આપ્યા હોય છે..લાજરસનું આયુષ્ય આટલા જ દિવસનું હશે..

(માર્થા આંસુ લુછતી ઉભી થઇ બહાર જાય..પ્રભુઇસુને મળવા ભાગોળે જાય.)

## દ્રશ્ય-4

(ગામની ભાગોળમાં પ્રભુઇસુ ને શિષ્યોની આસપાસ ઘણા લોકોનું ટાળું હોય. માર્થા ત્યાં આવી પહોંચે)

માર્થાઃ- (ટોળામાં જગા કરીને પ્રભુ પાસે જઈને રડતાં રડતાં કહે) પ્રભુ, જો તમે અહિં હોત તો મારો ભાઇ મરત નહિ.

પ્રભુઇસુ :- (દિલાસો આપતાં કહે) માર્થા..દુઃખી ન થા...તારો ભાઇ પાછો ઉઠશે.

માર્થાઃ- હા..પ્રભુ.. તે પુનરુત્થાનના દિવસે પાછો ઉઠશે... તે હું જાણું છું.

પ્રભુઇસુ :- પુનરુત્થાન તથા જીવન હું છું. જે મારા પર વિશ્વાસ કરે છે, તે જો કે મરી જાય તો પણ જીવતો થશે.શું તું એવો વિશ્વાસ રાખે છે ?

માર્થા :- (વિશ્વાસપૂર્વક કહે) હા..પ્રભુ..હું વિશ્વાસ કરું છું. કે તમે જીવતા દેવના દીકરા, ખ્રિસ્ત છો....

પભુઇસુ :- વિશ્વાસ રાખ માર્થા.. મરિયમ ક્યાં છે ?

માર્થા :- પ્રભુ તે ઘરે જ છે..મોકલુ તેને .. (એમ કહી માર્થા ઘેર જાય. લોકો પ્રભુ પાસે આવતા જાય..પ્રભુ ચાલતા ચાલતા દરેકને આશિષ આપતા જાય)

## દ્રશ્ય-5

(માર્થા ઘરે જાય.મરિયમ પાસે જઈને બેસે. થોડી ક્ષણો પછી ધીમેથી કાનમાં કહે. મરિયમ થોડીવાર પછી જોરથી રડતાં રડતાં ઉઠીને પ્રભુઇસુને મળવા જાય)

આબ્નેર :- (દૂઃખથી બોલે) અરે..બેટા મરિયમ..એમ રડ રડ કરવાથી લાજરસ પાછો આવશે ?

લાબાન :- બીચારી ..મરિયમ.. લાજરસની કબર આગળ વિલાપ કરવા ચાલી... (ઉઠીને તે પણ જાય.ઘરમાં બેઠેલાં બધાં પાછળ પાછળ જાય) (મરિયમની પાછળ બધા સ્ત્રીપુરુષો જતા હોય.સામે પ્રભુઇસુ લોકોના ટોળાથી ઘેરાયેલા હોય.મરિયમ પ્રભઇસુ પાસે જાય)

મરિયમ :- (પ્રભુઇસુને પગે પડીને રડતાં રડતાં બોલે) પ્રભુ..પ્રભુ..તમે વહેલા કેમ ના આવ્યા ? તમે અહીં હોત તો મારો ભાઇ..મરત નહિ..

પ્રભુઇસુ :- (મરિયમને ઉભી કરતાં કહે) મરિયમ..રડ નહિ..ઉભી થા..શાંત થા.. (મરિયમની સાથે બધા રડે..આંસુ લુછે..વગેરે અભિનય કરે) (પ્રભુઇસુ પણ વ્યાકુળ થઇ જાય.ખૂબ દુઃખથી કહે) તમે તેને ક્યાં મૂક્યો છે ?

આબ્નેર :- પ્રભુ..આવીને જુઓ..ચાલો તેની કબરે.....અહીંથી નજીક જ છે. (બધા કબર પાસે ચાલતા ચાલતા જાય. એક કબર પાસે આવી ઉભા રહે. બધાં રડે)

લાબાન :- (કબર બતાવી કહે) આ રહી લાજરસની કબર..



(પ્રભુઇસુ થોડી ક્ષણો મૌન ઉભા રહે. પછી પભુ પણ રડી પડે. પ્રભુને રડતા જોઇ લોકો ગણગણાટ કરે)

(જો.. પ્રભુઇસુ રડે છે... - લાજરસ એમનો ખાસ મિત્ર હતો.. - બેથાનિયા આવે તો લાજરસના ઘેર જ રહે, પ્રભુઇસુ, ..વગેરે જેવા ઉદ્દગારો કાઢે.)

આબ્નેર :- જુઓ..પ્રભુઇસુ લાજરસ પર કેટલો બધો પ્રેમ રાખતા હતા ?

લાબાન :- જો પ્રભુ, ચાર જ દહાડા વહેલા આવ્યા હોત તો બચી જાત લાજરસ..

શેમ (એક માણસ) :- અરે પણ ..જેણે આંધળાની આંખો ઉઘાડી, તેનામાં આ માણસ ના મરે એવું કરવાની શક્તિ નહોતી ?

પ્રભુઇસુ :- (પ્રભુઇસુ નિસાસો નાંખી માથું હલાવે..થોડી ક્ષણો પછી કહે) આ પથ્થરને ખસેડો..

માર્થા :- (દુઃખથી કહે) અરે પ્રભુ..હવે તો તે ગંધાતો હશે..કેમકે આજ તેને મરે ચાર દહાડા થઇ ગયા.....

પ્રભુઇસુ :- જો તું વિશ્વાસ કરશે..તો તું દેવનો મહિમા જોશો..

આબ્નેર :- (ત્યાં ઉભેલાને કહે) પ્રભુ કહે છે.....માટે જુવાનો, ખસેડો આ પથ્થરને. (કેટલાક જુવાનો પથ્થર ખસેડે)

(પછી પ્રભુઇસુ આકાશ તરફ હાથ અને મોં ઉચા કરી પ્રાર્થના કરે)

પ્રભુઇસુ :- (પ્રાર્થના કરે) હે..પિતા ..તમે મારું સાંભળ્યું છે માટે હું તમારો આભાર માનું છું. આ જે લોકો આસપાસ ઉભા રહેલા છે તેઓ વિશ્વાસ કરે કે, તમે મને મોકલ્યો છે. માટે કહું છું.કે.. (પ્રભુઇસુ બૂમ મારે) લાજરસ..... બહાર આવ..

(મોં ને હાથ થી પગ સુધી કફન વીંટાળેલો લાજરસ ચાલતો બહાર આવે. બધા આશ્ચર્ય ચકિત થઇ જાય. કેટલાક બી ને પાછા હઠી જાય)

પ્રભુઇસુ :- તેના બંધન છોડી નાંખો..

(કોઇ લાજરસને વીંટાળેલું કપડું છોડી નાંખે.. (પગથી છોડતા જવું.મોં છેલ્લે ખોલવું.) લાજરસ જોરથી બૂમ પાડતો આનંદથી ઉછળતો પ્રભુને ભેટી પડે.)

લાજરસ :- પ્રભુઉઉઉઉ.....

(બૂમ પાડતો પ્રભુઇસુને ભેટી પડે બન્ને બેનો પણ ભેટી પડે.બધા ખુશીના માર્યા કિકિયારી કરતા લાજરસને ઉચકી લે. પ્રભુને ભેટી પડે. ને જોરથી નારા બોલાવે)

પ્રભુઇસુ મસિહ કી...જય.... - પ્રભુઇસુ કી....સ્તુતિ હો..સ્તુતિ હો.. - હાલેલુયાહ.......હાલેલુયાહ

(બધા સ્ટેજ પર ગીત ગાય) :-

જિંદા કરનેવાલા યેશુ હાલેલુયાહ...
જીવન દેને વાલા યેશુ હાલેલુયાહ....
ચંગા કરનેવાલા યેશુ હાલેલુયાહ....
મકિત દેનેવાલા યેશુ હાલેલુયાહ....

-: પાત્રો :-

૧) પ્રભુઇસુ
૨) માર્થા
૩) મરિયમ
૪) લાજરસ
૫) જોનાથાન
૬) આબ્નેર (વડિલ)
૭) લાબાન (વડિલ)
૮) ચાર - પાંચ શિષ્યો
૯) શેમ - એક માણસ
૧૦) પાંચ સ્ત્રીઓ
૧૧) કેટલાક માણસો
(પ્રભુઇસુ બેથાનિયા આવે ત્યારે તેમની પાસે સાજા થવા જાય. અને કેટલાક માર્થાના ઘરે દિલાસા માટે બેઠા હોય)
૧૨) કેટલીક સ્ત્રીઓ
(માર્થાના ઘરમાં દિલાસા માટે બેઠી હોય)

નોંધ :- વધારાના માણસો પ્રેક્ષકો માંથી લઇને બેસાડી શકાય.

## ૨૫ યર્મિયા સંદેશવાહક

દિન–૯

“તમે દેવના પ્રવક્તા (સંદેશવાહક) છો”

શાસ્ત્રપાઠઃ- યર્મિયા 1:4-10

(નોંધઃ- એક પાત્રિય અભિનય કરી શકાય)

હેતુ :- બાળકો સર્વ લોકોને માટે ઈશ્વરને પ્રાર્થના કરે, અને ઇશ્વર વિષે લોકોને જણાવે, ઇશ્વરના સત્યવચનો, પ્રેમથી બીજાને પ્રગટ કરે તેવી પ્રેરણા આપવી.

(યર્મિયા પ્રબોધક દુઃખી થઈને આમતેમ આંટા મારતો, જગતની દુષ્ટતા જોઇને આક્રોશ વ્યકત કરતાં બબડતો હોય તેવું દ્રશ્ય)

યર્મિયાઃ- (દુઃખથી આક્રોશ વ્યકત કરે) અરેરે..શું જમાનો આવી ગયો છે? જ્યાં જુઓ ત્યાં અન્યાય –, ભ્રષ્ટાચાર –, જુલમ. – આતંક, – લોભલાલચ... બસ, આજના જમાનાના લોકોને વૈભવવિલાસ, ધનદોલત, ગાડી બંગલા, ડિગ્રીઓ, માન–મોભા આ જ બધું જોઇએ છે. પ..ણ આ બધું આપનાર તો એમનો દેવ પરમેશ્વર છે, એનું ભાન જ નથી.
એમના જીવનમાં ઈશ્વરનું કોઇ સ્થાન જ નથી ? ....
શું થશે આ લોકોનું ?...હે પ્રભુ કંઇ કરો.
યર્મિયા ઘૂંટણે પડીને આકાશ તરફ બે હાથ ઉચા કરીને પ્રાર્થના કરે.)
‘હે પ્રભુ, તમે જ આ લોકોને સમજાવી શકો એમ છો.પ્રભુ... હું તમને વિનંતી કરું છું કે આ લોકોના અંતરચક્ષુ ખોલો, તમારા વચનો તરફ ધ્યાન આપે અને તમારાં વચનો વાંચે, સાંભળે અને અમલમાં મૂકે એવું મન આપો પ્રભુ. આ લોકોને બચાવો.. પ્રભુ.... બચાવો......’

(યર્મિયા પ્રાર્થના કરતો હોય ત્યારે આકાશવાણી થાય)

વાણી :- ‘યર્મિયા..... (યર્મિયા ચમકીને આજુબાજુ જુએ.) યર્મિયા, જા, તું મારો સંદેશવાહક થઇને આ લોકો પાસે જા. અને મારો સંદેશો એમને કહે.

યર્મિયા :- ગભરાઇને ઉભો થઇ જાય, (ડરતો હોય તેમ બોલે) હેં....? પ્રભુ હું ? હું લોકો પાસે જાઉ ? હું તેમને શું કહું ....?

વાણી :- હા, યર્મિયા..તારો જન્મ થયો તે પહેલાંથી જ મેં તને મારે માટે પસંદ કર્યો છે. અને દરેક પ્રજાના સંદેશવાહક તરીકે મેં તારી નિમણુંક કરી છે. માટે તું જા.. અને મારો સંદેશો બધા લોકોને જણાવ.

યર્મિયા :- (ગભરાતો હોય તેમ બોલે) પણ પ્રભુ..... મને તો ઉપદેશ કરતાં આવડતુ જ નથી. અને હું તો...હજુ.. કિશોર છુ. નાનો છું.

વાણી :- યર્મિયા, હું કિશોર છુ નાનો છું એમ ના બોલ.બીશ નહિ. હું પરમેશ્વર, તારી સાથે છું. હું તને જે જે લોકો મધ્યે મોકલું ત્યાં તારે જવાનું છે.અને હું તને જે ફરમાવું તે તારે તેઓને કહેવાનું છે.

(આ સાંભળી યર્મિયા હાથ જોડી ઘૂંટણે પડી જાય ને નમ્રતાથી બોલે)



યર્મિયાઃ- પ્રભુ..તમે કહો છો તો હું જઇશ. ને તમારો સંદેશો લોકોને કહીશ... પ..ણ તમે મને મદદ કરજો.

વાણીઃ- જો.. મારો સંદેશો મેં તારા મુખમાં મુક્યો છે. જા.. હું તને અધિકાર આપું છું. જઇને દેવની વાતો લોકોને સંભળાવ.

(યર્મિયા થોડીવાર શાંત રહે. પછી સ્વસ્થ થઇ ઉભો થાય. અને જાણે કે પવિત્રઆત્માથી ભરપુર થયો હોય તેમ જુસ્સાથી બોલે)

યર્મિયા :- (જુસ્સાથી હાથ ઉછાળી બોલે) હા, હું જઇશ, પ્રભુનો સંદેશો બીજાને આપીશ. ભલે હું નાનો કે કિશોર છું, પણ દેવની વાતો હુ ચોક્કસ બીજાને કહીશ જ. હું દેવની વાતો કહેતાં ડરીશ નહિ.... કારણ કે પ્રભુ મારી સાથે છે.

(પછી યર્મિયા પ્રેક્ષકો તરફ હાથ કરીને , બાઇબલ હાથમાં લઇ ઉચુ કરીને કહે.)

ચાલો, ભાઇ બેનો, પ્રભુઇસુની સુવાર્તા બીજાને કહેવા ચાલો. આજથી જ શરુઆત કરી દો. હું તો હમણાં જ ચાલ્યો સુવાર્તા આપવા..

(ખભે થેલી ભરાવી) હાથમા બાઇબલ લઇ ચાલ્યો જાય.....

## ૨૯ યર્મિયા ટાંકામાં

દ્રશ્ય-1

(યર્મિયા પ્રબોધક દુઃખી થઈને આમતેમ આંટા મારતો,જગતની દુષ્ટતા જોઇને આક્રોશ વ્યકત કરતાં બબડતો હોય તેવું દ્રશ્ય)

યર્મિયા :- (દુઃખથી આક્રોશ વ્યકત કરે) અરેરે..શું જમાનો આવી ગયો છે ? જ્યાં જુઓ ત્યાં અન્યાય, ભ્રષ્ટાચાર, જુલમ. આતંક, લોભ લાલચ... બસ, આજના જમાનાના લોકોને વૈભવવિલાસ, ધનદોલત, ગાડીબંગલા, ડિગ્રીઓ, માન-મોભા આ જ બધું જોઈએ છે. પ..ણ આ બધું આપનાર તો એમનો દેવ પરમેશ્વર છે, એનું ભાન જ નથી. એમના જીવનમાં ઈશ્વરનું કોઇ સ્થાન જ નથી ? .... શું થશે આ લોકોનું ?...હે પ્રભુ કંઇ કરો.

(યર્મિયા ઘૂંટણે પડીને આકાશ તરફ બે હાથ ઉંચા કરીને પ્રાર્થના કરે.)

'હે પ્રભુ, તમે જ આ લોકોને સમજાવી શકો એમ છો. પ્રભુ... હું તમને વિનંતી કરું છું કે આ લોકોના અંતરચક્ષુ ખોલો, તમારા વચનો તરફ ધ્યાન આપે અને તમારાં વચનો વાંચે,સાંભળે અને અમલમાં મૂકે એવું મન આપો પ્રભુ. આ લોકોને બચાવો.. પ્રભુ.... બચાવો......'

(યર્મિયા પ્રાર્થના કરતો હોય ત્યારે આકાશવાણી થાય)

વાણીઃ- 'યર્મિયા..... (યર્મિયા ચમકીને આજુબાજુ જુએ.) યર્મિયા,જા, તું મારો સંદેશવાહક થઇને આ લોકો પાસે જા.અને મારો સંદેશો એમને કહે.

યર્મિયાઃ- (ગભરાઇને ઉભો થઇજાય,ડરતો હોય તેમ બોલે) હેં....? પ્રભુ હું ? હું લોકો પાસે જાઉં ? હું તેમને શું કહું ....?

વાણીઃ- હા, યર્મિયા..તારો જન્મ થયો તે પહેલાંથી જ મેં તને મારે માટે પસંદ કર્યો છે. અને દરેક પ્રજાના સંદેશવાહક તરીકે મેં તારી નિમણુંક કરી છે. માટે તું જા.. અને મારો સંદેશો બધા લોકોને જણાવ.

યર્મિયાઃ- (ગભરાતો હોય તેમ બોલે) પણ પ્રભુ..... મને તો ઉપદેશ કરતાં આવડતુ જ નથી. અને હું તો...હજુ.. કિશોર છુ. નાનો છું.

વાણીઃ- યર્મિયા, હું કિશોર છુ નાનો છું એમ ના બોલ.બીશ નહિ. હું પરમેશ્વર, તારી સાથે છું. હું તને જે જે લોકો મધ્યે મોકલું ત્યાં

તારે જવાનું છે. અને હું તને જે ફરમાવું તે તારે તેઓને કહેવાનું છે.

(આ સાંભળી યર્મિયા હાથ જોડી ઘૂંટણે પડી જાય ને નમ્રતાથી બોલે)

યર્મિયાઃ- પ્રભુ.. તમે કહો છો તો હું જઇશ. ને તમારો સંદેશો લોકોને કહીશ... પ..ણ તમે મને મદદ કરજો.

વાણીઃ- જો.. મારો સંદેશો મેં તારા મુખમાં મુક્યો છે. જા.. હું તને



અધિકાર આપું છું. જઇને દેવની વાતો લોકોને સંભળાવ.

(યર્મિયા થોડીવાર શાંત રહે. પછી સ્વસ્થ થઇ ઉભો થાય. અને જાણે કે પવિત્રઆત્માથી ભરપુર થયો હોય તેમ જુસ્સાથી બોલે)

યર્મિયા :- (જુસ્સાથી હાથ ઉછાળી બોલે) હા, હું જઇશ, પ્રભુનો સંદેશો બીજાને આપીશ. ભલે હું નાનો કે કિશોર છું,પણ દેવની વાતો હુ ચોક્કસ બીજાને કહીશ. હું દેવની વાતો કહેતાં ડરીશ નહિ.... કારણ કે પ્રભુ મારી સાથે છે.

(પછી યર્મિયા પ્રેક્ષકો તરફ હાથ કરીને , બાઇબલ હાથમાં લઇ ઉંચુ કરીને કહે.)

ચાલો, ભાઇ બેનો, તમે પણ પ્રભુઇસુની સુવાર્તા બીજાને કહેવા ચાલો. આજથી જ શરુઆત કરી દો. હું તો હમણાં જ ચાલ્યો સુવાર્તા આપવા..

(યર્મિયા ખભે થેલો ભરાવી સુવાર્તા પ્રચાર કરવા ચાલ્યો જાય)

દ્રશ્ય-2

(યર્મિયા એક શહેરમાં જઇ, રસ્તા પર લોકોને બોધ આપતો હોય—ચેતવણી આપતો હોય તે રીતે બોલે.)

યર્મિયાઃ- હે લોકો, તમે ઈશ્વરની આજ્ઞા માનતા નથી. ઈશ્વરની પ્રાર્થના કરતા નથી, બાઇબલ વાંચતા નથી, માટે તમને શિક્ષા કરવામાં આવશે. બાબિલ દેશનો એક રાજા તમારી સાથે લડાઇ કરવા આવશે, તમને બધાને પકડીને ગુલામ બનાવી લઇ જશે. અને તમારા ઘરોને બાળીને ભસ્મ કરશે. અને તમારા પવિત્ર મંદિરને પણ તોડીને, બાળી નાંખશે.

(આ સાભળીને બધા અધિકારીઓ ખૂબ ગુસ્સે થાય. ત્રણચાર અધિકારીઓ ચર્ચા કરે છે)

૧લો અધિકારીઃ- અરે જુઓ? આ યર્મિયા કેવી વાતો કરે છે? એ લોકોને ગભરાવીને ઉશ્કેરે છે .ચાલો આપણે રાજાને જઇને કહીએ. (અધિકારીઓ રાજા પાસે જાય) (રાજા દરબારમાં બેઠા હોય તેવું દ્રશ્ય બતાવવું. બહાર બે સિપાઇ ઉભા હોય. અધિકારીઓને જોઇ પ્રણામ કરી, જવા દે)

૨જો અધિકારીઃ- (પ્રણામ કરીને કહે) પ્રણામ રાજા સાહેબ..આ યર્મિયા લોકોને ખોટી વાતો કરીને, ગભરાવે છે, ખોટી અફવા ફેલાવે છે. કહે છે કે, તમારા પર બાબિલનો રાજા લડાઇ કરવા આવશે.. અને તમને પકડીને ગુલામ બનાવીને લઇ જશે. તમારા ઘરોને અને મંદિરને પણ લૂંટી લેશે અને બાળીને ભસ્મ કરી નાંખશે.

રાજાઃ- (ગુસ્સે થઇ બોલે) શું વાત કરો છો..? યર્મિયાની આટલી બધી હિંમત ..? ખોટી અફવાઓ ફેલાવે છે ? તો તો તેને શિક્ષા કરવી જ પડશે...

જાઓ.. તેને પકડીને જેલમાં પૂરી દો..ને શિક્ષા કરો...

૩જો અધિકારીઃ- જી મહારાજ..આપ કહો છો તેમ જ, યર્મિયાને જેલમાં પુરી, શિક્ષા કરીશું.. ને આપને માહિતી આપીશું.
(પ્રણામ કરીને ચારે જણ જાય)

## દૃશ્ય — 3

(અધિકારીઓ લોકોનું ટાળું લઇને જાય, યર્મિયાને પકડે છે)

૪થો અધિકારીઃ- (લોકોને કહે) જુઓ ભાઇઓ, આ યર્મિયા,લોકોને બીવડાવે છે કે.. તમને બાબિલનો રાજા પકડીને ગુલામ બનાવી લઇ જશે. તમારા ઘરો અને તમારું મંદિર લૂંટી લેશે ને બાળીને ભસ્મ કરી નાંખશે... એવી ખોટી અફવા ફેલાવે છે, માટે તેને પકડો ને જેલમાં પુરી દો.
(બધા લોકો હો હા કરતા,યર્મિયાને પકડી લે.ઘસડીને લઇ જાય. રસ્તામાં એક પાણીની ટાંકી આવે તેમાં ખૂબ કાદવ હોય.તે જોઇને એક જણ કહે..)

૧લો અધિકારીઃ- અરે ભાઇઓ ,થોભો..થોભો..જુઓ .. આ પાણીના ટાંકામાં નર્યો કાદવ જ છે..આ યર્મિયાને આ કાદવમાં નાંખી દો.. કાદવમાં પડયો પડયો મરશે...નાંખી દો કાદવમાં..

૨જો અધિકારીઃ- હા..હા..નાંખી દો કાદવમાં..છો ભૂખે મરે.. ઐને તો ઐવી જ શિક્ષા થવી જોઇએ..
(લોકો યર્મિયાને ઉંચકીને ટાંકામાં નાંખી દે છે.....યર્મિયા જોર જોરથી આક્રંદ કરે..)

યર્મિયા :- (ટાંકામાં રડતો રડતો પ્રાર્થના કરે) ઓ પ્રભુ.મને મદદ કરો.પ્રભુ.. મને કાદવમાં ઘણું દૂઃખ થાય છે. દયા કરો પ્રભુ..બચાવો..મારા દેવ મદદ કરો..
(એમાં 'એબેદ-મલેખ નામનો'એક અધિકારી હતો. તેને દયા આવી. એટલે બધા જતા રહયા પણ તે ત્યાં જ ઉભો રહયો)

અબેદ મલેખઃ- અરેરે..બીચારો યર્મિયા..કેટલું દુઃખ પડે છે બીચારાને..ચાલ રાજા પાસે જઇને વિનંતી તો કરી જોઉ.. બીચારાને બહાર કાઢે તો સારું .. (એબેદ મલેખ રાજા પાસે જાય અને વિનંતી કરે)

## દૃશ્ય- 4

અબેદમલેખઃ- (રાજા પાસે જઇને કહે) પ્રણામ રાજા સાહેબ..આ યર્મિયા તો ઈશ્વરનો ભક્ત છે..તે તો આપણા ભલા માટે,ઈશ્વરનો સંદેશો કહે છે. એ નિર્દોષ છે.. બીચારાને લોકોએ કાદવના ટાંકામાં નાંખી દીધો છે..દયા કરો મહારાજ, એને બચાવો,એવી વિનંતી કરું છું .. પ્લીઝ રાજાસાહેબ...

રાજા :- સારું .. એબેદમલેખ..તમે સારા માણસ છો. માટે જાઓ..ત્રીસ માણસોને લઇને જાઓ..અને ઐ યર્મિયાને પાણીના ટાંકામાંથી બહાર કાઢો.



## દૃશ્ય - 5

(એબેદ મલેખ ત્રીસ માણસોને લઇને, યર્મિયાને ટાંકામાંથી બહાર કાઢવા જાય છે.)

ઐબેદ મલેખ :- ભાઇઓ.. જુના ફાટેલાં કપડાં લઇ લો..અને એક મોટું દોરડું પણ લઇ લો.. (એક બે જણ કપડાં ને દોરડું લઇ આવે ..ને ટાંકા પાસે જાય)

યર્મિયા :- (ટાંકામાં રડતો રડતો પ્રાર્થના કરતો હોય) 'હે પ્રભુ,.. તમે જ મારા મદદગાર છો..પ્રભુ મને ખાત્રી છે કે..તમે મને જરુર બચાવશો..'
(એબેદમલેખ આવે)

એબેદમલેખઃ- (બૂમ પાડે) યર્મિયા.. અમે તને બહાર કાઢીએ છીએ..

યર્મિયા :- (ખુશ થઇ,આનંદથી બોલે) ઓ પ્રભુ...તમે મારી પ્રાર્થના સાંભળી... આભાર પ્રભુ..આભાર..થેન્કયુ..મારા દેવ...

એબેદમલેખઃ- યર્મિયા..લે આ કપડાં .. તારી બગલમાં મૂક.. (કપડાં ટાંકામાં નાંખે..યર્મિયા તે લઇને બગલમાં મૂકે)

ઐક માણસઃ- લે..આ દોરડું.. તારી બગલમાં ભરાવી દે...અમે તને ખેંચીને બહાર કાઢીએ...

યર્મિયા :- હા..હા.. લાવો..લાવો.. મને બહાર કાઢો...
(બધા લોકો દોરડું ખેંચીને.. યર્મિયાને બહાર કાઢે...યર્મિયા બહાર નિકળીને ઈશ્વરનો આભાર માને..)

યર્મિયાઃ- 'હે.. મારા પ્રભુ આભાર... થેન્કયુ પ્રભુ.. તમે મને બહાર કાઢયો... તમે આ લોકોને મોકલ્યા માટે આભાર... હે ભાઇઓ, તમારો પણ ખૂબ ખૂબ આભાર.. થેન્કયુ પ્રભુ .. સ્તુતિ હો.. સ્તુતિ હો...પ્રેઈઝ ધ લોર્ડ.....હાલેલુયાહ..

બધા લોકોઃ- (ખૂશીથી પોકારે.).... પ્રઇઝ ધ લોર્ડ.. હાલેલુયાહ...સ્તુતિ હો.. સ્તુતિ હો.. મહાન પરમેશ્વરની સ્તુતિ હો..

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧) યર્મિયા | ૫) એક માણસ |
| ૨) એબેદ મલેખ | ૬) કેટલાક લોકોનું ટોળુ |
| ૩) રાજા | ૭) યર્મિયા |
| ૪) ચાર અધિકારીઓ | ૮) વાણી બોલનાર |

# ૨૭ શાઉલમાંથી પાઉલ

પ્રેરિતોના કૃત્યો 9:11-19

(શાઉલ મિત્રો સાથે વાતો કરતા ઉભા હોય. તે સમયે બે ખ્રિસ્તી વ્યક્તિઓ હાથમાં બાઇબલ લઇ, પ્રાર્થના માટે જતા હોય. શાઉલ તેમને ઉભા રાખી ઝઘડો કરતો હોય, તેવું દૃશ્ય)

શાઉલ :- (તોછડાઇથી કહે) એય...ઉભા રહો. (બાઇબલ ઝૂંટવી લઇ કહે) આ શું છે? આ દેશમાં રહેવું હોય તો આ ઇસુબીસુનું નામ લેવું નહિ સમજ્યા ..? ભાગો..નહિ તો..
(બાઇબલ ફેંકી દે ને ..ધમકીઓ આપે..ધક્કા મારી કાઢી મૂકે..બન્ને ખ્રિસ્તીઓ બાઇબલ લઇ ભાગી જાય)

શાઉલ :- (મિત્રોને કહે) દોસ્તો, આ ખ્રિસ્તીઓને આપણે વીણી વીણીને સાફ કરવાના છે..દેખો ત્યાંથી ઠાર કરો..

૧લો મિત્ર :- હા..હા.. ચાલો.. આ બાજુના ગામોમાંથી તો બધા ખ્રિસ્તીઓને સાફ કર્યા. હવે દમસ્ક શહેર બાજુ જઈએ..

૨જો મિત્ર :- આપણે પ્રમુખ યાજક પાસેથી પરમીશન લઇને જ જઈએ..એટલે..

શાઉલ :- (ખિસ્સામાંથી પત્ર કાઢી બતાવે) હું એ જ મતનો છું. જુઓ..આ પ્રમુખ યાજક પાસેથી પરવાનગી મેળવી લાવ્યો છું. ગભરાશો નહિ..
(તલવાર બતાવી કહે) ખ્રિસ્તીઓને પકડી પકડીને જેલમાં પુરો.. ને ના માને તેને, .. પુરા કરી દો..

૩લો મિત્ર :- (પત્ર લઇ વાંચે ને કહે) હંઅઅઅ...આ બરાબર.. હવે આપણે ખુલ્લેઆમ કતલ કરીશું.. ચાલો.. (ત્રણે ચાલતા જાય..)
(ભજન ગીતોનો અવાજ સંભળાય.. કેટલાક લોકો એક ઘરમાં સ્તુતિ આરાધના કરતા હોય .. ત્યાં જાય)

૨જો મિત્ર :- (અવાજ તરફ ધ્યાન દોરે) સાંભળો....ગીતોનો અવાજ સંભળાય છે ?

૧લો મિત્ર :- હા.. હોં..આટલા સરસ ગીતો તો એ ખ્રિસ્તી લોકો જ ગાતા હોય છે..
(ઇશારો કરે..) ચાલો..છાપો મારો..
(ત્રણે જણ તે ઘરમાં જઇ, ખ્રિસ્તીઓને ધમકાવીને જેલમાં પુરી દે)

શાઉલ :- ચાલો મિત્રો,..હવે આપણે બાજુના 'દમસ્ક' શહેરમાં જઇએ.ત્યાં ઘણા ખ્રિસ્તીઓ છે. તેમને સીધા કરીએ..

મિત્રો:- હા..હા..ચાલો.. (દમસ્ક શહેર તરફ જાય.. સ્ટેજ પર બે ત્રણ આંટા મારે..પછી બેટરીથી શાઉલના મોં પર પ્રકાશ પાડવો..જેથી તેની આંખો અંજાય જાય)

શાઉલ :- (ગભરાયને બૂમ પાડી ઉઠે) ઓઓઓ.. .. આ શું છે ? આઆઆ..
(કરતો શાઉલ ભોંય પર પડી જાય..)

વાણી :- (પડદા પાછળથી વાણી સંભળાય) શાઉલ.. .. શાઉલ .. .. તું મને કેમ સતાવે છે ? (મિત્રો પણ વાણી સાંભળી બી ને પડી જાય)

શાઉલ :- (ખૂબ ગભરાતો બોલે) પ્રભુ.. પ્રભુ,તમે કોણ છો ? ... બચાવો..



પ્રભુ..બચાવો..

વાણી :- "હું ઇસુ છું જેને તું સતાવે છે..પણ તું ઉઠ શહેરમાં જા..અને તારે શું કરવું તે તને કહેવામાં આવશે.."

૧લો મિત્ર :- (સ્તબ્ધ થઇને બોલે) અરે..અરે..આ શું ?

૨જો મિત્ર :- (આમ તેમ જોતાં બેબાકળો થઇ બોલે.) કોણ બોલ્યું.... ?

શાઉલ :- (બેઠો થઇ આંખો મસળતો ગભરાતો-રડતો બોલે) ઓ બાપ રે...મને તો કશું દેખાતું નથી. અરે મિત્રો ક્યાં છો તમે ? હું આંધળો થઇ ગયો. મને કશું જ દેખાતું નથી.

૧લો મિત્ર :- (બન્ને મિત્રો શાઉલ પાસે જાય) અરે શાઉલ.. હિંમત રાખ.. અમે તને મદદ કરીશું.. ચાલ ઉભો થા..

૨જો મિત્ર :- (દિલાસો આપે) શાઉલ, ડરીશ નહિ.. અમે તને દવાખાને લઇ જઇએ છીએ.. સારુ થઇ જશે.. લે પાણી પી. (પાણી પીવડાવે)

૧લો મિત્ર :- ચાલ ભાઇ.. હિંમત રાખ.. જલ્દી દવાખાને જઈએ. આપણે દમસ્ક શહેરની નજીક જ આવી ગયા છીએ..

૨જો મિત્ર :- હા..ચાલ અમે છીએ ને ? તને મદદ કરીએ ..ચાલ.. (બન્ને મિત્રો શાઉલને પકડીને ચલાવતા લઇ જાય.)

## દૃશ્ય-2

(અનાન્યા પ્રબોધક તેના ઘરમાં પ્રાર્થના કરતો હોય. ત્યારે તેને દેવની વાણી સંભળાય)

વાણી :- (પડદા પાછળથી વાણી બોલવી) "અનાન્યા...અનાન્યા..."

અનાન્યા :- (પ્રાર્થનામાં રહીને બોલે) પ્રભુ..હું આ રહયો..

વાણી :- "અનાન્યા.. ઉઠીને પાધરા નામના રસ્તા પર જા.. ત્યાં એક ઘરમાં તાર્સસ શહેરનો, શાઉલ નામનો એક માણસ છે. તેની ખબર કાઢ. જો તે પ્રાર્થના કરે છે.....અને જો તેની વિગત સાંભળ......" (અનાન્યા સાંભળતો હોય તેમ થોડી ક્ષણો બેસી રહે,પછી બોલે)

અનાન્યા :- (પ્રાર્થનાની સ્થિતીમાં જ બોલે) હા પ્રભુ.. હું હમણાં જ જઉ છું.
પ..ણ..પ્રભુ..એ માણસ તો તમારા લોકોને –સંતોને ખૂબ સતાવે છે.. દુઃખ દે છે. મારી નાંખે છે.
અરે પ્રભુ...તેણે તો સરકાર પાસેથી બધા ખ્રિસ્તીઓને પકડીને જેલમાં પુરવાની પરવાનગી મેળવી છે.

વાણી :- "તું ચાલ્યો જા.. કેમકે વિદેશીઓ,રાજાઓ તથા ઇસ્રાએલી પુત્રોની આગળ મારું નામ પ્રગટ કરવા સારુ,એ મારૂ પસંદ કરેલું પાત્ર છે. કેમકે મારા નામને લીધે,કેટલું બધું દુઃખ સહન કરવું પડશે એ હું તેને દેખાડીશ."

અનાન્યા :- હા..પ્રભુજી.. હું હમણાં જ જઇશ.. (ઉઠીને શાઉલ હોય તે ઘેર જવા... સ્ટેજ પર બેત્રણ આંટા મારે..અને જાય)

## દૃશ્ય - 3

(શાઉલ એક ઘરમાં હોય. તેના મિત્રો દિલાસો આપતા વાતો કરતા હોય.તેવુ દૃશ્ય)

શાઉલ :- (દુ:ખથી રડતા અવાજે બોલે) અરે..હું આંધળો થઇ ગયો..આજે ત્રણ દિવસ થઇ ગયા.. હજી પણ મને કશું જ દેખાતું નથી.....

૧લો મિત્ર :- લાવ..આંખમાં દવા નાંખવા દે..ડૉક્ટરે દર અડધા કલાકે દવા નાંખવા કહ્યું છે. (આંખમાં દવા નાંખે)

૨જો મિત્ર :- અરે ત્રણ દિવસ થઇ ગયા.શાઉલ તેં અન્નનો એક દાણો મોંમાં નાખ્યો નથી. પ્લીઝ..એક કોળિયો તો ખા...

શાઉલ :- (વિલાપ કરતાં કહે) ના..ના..... મારું મન બહુ વ્યાકુળ થાય છે... (ઘૂંટણે પડી પ્રાર્થના કરે) બચાવો પ્રભુ....મને માફ કરો.. દયા કરો ..મને દેખતો કરો ..પ્રભુ..

૧લો મિત્ર :- શાઉલ, સાવ ભાંગી પડયો છે.. આપણે તેના માટે શું કરીએ ?

૨જો મિત્ર :- ભાઇ શાઉલ.. હિંમત રાખ..ડૉક્ટરની દવા તો કરીએ છીએ.. રાહ તો જોવી પડે ને, ભાઇ ?

(થોડી વાર શાઉલ ને મિત્રો ચૂપચાપ બેસી રહે .. પછી શાઉલ બે હાથ જોડી,ઘૂંટણે પડી, ઉંચે જોઇને મનમાં પ્રાર્થના કરે.થોડીવાર પછી આશ્વર્ય સાથે બોલી ઉઠે)

શાઉલ :- (એકદમ આશ્વર્ય સાથે ઉભો થઇ કહે) અરે મિત્રો.. મને પ્રભુઇસુએ દર્શન આપ્યું. મને બતાવ્યું કે,કોઇ અનાન્યા નામે માણસ આવીને તારા માથા પર હાથ મૂકશે અને તું દેખતો થઇ જઇશ.

બન્ને મિત્રો:- (આશ્વર્યથી) શું ? .. પ્રભુઇસુએ દર્શન આપ્યું ? તને ..... ? (બન્ને આશ્વર્યથી એકબીજા સામે જોઇ ઇશારા કરે)

શાઉલ :- (ઉત્સુકતાથી કહે) હા, ભાઇઓ હા.. પ્રભુઇસુએ..મને દર્શન આપ્યું.. મને સ્પષ્ટ દેખાયા પ્રભુઇસુ.. (ઘરના બારણા પર ટકોરા પડે..એક મિત્ર બારણું ખોલવા જતાં બોલે)

૨જો મિત્ર :- કોણ હશે અત્યારે..સવાર સવારમાં..? (જઇને બારણું ખોલે.. બહાર અનાન્યા આવ્યા હોય)

અનાન્યા :- જય ખ્રિસ્ત.. મારું નામ અનાન્યા છે. હું તાર્સિસ શહેરના શાઉલ નામના માણસને મળવા આવ્યો છું. છે અહિં કોઇ શાઉલભાઇ ?

૨જો મિત્ર :- હા..છે..આવો.. - શાઉલ..કોઇ તને મળવા આવ્યું છે... (અનાન્યા ઘરમાં જાય)

શાઉલ :- મને મળવા ?.. કોણ હશે ?

અનાન્યા :- મારું નામ અનાન્યા.....

શાઉલ :- (સાંભળતાં જ, આનંદથી ઉછળીને બોલે) અના..ન્યા ? આવો આવો.. પ્રભુઇસુએ મને હમણાં જ દેખાડયુ..કે અનાન્યા નામે એક માણસ આવશે ને તને દેખતો કરશે..

(શાઉલ ખુશ થતો,બે હાથ જોડી, અનાન્યાના પગે પડે)



અનાન્યા :- ઓહ.. તો તું છે શાઉલ એમને ? (અનાન્યા શાઉલ પાસે જઇને તેના માથા પર હાથ મૂકીને કહે)

ભાઇ શાઉલ, .. પ્રભુ એટલે ઇસુખ્રિસ્ત જે તને માર્ગમાં આવતાં દેખાયા..તેમણે, તું દેખતો થાય અને પવિત્રઆત્માથી ભરપુર થાય, માટે મને મોકલ્યો છે.

પ્રભુઇસુના નામમાં દેખતો થા. (શાઉલની આંખોમાંથી કંઇખરી પડયું હોય તેમ માથું ખંખેરે, આંખ મસળે..અને આમતેમ જુએ..આનંદવિભોર થઇ બોલી ઉઠે)

શાઉલ :- મને દેખાય છે.. મને દેખાય છે.. ઓ પ્રભુ ઇસુ.. થેન્ક યુ જીજસ .. (ઘૂંટણે પડી પ્રાર્થના કરે) હે પ્રભુઇસુ..મેં તમને ખૂબ સતાવ્યા. મને માફ કરો પ્રભુ.

(કુદીને ખુશી વ્યક્ત કરતો, અનાન્યાના હાથ પકડીને કહે) મને દેખાય છે અનાન્યા.. થેન્ક યુ. તમારો ખૂબ ખૂબ આભાર.. તમે પ્રભુઇસુને કહો, મને માફ કરે. મેં બહુ પાપ કર્યાં છે. મેં ઘણાં પ્રભુઇસુના લોકોને કતલ કરાવ્યા..ઘણાંને જેલમાં પુરાવ્યા.. હું મારાં પાપ કબૂલ કરું છું. માફી માંગુ છુ..

(ઘૂંટણે પડી હાથ જોડી પ્રાર્થના કરે) હે પ્રભુઇસુ..મને માફ કરો. હવેથી તમે જ મારા દેવ ને મારા પ્રભુ. માફ કરો પિતા.. દયા કરો..

(ઉભો થઇ અનાન્યાને પૂછે) અનાન્યા, હવે પ્રભુઇસુ જ મારા તારનાર છે. હવે હું શું કરું ?

અનાન્યા :- શાઉલ..જો તું ખરેખર પ્રભુઇસુ પર વિશ્વાસ કરતો હોય. તો તારે બાપ્તિસ્મા લેવું જોઇએ. કારણ કે પ્રભુઇસુએ મને જણાવ્યું છે કે, તું તેમનું પસંદ કરેલું ખાસ પાત્ર છે. પ્રભુ તને તેમની સેવા કરવા બોલાવે છે.

શાઉલ :- હા.. હા.. હું હમણાં જ બાપ્તિસ્મા લેવા માંગુ છું. અનાન્યા.. તમે મને હમણાં જ બાપ્તિસ્મા આપો..

અનાન્યા :- જરૂર.. જરૂર.. પ્રભુએ તને પસંદ કર્યો છે, તો હું તને બાપ્તિસ્મા આપીશ.. (શાઉલ ઘૂંટણે પડે. અનાન્યા બાપ્તિસ્મા આપે.)

શાઉલ :- (ઉભો થઇ પ્રેક્ષકો સામે જોઇને જુસ્સાથી બોલે) હવેથી હું મારું સમગ્ર જીવન મારા પ્રભુઇસુને સમર્પિત કરું છું. "હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવશે."

હાલેલુયાહ.. પ્રભુઇસુ મસિહ કી .. જય (નારા બોલાવે...) બોલો.. પ્રભુઇસુ મસિહ કી .. જય... પ્રભુઇસુ મસિહ કી .. જય... પ્રભુઇસુ મસિહ કી .. જય (બધા પાત્રો સ્ટેજ પર કોઇ ગીત ગાઇ શકે)

પાત્રો :-

| | |
|---|---|
| ૧) શાઉલ | ૨) ૧લો મિત |
| 3) ૨જો મિત | ૪) અનાન્યા |
| ૫) વાણી બોલનાર | |

## ૨૮ એલીશા એક વિધવાને મદદ કરે છે.

બાળ નાટક

(બાઇબલ-૨જો રાજા 4:1-7)

(બે નાના દિકરા માતાને મદદ કરે છે)

(કેટલાંક લોકનું (બાળકોનું) ટોળું બેઠું હોય.તેમને એલીશા પ્રબોધક ઉપદેશ આપતા હોય તેવું દૃશ્ય)

એલીશા :- આખી પ્રથ્વીના બધા લોકોને ઉત્પન્ન કરનાર દેવ યહોવા છે. પરમેશ્વર એજ યહોવા દેવ છે. એ પરમેશ્વર માનવ બન્યા, આ પ્રુથ્વીના સર્વ લોકોનો ઉધ્ધાર કરવા આવ્યા.ત્યારે તેમનું નામ પ્રભુઇસુખ્રિસ્ત પડયું. એટલે યાદ રાખો યહોવા દેવ તે જ પ્રભુઇસુખ્રિસ્ત છે. પ્રભુઇસુ હંમેશાં શીખવે છે કે બીજાને પ્રેમ કરો, મદદ કરો, માફ કરો, દયા રાખો,.....

(એવામાં જ એક સ્ત્રી,રડતી રડતી તેના બે નાના દીકરાઓને લઈને એલીશા પાસે આવે)

વિધવા સ્ત્રીઃ- (રડતી કાલાવાલા કરતી બોલે) ગુરુજી...ગુરુજી...મને મદદ કરો..

એલીશા :- અરે બેન.. શાંત થાઓ.. રડો નહિ.. શું થયું ?

સ્ત્રી :- ગુરુજી..મારા પતિ મરણ પામ્યા છે.ઘરમાં હવે હું ને આ મારા બે દીકરા જ છીએ. અમે ગરીબ છીએ. એટલે એક દુકાનદાર પાસેથી અનાજ ઉછીનું લેતા હતા દેવું ખૂબ વધી ગયું છે. એટલે તે દુકાનદાર કહે છે, તારાથી પૈસા નહિ અપાય.માટે તારા આ બે દીકરા હું ગુલામ તરીકે લઇ જઉ.

(બે દીકરાને બાથમાં ઘાલી રડતાં રડતાં કહે.બે દીકરા પણ રડે)

બચાવો...મારા દીકરાને..ગુરુજી મને મદદ કરો..

એલીશા :- (દયા આવે) બહેન રડીશ નહિ..પ્રભુ પર વિશ્વાસ રાખ. પ્રભુ મદદ કરશે. તારી પાસે ઘરમાં શું છે ?

સ્ત્રી :- ગુરુજી, એક તાંબડી તેલ સિવાય બીજું કશું નથી.

એલીશા :- સારું, તું ઘેર જઇને ખાલી વાસણો ભેગાં કર.તારા પડોશીઓ પાસેથી માંગીને પણ ખૂબ વાસણો ભેગાં કર. થોડાં નહિ. ખૂબ વાસણો.

સ્ત્રી :- સારુ ગુરુજી, વાસણો તો હું ભેગાં કરીશ.

એલીશા :- હંઅઅઅ..એ વાસણો તારા ઘરમાં ગોઠવજે.પછી તું ને તારા દીકરા બારણું બંધ કરજો. પછી જે તારી તાંબડીમાં તેલ છે,તે એક પછી એક વાસણમાં રેડજે. એટલે બધાં વાસણો તેલથી ભરાય જશે. પછી એ તેલ વેચીને ગુજરાન ચલાવજો. અને પૈસા ભેગા કરી લેણદારને આપી દેજો.

સ્ત્રી :- (ખુશ થતી કહે) સારુ ગુરુજી,હું જઈને તમે કહ્યું તેમ કરીશ. (પગે લાગી કહે) આભાર ગુરુજી..તમારી ખૂબ મહેરબાની....

(તે સ્ત્રી ને તેના બે દીકરા એલીશાના પગે લાગી ઘેર જાય.)

### દૃશ્ય-2

(ગરીબ વિધવા સ્ત્રીનું ઘર હોય તેવું દૃશ્ય)



સ્ત્રી :- (બન્ને દીકરાઓને કહે,) બેટા એઝરા ને અનોશ.તમે બન્ને આડોશ પાડોશ માંથી ખાલી વાસણો માંગી લાવો.કહેજો કે કામ પતે એટલે પાછાં આપી દઇશું.

એઝરા :- હા મમ્મી હું પહેલાં હું શિલ્પા માસીના ઘેરથી લઇ આવું.

અનોશ :- અને હું હનોખકાકાને ઘેર જઉ.પછી આજુબાજુમાંથી પણ લઇ આવીશું. હોં મમ્મી.....

સ્ત્રી :- હા જાઓ બેટા, તમારે મદદ કરવી પડશે હોં.... પછી એ વાસણો સાફ પણ કરવા પડશેને ?

એઝરા :- મમ્મી, તું ચિંતા ના કર અમે પાણી પણ ભરી લાવશું ને વાસણો પણ સાફ કરવા લાગીશું.

અનોશ :- (ભાઇને કહે) એઝરા..મોટાં મોટાં વાસણો માંગજે. દેગડા, મોટી પવાલીઓ, એવું. ના ઉચકાય તો આપણે બે જણા ઉચકીશું.

એઝરા :- હા .. હા.. મને ખબર છે. હું તારા કરતાં વધારે વાસણો ભેગા કરીશ.

(બન્ને છોકરા દોડતા જાય. પડદા પાછળથી પવાલી, મોટાં તપેલાં, દેગડા, એલ્યુમિનિયમના ડબ્બા જેવાં વાસણો વારાફરતી લાવીને મૂકે)

અનોશ :- (બે હાથમાં બે ડબ્બા લઇ આવે. બૂમ પાડતો બોલે) મમ્મી..ઇ ઇ ઇ.. ક્યાં મુકું?

સ્ત્રી :- હમણાં અહિં મૂકી દો. હું ગોઠવું છું. (તેના ઘરમાં વાસણો ગોઠવતાં બોલે)

એઝરા :- મમ્મી.ઇ.ઈ.ઇ.... લો. લઇ આવ્યો. હજી બીજાં લાવુ છું. (તેના હાથમાં વાસણ હોય તે મૂકે,ને પાછો ઝડપથી પાછો જાય)

(એમ બે ત્રણ વાર બન્ને છોકરાઓ વાસણો લાવે.એક જગાએ ઢગલો કરે. સ્ત્રી વાસણો કપડાથી સાફ કરીને વ્યવસ્થિત ગોઠવે.)

અનોશ :- મમ્મી, (હાથમા વાસણ હોય) આજુ બાજુ બધાના ઘેરથી લઇ આવ્યા.

એઝરા :- લો મમ્મી. હવે શું કરીએ ?

સ્ત્રી :- જુઓ, આ રીતે તમે બધાં વાસણો બરાબર સાફ કરો.

(છોકરાઓ એક કપડું લઇ વાસણો સાફ કરવા લાગે. સ્ત્રી ગોઠવે. એમ બધાં વાસણો ગોઠવાઇ જાય)

અનોશ :- લો, મમ્મી પતી ગયું.

સ્ત્રી :- જા, એઝરા બારણું બંધ કરી આવ. ગુરુજીએ કહ્યું હતું ને,કે વાસણોમાં તેલ રેડજો ? (એઝરા દોડતો બારણું બંધ કરે. સ્ત્રી તેલની તાંબડી લઇ આવે) ચાલો, વાસણોમાં તેલ ભરીએ (સ્ત્રી વાસણમાં તેલ રેડે બન્ને છોકરા કુતુહલ પૂર્વક જુએ)

એઝરા-અનોશઃ- (આશ્વર્યથી જુએ ને ઉદ્દગાર કાઢે) એ..એ..એ..એં..એ...આખું ભરાઇ ગયું. મમ્મી.ઇ.ઇ.ઇ

અનોશ :- (કુતુહલતાથી બોલે) મમ્મી.. મમ્મી .. બીજામાં રેડો..... બીજામાં...

(બીજું વાસણ ભરાય. છોકરા આનંદથી તાળીઓ પાડે.)

એઝરા :- (તાંબડીમાં જોઇને આશ્વર્યથી કહે) મમ્મી.ઇઇઇ...જો... જો.... તાંબડીમાં તેલ તો એટલુંને એટલું જ છે. ખૂટતું જ નથી.

(એમ વારાફરતી વાસણો તેલથી ભરતી જાય.બાળકો ખુશી વ્યક્ત કરતા જાય.)

સ્ત્રી :- (વાસણમાં તેલ રેડતાં ઈશ્વરનો આભાર માને) હે..મારા દેવ.. તમે કેવા મહાન છો ? આભાર પ્રભુ.તમે મારા પર દયા કરી. આભાર.પિતા..ધન્ય હો..

અનોશ :- મમ્મી...થોડુંક તેલ કેટલું બધું થઇ ગયું ?

સ્ત્રી :- હા દિકરાઓ. આપણા દેવ સર્વશક્તિમાન છે. તેમને કશું અશક્ય નથી. ચાલો આપણે દેવબાપનો આભાર માનીએ.

(ત્રણે જણ ઘૂંટણે પડે. પ્રાર્થના કરે. પહેલાં સ્ત્રી પ્રાર્થના કરે પછી બન્ને દીકરા પણ એક બે વાક્યમાં પ્રાર્થના કરે)

(પ્રાર્થના પુરી કરીને સ્ત્રી બોલે) ચાલો હવે હવે આપણે, એલીશા પ્રબોધકનો આભાર માનવા જઈએ. (ત્રણે એલીશા પાસે જાય)

### દૃશ્ય — 3

(બન્ને બાળકોના હાથ પકડી સ્ત્રી એલીશા પાસે આવે.આભાર માને)

સ્ત્રી :- (ત્રણે એલીશાને પ્રણામ કરે,સ્ત્રી હાથ જોડી કહે) આભાર ગુરુજી.. બહુ મહેરબાની ....આપના કહેવા મુજબ, ખૂબ તેલ ભરાઇ ગયું.

એલીશાઃ- પ્રેઈઝ ધ લોર્ડ... જાઓ,.. એ વેચીને ગુજરાન ચલાવજો. પ્રભુનો આભાર માનવાનું કદી ભૂલશો નહિ.

સ્ત્રી અને બાળકો :- (ફરીથી હાથ જોડી આભાર માને) ફરીથી આપનો ખુબ અભાર.

એલીશા :- (હાથ ઉંચો કરી આશિર્વાદ આપે) પ્રભુ તમને આષિશ આપે. શાંતિથી જાઓ ને પ્રભુની સ્તુતિ કરો.

સ્ત્રી અને બાળકો :- (નમન કરીને કહે) પ્રણામ ગુરુજી,(સ્તુતિ ગીત ગાતાં પોતાના ઘર તરફ જાય) "કિતના મહાન પરમશ્વર..... (અન્ય કોઇ) સ્ત્રી અને બાળકો સ્તુતિગીત ગાતાં જાય તે દરમ્યાન બધાં પાત્રો (સ્ટેજ પર આવી ગીતમાં જોડાય)

-: પાત્રો :-

૧) એલીશા
૨) વિધવા સ્ત્રી
૩) એઝરા (પુત્ર)
૪) અનોશ (પુત્ર)
૫) લોકોનું ટોળું



## ૨૯ ગિબયોનની છેતરપિંડી

(યહોશુઆ ૭ અને ૧૦ અધ્યાય)

(ગિબ્યોન શહેરના કેટલાક (૯-૧૦) લોકો ટોળે વળીને બેઠા હોય, ગંભીર ચર્ચા કરતા હોય તેવું દૃશ્ય)

### દૃશ્ય — ૧

પહેલો:- અરે તમે સાંભળ્યું? ઇઝરાયેલ નામની પ્રજા, આપણા કનાન દેશમાં આવી છે તે ?

બીજો :- હા..હા..કહે છે કે, એ ઇઝરાયેલપ્રજાના દેવ તો મહાપરાક્રમી છે.

ત્રીજો :- અરે, મેં તો સાંભળ્યુ છે કે,તેમના દેવ,આ આખો કનાન દેશ તેમને રહેવા આપવાના છે.

ચોથો :- એટલે એ પ્રજા આપણા દેશમાં વસવાની છે? તો પછી આપણે ક્યાં રહીશું?

પાંચમો :- જોયું ? પેલા 'યરીખો' શહેરને કેવી રીતે જીતી લીધું તે ? નગરના બધા લોકોનો નાશ કરીને એ ઇઝરાએલીઓ તેમાં વસવા પણ લાગ્યા.

છઠઠો :- હાઆઆઆ..સાચી વાત..એવી જ રીતે પેલા 'આય' શહેરને પણ જીતી લીધું છે.

સાતમો :- એક પછી એક.... બધા નગરો કબજે કરવા માંડયા છે...આ ઇઝરાએલીઓએ તો..

આઠમો :- (ગભરાતો બોલે) અરે બાપરે..તો હવે આપણો વારો..?. શું થશે આપણું ?

નવમો :- શું તે વળી આપણોય નાશ..બીજું શું ?

દસમો (આગેવાન) :- (હાથ ઉંચો કરે એટલે બધા શાંત થાય.પછી કહે) :- સાંભળો, તમારા બધાની વાત સાચી,કે આ ઇઝરાએલીપ્રજાને દેવે આખો કનાન દેશ રહેવા આપ્યો છે.એટલે કનાનની બધી પ્રજાઓનો નાશ કરી તેમાં વસાવશે.... (વચ્ચે જ બીજા બેત્રણ બોલી ઉઠે)

બે-ત્રણ સાથે બોલે :- એટલે તો કહીએ છીએ કે, આપણું શું થશે ?

આગેવાન :- હા ભઇ..એટલે જ કહું છું કે, જુઓ, આપણે થોડા જ છીએ. ને તેમના જેટલા બળવાન નથી. માટે આપણે જો તેમની સાથે શાંતિકરાર કરીએ તો જ બચીશું.

પહેલો :- પણ જો તેઓ શાંતિ કરાર ના કરે તો ?

બીજો :- અને શાંતિ કરાર કરીએ તો ખંડણી આપવી પડે. આપણી પાસે તો કશું નથી. કયાંથી આપીશું ?

આગેવાન :- એ વાતેય સાચી.એક યુક્તિ છે કે, "બળ નહિ તો કળ,કળ નહિ તો છળ." પાસે આવો..સાંભળો..

(બધા એકદમ નજીક જઇ ગુસપસ કરે. કંઇ મસલત કરે. બધા સહમત થયા હોય તેવા અભિનય કરે.પછી ઉભા થઇને જાય)

એકબે બોલે :- ચાલો..ચાલો..તૈયારી કરો.

આગેવાન :- યાદ રાખજો ભાઇઓ.. નક્કિ કરેલી જગાએ ને સમયે બધા હાજર રહેજો..... (હા..હા..ચોક્કસ.. વગેરે કહેતાં પોતપોતાના ઘેર જાય)

## દૃશ્ય — ૨

(ઇઝરાએલી પ્રજાના કેટલાક આગેવાનો અને યહોશુઆ કંઇ ચર્ચાવિચારણા કરતા બેઠા હોય તેવું દૃશ્ય. ત્યાં પેલા ગિબયોનીઓનું નાનું ટોળું આવે. તેઓનાં કપડાં ગંદા, ફાટેલાં, પગમાં તૂટેલા ફૂટેલાં ખાસડાં, તેમના થેલામાં ફૂગવાળી રોટલીઓ, પાણી-દ્રાક્ષારસની જુની મશકો હોય. ખૂબ દૂરથી આવ્યા હોય તેવા દેખાય)

ટોળું :- (બધા ઝુકીને પ્રણામ કરે) પ્રણામ..મહાન દેવની ઇસ્રાએલપ્રજાને પ્રણામ..

પહેલો આગેવાન :- સાહેબ.અમે આપને વિનંતી કરવા આવ્યા છીએ. મહેરબાની કરી અમારી સાથે સલાહ- શાંતિ કરાર કરો.

યહોશુઆ :- તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? શાનો શાંતિ કરાર ?

બીજો :- સાહેબ, અમે સાંભળ્યું છે કે, આપના યહોવાદેવ,મહાપરાક્રમી છે. મિસર માં કેવા ચમત્કારો કર્યા ને અગ્નિસ્તંભ-મેઘસ્તંભમાં રહીને તમને કેવા દોરી લાવ્યા ?

ત્રીજો :- અને સમુદ્રના બે ભાગ કરી આખી ઇઝરાએલપ્રજા માટે રસ્તો કરી દોરી લાવ્યા. એ સાંભળીને અમે તો આભા થઇ ગયા.

ચોથો :- સાહેબ, અમને એ પણ ખબર છે કે, યહોવાદેવે ..આ આખો કનાનદેશ ઇઝરાએલને રહેવા આપ્યો છે.

યહોશુઆ :- (જરા કરડા અવાજે બોલે) અરે..ભાઇઓ..પહેલાં એ કહો કે, તમે કોણ છો? ને ક્યાંથી આવ્યા છો ?

આગેવાન :- (હાથ જોડી નમ્ર અવાજે કહે) સાહેબ..અમે પરદેશી છીએ..ખૂ..બ દૂર દેશથી આવ્યા છીએ.

યહોશુઆ :- અમને કેવી રીતે ખબર પડે? કે તમે દૂર દેશના છો કે, આ જ દેશના છો?

પાંચમો :- (પગના ખાસડાં બતાવી કહે) જુઓ તો ખરા આ અમારાં ખાસડાં..ચાલી ચાલીને ફાટી ગયાં.

છઠ્ઠો :- (કપડાં બતાવી કહે) હા સાહેબ.. આ કપડાં જુઓ..નવાનકોર પહેરીને નિકળ્યા હતા..ઘણાં દિવસથી મુસાફરી કરીએ છીએ, તે ફાટીને મેલાં દાટ થઇ ગયાં.

સાતમો :- (થેલામાંથી રોટલી કાઢી બતાવે) આ રોટલી તો જુઓ સાહેબ..અમે ઘેરથી નિકળ્યા ત્યારે ઉની ઉની લીધી હતી. પણ લાંબી મુસાફરીમાં સૂકાઇ ગઇ ને ફૂગ પણ લાગી ગઇ.

આઠમો :- સાહેબ.. આ મશકો પણ ફાટી ગઇ.નવી જ હતી, પણ કેટલા દિવસથી ભટકીએ છે તે ફાટી જ જાયને..

નવમો :- કાલાવાલા કરતાં કહે જી સાહેબ ..સાચી વાત કહું ?..અમને આપના મહાન દેવની ખૂબ બીક લાગે છે.અમારો નાશ ના કરે માટે અમારી સાથે શાંતિકરાર કરોને.. (હાથ જોડી કહે) .. પ્લીઝ સાહેબ..

દસમો :- (કાકલુદી કરતો હોય તેમ હાથ જોડી કહે) અમે તમારા દાસ બનીને રહીશું સાહેબ..પ્લીઝ..અમને બચાવી લો..અમારો દેશ ખૂબ ગરીબ છે.

યહોશુઆ :- (દયા આવતી હોય તેવા ભાવ સાથે વડિલોને પૂછે) શું કરીશું વડિલો ? શાંતિ



કરાર કરીશું આ લોકો સાથે ?

એક વડિલ :- આ લોકો દૂરદેશથી આવ્યા હોય..તેવું લાગે છે તો ખરું..

બીજો વડિલ:- બિચારા ગરીબ છે..કદાચ તેમની વાત સાચી પણ હોય..

ત્રીજો વડિલ:- મને પણ લાગે છે કે તેમની સાથે કરાર કરવામાં વાંધો નહિ આવે..

યહોશુઆ :- (થોડો વિચાર કરીને પછી કહે) સારું જાઓ અમે તમારી સાથે શાંતિ કરાર કરીએ છીએ..

ટોળું :- (બધા ખુશ થતા ઝુકીઝુકીને પ્રણામ કરતાં કહે) થેન્ક્યુ સાહેબ.. મહેરબાની સાહેબ.. આભાર.. દેવ તમારું ભલું કરે.. વગેરે બોલે

આગેવાન :- (ઝુકીને હાથ જોડી કહે) થેન્ક્યુ..થેન્ક્યુ સાહેબ...આપનો ખૂબ ખૂબ આભાર.. રજા લઇએ સાહેબ, અમારે ઘણે દૂ..ર દેશ જવાનું છે.. (એમ કરી ગિબયોનીઓનું ટોળું આભાર માનતુ જતું રહે.....યહોશુઆને વડિલો પણ જતા રહે.....)

## દૃશ્ય — ૩

(પોતાની યોજના સફળ થઇ તેથી ખુશ થતા ગિબયોનીઓનું ટોળું નાચતું કુદતું હા હા હીહી કરતું આવે.તાળીઓ આપી મશ્કરી કરતાં એકબીજાને કહે)

પહેલો :- મઝા આવી દોસ્તો..આપણી યોજના પાર પડી ગઇ..

બીજો :- બળ નહિ તો કળ. કળ નહિ તો છળ.. કામ થઇ ગયું... (નાચતાં કહે)

ત્રીજો :- એમ યાર..ચાલાકી કરવી પડે.....જોરદાર એક્ટિંગ કરી બધાએ હોં...

આગેવાન :- અરે ઓ...પકડાઇ જશો તો એક્ટિંગ ભારે પડશે..ભાગો..ઘર ભેગા થાઓ.. (હા.હા..ભાગો ભાગો .. કરતા બધા ભાગી જાય..)

## દૃશ્ય - ૪

(યહોશુઆ અને બેચાર વડિલો ઉભા ઉભા વાતો કરતા હોય. એક માણસ દોડતો આવે ને કહે)

એક ઇઝરાએલી:- અરે ..વડિલો..ત્રણ દિવસ પર પેલું ટોળું આવ્યું હતું ને ? તે લોકો તો પડોશમાં જ આવેલા 'ગિબયોન' નામના શહેરના છે. આપણને છેતરી ગયા.

યહોશુઆ :- (આશ્ચર્ય સાથે કહે) શું બાજુના શહેરના હતા એ લોકો ? જુઠ્ઠુ બોલીને છળકપટ કર્યું તેમણે ? જાઓ,પકડી લાવો તેમને..

બીજો ઇઝરાએલી:-તમને કેવી રીતે ખબર પડી? આવ્યા હતા એ જ લોકો પકડાશે ખરા?

ઇઝરાએલી :- અમે થોડા મિત્ર આસપાસનો પ્રદેશની બાતમી મેળવવા ગયા હતા. ત્યારે પડોશના ગિબયોન શહેરમાં અમે તેમને કિંગલાતા વાતો કરતા સાંભળ્યા. અમે તેમને ઓળખી ગયા. મારા બીજા સાથીઓ તેમનો પીછો કરે છે એટલે પકડાય જશે. (જલ્દી દોડતો ભાગી જાય)

વડિલો :- હા..હા...પકડી લાવો તેમને..

દૃશ્ય – ૫

(ખબર આપનાર જાય.યહોશુઆ ને વડિલો ચર્ચા કરતા હોય. થોડી વારમાં ગિબયોનના ટોળાને દોરડાથી બાંધીને પકડી લાવે.)

યહોશુઆ :- (ગુસ્સાથી કહે) તમે અમને ઠગ્યા..? જુઠઠુ બોલ્યા..? કે અમે દૂરદેશથી આવ્યા છીએ ..?

ટોળાનો આગેવાનઃ-(હાથ જોડી,કરગરતાં કહે) માફ કરો..સાહેબ..દયા કરો.અમને તમારી બહુ બીક લાગી. માટે અમે આ છળ કર્યું.

બીજો :- સાહેબ..અમે તમારી સાથે લડાઇ કરવા શકિતમાન નથી. માટે અમારા નગરના લોકોએ કહયું, એટલે જીવ બચાવવા આ નાટક કરવું પડયું. માફ કરો ..

ત્રીજો :- અમે જીંદગીભર તમારા દાસ થઇને રહીશું. પણ અમને અને અમારાં બાળકોને બચાવો..પ્લીઝ ..દયા કરો..

યહોશુઆ :- (ગુસ્સાભર્યા અવાજે કહે) જૂઓ..જુઠઠા અને કપટી લોકો પર તો દેવને પણ બહુ ક્રોધ આવે છે. તમને તો શુળીએ ચઢાવવા જોઈએ. પણ અમે તમને વચન આપીને શાૃતિ કરાર કર્યો છે,એટલે અમે ફરી જતા નથી. પણ આજથી જ તમારી આખી પ્રજા જીંદગીભર અમારા દાસો થઇને રહેશો.
હવેથી તમારા, નાનામોટા બધા જ સ્ત્રી પરુષો, કાયમ માટે ઈઝરાએલીઓનાં નોકરચાકર બનીને રહેશો.લાકડાં કાપવાં, પાણી ભરવાં, ને તમામ પ્રકારની વેઠ કરનારા બની રહેશો. અને આજથી જ ગિબયોન હવે અમારા તાબામાં રહેશે.. સમજ્યા ? .. જાઓ ...અહિંથી..

આખું ટોળું :- (મસ્તકો નમાવી આભાર માને) અમને તમારી શરત મંજુર છે. અમે તમારા નોકરચાકર બનીશુ. પણ અમને બચાવો..
આભાર...બહુ મહેબાની .. સાહેબ...માફ કરજો...આભાર ..આભાર.. (કરતા ટોળું ચાલ્યું જાય.)

પાત્રો

૧) યહોશુઆ
૨) ઇઝરાઐલના વડિલો – પાંચ
૩) ગિબયોનના લોકો – દસ



## 30 નૂહ વહાણ બનાવે છે

દિન–૭ "તમે દેવના સેવક છો"
શાસ્ત્રપાઠઃ– ઉત્પતિ 7 : 9 – 7 : 9

હેતુ :- બાળકો ઈશ્વરને મહિમા મળે માટે, દેવની અને વડિલોની આજ્ઞાઓ અને સલાહ–સૂચનો માનવાની કાળજી રાખે.

દૃશ્ય – ૧

(નૂહ દુઃખી થઇને,આક્રોશથી આમતેમ આંટા મારતો મોટેથી બબડે)

નૂહ :- અરેરે, શું થઇ રહયું છે આ દુનિયામાં, જ્યાં જુઓ ત્યાં જૂઠ, અન્યાય, અત્યાચાર, લડાઇ ઝઘડા, મારામારી, ખૂનામરકી. બસ આ બધું જોઇ સાંભળીને હું કંટાળી ગયો છું. (ઉંચે આકાશ તરફ હાથ ઉંચા કરી બોલે) હે પ્રભુ,તમે જુઓ છો આ બધું ? (પછી એક બે આંટા મારી ઘૂંટણે પડી પ્રાર્થના કરે) – હે મારા દેવ, દયા કરો....દયા કરો. આ જગતમાં ચાલતી દુષ્ટતા દૂર કરો. પ્રભુ ....
(નૂહ પ્રાર્થના કરતો હોય,અને આકાશવાણી થાય.)

આકાશવાણીઃ– 'નૂહ,આ જગતના લોકોથી હું કંટાળી ગયો છું. પ્રુથ્વી હિંસાખોરી, અત્યાચાર અને દુષ્ટતાથી ભરાય ગઇ છે.એટલે હું સમગ્ર સ્રુષ્ટિનો સંહાર કરીશ. માટે નૂહ, ઉઠ, જા એક મોટું વહાણ બનાવ. હવે હું ખૂબ મોટો જળપ્રલય કરીને, આખી પ્રુથ્વીનો નાશ કરવાનો છું. પણ હું ફક્ત તારા જ કુટુંબને બચાવીશ.માટે હું તને જે જે સૂચનાઓ આપુ તે બરાબર સાંભળ, યાદ રાખ અને તે પ્રમાણે કર. તારે દેવદારના લાકડામાંથી જ વહાણ બનાવવુ. તેમાં ત્રણ માળ બનાવવા. દરેકમાં અલગ અલગ રુમો બનાવવી. તેનું માપ લખી લે. તે વહાણ એકસો ચાલીસ મીટર લાંબુ, તેવીસ મીટર પહોળુ અને સાડાતેર મીટર ઉંચુ બનાવવુ. અને તે આખા વહાણને અંદર બહાર ડામર લગાવવો. હું તને સૂચના આપતો રહીશ, એ જ પ્રમાણે તારે વહાણ બનાવું. સમજ્યો?
હા, અને જો હું પ્રુથ્વી પરની તમામ સજીવસ્રૂષ્ટિનો જળપ્રલયથી નાશ કરવાનો છુ. પણ આખી સ્રુષ્ટિમાં ફક્ત તું એકલો જ મને, ન્યાયીને યોગ્ય રીતે વર્તનાર માલુમ પડયો છે. માટે હું તને, તારી પત્નિ અને તારા ત્રણ દીકરા અને તેમની પત્નિઓને બચાવીશ. માટે તમારે આઠ જણે તે વહાણમાં જવાનું છે. અને જો.., પૃથ્વી પરના દરેક જાતના પશુપંખી, પેટે ચાલનાર સઘળાંની બબ્બે જોડ વહાણમાં લાવવાની છે. અને તેમના માટે ખોરાકનો સંગ્રહ કરજે. જો હું, સાત દિવસ પછી, ચાલીસ દિવસ અને ચાલીસ રાત વરસાદ વરસાવી, અને જળપ્રલય કરીશ. એમ હું આખી પૃથ્વીનો નાશ કરવાનો છું.

માટે મારી દરેક સૂચના બરાબર ધ્યાનમાં રાખી વહાણ બનાવ, સમજ્યો ?

નૂહ :- (બે હાથ જોડી કહે) હા પ્રભુ, તમે કહયું તેમ હું કરીશ. પ્રભુ, તમારો ખૂબ આભાર. અને મને આ બધું કામ કરવા માટે શકિત-બુધ્ધિ આપજો. આમેન.

(પછી નૂહ, ઘરમાં જઇ બધાને,બૂમ પાડીને બોલાવે) શે..મ, હા..મ, યાફેથ, ઘરના બધાં જ અહીં આવો.... ક્યાં ગયા બધા? ....જલ્દી આવો.

શેમ :- શું કહો છો, પિતાજી.?

હામ :- હા પપ્પા, કેમ બૂમ પાડી ?

યફેથ :- શું થયું પિતાજી ? બધાંને બોલાવો છો, તો કોઇ ગંભીર વાત છે ?

નૂહ :- હા તારી મમ્મી અને ત્રણે પુત્રવધુઓને પણ બોલાવો. (એક દીકરો બોલાવવા ઘરમાં જાય)

નૂહના પત્નિઃ- (ઘરની ચારે સત્રીઓ સાથે આવે) શુ થયું ? કેમ બધાને ભેગા કર્યા?

નૂહ :- સાંભળો, આજે દેવે મારી સાથે સ્પષ્ટ રીતે વાત કરી. તે હું તમને બધાંને જણાવવા માંગુ છું માટે બેસો. અને ધ્યાનથી સાંભળો, જુઓ દેવ જળપ્રલય કરી, આખી પ્રુથ્વિનો નાશ કરવાના છે. તેમણે મને એક મોટું વહાણ બનાવવા કહ્યું. અને દેવે જે માપ અને સૂચના આપી છે, તે જ પ્રમાણે એ વહાણ બનાવવાનું છે.અને તેમાં દરેક જાતના પશુપંખીઓની બબ્બે જોડ વહાણમાં લાવવાની છે. તઓના માટે ખોરાક ભરવાનો છે.આ એક બહુજ મોટું કામ છે. જેમાં મને તમારા બધાના સાથ સહકાર અને મદદની જરુર છે.

બધા સાથે બોલેઃ- જુરુર પિતાજી,અમે તમને બધી જ મદદ કરીશું.

શેમ :- પિતાજી,ચાલો આપણે વહાણ બનાવવાનો પ્લાન કરીએ,

હામ :- હા, કોણે કયું કામ કરવું તે નક્કિ કરીને, દરેકને સોંપી દેવું પડે.

યાફેથ :- આજથી જ કામ શરુ કરી દેવું જોઇએ. સામાન લાવવો પડશે ને ? ચાલો, સમય બગાડીએ નહિ.

બધા ;- બરાબર છે...દેવનું કામ સૌથી પહેલાં કરવું જોઇએ.

## દ્રશ્ય – ૨

(શક્ય હોય તો વહાણ બનાવતા હોય એવું દ્રશ્ય બતાવવું. નૂહના કુટુંબના બધા લોકો વહાણ બનાવતા હોય. તેવું દ્રશ્ય બતાવવું. કેટલાક લોકો ત્યાંથી પસાર થાય)

એક માણસઃ- (પસાર થતાં નૂહને કહે) અરે નૂહભાઇ, આ શું માંડયુ છે ?

નૂહઃ- અરે ભાઇઓ, આ જગતની વાતો છોડો ને ઈશ્વરની વાતો પર ધ્યાન આપો. જગતના લોકોની, ઈશ્વર પ્રત્યેની બેદરકારીથી ઈશ્વર કંટાળી ગયા છે. એટલે દેવ હવે જળપ્રલય કરી પ્રુથ્વીનો નાશ કરવાના છે. માટે પસ્તાવો કરો ને ઇશ્વર પર વિશ્વાસ કરો કે, દેવ તમને પણ બચાવે.

બીજો માણસઃ- (મશ્કરી કરતા) અરે નૂહભાઇ,તમે તો ખરી વાત કરો છો ને... ? શું



કહયું તમે ? જળપ્રલય ?

(સાથી મિત્રને કહે) સાંભળ્યુ તેં ? જળપ્રલયથી આખી પ્રુથ્વી ડૂબી જવાની છે. હા.હા.હા.હા

(ખૂબ હસે.. એકબીજાને તાળીઓ આપી મશ્કરી કરતા જતા રહે.)

## દ્રશ્ય – ૩

(વહાણ તૈયાર થઇ ગયું હોય.અને હવે નૂહના ઘરના બધા વહાણમાં બેસવા જતા હોય તેવું દ્રશ્ય)

નૂહ :- શેમ, હામ યાફેથ બધું વ્યવસ્થિત થઈ ગયુ છે ને ?

શેમ :- હા પિતાજી. દરેક જાતના પશુપંખી,પ્રાણીઓ વગેરે બધા વહાણમાં આવી ગયા છે.

હામ :- પિતાજી, એ તમામ માટે પુરતો ખોરાક પણ ભરી દીધો છે.

યાફેથ :- અને પિતાજી, વહાણની અંદરબહાર બધે જ બરાબર ડામર લગાવી દીધો છે. ટીપું યે પાણી જશે નહિ.

નૂહ :- શાબાશ દીકરાઓ, તમે બધાએ ખૂબ મહેનત કરી છે.ચાલો, દેવના કહેવા પ્રમાણે આજે સાતમો દિવસ થઇ ગયો છે. કાલે ચોક્કસ વરસાદ પડશે. માટે તમે બધા હવે વહાણમાં બેસી જાઓ. ચાલો..આવો, દેવનો આભાર માનીએ. પ્રાર્થના કરીએ.

(દરેક એબીજાના હાથ પકડી માથાં નમાવી પ્રાર્થના કરે)

(પછી નૂહ દરેકને હાથથી ધકેલી, વહાણમાં ચઢાવે. ત્રણે દીકરા ને તેમની પત્નિઓને માતા બધા વહાણમા જાય.)

(નૂહ નીચે ઉભો રહી બે હાથ અને નજર ઉપર કરીને પ્રાર્થના કરે)

હે પ્રભુપિતા, તમારો ખૂબ આભાર કે તમે આ મોટું કામ કરવા માટે મને પસંદ કર્યો, અને મને ને મારા કુટુંબને બચાવો છો માટે તમારો ખૂબ અભાર ધન્ય હોજો પ્રભુ. સ્તુતિ હો ..હાલેલુયાહ.. આમેન આમેન.

(પછી પોતે વહાણમાં બેસે. બહારથી ફક્ત હાથ જ દેખાય તે રીતે કોઇએ, વહાણનો દરવાજો બંધ કરવો. પછી મ્યુઝિક વડે વાવાઝોડું ને વરસાદ પડવાનો અવાજ કરવો.)

(અંતમાં નૂહ ને તનું કુટુંબ વહાણમાં ઉભા રહી સ્તુતિ આરાધના કરતાં ગીતો ગાય.)

-: પાત્રો :-

| | | |
|---|---|---|
| ૧) નૂહ | ૫) યાફેથ | ૯) એક માણસ |
| ૨) નૂહની પત્નિ | ૬) શેમની પત્નિ | ૧0) એક માણસ |
| 3) શેમ | ૭) હામની પત્નિ | ૧૧) બીજો માણસ |
| ૪) હામ | ૮) યાફેથની પત્નિ | ૧૨) વાણી બોલનાર |
| | | ૧3) બીજા કેટલાક લોકો (નૂહ વહાણ બનાવે તે જોવા જાય મશ્કરી કરે તેવા લોકો) |

# ૩૧ મુસા

બાળ નાટક

(નાટક ભજવતાં પહેલાં આ પ્રસ્તાવના બોલી શકાય.)

-: પ્રસ્તાવના :-

પરમેશ્વરની પસંદ કરેલી ઇઝરએલપ્રજા મિસર દેશમાં વસતી હતી. મિસરનો રાજા ફારુન તેમની વૃધ્ધિને રોકવા તેમના પર અત્યાચાર કરવા લાગ્યો..ફારુને એવો હુકમ બહાર પાડયો કે કોઇ પણ ઇઝરાએલીને નર બાળક જન્મે તો તેને મારી નાંખવો. એટલે દરેક નવા જન્મેલા બાળકોને રાજાના સિપાઇઓ શોધી શોધીને મારી નાંખતા હતા. તે સમયે ઇઝરાએલના એક પ્રાર્થનાવાદી કુટુંબમાં એક દીકરાનો જન્મ થયો. પોતાના દીકરાને બચાવવા માટે ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો. પણ હવે બાળકને વધુ સમય સંતાડી રાખવો શક્ય નહોતું. એટલે તે કુટુંબ પોતાના બાળકને બચાવવા, એક યોજના કરે છે. તે ઈશ્વરપિતા કેવી રીતે સફળ કરે છે. તે જોઈએ.

દૃશ્ય – ૧

(અંધારી રાતનો સમય.એક ઘરમાં પિતા આમ્રામ,માતા યોખેબેદ. દીકરી મરિયમ, દીકરો હારુન ને એક નાનું બાળક હોય. ઝાંખા પ્રકાશમાં ખૂબ ધીમેથી ગંભીર વાતો કરતાં હોય.)

આમ્રામ :- (પત્નિને કહે) યોખેબેદ, આ રાજા નવા જન્મેલા છોકરાને વીણી વીણીને મારી નાંખે છે. તેના સૈનિકો રાત દિવસ આપણા વિસ્તારમાં ફર્યા કરે છે. જો આ બાળકના રડવાનો જરા પણ અવાજ સાંભળશે, તો આપણને બધાને એક સાથે મારી નાંખશે.

યોખેબેદ :- (વિશ્વાસથી કહે) જુઓ, આ ત્રણ મહિના થયા.જરા પણ રડવા દીધો ? અને આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ ને?..દેવ મારા દીકરાને સાચવશે.

હારુન :- મમ્મી...પપ્પા,.. આપણા નાના ભાઇને બચાવવા આપણે કશે ભાગી જઇએ..

આમ્રામ :- રાતદિવસ,સૈનિકોના ચારે તરફ ચોકીપહેરા હોય છે. બેટા.. ભાગવા જતાં પકડાઇએ તો, બધાંને મારી નાંખે.

યોખેબેદ :- (ગંભીરતાથી કહે) મને એક વિચાર આવે છે.એક ટોપલીમાં મૂકીને આ છોકરાને નદીમાં તણાતો મૂકી દઇએ..ટોપલી તણાતી તણાતી જશે. ને કોઇ આટલું સુંદર બાળક જોશે, તો જરુર તેને લઇને ઉછેરશે. મારો દીકરો જીવતો રહેશે. મને ખાત્રી છે. દેવ જરુર તેનું રક્ષણ કરશે.

આમ્રામ :- (ચિંતા પૂર્વક બોલે) યોખેબેદ.. તું કહે છે તે, કરવાનો જીવ કેમ ચાલે ? પણ છોકરો તલવારથી મરે તેનાં કરતાં તારો વિચાર સારો છે. રાજા જેવા શેતાનના હાથમાં પડવા કરતાં, તેને દેવના હાથમાં મૂકવો સારો છે. ચાલો આપણે દેવને પ્રાર્થના કરીને આ કાર્ય કરીએ.

યોખેબેદ :- મને તો ખાત્રી છે જ કે.ચોક્કસ.. દેવબાપ મારા દીકરાને બચાવશે જ.



(દ્રઢતાથી વિશ્વાસપુર્વક કહે)

આમ્રામ :- ચાલો.પ્રાર્થના કરીએ. (બધાં ઘૂંટણે પડી પ્રાર્થના કરે) પ્રભુપિતા તેમની યોજના મુજબ સારું જ કરશે. ચાલો સુઈ જાઓ બધાં. (બધાં સૂઇ જાય)

દૃશ્ય – ૨

(બીજા દિવસે ઘરમાં માતા યોખેબેદ, બહેન મરિયમ, અને ૩ માસનો દીકરો હોય તેવું દૃશ્ય)

યોખેબેદ :- મરિયમ,લે..તું આ ભાઇને સાચવ. જોજે હોં.. જરા પણ રડે નહિ. અવાજ બિલકુલ બહાર ના જાય હોં.. (માતા બાળક મરિયમને આપે)

મરિયમ :- (ધીમા અવાજે ભાઇને લેતાં કહે) હા..મમ્મી.. મને ખબર છે.. નહિ રડવા દઉ ભાઇને..

(મરિયમ એક ટોપલી લે તેમાં ઘાસ, કપડાં, વગેરે ગોઠવે, ઢાંકણ વગેરે બરાબર તપાસે. મરિયમ ભાઇને ઉંચકીને ફરે..)

યોખેબેદ :- (ટોપલીમાં બરાબર કપડું ગોઠવતાં કહે) મરિયમ ..લાવ તો ભાઇને..

મરિયમ :- મમ્મી.. ટોપલીમાં પાણી નહિં ભરાયને. (ધીમેથી ભાઇને આપતાં કહે. મા કાળજી પૂર્વક બાળકને ટોપલીમાં મૂકે)

યોખેબેદ :- ના..બેટા..જો આ ડામર લગાડયો છે ને, એટલે પાણી નહિ ભરાય. ને આ ટોપલી પણ નેતરની છે. તે પાણીમાં તરશે. ડૂબે નહિ. ને જો આ ઉપરના ઢાંકણમાં કાણાં છે તેમાંથી હવા જશે. મારા દિકરાને કશું નહિ થાય. (બાળકને ચુંબન કરતાં બોલે)

મરિયમ :- હા..મમ્મી.. આપણા દેવ મહાન છે. આટલા સુંદર ભાઇ પર દયા કરશે મમ્મી.. હેં ને મમ્મી ?

યોખેબેદ :- ચોક્કસ બેટા. પ્રભુ દયાળુ છે. જો સાંભળ, આપણા ઘરની પાછળ, નદી કિનારે બરુના મોટા મોટા છોડ છે. તેમાં થઈ આપણે જઈએ. ને ટોપલી નદીમાં તરતી મૂકી દઇએ. ચાલ, પ્રાર્થના કરીને જઈએ.

(યોખેબેદ ને મરિયમ રડતાં રડતાં પ્રાર્થના કરે. પછી ટોપલી લઇને નદીએ જાય)

મરિયમ :- (ગભરાયને ધીમી ચીસથી બોલે) મમ્મીઇઇઇઇઇઇ...જૂઓ પેલી બાજુ,રાજાની કુંવરી ને બધી દાસીઓ..આવે છે.... (બન્ને ઉભાં રહી જાય)

યોખેબેદ :- હા..બેટા.. કુંવરી ન્હાવા આવતી લાગે છે. જો આપણે ટોપલી નદીમાં મૂકી દઇએ. એમ કર તું નદીમાં કપડાં ધોવા આવી છે એમ કરીને અહીં રહે. ને ટોપલીનું ધ્યાન રાખ. હું ઘરે જતી રહું. એટલે કશી શંકા ના જાય.

મરિયમ :- હા મમ્મી...તુ જલ્દી જતી રહે. હું બરાબર ધ્યાન રાખીશ. જો જે કોઇ જુએ નહિ,..જા જલ્દી .. (ટોપલી નદીમાં મૂકી, યોખેબેદ રડતી રડતી, પાછળ જોતી, ઝડપથી જતી રહે. મરિયમ ધીમે ધીમે. ધ્યાન રાખતી. ટોપલીની પાછળ પાછળ જાય.)

દૃશ્ય – ૩

(રાજકુંવરી ને ૪-૫ સહેલીઓ હસતી રમતી નદીમાં ન્હાવા આવે. કપડાં,ઘરેણાં ચંપલ વગેરે સાચવવા બે નદી કાંઠે ઉભી રહે. બાકીની રાજકુમારી સાથે નદીમા ન્હાવા જાય)

કુંવરી :- ઓ..ઓ..ઓ..કેટલું ઠંડુ પાણી છે ? (નદીના પાણીમાં જઇ કહે)

૧લી સહેલી :- ઓહ, હું તો બહુ દિવસે નદીમાં ન્હાવા આવી..મઝા આવી... (કુંવરી પર પાણી ઉડાડતી હસતાં હસતાં કહે)

૨જી સહેલી :- અરે,અમે તો રોજ આવીએ છીએ..મઝા કરીએ છીએ. (તરતાં તરતાં કહે)

કુંવરી :- ચાલો આજે આપણે,તરવાની હરીફાઇ કરીએ.? (એકબીજા પર પાણી ઊડાડતી કહે)

૩જી સહેલી :- હા ચાલો,..હરીફાઇ કરવાની મઝા આવશે. જુઓ સામે પેલાં બરુના છોડ દેખાય છે ને? ત્યાં સુધી જઇને પાછા આવવાનું હોં. (આંગળી ચીંધી બતાવે)

કુંવરી :- (સામે નજર કરી આશ્ચર્યથી બોલે) અરે..જુઓ તો...એ બરુના છોડ બાજુ કશું તરતું દેખાય છે ?

૧લી સહેલી :- હા,.. કશું ક તરતું તરતું આ તરફ આવતું હોય તેવું દેખાય છે.

૨જી સહેલી :- મને તો મોટી ટોપલી તરતી હોય એવું લાગે છે.

કુંવરી :- જાઓ..લઇ આવો... જોઇએ તો ખરાં શું છે એ ? (બે સહેલીઓ તરતી જઇને ટોપલી લઈ આવે)

ચાલો કિનારે લઇ લો. (એમ કહી કુંવરી ને બધી સહેલીઓ કિનારે જઈ જુએ)

કિનારે ઉભેલી સહેલીઓ :- (ટોપલી લઇ લે, ને કહે) શું છે આ ? ઓ... બહુ ભારે છે આ તો....

કુંવરી :- લાવો ખોલીએ .. (કુંવરી ટોપલી ખોલે બધી કુતુહલતા પૂર્વક જુએ. ટોપલી ખોલતાં જ બધી આશ્ચર્યના ઉદ્દગારો કાઢે..)

૧લી સહેલી :- ઓ.ઓ.ઓ.આ તો બાળક છે. --

૨જી સહેલી :- કેટલું સુંદર બાળક છે.. --

૩જી સહેલી :- ઓહ..સારું થયું આપણે ટોપલી જોઇ, બચી ગયું બિચારુ.

૪થી સહેલી :- જો ને અલી ટોપલીમાંય કેવું ઘસઘસાટ ઉંઘે છે ?

કુંવરી :- (બાળકને ઉચકીને કહે) અરે ..વાહ..કેટલું સુંદર બાળક છે. હું એને મારે ઘેર લઇ જઈશ.

૧લી સહેલી :- (બાળકના ગાલને અડકીને કહે) જો ને,કેટલા સરસ લાલ લાલ ગાલ. વાંકડિયા વાળ ને ભૂરીભૂરી આંખો છે.. કેટલું રુપાળું છે ?

૨જી સહેલી :- કોનું હશે આ બાળક ? બિચારાને નદીમાં મૂકી દીધું..

૩જી સહેલી :- ચોક્કસ, કોઇ હિબ્રુ સ્ત્રીનું જ હશે આ બાળક. એટલે જ નદીના પાણીમાં મૂકી દીધું હશે.

થથીસહેલી :- (બાળક રડવા લાગે, દયા આવતી હોય તેમ બોલે) બીચારુ..બાળક..તેને ભૂખ લાગી હશે એટલે રડૈ છે ....

(એટલામાં મરિયમ ત્યાં આવીને થોડે દૂર ઉભી રહી વાતો સાંભળતી હોય.)

કુંવરી :- પણ આ તો બહુ નાનું બાળક છે. એને માતાનું દૂધ આપવું પડશે. શું કરીશું ?

મરિયમ :- (ગભરાતાં સ્વરે બોલે) કુંવરી સાહેબા, એને દૂધ પીવડાવવા કોઇ હીબ્રુ બાઇ શોધી લાવું ? .. (બધી અવાજ તરફ જુએ)

કુંવરી :- (ખુશ થતી તરત બોલી ઉઠે) હા..હા..શોધી લાવ..જલ્દી લઈ આવ જા..



(મરિયમ દોડતી જાય) હુ આને ઉછેરીને મોટો કરીશ. આપણે આને પાણીમાંથી ખેંચી કાઢયો છે, માટે એનું નામ 'મોજેસ'–'મુસા' પાડીએ. (કુંવરી અને સહેલીઓ બાળકને 'મોજેસ–મુસા' કહેતી,વારાફરતી ઉચકે, રમાડે, શાંત રાખવાના પ્રયત્નો કરે, ને વાતો કરે)

મરિયમ :- કુંવરી સાહેબા...કુંવરી સાહેબા.. એક બાઈ આવે છે.. (દોડતી હાંફતી બૂમ પાડતી આવે બધી તે તરફ જુએ)

(મરિયમ પાછળ આંગળી ચીંધી કહે. થોડે દૂર રહી યોખેબેદ ઘૂમટો તાણી, બીતી બીતી આવે ને કુંવરીને પ્રણામ કરે)

કુંવરી :- જુઓ બેન, આ બાળકને દૂધ પીવડાવવા દરરોજ મારા મહેલમાં આવજો. હું તમને પગાર આપીશ.

યોખેબેદ :- જી.કુંવરી સાહેબા...જેવો આપનો હુકમ..

કુંવરી :- ચાલો મારા મહેલમાં. (બધાં મહેલ તરફ જાય. બધી સહેલીઓ વાતો કરતી કરતી જાય. પણ મરિયમ ત્યાં જ ઉભી રહે)

૧લી સહેલી :- સારું થયું..આ બાઇ મળી ગઇ.

૨જી સહેલી :- મને તો બહુ જ ગમી ગયું આ બાળક.

કુંવરી :- હું આને મારો રાજકુમાર બનાવીશ. ખૂબ વિધ્યા શીખવીશ. ઘોડેસવારી, તલવારબાજી, યુધ્ધકળા, રાજનીતી બધું શીખવાડીશ. મોટો રાજકુંવર બનાવીશ. (એમ વાતો કરતી,હસતી રમતી બધી મહેલ તરફ જાય. પાછળ પાછળ યોખેબેદ જાય.)

૩જી સહેલી :- હું રોજ એના માટે ગીત ગાઇશ... (એમ કહી ગીત ગાવા લાગે..બીજી તે ગીત ઝીલીને ગાવા લાગે ..એમ ગીત ગાતાં ગાતાં જતાં રહે)

(ગીત :-

નદી કિનારે એક ટોપલી રે.. ટોપલીમાં એક નાનેરું બાળ..
સુંદર ફૂલડું પ્યારું રે પાણીમાંથી લાવી તાણી રે...
કુંવરી કહે એ મારું બાળ.. સુંદર ફુલડું પ્યારું રે.

અથવા

અન્ય કોઇ ગીત ગાવું)

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧) આમ્રામ (મુસાના પિતા) | ૬) સહેલી-૧ |
| ૨) યોખેબેદ (મુસાની માતા) | ૭) સહેલી-૨ |
| 3) હારુન (મુસાનો ભાઇ) | ૮) સહેલી-૩ |
| ૪) મરિયમ (મુસાની બહેન) | ૯) સહેલી-૪ |
| ૫) રાજકુમારી | ૧૦) સહેલી-૫ |

## ૩૨ નામાન

(નામાન સેનાપતિ નો કોઢ મટાડવામાં એક નાની છોકરી મદદ કરે છે. ત્યારે સેનાપતિ સાચા દેવને ઓળખીને દેવ પર વિશ્વાસ કરે છે. એ દર્શાવે છે.)

### દ્રશ્ય – ૧

(એક મોટા ઘરમાં એક ૧૩-૧૪ વર્ષની એક છોકરી ઘરની સાફસફાઇ કરતી હોય. ઘરની શેઠાણી સોફા પર પુસ્તક વાંચતી હોય તેવું દ્રશ્ય રજુ કરવું)

તામાર શેઠાણી :- રોદા... (પુસ્તક વાંચતાં દાસી સાથે વાત કરે)

રોદા દાસી :- જી .. બેહેનજી... (કચરો વાળતાં કે પોતુ કરતાં શેઠાણી સામે જોઇને કહે)

તામાર :- તું સાફસફાઇનું કામ ઝડપથી કર. કાલે મહેમાન આવે છે. મારે ખરીદી કરવા જવું છે. તું પણ મારી સાથે આવ. ચાલ જલ્દી કર..

રોદા :- જી બહેનજી...ફટાફટ કરી નાંખુ... (ઝડપથી કામ કરવા લાગે)

નામાન સેનાપતિ:-(બહારથી ઘરમાં પ્રવેશ કરતાં બોલે.) તામાર.. મારે આવતી કાલે બે ત્રણ દિવસ માટે બહાર જવું પડશે. મારી મુસાફરી માટેની તૈયારી કરાવો..
(તામાર ઉભી થઇ સેનાપતિની તલવાર લઇને મૂકે. રોદા કામ પડતું મૂકી, ઝડપથી નમીને સલામ કરે અને સેનાપતિના બૂટ લઈને મૂકે.)

તામાર :- હા..પણ કાલે તો આપણે ત્યાં મહેમાન આવે છે ને ?

નામાન :- હા..એ મને ખબર છે. પણ કામ ખૂબ અગત્યનું છે. માટે મારે જવું જ પડે તેમ છે. મહેમાનોને તમે સંભાળી લેજો.
(નામાન અને તામાર અંદર જાય. રોદા તેનું કામ પતાવીને રસોડામાં જઇ સફાઇ કરે. થોડીવાર પછી તામાર રસોડામાં આવે.)

તામાર :- રોદા, સાહેબ માટે જમવાની તૈયારી કર. ચાલ મને મદદ કર.
(બન્ને જમવાની તૈયારી કરે.રોદા પણ મદદ કરે.)

રોદા :- (ટેબલ પર વાસણો ગોઠવતાં પુછે) બહેનજી ..હવે શું કરું.?

તામાર:- હા..હવે તું કચુંબર સમારી દે.. (બન્ને કામ કરતાં કરતાં વાતો કરે)

રોદા :- બહેનજી...એક વાત કહું ?

તામાર :- હા..બોલ શું કહેવું છે ?

રોદા :- બહેનજી.. મારા ગામમાં એક 'એલીશા' નામના પબોધક છે. તે ગમે તેવા રોગ હોય પણ મટાડી જ દે.. તેમણે ઘણાં બધા લોકોને સાજા કર્યા છે.

તામાર :- એમ ? તે કોઇ દવા આપે છે ?

રોદા :- ના.ના..બહેનજી.. દવા નહિ..દુવા. – પ્રાર્થના.. તે અમારા જીવતા દેવ યહોવાની પ્રાર્થના કરે છે. પરમેશ્વર તો એલીશા પ્રબોધકની બધી જ પ્રાર્થના સાંભળે છે.

તામાર :- (આશ્ચર્યથી બોલે) ખરેખર ..? એ તો બહુ આશ્ચર્ય કહેવાય.

રોદા :- (સંકોચાતાં બોલે) બહેનજી...જો તમને ખોટું ના લાગે તો ..એક



વાત કહું ?

તામાર :- રોદા .. કહે જે કહેવું હોય તે, નહિ લાગે ખોટું. બોલ..

રોદા :- (સંકોચાતાં બોલે) આપણા સાહેબ કેટલા ભલા છે. તેમને કોઢ થયો છે ને બહેનજી ? સાહેબ જો એલીશા પ્રબોધક પાસે જાય તો ચોક્કસ સાજા થઇ જશે.

તામાર :- (ગંભીર થઇને રોદાના ખભે હાથ મૂકી કહે) રોદા.. ખરેખર મારા પતિના રોગ માટે મને બહુ જ દુ:ખ થાય છે. અમે ખૂબ મોટા મોટા ડોક્ટરો – વૈદો – ભગતભુવા ની દવાઓ કરી. પણ મટતું જ નથી. જો તું કહે છે, તો જરુર હું સાહેબને ત્યાં મોકલીશ. તેમનો કોઢ મટી જાય તો કેવું સારું ?
(તામાર સ્વસ્થ થતાં બોલે) સારું ચાલ, હું સાહેબને જમવા બોલાવી લાવું. (રોદા મોં મલકાવતી વાસણો લઇને બહાર જતી રહે.. તામાર પતિને બોલાવવા જાય.)

### દ્રશ્ય – ૨

(ટેબલ પર જમવાનું તૈયાર હોય. તામાર પતિને બોલાવે.નામાન જમવા આવે.ટેબલ પર બેસે.)

તામાર :- એ.. જી,...જમવાનું તૈયાર છે.....ચાલો..

નામાન :- હા..હા..ચાલો. (આવીને ટેબલ પર બેસે.) આ હા હા હા..સરસ સુગંધ આવે છે ને.. શું બનાવ્યું છે ?

તામાર :- હા, તમને ભાવતું ભોજન..ચીકનકરી ને ગુલાબજાંબુ. (પીરસતાં મોં મલકાવીને બોલે.)

નામાન :- ગુડ..સરસ.. (એક કોળિયો ખાય ને બોલે) વાહ બહુ સરસ છે.. (ખાતાં ખાતાં વાતો કરે) તામાર,..મારે કાલે જ નિકળવાનું છે ..કદાચ મારે ત્રણચાર દિવસ રોકાવું પણ પડે હોં.....

તામાર :- ક્યાં જવાનું છે તમારે ?

નામાન :- ઇઝરાઐલ દેશમાં જવાનું છે. રાજકિય કામ માટે.

તામાર :- ઓ..હ..ઇઝરાએલ જાઓ છો તમે ? તો સાંભળો..આપણી આ દાસી છે ને રોદા..? તે મને કહેતી હતી કે,ઇઝરાએલમાં એક પ્રબોધક છે.તે તેમના દેવને પ્રાર્થના કરે,તો ગમે તેવા રોગ હોય, મટી જ જાય. તો તમે જઇ આવજો ને એલીશા પ્રબોધક પાસે....પ્લીઝ..જશો ને ? (વિનંતી કરતી હોય તેમ બોલે)

નામાન :- સારુ,..જોઇશ....ટાઇમ મળશે તો જઇશ.....

તામાર :- (ખૂબ આગ્રહ કરતી હોય તેમ ભારપૂર્વક કહે) ના..ના..જઇશ એમ નહિ.. જજો જ..બોલો ..ચોક્કસ જશોને ?

નામાન :- સારુ..જઇશ..બસ ?

તામાર :- (ખુશ થતી બોલે) સારું તો હું બધી તૈયારી કરાવી દઉ છું હોં...? અને હા..એ પ્રબોધક માટે ભેટ પણ લઇ જજો..હું એ પણ તૈયાર

કરાવું છું..

નામાન :- સારું...સારૂં... (તામાર ઝડપથી તૈયારી કરવા જાય. નામાન હસતાં હસતાં ઉઠીને જાય)

દ્રશ્ય – ૩

(નામાન સેનાપતિ તેના બે મિત્રો અને બે સૈનિકો સાથે ઇઝરાએલ દેશમાં આવી ગયા. ઊંટ પર ભેટ સોગાદો લાદેલી હોય.એક બે જગાએ પૂછપરછ કરે)

૧લો મિત્ર :- (રસ્તે જતા એક માણસને પૂછે.) ભાઇ,અહિં એલીશા નામના પ્રબોધક છે.તે ક્યાં રહે છે ?

એક માણસ :- (આંગળી ચીંધીને બતાવે) અહિંથી આગળ જાઓ.એક લીમડાનું મોટું ઝાડ દેખાશે.બસ એ ઝાડ પાસે ઘર છે.તે જ પ્રબોધકનું ઘર છે.

૧લો મિત્ર :- થેન્કયુ ભાઇ...આભાર .. (બધા ચાલતા ચાલતા જાય. એલીશા પ્રબોધકના ઘર આગળ આવી ઉભા રહે. એક જણ બારણું ખટખટાવે.)

ગેહજી (ચાકર) :- કો..ણ છે ..? (બારણું ખોલતાં બોલે)

૨જો મિત્ર :- પ્રણામ...આ એલીશા પ્રબોધકનું ઘર છે? અમારે તેમને મળવું છે.

ગેહજી :- હા,..શું કામ છે ? તમે કોણ છો ? ક્યાંથી આવો છો ?

૨જો મિત્ર :- ભાઇ, અમે સાંભળ્યું છે કે, આ પ્રબોધક પ્રાર્થના કરે છે, ત્યારે ગમેતેવા રોગ મટે છે. આ અરામદેશના સેનાપતિ નામાન છે. તેમનો કોઢ મટે તેવી પ્રાર્થના કરે, માટે અમે એલીશા પ્રબોધક પાસે આવ્યા છીએ.

ગેહજી :- ઉભા રહો,હું જઇને પ્રબોધકને કહું. (ગેહજી ઘરમાં જાય. નામાન અને સાથીઓ બહાર ઉભા રહે.)

ગેહજી :- (એલીશા પાસે જઈને કહે) બહાર અરામદેશના સેનાપતિ નામાન આવ્યા છે. તેમને કોઢ થયો છે. તે મટે એવી પ્રાર્થના કરો, એમ કહે છે.

એલીશા પ્રબોધકઃ-જા. તેમને જઇને કહે કે, યર્દન નદીમાં સાત વાર ડુબકી મારે. એટલે કોઢ મટી જશે.

ગેહજી :- (બહાર આવીને સેનાપતિને કહે) મારા ગુરુજી કહે છે કે, જાઓ યર્દન નદીમાં જઇ સાત વાર ડુબકી મારો. એટલે કોઢ મટી જશે.

નામાન :- (ગુસ્સે થઇને કહે) ચાલો મિત્રો આપણે જતા રહીએ. આ કેવા પ્રબોધક છે ? અરે આપણને બહાર જ ઉભા રાખ્યા. મને તો એમ કે, તે આપણને ઘરમાં બોલાવશે.મારા શરીર પર હાથ ફેરવશે. ને પ્રાર્થના કરશે,પણ આ તો મુરખ જેવી વાત કરે છે ? કહે છે કે યર્દન નદીમાં સાત વાર ડુબકી મારો. મારે નથી મારવી ડુબકી યર્દન નદીમાં. ના ના ચાલો અહિંથી આપણા દેશમાં. ચાલો.. (એમ ગુસ્સામાં ઝડપથી જતો રહે. મિત્રો તેની પાછળ જાય.)

૧લો મિત્ર :- અરે, સેનાપતિજી ઉભા તો રહો,



(ઝડપથી નામાનની આગળ જઈ ઉભા રાખે)

૨જો મિત્ર :- સેનાપતિજી..એક મિનિટ,...સાંભળો તો ખરા...પ્લીઝ.. (સેનાપતિ ઉભા રહે બન્ને મિત્રો સમજાવે.)

૧લો મિત્ર :- સેનાપતિજી..આપની વાત સાચી છે, પણ આપ જરા શાંત થાઓ. અને.. (૨જો તરત જ બોલી ઊઠે)

૨જો મિત્ર :- હા. સેનાપતિજી, આપણે થોડો વિચાર કરીએ.....લો,..પહેલાં પાણી પીઓ. (પાણી આપે, નામાન પીએ)

૧લો મિત્ર :- સેનાપતિજી,.. મારું માનવું છે કે, બીજી વાતો તરફ ધ્યાન આપ્યા વગર, આપણો રોગ કઇ રીતે મટે તે જ બાબત પર ધ્યાન આપવું જોઇએ.

૨જો મિત્ર :- હા..સેનાપતિજી..હું પણ એ જ કહું છું કે, જો પ્રબોધકે કોઈ મોટું કાર્ય કરવાનું કહ્યું હોત તો ? આપણે ના કરત ?

૧લો મિત્ર :- હા..બરાબર છે. સાજા થવું હોય, તો ડોક્ટર જે કહે તે કરવું તો પડે ને ?

૨જો મિત્ર :- હં.અ.અ.અ..... આ ડોક્ટરે તો નદીમાં સાતવાર ડુબકી મારવાનું કહ્યું.. કેટલું સહેલુંસટ.....

૧લો મિત્ર :- અરે ભાઇ.. 'લાગ્યું તો તીર,નહિ તો ટપ્પો.' આમેય આપણે ન્હાવું તો છે જ ને ? તો મારી લો ને સાત ડુબકી.. નદીમા (બધા હંઅઅઅ કરે)

નામાન :- (શાંત પડે. થોડો વિચાર કરે પછી બોલે) સારૂં.....મિત્રો..તમે કહો છો તો..પ્રબોધકના કહેવા મુજબ યર્દન નદીમાં મારી લઉ સાત ડુબકી.

બધા સાથે :- હા..હા.. ચાલો..ચાલો... (બધા યર્દન નદી પાસે આવે.સેનાપતિ શર્ટ ઉતારી નદીમાં જાય.ડુબકી મારે.બીજા બહાર ઉભા રહી ..ગણે)
એક..બે..ત્રણ..ચાર..પાંચ..છ..અને સા...ત.. (સેનાપતિ એકદમ સાજો થઇ જાય. બધા આશ્ચર્યચકિત થઇ આનંદથી કિકિયારી ને તાળીઓ પાડે)

નામાન :- (આશ્ચર્ય ચકિત થઇને પોતાના હાથ, પગ, છાતી પર હાથ ફેરવી ફેરવીને જુએ) અરે.. હું સાજો થઇ ગયો ? સાજો થઇ ગયો.. મારો કોઢ મટી ગયો.

બન્ને મિત્રો :- સેનાપતિજી ..સાજા થઇ ગયા.. (આનંદથી બૂમ પાડતા દોડીને સેનાપતિને ભેટી પડે. ઉંચકીને બહાર લઇ આવે. આખું શરીર આશ્ચર્યથી જુએ)

૧લો મિત્ર :- મુબારક હો સેનાપતિજી..ખરેખર તમે તો બિલકુલ સાજા થઇ ગયા. હોં.....

૨જો મિત્ર :- (આશ્ચર્યથી) જુઓ તો ખરા. સાહેબ.. તમારી બધી ચામડી તો નાના બાળક જેવી સુંદર બની ગઈ......

નામાન :- (હર્ષનાં આંસુ સાથે રડી પડે, ઘૂંટણે પડે, હાથ ઉંચા કરી કહે) આભાર..આભાર...પ્રભુ..ખરેખર હવે મને ખાત્રી થઇ ગઇ

કે, યહોવા દેવ જ સાચા ને જીવતા પરમેશ્વર છે. આખી પ્રથ્વી પર તેમના સિવાય કોઇ દેવ નથી..ધન્ય હો..પવિત્ર દેવ..ધન્ય હો...

બન્ને મિત્રો ને સૈનિકો :- (આકાશ તરફ હાથ પ્રસારી કહે) ધન્ય હો...ધન્ય હો. યહોવા દેવ..પ્રભુઇસુ ખ્રિસ્તને...જયજયકાર...જયજયકાર......

નામાન :- મિત્રો..ચાલો આપણે એલીશા પ્રબોધક પાસે જઇએ. તેમનો આભાર માનીએ.

બન્ને મિત્રો :- હા..હા.. આભાર તો માનવો જ જોઇએ. ચાલો.. ચાલો ઓ (બધા એલીશા પાસે જાય) (એલીશાના ઘર પાસે આવે, બારણું ખટખટાવે, તરત એલીશા અને પાછળ ગેહજી બહાર આવે)

નામાન :- (ઝડપથી એલીશાના પગે પડીને કહે) આભાર..ગુરુજી..તમારો ખુબ ખુબ આભાર .. (એલીશા નામાનને ઉભો કરે) નમાન હાથ જોડી કહે, ગુરુજી..હવે મને ચોક્કસપણે ખાત્રી થઇ ગઇ છે કે, યહોવા જ એક સાચા ને જીવતા દેવ છે.
હવેથી હું ફક્ત 'યહોવા દેવ-પ્રભુઇસુ ખ્રિસ્તને' જ મારા દેવ માનીશ ને તેમની જ ભક્તિ કરીશ.

એલીશા :- હા..યહોવા દેવ એજ પ્રભુઇસુ ખ્રિસ્ત છે. સાચા ને જીવતા પરમેશ્વર છે. તેમના પર વિશ્વાસ કરીશ તો તારણ પામીશ.

નમાન :- (હાથ જોડી વિનંતી કરે) ગુરુજી..પ્લીઝ..મારી આટલી ભેટ સ્વીકારો. (સૈનિકોને ઇશારો કરે,સૈનિકો ભેટ એલીશા પાસે લાવે)

એલીશા :- ના.. મારા દિકરા..હું ભેટો લેતો નથી. જો ભાઇ, મેં કશું જ કર્યું નથી. (ઉપર જોઇ આંગળી ચીંધીને કહે) બધું દેવ-પ્રભુઇસુએ જ કર્યું છે. પ્રભુને ભેટ ધરજે. દેવની આજ્ઞા માનજે ને હંમેશાં આભાર સ્તુતિની ભેટો ધરજે.

નામાન અને બધા:-(હાથ જોડી માથુ નમાવી પ્રણામ કરીને કહે) આભાર.. ગુરુજી .. થેન્કયુ..થેન્કયુ વેરી મચ..

એલીશા :- (હાથ ઉંચો કરી આશિર્વાદ આપે) પ્રભુ તમને આશિષ આપે..... હાલેલુયાહ.

બધા જોરથી બોલે :- હા લે લુ યા હ..
(બધા પાત્રો સ્ટેજ પર આવે ને ગીત ગાય) "ચંગા કરને વાલા યેશુ હાલેલુયાહ, જીવન દેને વાલા યેશુ હાલેલુયાહ......."

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧) એલીશા પ્રબોધક | ૬) ૧લો મિત્રો (સેનાપતિના બે મિત્રો) |
| ૨) ગેહજી (એલીશાનો ચાકર) | ૭) ૨જો મિત્ર |
| ૩) નામાન (સેનાપતિ) | ૮) ૧લો સૈનિકો (સેનાપતિના બે સૈનિકો) |
| ૪) તામાર (સેનાપતિની પત્નિ) | ૯) ૨જો સૈનિક |
| ૫) રોદા (દાસી) | ૧૦) એક માણસ (રસ્તો બતાવનાર) |



## ૩૩ શમુએલ

(૧લો શમુએલ ૧ અને ૩જો અધ્યાય)

### દ્રશ્ય - ૧

(એક સમૃધ્ધ ઘરનું દ્રશ્ય. મુસાફરી માટે જવાનું હોય તેવી તૈયારી દેખાય. પત્નિ ટેબલ પર માથું નાંખીને રડતી હોય.પતિ બહારથી આવે.)

એલ્કાનાહ :- (ઘરમાં પ્રવેશતાં પત્નિને કહે) હાન્ના.. ચાલ....બધાં ગાડીમાં બેસી ગયાં. આપણે છેક યરુશાલેમ જવાનું છે. મોડું થશે.
(હાન્નાને ટેબલ પર માથું નાંખી બેઠેલી જુએ. નજીક જાય, મોં ઉંચુ કરી પૂછે) અરે.. હાન્ના..? શું કરે છે ? રડે છે ? કેમ શું થયું ?

હાન્ના :- આ પન્નિાહ મને મહેણાં મારે છે.મારાથી સહન નથી થતું. ઈશ્વરે મને બાળક નથી આપ્યું. તેમાં મારો વાંક ? (રડતાં રડતાં કહે)

એલ્કાનાહ :- અરે હાન્ના..મેં તને કેટલીવાર કહ્યું. કે એ વાત તારે મનમાં લાવવી નહિ. જો દરેકના જીવનમાં ઈશ્વરની યોજના હોય છે. તારા માટે ઈશ્વરની કોઇ અલગ યોજના હશે. ચાલ,શાંત થઇ જા. આપણે યરુશાલેમ યજ્ઞ કરવા જઈએ છીએ. મંદિરમાં પ્રાર્થના કરજે. પ્રભુ તને જવાબ આપશે. (હાન્નાને પાણી આપે, હાથ પકડી ઉઠાડીને લઇ જાય.)

### દ્રશ્ય - ૨

(પ્રભુમંદિર હોય તેવું દ્રશ્ય. મંદિરમાં હાન્ના એક જગાએ ઘૂંટણે પડી, આકાશ તરફ બે હાથ ને મોં ઉંચા રાખી,ખૂબ આગ્રહથી પ્રાર્થના કરતી હોય. ફક્ત હોઠ હાલતા હોય તે રીતે પ્રાર્થના કરતી હોય. મંદિરના એલી યાજક, ત્યાં કશું કામ કરતા હોય. તેવું દ્રશ્ય રજૂ કરવું.)

એલી યાજક:- (મંદિરમાં કામ કરતા કરતાં હાન્ના સામે જુએ. પછી સ્વગત કહે) આ બાઇ ક્યારની પ્રાર્થના કરે છે. તેના હાવભાવ પરથી તો લાગે છે કે, કદાચ તેણે વધુ પડતો દ્રાક્ષારસ પીધો હશે. (એટલામાં એલ્કાનાહ હાન્નાને શોધતો આવે)

એલ્કાનાહ :- (પ્રવેશ કરતાં બૂમ પાડે.) હાન્ના... (હાન્ના પાસે જઇને બોલે) હાન્ના...? હું તને કયારનો શોધું છું.?

એલી યાજક:- (એલી તેમની પાસે આવે. અને હાન્ના ને કહે) અરે બાઇ, તું ક્યાં સુધી નશામાં રહીશ ? દ્રાક્ષારસ પીવાનું છોડી દે.

હાન્ના :- (ઉભી થઇ,પ્રણામ કરી કહે) પ્રણામ મુરબ્બી..મેં દ્રાક્ષારસ નથી પીધો .. હું તો યહોવાની આગળ મારું દિલ ઠાલવતી હતી.
(રડી પડે. રડતા સ્વરે બોલે) મુરબ્બી, ઈશ્વરે મને બાળક નથી આપ્યું. તેનું દુ:ખ છે, ને લોકો મને મહેણાં મારે છે. માટે હું દેવને પ્રાર્થના કરતી હતી. જો દેવ મને ફક્ત એક બાળક આપશે, તો હું તેને આખી જીંદગીભર તેમની સેવા માટે સમર્પિત કરી દઇશ.

એલી યાજક:- (આશિર્વાદ આપતાં કહે) બેન..તેં ખરા દિલથી પ્રાર્થના કરી છે. દેવ જરુર

તારી પ્રાર્થના સાંભળશે. પરમેશ્વર તને દિકરો આપશે. શાંતિએ જા.

(પછી એલી તેમનું કામ કરવા લાગે. એલ્કાનાહ ને હાન્ના ખુશ થતાં શાંતિ ને સંતોષ સાથે જતાં રહે.)

હાન્ના :- (ખુશ થતી પતિને કહે) જુઓ..મેં ઈશ્વર આગળ માનતા લીધી છે, કે દેવ મને દિકરો આપે તો, હું તેને દેવની સેવા કરવા જીંદગીભર સોંપી દઇશ.હોં..ને.?

એલ્કાનાહ :- હા..હા..જરુર..તને ગમે તેમ કરજે. તારી ખુશીમાં, મારો પુરો સહકાર આપીશ..બસ..

હાન્ના :- હા પણ..જુઓ..છોકરો દૂધ પીવાનું છોડી દે ને જરા સમજણો થાય ત્યાર પછી હું તેને આ એલી યાજક પાસે લાવીશ.

એલ્કાનાહ :- સારું..સારું..તને જેમ યોગ્ય લાગે તેમ કરજે. હું પણ પ્રાર્થના કરું છું કે, દેવ તારી મનોકામના પૂર્ણ કરે. (બન્ને વાતો કરતાં જતાં રહે)

## દ્રશ્ય - ૩

નેપથ્યમાંથી અવાજ આપવો :- તેજ વર્ષે પરમેશ્વરે હાન્નાની પ્રાર્થના સાંભળી. અને તેને એક દિકરો આપ્યો. તેનું નામ શમુએલ પાડયું. બાળશમુએલે માતાનું દૂધ છોડયું, ને હવે સમજણો થયો. અટલે હાન્નાએ બાળકને દેવની સેવા માટે સમર્પિત કરવાની માનતા લીધી હતી. તે પૂરી કરવા બાળક શમુએલને લઇને એલ્કાનાહ તેના કુટુંબ સાથે યરુશાલેમ આવે છે. મંદિરમાં એલી યાજકને મળી દેવનો આભાર માનવા યજ્ઞ કરે છે. અને બાળ શમુએલ દેવની સેવા માટે એલી યાજકને સોંપે છે. (એલ્કાનાહ, હાન્ના નાના શમુએલને લઇને મંદિરમાં એલીયાજક પાસે આવે, પ્રણામ કરી બાળ શમુએલ એલીયાજકને સોંપતાં કહે)

હાન્ના :- (એલી યાજકને બાળક સોંપતાં કહે) રાબ્બી...પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી. ને મને આ પુત્ર આપ્યો.તેને હું પ્રભુની સેવા માટે સોંપું છું. (હાથ જોડી, આંખમાં આંસુ સાથે કહે) ગુરુજી...પ્લીઝ..મારા દિકરાને સાચવજો..તેને ખૂબ સારું શિક્ષણ આપજો, ને પ્રભુની સેવા કરતાં શીખવજો.

એલ્કાનાહ :- (શમુએલના માથે હાથ મૂકી પ્રેમથી કહે) બેટા.. અહિં એલીદાદા પાસે રહીશને ? જો ...અહિં કેટલું મોટું મંદિર છે...કેટલા બધા લોકો છે.....

શમુએલ :- (આનંદથી જવાબ આપે) હા...હા...પપ્પા..મમ્મી...હું અહિં એલી દાદા પાસે રહીશ. મને ગમશે અહિં...

હાન્ના :- (શમુએલને બગલમાં લઇ કહે) બેટા...મેં તને બધી સમજ પાડી છે ને..? અમે તને કેમ અહિં મૂકીએ છીએ ?

શમુએલ :- હા..હા..મમ્મી...મને યાદ છે..હું પ્રભુનો બાળક છું. મારે જીવનભર દેવની સેવા કરવાની છે..અને હું ખૂબ ભણીશ એલીદાદા પાસે..

હાન્ના :- હં.અ અ અ..મારા દિકરા.. ..અમે તને મળવા આવીશું હોં..



શમુએલ :- હા....મમ્મી – પપ્પા તમે મારી ચિંતા ના કરો..મને એલીદાદા પાસે રહેવાનું ગમે છે.. (એમ કહી એલીયાજકને બાથ ભરી લે)

એલી યાજકઃ- (માતાપિતાને સાંત્વન આપતાં કહે) હાન્ના...એલ્કાનાહ... ચિંતા ના કરો..શમુએલ મારો દિકરો છે.પ્રભુનો દિકરો છે...પ્રભુ પર વિશ્વાસ રાખો. શાંતિએ જાઓ..... (આશિર્વાદ આપીને વિદાય કરે.) (હાન્ના શમુએલને બાથમાં લઇ કીસ કરે..એલ્કાનાહ પણ તેના માથે હાથ ફેરવી..ભારે દ્રદયે વિદાય લે...બધાં હાથ હલાવી બાય.. બાય..ટા..ટા. કરતાં જાય)

## દ્રશ્ય – ૪

(યરુશાલેમના મંદિરમાં એલી શુએલને બાઇબલનું શિક્ષણ આપતા હોય, બાળશમુએલ તેમની સામે બાઇબલ લઇ ધ્યાનથી શીખતો હોય તેવું દ્રશ્ય)

એલી યાજકઃ-જો બેટા.. પરમેશ્વર સર્વજ્ઞ છે. તે આપણાં મનમાં આવતા દરેક વિચાર, ભાવના,કલ્પના વગેરે તમામ જાણી જાય છે. માટે આપણું મન શુધ્ધ હોવું જોઇએ. (બાઇબલ બતાવી કહે) જો, આ દેવના પવિત્ર વચનો છે. વાંચ...માત્થી ૫ : ૮ કલમ શું કહે છે ?

શમુએલ :- (બાઇબલમાંથી મોટેથી વાંચે) માત્થી ૫ અને ૮ “મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે.કેમ કે તેઓ દેવને જોશે.”

એલી યાજકઃ-હંઅઅઅઅ ..સમજ્યો ? જે વ્યક્તિનું મન શુધ્ધ હોય તે દેવને જોઈ શકે છે. દેવની વાણી સાંભળી શકે છે..જો તું તારું મન, હંમેશાં શુધ્ધ રાખીશ, તો દેવ તને પણ દર્શન આપશે. તારી સાથે વાત કરશે...પડી સમજ ..? (શમુએલ માથું હલાવી હા બોલે. બાઇબલ બંધ કરીને મૂકે)
સરસ.... બેટા, હવે તને પ્રાર્થના કરતાં આવડી ગઇને ? (શમુએલ માથું હલાવી હા બોલે) તો તું પ્રાર્થના કરાવ. ..
(શમુએલ પ્રાર્થના કરાવે. એલી ઉભા થતાં બોલે) શાબાશ,..સરસ પ્પાર્થના કરાવી. ચાલ દિકરા..સાંજ પડી..ફાનસ,દીવાબત્તી કરી દઇએ..

શમુએલ :- (ફાનસ સાફ કરીને કહે) દાદા.. થઇ ગયું બધું.

એલી યાજકઃ-હા બેટા..હવે આપણે જમી લઇએ. પછી તું વહેલો સૂઈ જજે હોં..આવતી કાલે ઘણાં લોકો યજ્ઞ કરવા આવવાના છે. માટે તું વહેલો ઉઠજે. હોં..ને

શમુએલ :- સારું..દાદા.. (અલી ને શમુએલ ઉઘવા માટે જાય)

## દ્રશ્ય - ૫

અવાજ :-- એમ શમુએલ મંદિરમાં ઐલી યાજક પાસે ઉછર્યો. ઘણાં વર્ષો વીતી ગયાં. શમુએલ હવે જુવાન થઇ ગયો.અને એલીયાજક પણ વૃધ્ધ થઇ

ગયા છે. તેથી તેમને આંખે ઝાંખુ ઝાંખુ દેખાય છે. એક રાત્રે પરમેશ્વરે શમુએલને દર્શન આપ્યું.
(રાતનો સમય. ઝાંખુ અજવાળુ હોય.શમુએલ તેની પથારીમાં ઉંઘતો હોય.બાજુના રુમમાં એલીયાજક ઉંઘતા હોય. થોડી વાર પછી વાણી સંભળાય.)

વાણી :- (પડદા પાછળથી વાણી બોલવી. હાંક મારવી) :- શમુએલ.. શમુએ..લ..

શમુએલ :- (સફાળો જાગી ઉઠે. આંખ ચોળતો બોલે) એલીદાદાએ બૂમ પાડી..? (ઉઠીને એલી પાસે જઇને કહે) એલીદાદા...દા.દા.આઆઆ..

એલીયાજક :- (સફાળા જાગી ઉઠે. ઉંઘભર્યા અવાજે બોલે) કોણ..? કોણ..બેટા શમુએલ..શું થયું..?

શમુએલ :- હા દાદા.. તમે મને બોલાવ્યો.?

એલી યાજક:- ના..બેટા...મેં તને નથી બોલાવ્યો.. ..જા જઇને સૂઈ જા.. (શમુએલ પાછો જઈને સૂઇ જાય)

વાણી :- (થોડી વાર વીતે પછી, બીજીવાર વાણી બોલવી) :- શમુએલ.. શમુ..એ..લ..

શમુએલ :- (પથારીમાં બેઠો થઇ જાય) ઓ હ.. એલીદાદા જ મને બૂમ પાડતા લાગે છે. (ઉઠીને એલી પાસે જઇને કહે) દાદા.....તમે મને બોલાવ્યો ?

એલી યાજક:- (ફરી બેઠા થઇને કહે) શું બેટા..?

શમુએલ :- તમે મને હાંક મારી..? તમે બોલાવ્યો..?

એલી યાજક:- ના..ના..બેટા..મેં તને નથી બોલાવ્યો..જા જઇને સૂઇ જા. (શમુએલ પાછો જઇને સૂઈ જાય)

વાણી :- (થોડીવાર પછી ત્રીજી વાર વાણી સંભળાય) શમુએલ.. ..શમુએલ.. ..

શમુએલ :- (ફરી બેઠો થઇને કહે) ચોક્કસ ..મને એલીદાદા..જ બોલાવે છે.. ચોક્કસ, તેમને કશી જરુર હશે જ (ઊઠીને એલી પાસે જાય) એલીદાદા, કંઈ કામ છે ? તમે મને બોલાવ્યો..?

એલી યાજક:- (બેઠા થાય. થોડો વિચાર કરીને કહે) શમુએલ..કોઇ તને બોલાવે છે, એમ ?

શમુએલ :- હા દાદા..મને ત્રણ વાર હાંક મારી..શમુએલ...શમુએલ...એટલે મને લાગ્યું કે, તમે જ મને બોલાવો છો .

એલી યાજક:- (શમુએલનો હાથ પકડીને કહે) બેટા .. મને લાગે છે કે, ઈશ્વરપિતા જ તને બોલાવે છે. ચોક્કસ.. દેવ તને કંઇ કહેવા માંગતા હશે. માટે જો હવે ફરીથી તને હાંક મારે તો કહેજે કે, "હે યહોવા,બોલો કેમકે તમારો સેવક સાંભળે છે." સમજ્યો ? તો જા જઇને સૂઈ જા. (શુમુએલ જઇને સૂઇ જાય)

વાણી :- (થોડી વાર પછી ફરી વાણી બોલવી) શમુએલ.. શમુએલ..

શમુએલ :- (ડરતો હોય તેમ સફાળો બેઠો થઇ જાય. બે હાથ જોડી,ઘૂંટણે પડીને કહે) હે યહોવા બોલો, કેમકે તમારો સેવક સાંભળે છે.



વાણી :- "શમુએલ..... હું ઈસ્રાએલમાં એવું કાર્ય કરનાર છું કે, તે વિષે જે કોઇ સાંભળશે તેના બન્ને કાન ઝણઝણશે. માટે ધ્યાનથી સાંભળ.. (શમુએલ બે હાથ જોડી, ઘૂંટણે પડીને દેવની વાણી સાંભળતો હોય તેમ થોડીવાર બેસી રહે..પછી માથું નમાવી બોલે....)

શમુએલ :- હે મારા દેવ..તમે પવિત્ર, અતિપવિત્ર દેવ છો..સ્તુતિ હો..સ્તુતિ હો.. હાલેલુયાહ..હાલેલુયા..
(તે દરમ્યાન બધા પાત્રો હાલેલુયાહ...હાલેલુયાહ... કરતાં કરતાં સ્ટેજ પર આવે..અને કોઇ ગીત ગાય..)
હાલેલુયાહ..સતુતિ કરેંગે..યેશુજી કી સતુતિ કરેંગે..હા.આ આ..હાલેલુયાહ.... અથવા કોઇ ઝમકદાર સતુતિગીત ગાવું.

પાત્રો

૧) હાન્ના (શમુએલની માતા)
૨) એલ્કાનાહ (શમુએલના પિતા)
૩) શમુએલ
૪) એલી યાજક
૫) અવાજ આપનાર (પડદા પાછળથી બોલનાર)
૬) દેવની વાણી બોલનાર

## ૩૪ યહોશુઆ

શાસ્ત્રપાઠ :- યહોશુઆ ૨૪ : ૧-૧૫

“તમે પસંદ કરો”

(આનંદમય જીવનની પસંદગી)

(હું ને મારા ઘરના તો યહોવાની જ સેવા કરીશું.)

(યહોશઆ અને બે ત્રણ આગેવાનો ચર્ચા કરતા હોય)

યહોશુઆ :- સર્વ ઇસ્રાએલી લોકોને એકઠા કરો.

યહુદા :- જી, મુરબ્બી, (એક માણસને કહે) ..ભાઇ નાહુમ ..,જાઓ, ઢંઢેરો પીટાવી સર્વ લોકોને એકત્ર કરો.

નાહુમ :- (થાળી વગાડી ઢંઢેરો પીટે) સૂણો..સૂણો..સૂણો..ઇસ્રાએલના તમામ લોકો...સભા માટે એકત્ર થાઓ. (લોકો ભેગા થાઓ)

યહોશુઆ :- (હાથ ઉંચા કરીને કહે) યહોવાની સ્તુતિ હો.

લોકો :- (હાથ ઉંચા કરી) સ્તુતિ હો..સ્તુતિ હો.. યહોવાની સ્તુતિ હો.

યહોશુઆ :- ઇસ્રએલના સર્વ આગેવાનો. આગળ આવો. .... (બાર આગેવાનો આગળ આવે) હે ઇસ્રાએલના સર્વ લોકો,,યાદ કરો..અત્યાર સુધી તમે કેવી દશામાં જીવતા હતા ?

લોકો :- (એક સાથે બોલે) મિસર દેશમાં ગુલામ હતા.,

યહોશુઆ :- આગેવાનો, તમે જણાવો કે કેવી રીતે મિસરમાંથી કનાન દેશમાં આવ્યા ?

યહુદા :- હે સર્વ લોકો સાંભળો.. આપણા દેવે અજબ ગજબ ચમત્કારો કરીને આપણને મિસરની ભયંકર ગુલામી અને જુલમમાંથી છોડાવી આ દૂધ મધની રેલછેલવાળા કનાન દેશમાં લાવ્યા.

રુબેન :- અરે..ચમત્કારો તે કેવા...મિસરના લોકોના બધા પાણી લોહી થઇ ગયા, જ્યાં જુઓ ત્યાં દેડકાંના ઢગલે ઢગલા માખો, ને જુઓ, ને મરકી, અને એવી તો કેટલીય ભયંકર આફતો આવી કે મિસરના લોકો ત્રાસી ત્રાસી ગયા. પણ આપણા ઇસ્રાએલી લોકોને તો દેવે તો એકદમ સલામત ને સુખશાંતિમાં રાખ્યા.

શિમયોન :- અને ..મુસાફરીમાં આપણા દેવ.. તો દિવસે તાપ ના લાગે માટે મેઘસ્તંભથી છાંયો કરતા હતા.અને રાત્રે અગ્નિસ્તંભથી અજવાળુ આપતા હતા.

રેઉબેન :- અરે...શું વાત કરું ? ...ચાલીસ ચાલીસ વરસ અરણ્યમાં મુસાફરી કરી, પણ અમારા ચંપલ તુટયા નહિ, કે કપડાંય ફાટયા નહિ...

લેવી :- વિચાર તો કરો ? ચાલીસ વરસ સુધી ખાવાનું શું ? પરમેશ્વરે આકાશમાંથી “ માન્ના” અને “ લાવરીઓ”નો વરસાદ વરસાવ્યો. એટલું સરસ ટેસ્ટી કે... ખાયે જાઓ... ખાયે જાઓ...ખૂટે જ નહિ. મઝા આવી ગઇ



ગાદ :- સુકાભઠ અરણ્યમાં પાણી ક્યાંથી હોય ? જ્યારે પાણી ના મળ્યુ, ત્યારે આપણા દેવે ખડકમાંથી પાણી વહેવડાવ્યું..આ..હા..હા..હા..

દાન :- અરે ભાઈઓ સૌથી મોટો ચમત્કાર ભૂલી ગયા ? દેવે આપણો કેવો બચાવ કર્યો હતો ?...સાંભળો.....

જ્યારે મિસરમાંથી નાઠા, ને દરિયાકાંઠે આવ્યા...ત્યાં તો અમારી પાછળ જ ફારુનનું મો..ટું લશ્કર આવ્યું. આગળ દરિયો ને પાછળ લશ્કર. ન આગળ જવાય કે ના પાછળ જવાય. પણ આપણા દેવે ગજબ ચમત્કાર કર્યો. સમુદ્રના બે ભાગ કરી દીધા...

કોરી જમીન ને રસ્તો બનાવી દીધો.કેવું ગજબ...દરિયાના પાણીની ઉંચી ઉંચી બે દિવાલો અને વચ્ચે રસ્તો...

બધા લોકો પશુપ્રાણીઓ ને સામાન લઈ દરિયો પાર કરી સામે કિનારે પહોંચી ગયા. અને સાંભળો તો ખરા,ફારુનનું લશ્કર પાછળ પડયું. અમને પકડવા દરિયામાં દોડયું.. આખું લશ્કર બરાબર દરિયાની વચ્ચે આવ્યું, અને ઇસ્રાએલી તમામ લોકો દરિયો પાર કરી રહયા, કે દેવે તો પાણીને ભેગા કરી દીધા... એટલે આખુ લશ્કર દરિયામાં ડુબી મર્યું.. લોકો તો એ જોઇને આભા જ બની ગયા, ખુશીના માર્યા, સ્તુતિ કરતા કિલકારીઓ કરવા લાગ્યા.. (બધા લોકો તાળી પાડે..કિલકારીઓ કરે)

યહોશુઆ :- સાંભળ્યુ બધાએ?

લોકો :- જય હો.....જય હો.....મહાન પરમેશ્વર યહોવાનો જય હો.....

યહોશુઆ :- તો હવે, તમે આ કનાન દેશમાં આવી ગયા. ક્વો લાગ્યો આ દેશ.?

લેકો :- બહુ સરસ..બહુ સરસ દુધમધની રેલછેલ વાળો ..

યહોશુઆ :- તો આ બધા ખેતરો ને આ બધી દ્રાક્ષાવાડીઓ તમે રોપી હતી ?

લોકો :- ના....આ,,.આ...

યહોશુઆ:- આ બધા ઘરો તમે બાંધ્યા હતા ?

લોકો :- ના..આ..આં...

યહોશુઆ :- તો આ બધું તમને કોણે આપ્યું ?

લોકો :- અમારા દેવ યહોવાએ..એ..એ..

યહોશુઆ :- તો હે ઇસ્રાએલના લોકો, હવે તમને ઇશ્વરે આપેલી આજ્ઞાઓ યાદ છેં ને ? (લોકો : ચૂપ રહે)

યહોશુઆ:- (થોડું અટકીને વાક્યો બોલે) ઈશ્વરના નિયમો પાળો છો ?..રોજ બાઇબલ વાંચો છો ? ઈશ્વરને પ્રથમ સ્થાન આપો છો ? (લોકો ચૂપ રહે)

યહોશુઆ :- બોલો, ચૂપ કેમ છો ? જો તમે ઈશ્વરનો આભાર માનતા હો..તો રોજ બાઇબલ વાંચો,પ્રાર્થના કરો,ને દેવની આજ્ઞાઓ માનો. બોલો, આ બધું કરવું જોઇએ કે નહિ ?

લોકો :- હા..આ..આ..આ..

યહોશુઆ :- તો ચાલો આજે જ પસંદ કરો..તમે કોની સેવા કરશો ?

"હું ને મારા ઘરના  તો યહોવાની જ સેવા કરીશું" તમે ..? કોની સેવા કરશો ? આ જગતની કે તમારા દેવ યહોવાની ?

લોકો :- (જોરથી) અમે અમારા દેવ યહોવાની ...પ્રભઇસુની  સેવા કરીશું.

યહોશુઆ :- તો..બોલો.. પ્રભુઇસુની જય હો.......

લોકો :- જય હો.....જય હો...,,પ્રભુઇસુની જય હો........ (બધા પ્રેક્ષકો પણ 'જય હો' નારા બોલે)

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧) યહોશુઆ | ૬) રેઉબેન |
| ૨) યહુદા | ૭) લેવી |
| ૩) નાહુમ | ૮) ગાદ |
| ૪) રુબેન | ૯) દાન |
| ૫) શિમયોન | ૧૦) ઈસ્રાએલી લોકોનું ટોળુ |



# ૩૫ આખાન

(યહોશુઆ - ૭મો અધ્યાય)

(આખાન થોડું રુપુ, સોનાનું પાનું અને કિંમતી ઝભ્ભો, વગેરે...સંતાડવાની જગા શોધતો હોય,.. થોડો ગભરાતો હોય,..એ રીતે ઘરમાં આંટા મારે)

આખાન :- (થોડો સ્વસ્થ થઇને ઉત્સાહ-આનંદથી બોલે) જીતી ગયા યરીખોની લડાઇ.. ..અરે..યરીખો કેવું સુંદર નગર છે...આ.હા.હા.હા.. શું જાહોજલાલી. કેટલાં સુંદર જરઝવેરાત..સોનું..રુપુ..ચાંદી..અને કેવાં કિંમતી વસ્ત્રો..આ.હા.હા.હા..શું લઉ ને શું ના લઉ..? પણ યહોવા દેવની આજ્ઞા છે કે કશુ લેવું નહિ......પ...ણ જુઓને આ.. (જામો-ઝભ્ભો.પહેરીને બતાવીને કહે) .. કેટલો સુંદર શિનઆરી જામો છે ?.. વાહ .. આ તો મને ખૂબ સુંદર લાગશે .. વટ પડશે... અને આ બસો શેકેલ રુપુ....ને આ સોનાનું પાનુ...પચાસ શેકેલ તો હશે જ...લાવ સંતાડી દઉ. (આમતેમ જુએ .. જગા પસંદ કરે અને તંબુની વચ્ચે ..ખાડો ખોદી..સંતાડી દે ..)
(સંતોષ સાથે બોલે) .. હાશ .. હવે ચિંતા નહિ ..અરે કોને ખબર પડવાની છે ? ...ચિંતા છોડો.. મઝા કરો ......

અંક – ૧

(યહોશુઆ ત્રણ ચાર માણસો (કાલેબ, કનાઝ, માખીર. મન્નાશા) સાથે વાત કરતા હોય તેવું દ્દશ્ય)

યહોશુઆ :- ભાઇઓ,.. યરીખોની લડાઇમાં યહોવાએ આપણને અજાયબ જીત પમાડી છે...હવે જુઓ, પૂર્વ દિશામાં "આય" નામનું શહેર છે, તેની બાતમી કાઢી લાવો.અને મને આવતી કાલે જ ખબર આપો.....

કાલેબ :- જી,.. મુરબ્બી.. આપને જલ્દી માહિતી આપીશું. .. (ચારે જણ પ્રણામ કરીને જાય ,યહોશુઆ પણ જાય)

અંક – ૨

("કૂકડે કૂક" અવાજ કરવો જેથી લાગે કે બીજા દિવસની સવાર પડી હોય .....યહોશુઆ ઘૂંટણે પડીને પ્રાર્થના કરતા હોય, ચાર જણ બાતમી લઇને આવે, યહોશુઆના ઘરના દરવાજે ટકોરા મારે,.. યહોશુઆ પ્રાર્થનામાંથી ઉઠીને બહાર આવે, ..ચારે જણ પ્રણામ કરે)

કાલેબ :- પ્રણામ મુરબ્બી,.. અમે 'આય' શહેરની બાતમી કાઢી આવ્યા ..

કનાઝ :- મુરબ્બી .. ત્યાં માણસોની વસ્તી ઘણી ઓછી છે .. શહેર નાનું છે. ..

માખીર :- હા મુરબ્બી .. 'આય' શહેર જીતવા માટે, વધુ સૈનિકોની જરુર નથી ..ત્રણ ચાર હજાર સૈનિકો પણ સહેલાયથી શહેર જીતી શકશે.....

યહોશુઆ :- તો કરો તૈયારી ..ત્રણચાર હજાર સૈનિકોને લડાઇ માટે હુકમ કરો.....

ચારે સાથે :- જી .. મુરબ્બી .. (કહીને બધા જાય)

## અંક – ૩

(બધા લોકો (બાળકો), સૈન્ય રુપે ઐક્ત્ર થાય ..લડાઇમાં જવા સૈન્ય તૈયાર હોય.યહોશુઆ, સૈન્યને પડકાર આપતા હોય તે રીતે બોલે)

યહોશુઆ :- મારા પ્યારા બહાદુરો, .. ઈશ્વરે આપણને આ દેશ આપ્યો છે .. માટે ..આજે જ 'આય" શહેર જીતીને વિજય મેળવવાનો છે ..યહોવાદેવ આપણી સાથે છે ..બહાદુરો, આગે બઢો.. "યહોવાની જય" ..... (બધા મોટેથી બોલે "યહોવાની જય" ..કુચ કરતા આગળ જાય)

(બે સૈન્યો સામસામે લડતા બતાવવા.. ઈસ્રાએલના સૈન્યની હાર થતી બતાવવી..ઇસ્રાએલી સૈનિકો પાછા પડતા બતાવવા)

યહોશુઆ :- (ઇસ્રાએલની હાર થતી જોઇને, વિલાપ કરે,..વસ્રો ફાડે,.. મોટેથી રડીને વિલાપ કરે..)

અરેરે..પ્રભુ...હે મારા દેવ ..તમે અમને શા માટે પરાજિત કર્યા ? હે સૈન્યોના દેવ ..તમે શા માટે અમને સહાય ન કરી ? ઓ પ્રભુ,મારા દેવ.. (યહોશુઆ ઊંધો પડીને પ્રાર્થના કરતો હોય તેમ બતાવવું. .. – પડદા પાછળથી યહોવાદેવ બોલતા હોય તેમ વાણી બોલવી ..)

દેવની વાણીઃ- "યહોશુઆ ... ઊઠ ..શા માટે ઉંધો પડયો છે ?..ઈસ્રાએલે પાપ કર્યું છે .. યરીખોની લડાઇ પછી,કોઈએ કંઇ પણ લેવું નહિ,..એવી મેં આજ્ઞા આપી હતી...પણ મારી એ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે ..ચોરી કરી છે .. જો એ શાપિત વસ્તુઓનો નાશ નહિ કરો, તો હું તમારી સાથે રહેવાનો નથી...ઊઠ ને જા ..કાલે સવારે તું દરેકને .. તેમના કુળ પ્રમાણે..કુટુંબ પ્રમાણે.ને પુરુષ પ્રમાણે આગળ બોલાવ...અને જેની પાસેથી તે શાપિત વસ્તુઓ પકડાય,. તેને ને તેના સર્વસ્વને કુટુંબ, સગાસબંધી, ઢોરઢાંક, સરસામાન બધું જ અગ્નિમાં બાળીને ભસ્મ કરી નાંખ..

યહોશુઆ :- (આશ્ચર્ય ચકિત થઇ, વાણી સાંભળે,..પછી ગભરાતો .. ઉભો થઇ..હાથ જોડી બોલે) ઓ પ્રભુ ..માફ કરો.. તમારી આજ્ઞા પ્રમાણે જ કરીશું.

## અંક – ૪

(યહોશુઆ આગેવાનો .. (કાલેબ, કનાઝ, માખીર, મન્નાશા,) ને હુકમ કરતો હોય તેમ કહે.)

યહોશુઆ :- કાલેબ,..કનાઝ,..માખીર...મન્નાશા... તમે આખી ઈઝરાએલ પ્રજાને, એકત્ર કરો.

કાલેબ :- જી, મુરબ્બી,...ઢંઢેરો પીટાવીને, સર્વ ઇઝરાએલ પ્રજાને એકઠી કરીએ... (કોઇ એક ને ઢંઢેરો પીટાવા કહે)

ક્નાઝ :- (થાળી વગાડી, ઢંઢેરો પીટે) સૂનો...સૂનો...સૂનો.. સર્વ ઇઝરાએલના લોકો...સાંભળો...બધા જ નાના મોટા.. યહોવાની આગળ...હમણાં ને હમણાં જ હાજર થા..ઓ.... (બેત્રણ વાર આંટા



મારે ને બોલે)

(બધા લોકો, આવીને યહોશુઆ આગળ ઉભા રહે, પછી યહોશુઆ બધાને સંબોધીને બોલે)

યહોશુઆઃ- ઓ ઇઝરાએલના લોકો, મહાન દેવ યહોવાએ, તમારા માટે કેટકેટલાં અદ્દભૂત કાર્યો કર્યા. ..છતાં તમે તેમની આજ્ઞાઓ કેમ માનતા નથી ? દેવે તમને યરીખોની લડાઇ વખતે તેઓની કોઇ પણ ચીજ લેવી નહિ.તેવી આજ્ઞા આપી હતી ?

બધા લોકો :- (સાથે બોલે) હા......

યહોશુઆ :- તો પછી પણ તમારામાંથી કોઇકે, કશુંક તો લીધું જ છે. તમારામાંથી કોઇએ ચોરી કરી છે. યહોવાની વિરુધ્ધ દગો કર્યો છે. માટે જ આટલું નાનું 'આય' શહેર તમે જીતી શક્યા નહિ. બોલો કોણે ચોરી કરી છે ?

(લોકો અંદર અંદર ગુસપુસ કરે .. યહોશુઆ થોડીવાર રાહ જુએ..કે કોઇ બોલે છે ?)

યહોશુઆ :- (જોરથી ગુસ્સાથી બોલે) અરે ભાઇઓ,..જેણે પણ.. કંઇ લીધું હોય તે સાચું બોલો..

(થોડી રાહ જોઇને બોલે) બો..લો..કોણે લીધું છે ? (થોડી રાહ જોઇને,..પ્રેમથી બોલે) મારા દિકરાઓ,..યહોવા દયાળુ છે .. પાપ કબૂલ કરો .. માફ કરી દેશે..પ્રભુ દયાળુ છે. .. કબૂલ કરો..

(થોડી રાહ જોઇને કહે) શું કોઇએ જ નથી લીધું ? ... (થોડું અટકીને બોલે) ...ચોક્કસ.. તમારામાંથી.. કોઇક તો ચોર છે જ. ... સારું .. તો દરેક જણ પોતપોતાના કુળ પ્રમાણે અલગ અલગ ઉભા રહો.

(બાળકો નાની નાની ટૂકડીઓમાં ઉભા રહે..યહોશુઆ પ્રાર્થના કરે)

યહોશુઆ :- (હાથ ઉચા કરી મનમાં પ્રાર્થના કરે પછી બોલે) યહોવા દેવે .. યહુદાનું કુળ પકડયું છે.. માટે યહુદાનું આખું કૂળ આગળ આવો ..

(યહોશુઆ મોટેથી પ્રાર્થના કરે) હે જીવતા પરમેશ્વર .. તમે બધું જાણો છો. આ તમારા લોકોમાંથી જે કોઇ ગુનેગાર હોય તેને તમે આગળ બોલાવો.

(થોડી રાહ જોઇને કહે) તમારામાંથી ઝેરાહનું કુટુંબ આગળ આવે....

(એક કુટૂંબ આગળ આવે) બધા પુરુષો લાઇનમાં ઉભા રહો.

(પુરુષો લાઇનમાં ઉભા રહે .. પછી બોલે) મારા દિકરાઓ સાચું બોલો.. તમારામાંથી કોઇએ કંઇ લીધું છે ?

બધા પુરષો :- (કોઇ ડોકું ધૂણાવે ..કોઇ મોટેથી 'ના' બોલે .. આખાન મોઢું નીચુ ઘાલીને ઉભો રહે)

યહોશુઆ :- જુઓ ..દિકરાઓ..આપણા પ્રભુ ખૂબ દયાળુ છે.. જે કોઇ પોતાના પાપ કે ભુલ કબૂલ કરે ..તેને દેવ માફ કરે જ છે. માટે માફી માગી લો. (થોડી રાહ જોઇને કહે) પ્રભુ બધું જ જાણે છે. પ્રભુ તક આપે છે.. કબૂલ કરી માફી માંગી લો.તક જતી રહેશે પછી માફી નહિ શિક્ષા મળશે. (કોઇ ના બોલે)

(યહોશુઆ આખાન પાસે જઇને.. પ્રેમથી ખભે હાથ મૂકીને કહે) મારા દિકરા આખાન.. યહોવાની આગળ સાચું બોલ .. તેં કંઇક લીધું છે ને ?

આખાન :- (ધ્રુજતો..કરગરતો..હાથ જોડીને .. પગ પકડી રડતો કકડતો.. બોલે) માફ કરો .. મારા મુરબ્બી માફ કરો .. મેં દેવની વિરુધ્ધ પાપ કર્યું છે..

યહોશુઆ :- બોલ તેં શું લીધું છે ? જૂઓ.. દેવ તમને પાપ કબૂલ કરવાની તક આપે .. ત્યારે જ તમારે તેની માફી માંગી લેવી જોઇએ.. હવે તારી પાસે માફી મેળવવાનો સમય નથી. દેવને.. બધી જ ખબર છે .. તેં શું લીધું છે તે....

આખાન :- (ઉતાવળે ગભરાઇને બોલે) હા..હા.. મેં ચોરી કરી છે.. હું કબૂલ કરું છું...મેં સોનાનું પાનું..બસો શેકેલ રુપું ..અને શિનઆરી ઝભ્ભો લીધાં છે.

યહોશુઆ :- દિકરા,..દેવે તને પાપ કબૂલ કરવાની અને માફી માંગવાની તક આપી .. પણ તેં તે સમયે તારાં પાપ કબૂલ ના કર્યાં ..તારી તક જતી રહી..

આખાન :- ના મારા મુરબ્બી મને માફ કરો.. મને સોનુંરુપું જોઇને લોભ લાગ્યો.. ને મેં તે લઇ લીધાં.. મારા મુરબ્બી મેં તે મારા તંબૂમાં જમીનમાં ખાડો ખોદીને સંતાડયાં છે .. હમણાં જ લઈ આવું .. પણ મને માફ કરો... બચાવો... (હાથ જોડી ખૂબ રડે)

યહોશુઆ :- (પાસે ઉભેલામાંથી કોઇને કહે) જાઓ .. તમે જઇને તે કાઢી લાવો .. (બધા લોકોને કહે) જુઓ ભાઇબેનો.. જ્યારે તમારાથી કોઇ ભૂલ કે પાપ થઈ જાય.. ત્યારે તમારા હૃદયમાં પસ્તાવો કરીને .. દેવ પાસે માફી માંગશો તો દેવ તમારા સર્વ પાપ માફ કરવા તૈયાર છે. પણ તમે તમારાં મન જડ કરશો.. ને કબૂલ નહિ કરો તો..કદી માફી મળશે જ નહિ.

પ્રભુ તમને તક આપે છે .. એ તકને ઓળખો ને પાછા ફરો.

(એટલામાં ચોરીનો માલ લઇને લોકો આવે.. યહોશુઆને આપે)

યહોશુઆ :- (આખાનને એ ચીજો બતાવીને કહે) આખાન..ભાઇ, તને માફી મેળવવાની તક મળી..તને બહુ સમજાવ્યો કે, તારી ભૂલો કબૂલ કર. ને માફી માંગ પ..ણ તેં તક ધુમાવી... હવે પ્રભુ તને શિક્ષા કરશે જ.. (આખાન ખૂબ રડે.. કરગરે.. પણ લોકો ગુસ્સે થઇ.. .. "મારો ...મારો" .. એવી બૂમો પાડે ..)

યહોશુઆ :- (દુ:ખ સાથે કહે..) મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે .. પ્રભુનો હુકમ છે કે.. આખાન અને તેના આખા કુટુંબને.. સગા સબંધી.. ઢોરઢાંક.. સરસામાન.. બધું જ..આખોરની ખીણમાં લઇ જાઓ. ને તેઓને પથ્થરે મારી, બધું જ અગ્નિમાં બાળી નાંખવામાં આવે ..

લોકો :- (કિકિયારીઓ કરતાં.. આખાન ને તેના બધાં કુટુંબીજનોને ખેંચીને લઇ જાય...આખાન ખૂબ રડે..પસ્તાવો કરતો હોય તેવું દ્રશ્ય)



યહોશુઆ :- (પ્રેક્ષકોને સંબોધીને કહે) ... યાદ રાખો .. પ્રભુ દરેકને પસ્તાવાની .. માફીની તક આપે છે ..તકને જવા દેશો નહિ..હમણાં જ..માફી માંગોને અનંતજીવન પામો.. નહિ તો...આખાનની જેમ.. "અબ પસ્તાયે હોત ક્યા ? જબ ચિડિયાં ચૂગ ગઇ ખેત" ઓ માટે "કલ કરો સો આજ કરો, આજ કરો સો અબ,...પલમેં પરલય હોયેગી, બહુરી કરેગા કબ ?"

(અંતે બધાં પાત્રો સ્ટેજ પર આવીને કોઇ ગીતની પંક્તિઓ ગાય)

સમાપ્ત

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧) યહોશુઆ | ૫) માખીર |
| ૨) અખાન | ૬) મન્નાશા |
| ૩) કાલેબ | ૭) લોકો (૧૫-૨૦ બાળકો) |
| ૪) કનાઝ | |

# ૩૯ એલિયા

સોનેરી વાક્ય :- "દરેક ઉતમ દાન તથા દરેક સંપૂર્ણદાન ઉપરથી હોય છે." યાકુબ ૧ : ૧૭

અંક - ૧

(શાસ્ત્ર પાઠ :- ૧ રાજા ૧૬ : ૩૩ – ૧૭ : ૭)

(આહાબ રાજા, રાજ દારબાર ભરીને બેઠો હોય તેવું દ્રશ્ય, દરબારીઓ બેઠા હોય. અને રાણી પણ રાજાની બાજુમાં બેઠા હોય તેવું દ્રશ્ય,)

આહાબ રાજા :- રાજ દરાબારીઓ, તો હવે દરબાર પુરો થાય છે, કોઇને કંઇ કહેવું છે ?

રાણી ઈઝેબેલ :- જી મહારાજ, આપની આજ્ઞા હોય તો મારે કંઇ કહેવું છે.

રાજા :- જરુર,... રાણીજી,... કહો...શૂ કહેવું છે આપને..?

રાણી :- મહારાજ,.. મારા ભગવાન બઆલના મંદિરમાં જે અશેરાહ મૂર્તિ છે, તેની પૂજાભક્તિ, રાજ્યની દરેક વ્યક્તિ કરે ... એવી મારી ઇચ્છા છે.

રાજા :- રાણીજી,.. તમારી ઈચ્છા પુરી કરવામાં આવશે. (પછી રાજા પ્રધાન તરફ જોઇને કહે)
પ્રધાનજી...,આખા રાજ્યમાં હુકમ કરો કે આજથી દરેક માણસોએ.. ફક્ત અશેરાહ મૂર્તિની જ ભક્તિ કરવી. બીજા કોઇની નહિ.... સમજ્યા ?

પ્રધાન :- જી.. મહારાજ. (એટલામાં એલિયા દોડતો રાજદરબારમાં આવે,સિપાઇઓ તેને દરબારમાં જવા ના દેતાં રોકે)

સિપાઇ :- એ ભાઇ,... એમ રાજ દરબારમાં ના જવાય....થોભો... શું કામ છે?
(રાજાનું ધ્યાન તે તરફ જાય છે ને તે માણસને આવવા દેવા જણાવે છે)

રાજા :- કોણ છે એ ?.... આવવા દો એને.
(સિપાઇઓ એલિયાને દરબારમાં જવા દે ...એલિયા હાંફતો હાંફતો ..રાજા સામે ઉભો રહે)

રાજા :- ઓ,હો.. એલિયા પ્રબોધક ? તમારે શું કામ પડયું ?

ઐલિયા :- (રાજા સામે હાથ કરીને કહે) રાજા આહાબ, તમે મહાન ઈશ્વરની આજ્ઞા તોડી છે. દેવે તમને આજ્ઞા આપી છે કે તમારે કોઇએ મૂર્તિપૂજા કરવી નહિ...તો પણ તમે મુર્તિપૂજા કરો છો.. અને બીજા પાસે કરાવો છો. માટે યહોવા દેવ તમને સખત શિક્ષા કરશે...એક જ દેવને માનવું,... એ આજ્ઞા ભૂલી ગયા છો તમે.. માટે યહોવાદેવ કોપાયમાન થયા છે, એટલે આજથી તારા દેશમાં વરસાદ પડશે નહિ. સખત દુકાળ પડશે. દુકા..ળ

રાજા :- (રાજા એકદમ ગુસ્સે થઇ જાય..જોરથી બોલે..) પકડો આ પાગલ પ્રબોધકને...પકડો .. મારી નાંખો..પકડો (સિપાઇઓ પકડવા દોડે....એલિયા દોડતો ભાગીને જંગલમાં જતો રહે....)



દ્રશ્ય - ૨

(એલિયા દોડતો જંગલમાં આવ્યો...થાકથી હાંફતો હાંફતો એક ઝાડ પાસે બેસે)

એલિયા :- (થાક સાથ બોલે) બાપ..રે.. થાકી ગયો.....
(ઉપર હાથ કરી બોલે) હે પ્રભુ..બચી ગયો....આભાર તમારો.....પણ હવે .? ખૂબ તરસ લાગી છે. પાણી.
(એલિયા, ઝાડનો ટેકો લઇને બેઠો બેઠો ઉંઘી ગયો..... ઈશ્વરનો અવાજ સંભળાય - પાછળથી વાણી બોલવી.)

વાણી:- "એલિયા ...પૂર્વ તરફ જા...યર્દન નદી સામે જા..ત્યાં એક કરિંથ નાળુ આવશે...જા. ..ત્યાં જઇને રહે....
મેં કાગડાઓને આજ્ઞા આપી છે...તે તને ખોરાક પુરો પાડશે....."

એલિયા :- (સફાળો જાગી જાય, આશ્ચર્યથી બોલે) હેં...? પ્રભુ..? તમે મને કહયું...? પૂર્વ દિશામાં જવા કહયું..? યર્દન નદી સામે...ક્રરિંથનાળુ...
(થોડી વાર વિચાર કરીને બોલે)
હા..હા.. પ્રભુએ જ મને કહયું.... ચાલ ચાલ જલ્દી જઉ..... (તરત ઉભો થઈ ચાલવા માંડે)
(ચાલતો ચાલતો જાય....દૂરથી એક નાળામાં પાણી જુએ....ખુશ થઇને બોલે)
આહા..હા..હા.. પાણી..? કેટલું સરસ ઝરણું છે..? આ જ કરિંથનાળુ હશે.... (દોડતો પાણીમાં જાય... પાણી પીએ..હાથ મોં ધૂએ..ન્હાય..ખુશ ખુશ થઇ જાય ..પાણીમાંથી બહાર આવીને આનંદથી બોલે)
આહા..હા..હા..કેટલી સુંદર જગા છે..? વાહ..પ્રભુ..વાહ..શું તમારી કલા છે...? પ્રભુ.... તમે મને અહિં જ રહેવા કહયું ને...?
(આમ તેમ જુએ..એક ઝાડ પાસે સામાન મુકે..)
બસ..આ જગા સરસ છે...અહિં જ રહીશ....હા..શ... (હાશ..કહેતો ઝાડને ટેકો દઇ આડો પડી આનંદથી ગીત ગાય.)

પહાડોં કી તરફ નજર ઉઠાઉગા...
મેરી સહાયતા કહાં સે આયેગી...
જીસને આસમાન ઔર જમીંન બનાયી હૈ....વહાં સે આયેગી...

(એટલામાં કા...કા...કા...કા...કાગડાનો અવાજ સંભળાય..
એલિયા અવાજ સાંભળી બેઠો થઇ, જોવા લાગે...)

એલિયા :- કાગડાનો અવાજ...? (આકાશ તરફ હાથ ઉચા કરી કહે) હે પ્રભુ તમે કેવા મહાન છો.? તમે કહયું હતું કે કાગડા તારે માટે ખાવાનું લાવશે,
(એક કાગડો રોટલી મૂકે... બીજો કાગડો સૂરણનો ટૂકડો મૂકે ...એલિયા એ જોઇ ખુશ થઇ બોલે)
થેન્કયુ...પ્રભુ...થેન્ક્યુ... (હાથ જોડી પ્રાર્થના કરે)
હે પ્રભુ તમે મહાન છો... આ ખોરાક માટે તમારો ખૂબ ખૂબ આભાર... (ઝટપટ ખાવા માંડે)

(એલિયા આનંદથી ખાય.. બધા પાત્રો સ્ટેજ પર ભેગા થઇ જાય...અને ગીત ગાય..)

કિતના મહાન પરમેશ્વર...કિતના મહાન પરમેશ્વર.....
કિતના મહાન પરમેશ્વર...પ્રભુકી સ્તુતિ કરતે હે હમ....
આઓ ઝુમે નાચે ગાયે હમ......

-: પાત્રો :-

૧) આહાબ રાજા
૨) ઇઝેબેલ રાણી
૩) પ્રધાન
૪) દરબારીઓ પાંચ-છ
૫) સિપાઇઓ – બે
૬) એલિયા
૭) સિપાઇઓ -બે
૮) કાગડા – બે-ચાર



## ૩૭) દાનિયેલ – રાજાના સ્વપ્નનો અર્થ કહે છે.

દૃશ્ય – ૧

(નબુખાનેસ્સાર રાજા દરબાર ભરીને બેઠા હોય.દરેક પ્રધાન વારાફરતી પોતાના અહેવાલ આપતા હોય તેવું દૃશ્ય. ડરેક રાજાને પોતાના અહેવાલની નકલ આપે.)

રાજા :- પ્રધાનો, મારું રાજ્ય હવે ઘણું જ વિશાળ બન્યું છે. માટે મારે બીજા અધિકારીઓની નિમણુંક કરવી પડશે.
(એક પ્રધાનને કહે) આસ્પનાઝ, એ જવાબદારી તમને સોંપુ છું.

આસ્પનાઝ :- જી મહારાજ, ઇઝરાયેલથી પકડી લાવેલા જે ચાર જુવાનો છે, તેમનાં જ્ઞાન, આચાર, વિચાર વાણી વર્તન વગેરે ઉત્તમ છે. આપની આજ્ઞા હોય તો આપની સમક્ષ પેશ કરું તેમને

રાજા :- હા.. બોલાવો તેમને..
(આસ્પનાઝ બહાર જઇ દાનિયેલ,શાદ્રાખ,મેશાખ ને અબેદનગોને લઇ આવે. દરેક રાજાને પ્રણામ કરે)

આસ્પનાઝ:- મહારાજ.. આ ચાર જુવાનો બધી કસોટીઓમાં સર્વશ્રેષ્ઠ ઉતિર્ણ થયા છે.

રાજા :- (જુવાનોને જોઇને કહે) ઓહ.. તેજસ્વી દેખાય છે. શું તમે આ દેશના કાયદા કાનુન બરાબર સમજી ગયા છો ને ?

ચારે જુવાનો:- (પ્રણામ કરી સાથે બોલે) જી.. મહારાજ..

રાજા :- સારુ...તો આજથી (દરેકને આંગળી ચીંધી કહે) તારું નામ દાનિયેલ.. તારું નામ શાદ્રાખ.. તારું મેશાખ .. અને તારું નામ અબેદનગો છે, સમજ્યા ? આજથી તમને બાબિલના રાજ્યમાં નોકરી આપવામાં આવે છે. પ્રમાણિકપણે તમારી ફરજો બજાવો. સમજ્યા?
(મુખ્યપ્રધાનને કહે) પ્રધાનજી,આ ચારે જુવાનોને પ્રાંતઅધિકારી તરીકે નિમણુક આપો. (ઉભા થઇ કહે) હવે સભા બરખાસ્ત કરવામાં આવે છે.

દૃશ્ય – ૨

(પડદા પાછળથી અવાજ આપવો અથવા એક કાગળ પર લખીને બતાવી શકાય. 'કેટલાક વર્ષ પછી.')

(રાજા પલંગમાં ઘસઘસાટ ઉંઘતા હોય. એકાએક ભયંકર સ્વપ્ન જોઇ ગભરાયને સફાળા જાગી ઉઠે)

રાજા :- (ગભરાયને બૂમ પાડી ઉઠે) ઉઉઉ.. ઓ બાપ રે..આ શું ? અરે શું થશે હવે ? (થરથર કાંપે. ખૂબ બીક લાગતી હોય તેવા હાવભાવ કરે ને બૂમ પાડે)
અરે કોઇ છે ? ... દરવાન..? (બહારથી એક દરવાન દોડતો આવે.પ્રણામ કરી ગભરાતો બોલે)

દરવાન :- જી..જી..મહારાજ.. શું થયું ?

રાજા :- અરે જલ્દી.. જા.. બધા પ્રધાનોને જલ્દી બોલાવ.. (દરવાન દોડતો જાય.. રાજા ખૂબ ડરતો હોય તેમ આમ તેમ આંટા મારે. પ્રધાનો દોડતા આવે)

પ્રધાનો :- (બેચાર પ્રધાનો આવે ને સાથે બોલે) પ્રણામ મહારાજ.. શું થયું ?

રાજા :- (ગભરાતા સ્વરે બોલે) અરે પ્રધાનો.. મને ખૂબ ભયંકર સ્વપ્ન આવ્યું છે. હવે શું થશે ? જરુર કોઇ ભયંકર આફત આવશે..હવે શું થશે ?

એક પ્રધાનઃ- રાજા સાહેબ.. પણ એવું તે કેવું સ્વપ્ન આવ્યું કે આપ આટલા ચિંતિત છો ?

રાજા :- અરે, એ જ તો..મને સ્વપ્ન યાદ ના રહ્યું. પણ મારું મન ખૂબ જ વ્યાકુળ થઇ ગયું છે. હમણાં જ બધા પંડિતો, જાદુગરો, જોષીઓ, બધાને બોલાવો. (એક પધ્રાન બોલાવવા જાય.બીજો રાજાને પકડીને પલંગ પર બેસાડે. ત્રીજો પાણી પીવડાવે. વગેરે)

બીજો પ્રધાનઃ-(આશ્વાસન આપતાં કહે) રાજા સાહેબ.. આપ શાંત થાઓ.. બધું સારું થશે.. (બધા પંડિતો, જોષીઓ, જાદુગરો આવે. પ્રણામ કરી ઉભા રહે)

રાજા :- (પંડિતો જોષીઓ વગેરેને કહે) જુઓ મને એક ખૂબ ભયંકર સ્વપ્ન આવ્યું છે. તેનો અર્થ મને જલ્દી કહો.

પંડિત :- મહારાજ, આપ અમને સ્વપ્ન કહી બતાવો. એટલે અમે તેનો અર્થ કહીએ.

રાજા :- (ગુસ્સે થઇ કહે) અરે .. મને સ્વપ્ન યાદ નથી રહ્યું. તમે મને એ સ્વપ્ન પણ કહો, અને એનો અર્થ પણ કહો.

જાદુગર :- મહારાજ.. એ તો કેવી રીતે બને ? તમને કેવું સ્વપ્ન આવ્યું, તે બીજાને કેવી રીતે ખબર પડે ?

રાજા :- (જોરથી કહે) ચૂપ રહે.. તો તારો જાદુ શા કામનો ? તારા જાદુ વડે મને સ્વપ્ન કહે ..

જોષી :- (હાથ જોડી,અચકાતાં અચકાતાં કહે) માફ કરજો રાજાસાહેબ, પણ કોઇના .. મગજના વિચારો તો..દેવ વિના કોણ જાણી શકે ?

રાજા :- (ગુસ્સાથી કહે) તારો જોષ ક્યારે કામ આવશે? (પ્રધાનને કહે) પ્રધાન, આ બધાને ફાંસીએ લટકાવો.

૨જો પંડિત :- (હાથ જોડી કહે) રાજા સાહેબ .. પ્લીઝ.. અમને થોડો સમય આપો.. તો અમે સ્વપ્ન ને અર્થ બંને કહીશું.

રાજા :- (ગુસ્સાથી કહે) એટલે ? તમે સમય પસાર કરવા માંગો છો એમને ? પછી તમે ઉપજાવી કાઢેલી વાતો કરશો. હમણાં જ, પહેલાં તમે સ્વપ્ન કહો..

બધા સાથે :- (ઉપર હાથ બતાવી બધા સાથે બોલે) મહારાજ,..આકાશમાંના પરમેશ્વર વિના કોણ કહી શકે ?

રાજાઃ- (ગુસ્સાથી ટેબલ પરનો પાણીનો ગ્લાસ તેમના તરફ ફેંકતા કહે) જાઓ .. મારી સામેથી..જાઓ.. (પંડિતો, જોષીઓ, જાદુગરો જતા રહે) (પ્રધાનને કહે) પ્રધાનજી, મારા રાજ્યમાં, શું એવો એક પણ માણસ નથી? જે મારું સ્વપ્ન કહી શકે? તો પછી એવા જ્ઞાનીઓ શા કામના? જાઓ, આખા રાજ્યના તમામ જ્ઞાનીઓ, પંડિતો, જોષીઓ, જાદુગરો



બધાની કતલ કરો. આ મારો હુકમ છે. જા..ઓ..
(રાજા ખૂબ ગુસ્સાથી પગ પછાડતો જતો રહે. બધા ચિંતા કરતા જતા રહે, પ્રધાન અને સેનાપતિ ઉભા રહે.અને નિરાશ થઇ વાતો કરે)

પ્રધાન :- સેનાપતિજી.. રાજાનો હુકમ ઘણો ભારે અને વિચિત્ર છે. પણ રાજાનો હુકમ ..એટલે અમલ કરવો જ પડશે.

સેનાપતિ :- હા પ્રધાનજી, રાજાના આ હુકમથી મને પણ દુઃખ થાય છે પણ શૂં કરીએ ? .....જેવો હુકમ..ચાલો.. (બંને વાતો કરતા જતા રહે) (આર્યાખ)

## દૃશ્ય - ૩

(સેનાપતિ બે સિપાઇઓને લઇને દાનિયેલના ઘેર જાય છે)

સેનાપતિ :- સિપાઇઓ,રાજ્યના મહાજ્ઞાની દાનિયેલને, ઘેર તો મારે પોતે જ જવું પડશે. ચાલો..

૧-સિપાઇ :- જી સેનાપતિજી.. જેવો આપનો હુકમ.. (ત્રણે જણ દાનિયેલને ઘેર જાય)

૨-સિપાઇ :- (દાનિયેલના ઘરનો દરવાજો ઠોકે ઘરમાંથી દાનિયેલ બહાર આવીને આવકાર આપે. સિપાઇઓ પ્રણામ કરે)

દાનિયેલ :- (આશ્વર્યથી) પધારો..પધારો.. સેનાપતિજી આપ ? આવો આવો.. (સેનાપતિ ઘરમાં જાય. સિપાઇઓ બહાર ઉભા રહે) બોલો સેનાપતિજી, આપને પોતે કેમ આવવું પડયું ?

સેનાપતિ :- (અચકાતાં બોલે) દાનિયેલ.. શું વાત કરું ? કહેવાઇએ સેનાપતિ,..પણ આખરે રાજાના તો નોકર જ ને ?

દાનિયેલ :- કેમ, સેનાપતિજી શું કંઇ ગંભીર બાબત છે ?

સેનાપતિ :- અતિ ગંભીર. (કાગળ આપતાં કહે) જુઓ આ રાજાનો હુકમ..રાજ્યના બધા જ જ્ઞાનીઓ, પંડિતો, જોષીઓ, જાદુગરોની કતલ કરવાની છે. આપ તો મહાજ્ઞાની છો. માટે આપને તેડવા આવ્યો છું. ઘણું દુઃખ થાય છે,.. પણ શું કરું ?

દાનિયેલ :- (આશ્વર્યથી) હેં.. કતલ કરવાની ? (કાગળ વાંચે,પછી ગંભીરતાથી કહે) પણ શા માટે ? કોઇ કારણ તો હશે ને ?

સેનાપતિ :- કારણ પણ ગજબ છે.. રાજાને કોઇ સ્વપ્ન આવ્યું છે. એને લીધે રાજા ખૂબ ગભરાય ગયા છે. પણ રાજા પોતે એ સ્વપ્ન જ ભૂલી ગયા છે. તેથી રાજાએ બધા પંડિતો,જાદુગરો,જોષીઓને બોલાવી કહ્યું કે, મને મારું સ્વપ્ન પણ કહો અને તેનો અર્થ પણ કહો.કોઇ કહી ના શક્યા. માટે રાજાએ ગુસ્સે થઈને આ હુકમ કર્યો છે.

દાનિયેલ :- સેનાપતિજી, તમે પણ જ્ઞાની જ છો. માટે સમજી શકો છો ને કે રાજાનો આ હુકમ કેટલો યોગ્ય છે ?

સેનાપતિ :- હા ભાઇ હા..મને તો સમજાય છે.જો રાજ્યના બધા જ્ઞાનીઓને મારી નાંખશે તો રાજ કોણ ચલાવશે ? પણ થાય શું ?

દાનિયેલ :- જો મારી વાત માનો તો સેનાપતિજી,તમે મને એક દિવસ આપો.

અને રાજાને કહો કે, દાનિયેલ તમને સ્વપ્ન પણ કહેશે ને અર્થ પણ કહેશે.

સેનાપતિ :- (આશ્ચર્યથી કહે) દાનિયેલ.. રાજાને કેવું સ્વપ્ન આવ્યું તે, તમે કેવી રીતે કહી શકશો ?

દાનિયેલ :- હું નહિ.. મારો દેવ કહેશે. કે રાજાને કેવું સ્વપ્ન આવ્યું ને તેનો અર્થ શો છે તે. જાઓ,રાજાને આ હુકમ રદ કરવા કહો.

સેનાપતિઃ- દાનિયેલ.. જો જો હોં..આતો ' રાજા,વાજાં ને વાંદરાં' ..... ખબર છે ને ?

દાનિયેલ :- હા.. હા..સેનાપતિજી.. મને ખબર છે. તમે ચિંતા ના કરો. હું મારા દેવને પ્રાર્થના કરીશ.મારા દેવ મને ચોક્કસ કહેશે. ફક્ત એક દિવસ આપો.

સેનાપતિ :- (ઉભા થઇને કહે) સારુ દાનિયેલ..તો હું રાજાને વિનંતી કરી જોઉ... ખૂબ આભાર..આવજો..
(બન્ને એકબીજાને હાથ મીલાવે.. પછી આવજો .. બાય.. કરતા જાય)

## દ્રશ્ય - ૪

(દાનિયેલ, શાદ્રાખ, મેશાખ ને અબેદનગો ચાર મિત્રો ભેગા થઇને વાતો કરતા હોય)

દાનિયેલ :- મિત્રો.. એક મોટી આફત આવી છે.રાજાનો તાકીદનો હુકમ છે કે, રાજ્યમાં જેટલા જ્ઞાનીઓ,પંડિતો,જાદુગરો જોષીઓ હોય તે બધાની કતલ કરો.

શાદ્રાખ :- (આશ્ચર્યથી કહે) ના હોય.. કેમ ? આવો હુકમ કર્યો ? (મેશાખ ને અબેદનગો પણ આશ્ચર્ય વ્યક્ત કરતા ઉદગારો કાઢે)

દાનિયેલ :- સાંભળો.. રાજાને કોઇ સ્વપ્ન આવ્યું. અને રાજા સ્વપ્ન જ ભૂલી ગયા છે.એટલે કહે છે કે મારું સ્વપ્ન ય કહો અને અર્થ પણ કહો. કોઇ ના કહી શક્યું. માટે રાજાએ ગુસ્સે થઇને આ હુકમ ફરમાવ્યો છે. (બધા એકધ્યાનથી સાંભળતા હોય તેમ કરે)

મેશાખ :- આ તો બહુ જ અયોગ્ય હુકમ છે.

અબેદનગો :- હા, કેટલા નિર્દોષ લોકો માર્યા જશે... પછી આ રાજ કેવી રીતે ચાલશે ?

દાનિયેલ :- તેથી જ મેં તમને બોલાવ્યા છે.કે ચાલો આપણે દેવને પ્રાર્થના કરીએ. કે દેવ આપણને રાજાનું એ સ્વપ્ન જણાવે અને તેનો અર્થ સમજાવે. જેથી ઘણાં નિર્દોષ લોકોના જીવ બચી જાય.

શાદ્રાખ :- જરુર..આપણે દેવને પ્રાર્થના કરીએ. દેવ ચોક્કસ સ્વપ્ન કહેશે.

મેશાખ :- હા, આપણે ઉપવાસ સાથે પ્રાર્થના કરીએ.

અબેદનગો :- દેવ જરુર આપણી પ્રાર્થનાનો જવાબ આપશે. ચાલો પ્રાર્થના કરીએ.
(ચારે જણ ઘૂંટણે પડી પ્રાર્થના કરે. થોડી વાર પ્રાર્થનામાં રહે, પછી દાનિયેલ ઉત્સાહથી કહે)



દાનિયેલ :- આમેન.. મિત્રો, પ્રેઇઝ ધ લોર્ડ.. પ્રભુએ મને રાજાનું સ્વપ્ન અને તેનો અર્થ સમજાવ્યાં. સ્તુતિ હો.. સ્તુતિ હો.. હાલેલુયાહ..

મિત્રો :- (ખુશ થઇ ઉભા થઇ એકબીજાને ભેટી પડે ને બોલે) હાલેલુયાહ.. હાલે લુયાહ.. પ્રઇઝ ધ લોર્ડ..

મેશાખ :- ખરા મનથી..વિશ્વાસથી કરેલી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે.

દાનિયેલ :- (ઘૂંટણે પડી પ્રાર્થના કરે) હે પ્રભુ .. અમે તમારી પાસે માંગ્યુ અને તમે રાજાનું સ્વપ્ન ને અર્થ અમને જણાવ્યો માટે ખૂબ ખૂબ આભાર

અબેદનગો :- હા.. દાનિયેલ .. તમે હમણાં જ રાજાને જઈને કહો ..જાઓ.. અમે ત્રણે પ્રભુની પ્રાર્થનામાં રહીશુ.. (બધા જાય)

## દ્રશ્ય - ૫

(દાનિયેલ સેનાપતિ આર્યોખ પાસે જાય ને વાત કરે)

સેનાપતિ આર્યોખ :- (આનંદથી) આવો આવો દાનિયેલ.. પધારો.. (બંને હાથ મલિાવે)

દાનિયેલ :- સલામ સેનાપતિજી..આપણે હમણાં જ રાજા પાસે જઈએ. જેથી ઘણાં નિર્દોષોના જાન બચી શકે.

સેનાપતિ :- હા .. હા.. ચાલો.. (બંને ઉતાવળથી જાય)
(દાનિયેલ ને સેનાપતિ રાજમહેલમાં આવે. દરવાજે બે સૈનિક હોય.હાથમાંના ભાલા આડા કરે.અને પ્રણામ કરી કહે)

સિપાઇ :- પ્રણામ સાહેબ.. હું રાજાજીની રજા લઇ આવું. (એક સિપાઇ રાજા પાસે જઇ કહે)
મહારાજ.. નામદાર સેનાપતિ ને દાનિયેલ આપને મળવા આવ્યા છે.

રાજા :- મોકલો તેમને.. (રાજાની સાથે બીજા સરદારો બેઠેલા હોય, દાનિયેલ આવે)

દાનિયેલ ને સેનાપતિ :- (બંને ઝુકીને પ્રણામ કરે) પ્રણામ રાજાધીરાજ..

રાજા :- પધારો.. (હાથ કરી બેસવાનું આસન બતાવે)

સેનાપતિ :- મહારાજ.. પ્રાંતધિકારી દાનિયેલ, આપનું સ્વપ્ન અને અર્થ કહી શકે તેમ છે.

રાજા :- (આશ્ચર્યથી) શું ? મારું સ્વપ્ન કહી શકશો દાનિયેલ ? (પછી દાનિયેલ સ્વપ્ન કહે, ત્યારે રાજા જાણે બધુ યાદ આવતું ને દેખાતુ હોય તેવા હાવભાવ કરે)

દાનિયેલ :- હું નહિ .. આકાશમાંના મારા દેવ જે મર્મ ખોલે છે ,તે કહે છે, તે હું તમને કહીશ.. રાજાજી, હવે પછી શું થવાનું છે તે દેવ તમને જણાવે છે. હે રાજા,આપે સ્વપ્નમાં એક મોટી મૂર્તિ જોઇ.તે ઝગઝગાટ કરતી ભવ્ય મૂર્તિ હતી. તેનું માથુ ચોખ્ખા સોનાનું હતું. તેની છાતી ને હાથ રુપાના હતા.
તેનું પેટ ને જાંઘો પિત્તળની હતી,તેના પગ લોખંડના હતા.પણ તેના પગની પાટલીઓ લોખંડ ને માટીની બનેલી હતી.

રાજા :- (એકદમ ઉભો થઇ જાય ને આશ્ચર્યથી બોલે) હા.. હા.. બરાબર એવી જ મૂર્તિ મેં સ્વપ્નમાં જોઇ હતી..

દાનિયેલ :- આપ એ મૂર્તિ જોતા હતા એટલામાં એક પથ્થરની શીલાએ તેના પગની પાટલીઓ પર મારો ચલાવ્યો ને આખી મૂર્તિના ભાંગીને ચૂરેચૂરા કર્યા. અને સોનુ, રુપુ, પિતળ, લોખંડ, માટી સર્વના ચુરેચુરા થઈ ગયા ને પવનથી બધું ઉડી ગયું કે તેમનું નામ-નિશાન રહયું નહિ. પછી જે પથ્થરે તે મૂર્તિ ભાંગી નાંખી તે શીલા,એવો મોટો પર્વત બની ગઇ કે તેનાથી આખી પ્રુથ્વી ભરાય ગઇ.

રાજા :- (ઉઠીને દાનિયલના પગે પડી જાય ને ગદ્દગદ અવાજે કહે) ખરેખર.. આ જ બધું સ્વપ્નમાં મેં જોયું હતું. હવે મને બરાબર યાદ આવ્યું..

દાનિયેલ :- (રાજાને ઉભા કરી કહે) ના..ના..મહારાજ,આપ મારા પગે ના પડો. આ મેં નહિ, મારા જીવતા દેવે બતાવ્યું છે. હવે આ સ્વપ્નનો અર્થ સાંભળો.

રાજાજી, દેવે આપને રાજ્ય, સતા, બળ, તથા પ્રતાપ આપ્યાં છે. સોનાનું માથુ તે આપ છો. રુપાના છાતીને હાથ તે આપના પછીનું ઉતરતુ બીજુ રાજ્ય.

પિતળનું પેટ ને જાંઘો, તે ત્રીજુ રાજ્ય,જે આખી પ્રુથ્વી પર સતા ચલાવશે. અને ચોથુ રાજ્ય, તે લોખંડના પગ જેવું મજબૂત. જે સર્વના ભાંગીને ચૂરેચૂરા કરી નાંખશે. અને પગની પાટલીઓ ને આંગળાં જે માટી ને લોખંડના જોયા, તેમ તેના બે ભાગ પડી જશે. એટલે કેટલોક ભાગ લોખંડ જેવો બળવાન અને કેટલોક માટી જેવો તકલાદી હશે. અને જે શીલાએ એ મૂર્તિના ભાંગીને ચૂરેચૂરા કર્યા, ને તેનો એવો મોટો પર્વત બન્યો કે આખી પ્રથ્વી ભરાય ગઇ. એટલે આકાશનો જીવતો દેવ એક એવું રાજ્ય સ્થાપન કરશે કે, જેનો નાશ કદી થશે નહિ,કે તેની હકૂમત કોઇ લઇ શકશે નહિ. મહાન પરમેશ્વર શું કરવાના છે, તે રાજાને આ સ્વપ્ન ધ્વારા બતાવ્યું છે. આ તેનો ખુલાસો ખરેખરો, સાચો જ છે.

રાજા :- (સાફાળો ઉઠીને દાનિયેલને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે ને બોલે) પ્રણામ ..દેવ..સ્તૂતિ હો..જયજયકાર..પ્રભુ..

દાનિયેલ :- (રાજાને ઉભા કરે ને) અરે..અરે..રાજાજી.. મને નહિ.. જીવતા દેવને પ્રણામ કરો..

રાજા :- (ઉભા થઇ કહે) અરે..આ દાનિયેલ તો દેવ છે. તેને અર્પણ ચઢાવો.. ધૂપ કરો.. તેની પૂજા કરો..

દાનિયેલ :- હું નહિ..રાજા સાહેબ..મારો આકાશમાંનો જીવતો દેવ છે. તેમણે મને આ સ્વપ્ન અને ખુલાસો બતાવ્યો છે.માટે એ જીવતા દેવ યહોવા-પ્રભુઇ સુખ્રિસ્તની સ્તુતિ કરો. એ જ મહાન પરમેશ્વર છે. તે ચાહે તે જ રાજાઓને ગાદીએ બેસાડે છે, ને પદભ્રષ્ટ કરે છે. જ્ઞાનબુધ્ધિ તે જ આપે છે. તેની ભક્તિ કરો.

રાજા :- ખરેખર..દાનિયેલ. તમારો દેવ,તે દેવોનો દેવ, રાજાઓનો પ્રભુ તથા



મર્મદર્શક છે. હવેથી સર્વ લોકો દાનિયેલના સાચા દેવની યહોવાની જ ભક્તિ કરો..

(પ્રધાનને કહે) પ્રધાનજી.. દાનિયેલને ખૂબ મોટી બક્ષિસો આપો. અને આજથી દાનિયેલને આખા બાબિલ પ્રાંતનો, સૌથી મોટો અધિકારી અને તમામ જ્ઞાની પંડિતોનો અધિપતિ ઠરાવવામાં આવે છે. (એમ કરી રાજા પોતાની પાઘડી ઉતારી દાનિયેલને પહેરાવે બધા લોકો દાનિયેલની જય બલાવે)

બધા :- દાનિયલ નો.. .. જય હો.. જય હો.. જય હો..

(આ સમયે બધા પાત્રો સ્ટેજ પર આવી જાય)

દાનિયેલ :- આ યહોવાના પવિત્ર વચનો.. (બાઇબલ ઉંચુ કરીને કહે) ..

બાઇબલમાં, ૧લો શમુએલ ૨:30 માં કહયું છે કે "જે ઈશ્વરને માન આપે છે, તેને ઈશ્વર પણ માન આપે છે, અને જેઓ મને તુચ્છ ગણે છે તેઓ હલકા ગણાશે." જોયું ને ? તો હવે .. તમે બધાં હમણાં જ નક્કિ કરો.. કોને માનમહિમા આપશો ? હું ને મારું કુટુંબ તો આ જ પરમેશ્વર – જીવતા દેવ પ્રભુઇસુખ્રિસ્તને જ માન મહિમા આપીશું. ને તેમની જ સેવા કરીશું"

બધા:- અમે પણ યહોવા–પ્રભુઇસુખ્રિસ્તની જ સેવા કરીશું ને માનમહિમા આપીશું." આમેન .. આમેન.. હાલેલુયાહ..હાલેલુયાહ..

(સમય હો તો દેવને મહિમા આપતું કોઇ ગીત ગાવું)

પાત્રો :-

| | |
|---|---|
| ૧) રાજા | ૮) પ્રધાનો (ચાર-પાંચ) |
| ૨) આસ્પનાઝ | ૯) સેનાપતિ-આર્યોખ |
| ૩) દાનિયેલ | ૧૦) સિપાઇઓ (બે) |
| ૪) શાદ્રાખ | ૧૧) પંડિતો (બે) |
| ૫) મેશાખ | ૧૨) જોષીઓ |
| ૬) અબેદનગો | ૧૩) જાદુગરો |
| ૭) દરવાન | ૧૪) વધારાના દરબારીઓ-લોકો |

## ૩૮ દસ કુમારીકાઓ-૧

માત્થી ૨૫:૧-૧૩

(લગ્નનો માહોલ હોય તેવું દ્રશ્ય બનાવવું. લોકો કામ કરતાં હોય. દસ કુમારીકાઓ લગ્નમાં જવા સોળ શણગાર સજી તૈયાર હોય.)

(એક બાજુથી બે કુમારીકાઓ હસતી વાતો કરતી આવે)

૧) રીના :- અરે વાહ મોના,તારું ચોલી સૂટ ખૂબ સરસ છે. સુંદર દેખાય છે તું હોં?

૨) મોના :- હા..પણ આ સેટ મેચ થાય છે ને આ ચોલી પર.? (બીજી બે કુમારીકાઓ સામેથી આવે.તેમની વાતોમાં જૌડાય)

3) અંજના :- હા..હા..મોનારાણી, મેચ થાય છે. સુંદર દેખાઓ છો હોં .. (બધા હસે. એકબીજાને હાય-હલ્લો કરે.)

૪) સુધા :- સ્વીટી ને તારીકા આવવાના છે કે નહિ ? તે તો ઘણા વખતથી મળ્યા જ નથી. (પાછળથી કોકિલા આવે)

૫) કોકિલા:- કેમ છો મોના ? હાય,,, રીના અંજના,સુધા? (બધી એકબીજાને ભેટે મળે, વાતો કરે)

રીના :- ચાલો, ..આપણે રેચલના ઘેર જઇએ...

મોના :- હા . ચાલો..આપણી બીજી બેનપણીઓ રેચલના ઘેર જ આવવાની છે. (બધી રેચલના ઘેર જાય, રેચલના ઘરમાં દીપીકા ને નીતા હોય)

સુધા :- રેચલ.. રેચલ.. (ઘરની બહારથી બેલ વગાડે અથવા ખખડાવે.કે બૂમ પાડે અંદરથી દીપીકા આવી ખોલે)

દીપિકા :- આવો.. આવો.... આ હાહાહા.. હુશ્નપરીઓ આસમાનથી ઉતરી આવી લાગે છે..

કોકિલા :- અને આપ તો પરીઓની રાની લાગો છો. (એમ બધી હસીમજાક કરે.) (ઘરમાં રેચલ તૈયાર થતી હોય,નીતા રેચલના માથામાં શણગાર કરતી હોય. બીજી પણ પોતાના કંઇ કંઇ શણગાર સજતી હોય)

રીના :- લો.. હજી તો શણગાર પત્યા નથી. અરે ભઇ. વરરાજા આવી જશે. ખબર છે ને કે વરરાજાને આવવાનો સમય નક્કિ નથી? સરપ્રાઇઝ છે?

રેચલ :- હા..પણ હજી પ્રિયંકા અને સોનલ આવ્યા નથી. તેમની રાહ જોઇએ છીએ..

નીતા :- વરરાજા આવી જશે તો આ શણગાર કંઇ કામના નથી. ચાલો.. ચાલો.. નીકળો હવે..

સોનલ :- (સોનલ-પ્રિયંકા આવે બહારથી જ બોલે) એ.. ચાલો ચાલો.. વરરાજા વહેલા આવે છે. એવું કહે છે બધા.. ચાલો જલ્દી.. (કેટલીક બહાર જાય. એકબીજાને મળે)

રીના :- અમે તમારી જ રાહ જોઇએ છીએ..

મોના :- હા.. વહેલા જઇએ તો લગ્ન ગીતો ગાવાની મઝા આવે ને..

પ્રિયંકા :- હા..હા..ચાલો..મને બહુ ગમે છે ગીતો ગાવાનું..



કોકિલા :- ચાલો આપણે જઈએ.. (બીજીને કહે) તમે આવો જલ્દી. અમે સ્તુતિ આરાધના કરીએ જઇને. (રીના, મોના, કોકિલા, સોનલ, પ્રિયંકા જાય) (લગ્નમંડપમાં બધાં લોકો બેઠા હોય તેવુ દ્રશ્ય. પાંચ કુમારિકાઓ ત્યાં જાય.)

એક બહેન :- અરે છોકરીઓ..ચાલો..લગનના ગીતોબીતો તો ગાઓ.... તો લાગે ને લગન જેવું..

બીજી બહેન:- ઓ છોકરીઓ.. વરરાજાને આવતાં વાર નહિ લાગે હોં.. પછી ગીતો બીતો ગાવાનો કે સ્તુતિ આરાધનાનો સમય નહિ મલે હોં..

રીના :- હા.. માસી.. (પ્રિયંકાને કહે) પ્રિયંકા તું સરસ ગાય છે. શરુ કર..

પ્રિયંકા :- ઓ..કે.. હું ગીત ગવડાવું છું ગાજો બધાં.. (બધાં ગીતો ગાય, બીજી પાંચ આવે ગીતો ગાય)

(ગીત ગવડાવે.. બીજી સાથ આપે. બધાં ગીત ગાય. કોઇ સરસ ઝમકદાર ગીત ગાવું. જેથી વાતારણ જામે, પ્રેક્ષકોમાં આનંદ છવાય જાય) દાખલા તરીકે:-

૧) (ઉંચા મંડપ રચાવો,ઝીણી ખાજલી પડાવો મોરા રાજ..એ રાગમાં ગાવું. અથવા લગ્નગીત રાગના અન્ય ગીતો બનાવી ગાવાં)

મારે આંગણે પધારો,આવ્યો અવસર આ સારો મોરા રાજ સ્વર્ગીય લગ્નનો દહાડો,. પ્રભુ વહેલા પધારો.. મોરા રાજ.....

૨) (દસ વાગ્યા કેરો ઘંટ વાગીઓ – એ રાગમાં ગાવું) ન્યાયટાણા કેરો ઘંટ વાગીઓ, રહેજો મળવા વરને તૈયાર..પ્રભુ વહેલા આવજો.. આત્માના દીવા સળગતા રાખજો,વાયરે હોલવાઇઇઇ ના જાય,... દીવા સળગતા રાખજો..

3) (મારે આંગણે સુંદર વહેળો મનોરી, તેમાં કોણ કોણ ન્હાવા જાય રે મનોરી – એ રાગમાં ગાવું.) મારે આંગણે જીવન વહેળો મનોરી,એ તો જીવનજળ નો વહેળો મનોરી તેમાં કોણ કોણ ન્હાવા જાય રે મનોરી, તેમાં ભક્તો ન્હાવા જાય રે મનોરી એનાં પાપ લઇ જાય ઇસુ મનોરી, એ તો તારણ પામ્યા બંદા મનોરી...

મારે આંગણે કીચડખાડો મનોરી, એ તો નર્કનો ઉંડો ખાડો મનોરી એમાં કોણ કોણ ન્હાવા જાય રે મનોરી, એમાં પાપીઓ ન્હાવા જાય રે મનોરી એનાં જીવન લઇ જાય શેતાન મનોરી, એ તો નર્કમાં પડયા રડતા મનોરી..

૪) (ઈંગ્લીશ ટોપો પહેરાવો રે – એ રાગમાં ગાવું) ટોપો તારણનો પહેરાવો રે,.. કમર સત્યની બંધાવો રે... ન્યાયનું બખ્તર પહેરાવો રે.. હાલે લુયાહ હાલેલુયાહ...આત્મિક શણગાર સજાવો રે તલવાર આત્માની ધરાવો રે,, ઢાલ તો વિશ્વાસની પકડાવો રે.. જોડા શાંતિના પહેરાવો રે..હાલેલુયાહ,હાલેલુયા,આત્મિક શણગાર સજાવો રે

પ્રિયંકા :- અરે..મારુ તો ગળું દુ:ખી ગયું.. થોડો આરામ કરવો પડશે..

સોનલ :- મને પણ થાક લાગ્યો..

રીના :- હવે તો સવાર પડતાં જ વરરાજા આવશે.. એવું લાગે છે.

(બધી બેઠી બેઠી ઝોકાં ખાય, કોઇ જાગે ઉંઘે)

(થોડી વારમાં પડદા પાછળથી છડી પોકારતા હોય તેવો અવાજ આવે)

વાણી :- સાવધાન.. વરરાજા આવે છે.. જેમને મળવું હોય તે તૈયાર રહે....

એક વડિલ:- અરે છોકરીઓ.. આ ઝોકા ખાવાનો વખત છે ? વરરાજા આવે છે.. તેમના સ્વાગત માટે બરાબર તૈયારી કરી છે ને ? વરરાજા આવે ત્યારે તમારા દીવા સળગતા હોવા જોઈએ.

(છોકરીઓમાં ચહલ પહલ મચી જાય..કેટલીક તેમના દીવા સળગાવે, કપડાં, વાળ વગેરે સરખા કરે.. કેટલીક ગભરાએલી હોય.)

નીતા :- (ગભરાયને કહે) હાય હાય.. હું તો મારો દીવો ઘેર ભૂલી ગઇ. હવે શું કરું ? લઇ આવું. (દોડતી લેવા જાય,દોડતાં પડી જાય)

સોનલ :- અરે મારો દીવો ક્યાં ગયો ? હું તો લાવી હતી દીવો. જો આ દીવાસળી ય મારા હાથમાં છે.. તો દીવો ક્યાં ? (ગભરાયને આમતેમ શોધે)

મોના :- (ઠપકો આપતી કહે) હવે હાય હાય કર્યા વગર ઘેર જઇને લઇ આવો. આ વર તો આવી ગયા સમજો ..જાઓ દોડો.. (દોડતી જાય)

પ્રિયંકા :- અરે.. મારા દીવામાંથી તેલ ઢળી ગયું કે શું ? રીના .. મને થોડું તેલ આપને . (પોતાનો દીવો જોઇને કહે)

રીના :- સોરી.. પ્રિયંકા.. હું નહિ આપી શકું .. વરરાજા આવે ત્યાં સુધી દીવો સળગતો રહે એટલું જ છે મારી પાસે.. સોરી..

રેચલ :- અરે..દીપીકા..મારો દીવો કેમ સળગતો નથી જો ને..મને હેલ્પ કર.. પ્લીઝ..

દીપીકા :- અરે.. તારી દીવેટ જ સાવ સુકાએલી છે. ઘણા વખતથી દીવામાં તેલ જ નહિ હોય. (તેનો દીવો સળગતો હોય. દીપીકાનો જોઇને કહે)

અંજના :- (રડતાં રડતાં બોલે) અરેરે.. મને તો આ ખબર જ નહોતી...શું સળગતો દીવો ના હોય તો, વરરાજા ના લગનમાં ના જવાય ?

કોકિલા :- અંજના..તને તો સમય જ ક્યાં હોય છે, પ્રભુની વાતો જાણવા કે સમજવાનો.. અબ પછતાયે ક્યા હોત..જબ ચીડિયા ચૂગ ગઇ ખેત..

સુધા :- પ્રિયંકા,. રેચલ,. અંજના.. અરે મારી બેનો... સમય ના બગાડો..જાઓ..દોડો.. દુકાને જઇ તેલ લઇ આવો.. વરારાજા આવે તે પહેલાં દોડતી આવી જાઓ... જાઓ દોડો..

(પ્રિયંકા-રેચલ-અંજના દોડતી જાય.. નીતા-સોનલ પહેલાં ગઇ, તે હજી આવી નથી. એમ પાંચ કુમારીકાઓ તેલ શોધવા ગઇ)

(વરઘોડાનું દૃશ્ય રજુ કરવું. વાજિંત્રો વાગતાં હોય,ગીત ગવાતું હોય.બાળકો નાચતાં હોય. પ્રભુઇસુ વરરાજા આવે તેવું દૃશ્ય)

(પડદા પાછળથી આ ગીત ગાઇ શકાય :-)

૧) દેખો દેખો કોઇ આ રહા હે, કૈસા જલવા મસિહ આ રહા હે (ભજનસંગ્રહ હિન્દી-વિભાગમાં ગીત નં-૫૧) આંખે અપની ઉઠા કર કે



દેખો, કૈસી શાન સે મસિહ આ રહા હૈ

૨) ખુશી મનાઓ મેમને કા વિવાહ ઉત્સવ આયા હૈ..

(જેવું કોઇ ગીત ગાવું અથવા વગાડવું)

(વરરાજા આવે,સાથે પાંચ ડાહી કુમારીકાઓ ચાલે .. પાછળ લોકોનું ટોળુ પણ જાય. વરરાજા દરવાજામાં ઉભા રહી બધાને ઘરમાં પ્રવેશ આપે. પછી દરવાજો બંધ કરે. એટલામાં જ પેલી પાંચ મૂર્ખી કુમારીકાઓ દોડતી આવે. ને દરવાજો ઠોકે, પોતાને વરરાજા સાથે અંદર લેવા કાલાવાલા કરે.)

રેચલ :- ખોલો ..ખોલો.. સ્વામી .. ખોલો.. (ગભરાતી દોડતી આવી દરવાજો ઠોકતી કહે)

નીતા :- પ્લીઝ..પ્રભુ.. અમને આવવા દો.. ખોલો ..

સોનલ :- સ્વામી..માફ કરો.. દરવાજો ખોલો.. (રડતાં રડતાં કહે)

અંજના :- અમારા માટે ઉઘાડો..પ્રભુ..તમે તો દયાળુ છો ..દયા કરો..પ્રભુ.

પ્રિયંકા :- સ્વામી.. અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ.. પ્રભુ ..અમારી સેવા ધ્યાનમાં લઇ ખોલો.. પ્રભુ..

(પાંચે કુમારીકાઓ રડે-વિલાપ કરતાં બોલે..)

વરરાજાની વાણી :- (અંદરથી બોલે) મેં તમને આ વચનો કહયા હતા, "જાગતા રહો કેમકે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે. એ માટે તમે તૈયાર રહો, કેમકે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ દેવ એટલે પ્રભુઇસુ ખ્રિસ્ત આવશે. માટે તમે જાગતા રહો કેમકે તે દિવસ અથવા તે ઘડી તમે જાણતા નથી.પણ અંત સુધી જે ટકશે તે જ તારણ પામશે." જે મારા ઘેટાં - મારા લોક છે તે મારી વાણી સાંભળે છે ને પાળે છે.હું તમને ઓળખતો નથી.

(પછી દરવાજો બંધ કરે. દરવાજો બંધ કર્યો છે તેમ બતાવવા ચાદર આડી કરી તેના પર " ધ્વાર બંધ" લખીને કાગળ લગાડવું)

સોનલ :- (જોરથી રડતાં બોલે) દરવાજો બંધ થઇ ગયોયોયોયો. ...ઓ પ્રભુ.. પ્રભુ..

રેચલ :- અરેરે.. અમે કેમ બેદરકાર રહી..

પ્રિયંકા :- આખી જીંદગી સેવા કરી..ને મારી બેદરકારીની આ સજા ?

નીતા :- પ્રભુ.. શું મારા માટે કોઇ જ રસ્તો નથી ?

અંજના :- હવે મારું શું થશે ?... (પોક મૂકીને રડે)

એક વડિલ :- (સ્ટેજ પર આવી પ્રેક્ષકો સામે જોઇ કહે . તે દરમ્યાન બધાં પાત્રો સ્ટેજ પર ગોઠવાય જાય)

પ્રભુઇસુ, પોતાના લોકોને લેવા આ જ રીતે આવવાના જ છે.પ્રભુ ગમે તે ઘડીએ આવી શકે છે.આત્માના દીવા સળગતા રાખો.અને તમારા અનંતજીવનના સ્વામીને મળવા તૈયાર રહો. બેદરકાર રહેશો તો, છેલ્લી ઘડીએ સ્વર્ગના ધ્વાર બંધ થઇ જશે. આત્માના દીવા સળગતા રાખો.... (બધાં સાથે ગીત ગાય :-

રાખજો દીવા સળગતા રાખજો રે..
વાયરે જો જો ના હોલવાય જાય...
રાખજો દીવા સળગતા રાખજો રે..

-: પાત્રો :-
કુમારીકાઓ

| પાંચ ડાહી | પાંચ મૂર્ખી | |
|---|---|---|
| ૧) દીપીકા | ૬) નીતા | ૧૧) એક વડિલ |
| ૨) કોકિલા | ૭) સોનલ | ૧૨) એક બહેન |
| ૩) સુધા | ૮) પ્રિયંકા | ૧૩) બીજી બહેન |
| ૪) રીના | ૯) અંજના | ૧૪) પ્રભુઇસુ વરરાજા |
| ૫) મીના | ૧૦) રેચલ | ૧૫) અન્ય લોકો |



## ૩૯ દસ કુમારીકાઓ-૨

માત્થી ૨૪:૩-૧૪, ૨૫:૧-૧૩

(બે ત્રણ બેનો બાઇબલ લઇને વાતો કરતી દેવળમાં જાય. રવિના અને નયના વાતો કરતી ઉભી હોય. ત્યાંથી સવિતા ને રંજન બાઇબલ)
(લઇ દેવળમાં જતી હોય, તેમાંની એક પેલી વાતો કરતી બેનોને કહે)

સવિતા:- અલી ચાલો, દેવળમાં નથી આવવું ?
રવિના :- (બે માંથી એક બોલે) ઘરમાં કામ કેટલું પડયું છે. કોણ કરશે ?
રંજન :- કામ તો રહેવાનું જ છે આખી જીંદગી. ચાલો.
રેખા :- મને તો સમય જ નથી. જાઓ તમ તમારે હોં...
(સવિતા-રંજન દેવળમાં જાય. બધાં કોઇ ગીત ગાય. પછી પાળક સાહેબ ટૂંકી પ્રાર્થના કરાવી બાઇબલ વાંચન કરે માત્થી ૨૪:૩-૧૪ નીચે પ્રમાણે સંદેશો આપે.)
ભાઇબેનો, જુઓ આ દવેના સત્ય વચનો છે. પ્રભુઇસુ ફરીથી આ જગત પર આવવાના છે તેની સ્પષ્ટ વાત બાઇબલમાં કરવામાં આવી છે. પ્રભુઇસુ આવે તે પહેલાં શું શું થશે તે કહયું છે. લડાઇઓ, લડાઈની અફવાઓ, પ્રજા પ્રજાની વિરુધ્ધ, રાજ્ય રાજ્યની વિરુધ્ધ ઉઠશે, દુકાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે ધરતીકંપ થશે. એકબીજા પર વેરઝેર રાખશે, ધ્વેશ કરશે, અન્યાય વધી જશે, એકબીજાને ભુલાવશે.. આજે સમાચારો, ટીવી. વગેરેમાં આ બધું બનતું જોઇએ સાંભળીએ છીએ. એટલે પ્રભુઇસુ હવે જલ્દી આ પ્રુથ્વી પર આવશે. આ સત્ય વચન છે. તો પ્રભુ ઇસુ કયારે આવશે ? વાંચો માત્થી ૨૪:૩૬-૪૪. (કોઇને વાંચવા કહે)
૩૬મી કલમ -પણ તે દહાડા કે ઘડી સબંધી બાપ એટલે દેવબાપ વિના કોઇ જાણતું નથી.
૪૨મી કલમ- માટે જાગતા રહો, કેમકે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે.
૪૪મી કલમ- એ માટે તમે પણ તૈયાર રહો, કેમકે જે ઘડીએ તમે જાણતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો એટલે પ્રભુઇસુ ખ્રિસ્ત આવશે. અને પ્રભુઇસુ એક વરરાજાની જેમ આવશે. અને પોતાના લોકોને, જેને મંડળી કહેવાય છે તેમને પોતાની સાથે સ્વર્ગમાં લઈ જશે.
વ્હાલાંઓ પ્રભુઇસુ હવે બહુ જલ્દી આવશે. અને આપણું મ્રુત્યુ ક્યારે આવશે તે આપણે જાણતા નથી. તો શું આપણે પ્રભુને મળવા તૈયાર છીએ? જો આપણે આત્માથી એટલે મન-હ્રદયથી પ્રભુઇસુ પર વિશ્વાસ કરીશું તો આપણા મરણ પછી પણ પ્રભુ આપણને સજીવન કરીને, તેમની સાથે સ્વર્ગમાં લઇ જશે. કેવી રીતે? એ જાણવું છે? તો જુઓ... દસ કુમારીકાઓ (પાળકસાહેબ બેસી જાય.)

રમીલા :- સાંભળો, કાલે લગનમાં જવાનું છે ને ? તો જેને મેકઅપ કરવું હોય તે વહેલી આવી જજો. પછી મોડુ ના થાય.

(લગ્નનો માહોલ હોય તેવું દ્રશ્ય બનાવવું. દસ કુમારીકાઓ લગ્નમાં જવા સોળ શણગાર સજી તૈયાર હોય. એકબાજુથી બે કુમારીકાઓ હસતી વાતો કરતી આવે)

સવિતા :- ચાલ રંજન, આપણે પહેલાં રમિલાને ઘેર જવું પડશે. ત્યાં બધી બેન પણીઆએ ભેગી થવાનું નક્કિ કર્યું છે.

રંજન :- હા.. રમિલાનું બ્યુટીપાર્લર ચાલે છે. એટલે બધી બરાબર મેકઅપ કરશે ને તૈયાર થશે.

(બન્ને વાતો કરતી રમીલાના ઘેર આવે. બહારથી જ બૂમ પાડે. ઘરમાં બધી શણગાર સજતી હોય તેવું બતાવવું)

સવિતા :- ઓ બેનો.. ચાલો બધી બેનપણીઓ આવી ગઇ કે નહિ ?

મધુ :- (બહાર આવી બોલે) આવોને અંદર.. હજી બધાના શણગાર પત્યા નથી.

રંજન :- (બણે અંદર જાયને કહે) અલી હેડી. હવે.. વરરાજાને આવવાનો સમય નક્કિ નથી હોં.

સવિતા :- ચાલો જેટલી તૈયાર હોય એટલી તો ચાલો. ગીતોબીતો ગાઇએ..

કોકિલા :- હા..હા.. ચાલો મને ગીતો ગાવાનો બહુ શોખ છે. ચાલો ગીતો ગાઇએ.

નયના :- બરાબર છે, બધાં મોડા જઈએ એના કરતાં જે તૈયાર હોય તે જઇએ.

રેખા ને મંજુ:- (સાથે બોલે) અમે તૈયાર છીએ .. ચાલો.

લલિતા :- હું પણ જઉ.. તમે આવો તૈયાર થઇને... (બધી જાય.)

(લગ્નમંડપમાં બધાં લોકો બેઠા હોય તેવુ દ્રશ્ય. બધી કુમારિકાઓ ત્યાં જાય.)

એક બહેન :- અરે છોકરીઓ..ચાલો..લગનના ગીતોબીતો તો ગાઓ.... તો લાગે ને લગન જેવું..

બીજી બહેનઃ- ઓ છોકરીઓ.. વરરાજાને આવતાં વાર નહિ લાગે હોં..પછી ગીતો બીતો ગાવાનો કે સ્તુતિ આરાધનાનો સમય નહિ મલે હોં..

લલિતા :- હા.. માસી.. (કોકિલાને કહે) કોકિલા તું સરસ ગાય છે. શરુ કર..

કોકિલા :- ઓ..કે.. હું ગીત ગવડાવું છું ગાજો બધાં.. (બધાં ગીતો ગાય, બીજી બે રમિલા ને મધુ આવે ગીતો ગાવા લાગે.)

(ગીત ગવડાવે.. બીજી સાથ આપે. બધાં ગીત ગાય. કોઇ સરસ ઝમકદાર ગીત ગાવું. જેથી વાતારણ જામે, પ્રેક્ષકોમાં આનંદ છવાય જાય)

(દાખલા તરીકે :- ૧- (ઉંચા મંડપ રચાવો, ઝીણી ખાજલી પડાવો મોરા રાજ.. એ રાગમાં ગાવું. અથવા લગ્નગીત રાગના અન્ય ગીતો બનાવી ગાવાં) મારે આંગણે પધારો, આવ્યો અવસર આ સારો મોરા રાજ સ્વર્ગીય લગ્નનો દહાડો,. પ્રભુ વહેલા પધારો.. મોરા રાજ.....

૨ - (દસ વાગ્યા કેરો ઘંટ વાગીઓ – એ રાગમાં ગાવું)

ન્યાયટાણા કેરો ઘંટ વાગીઓ, રહેજો મળવા વરને તૈયાર..પ્રભુ વહેલા આવજો..



આત્માના દીવા સળગતા રાખજો, વાયરે હોલવાઇઇઇ ના જાય,...દીવા સળગતા રાખજો..

૩-(મારે આંગણે સુંદર વહેળો મનોરી, તેમાં કોણ કોણ ન્હાવા જાય રે મનોરી – એ રાગમાં ગાવું.)

મારે આંગણે જીવન વહેળો મનોરી, એ તો જીવનજળનો વહેળો મનોરી
તેમાં કોણ કોણ ન્હાવા જાય રે મનોરી, તેમાં ભક્તો ન્હાવા જાય રે મનોરી
એનાં પાપ લઇ જાય ઇસુ મનોરી, એ તો તારણ પામ્યા બંદા મનોરી...
મારે આંગણે કીચડખાડો મનોરી, એ તો નર્કનો ઉંડો ખાડો મનોરી
એમાં કોણ કોણ ન્હાવા જાય રે મનોરી, એમાં પાપીઓ ન્હાવા જાય રે મનોરી એનાં જીવન લઇ જાય શેતાન મનોરી, એ તો નર્કમાં પડયા રડતા મનોરી..

૪-(ઈંગ્લીશ ટોપો પહેરાવો રે – એ રાગમાં ગાવું)

ટોપો તારણનો પહેરાવો રે,.
કમર સત્યની બંધાવો રે...
ન્યાયનું બખ્તર પહેરાવો રે..
હાલેલુયાહ હાલેલુયાહ...
આત્મિક શણગાર સજાવો રે
તલવાર આત્માની ધરાવો રે,,
ઢાલ તો વિશ્વાસની પકડાવો રે.
જોડા શાંતિના પહેરાવો રે..
હાલેલુયાહ, હાલેલુયા, આત્મિક શણગાર સજાવો રે

કોકિલા :- અરે..મારું તો ગળું દુઃખી ગયું.. થોડો આરામ કરવો પડશે..

નયના :- મને પણ થાક લાગ્યો..

મંજુલા :- હવે તો સવાર પડતાં જ વરરાજા આવશે.. એવું લાગે છે. (બધી બેઠી બેઠી ઝોકાં ખાય, કોઇ જાગે ઉંઘે)

(થોડી વારમાં પડદા પાછળથી છડી પોકારતા હોય તેવો અવાજ આવે)

વાણી :- સાવધાન.. વરરાજા આવે છે.. જેમને મળવું હોય તે તૈયાર રહે....

એક વડિલ :- અરે છોકરીઓ.. આ ઝોકા ખાવાનો વખત છે ? વરરાજા આવે છે.. તેમના સ્વાગત માટે બરાબર તૈયારી કરી છે ને ? વરરાજા આવે ત્યારે તમારા દીવા સળગતા હોવા જોઈએ.

(છોકરીઓમાં ચહલ પહલ મચી જાય..પાંચ ડાહી તેમના દીવા સળગાવે, કપડાં, વાળ વગેરે સરખા કરે.. કેટલીક ગભરાએલી હોય.)

મંજુલા :- (ગભરાયને કહે) હાય હાય.. હું તો મારો દીવો ઘેર ભૂલી ગઇ. હવે શું કરું ? લઇ આવું. (દોડતી લેવા જાય, દોડતાં પડી જાય)

નયના :- અરે મારો દીવો ક્યાં ગયો ? હું તો લાવી હતી દીવો. જો આ દીવાસળી ય મારા હાથમાં છે..તો દીવો ક્યાં ? (ગભરાયને આમતેમ શોધે)

સવિતા :- (ઠપકો આપતી કહે) હવે હાય હાય કર્યા વગર ઘેર જઇને લઇ આવો.

આ વર તો આવી ગયા સમજો ..જાઓ દોડો. (નયના દોડતી જાય)

લલિતા :- અરે..મારા દીવામાંથી તેલ ઢળી ગયું કે શું ? મધુ .. મને થોડું તેલ આપને. (પોતાનો દીવો જોઇને કહે)

મધુ :- મારી પાસે થોડુંક જ છે. વરરાજા આવે ત્યાં સુધી દીવો સળગતો રહે એટલું જ છે.. સોરી..

રવિના :- અરે..દીપીકા..મારો દીવો કેમ સળગતો નથી જો ને..મને મદદ કરને...

રંજન :- અરે.. તારી દીવેટ જ સાવ સુકાએલી છે. ઘણા વખતથી દીવામાં તેલ જ નહિ હોય. (પદમાનો દીવો જોઇને કહે)

રેખા :- (રડતાં રડતાં બોલે) અરેરે.. મને તો આ ખબર જ નહોતી...શું સળગતો દીવો ના હોય તો, વરરાજા ના લગનમાં ના જવાય ?

કોકિલા :- રેખા.. દેવળમાં આવતી હોય તો પ્રભુની વાતો જાણવા ને સમજવા મળે.. પણ તને તો સમય જ ક્યાં હોય છે ?

રમિલા :- (રઘવાટ કરતી બેનોને કહે) અરે મારી બેનો... સમય ના બગાડો..જાઓ..દોડો.. દુકાને જઇ તેલ લઇ આવો.. વરારાજા આવે તે પહેલાં દોડતી આવી જાઓ... જાઓ દોડો..

(લલિતા-રવિના-રેખા દોડતી જાય.. મંજુલા-નયના પહેલાં ગઇ, તે હજી આવી નથી. એમ પાંચ કુમારીકાઓ તેલ શોધવા ગઇ)

(વરઘોડાનું દ્રશ્ય રજુ કરવું. વાજિંત્રો વાગતાં હોય,ગીત ગવાતું હોય.બાળકો નાચતાં હોય. પ્રભુઇસુ વરરાજા આવે તેવું દ્રશ્ય)

(પડદા પાછળથી આ ગીત ગાઇ શકાય :-)

૧) દેખો દેખો કોઇ આ રહા હે,કૈસા જલવા મસિહ આ રહા હે
ભજનસંગ્રહ-હિન્દી વિભાગ ગીત નં-૫૧)
આંખે અપની ઉઠા કર કે દેખો, કૈસી શાન સે મસિહ આ રહા હૈ
૨) ખુશી મનાઓ મેમને કા વિવાહ ઉત્સવ આયા હૈ..
(જેવું કોઇ ગીત ગાવું અથવા વગાડવું)

(વરરાજા આવે,સાથે પાંચ ડાહી કુમારીકાઓ સળગતા દીવા લઇને ચાલે. પાછળ લોકોનું ટોળુ પણ જાય. વરરાજા દરવાજામાં ઉભા રહી બધાને ઘરમાં પ્રવેશ આપે.પછી દરવાજો બંધ કરે. એટલામાં જ પેલી પાંચ મૂર્ખી કુમારીકાઓ દોડતી આવે. ને દરવાજો ઠોકે, પોતાને વરરાજા સાથે અંદર લેવા કાલાવાલા કરે.)

મંજુલા :- (ખોલો ..ખોલો.. સ્વામી .. ખોલો.. ક્ષ ગભરાતી દોડતી આવી દરવાજો ઠોકતી કહે)

રેખા :- પ્રભુ.. અમને આવવા દો.. દરવાજો ખોલો ..

લલિતા :- સ્વામી..માફ કરો.. અમને આવવા દો પભુ... (રડતાં રડતાં કહે)

રવિના :- અમારા માટે ઉઘાડો.. પ્રભુ.. તમે તો દયાળુ છો ..દયા કરો..પ્રભુ.

નયના :- ઓ ઇસુબાપ .. અમે તમારી બહુ સેવા કરી હતી...ખોલો.. પ્રભુ..



(પાંચે કુમારીકાઓ રડે-વિલાપ કરતાં બોલે..)

વરરાજાની વાણી :- (અંદરથી બોલે) મેં તમને આ વચનો કહયા હતા, "જાગતા રહો કેમકે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે. એ માટે તમે તૈયાર રહો, કેમકે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ દેવ એટલે પ્રભુ ઇસુ ખ્રિસ્ત આવશે.માટે તમે જાગતા રહો કેમકે તે દિવસ અથવા તે ઘડી તમે જાણતા નથી. પણ અંત સુધી જે ટકશે તે જ તારણ પામશે.
"જે મારા ઘેટાં - મારા લોક છે તે મારી વાણી સાંભળે છે ને પાળે છે. હું તમને ઓળખતો નથી.

(પછી દરવાજો બંધ કરે. દરવાજો બંધ કર્યો છે તેમ બતાવવા ચાદર આડી કરી તેના પર "ધ્વાર બંધ" લખીને કાગળ લગાડવું)

મંજુલા :- (૭ જોરથી રડતાં બોલે) દરવાજો બંધ થઇ ગયો યો યો યો. ...ઓ પ્રભુ.. પ્રભુ..

લલિતા :- અરેરે.. અમે કેમ બેદરકાર રહી..

નયના :- આખી જીંદગી સેવા કરી..ને મારી બેદરકારીની આ સજા ?

રવિના :- પ્રભુ.. શું મારા માટે કોઇ જ રસ્તો નથી ?

રેખા :- હવે મારું શું થશે ?... (પોક મૂકીને રડે)

પાળક સાહેબ :- (સ્ટેજ પર આવી પ્રેક્ષકો સામે જોઇ કહે . તે દરમ્યાન બધાં પાત્રો સ્ટેજ પર ગોઠવાય જાય)
પ્રભુઇસુ, પોતાના લોકોને લેવા આ જ રીતે આવવાના જ છે. પ્રભુ ગમે તે ઘડીએ આવી શકે છે.આત્માના દીવા સળગતા રાખો. અને તમારા અનંતજીવનના સ્વામીને મળવા તૈયાર રહો. બેદરકાર રહેશો તો,છેલ્લી ઘડીએ સ્વર્ગના ધ્વાર બંધ થઇ જશે. આત્માના દીવા સળગતા રાખો....

(બધાં સાથે ગીત ગાય) :-
રાખજો દીવા સળગતા રાખજો રે..
વાયરે જો જો ના હોલવાય જાય...
રાખજો દીવા સળગતા રાખજો રે..

-: પાત્રો :-

કુમારીકાઓ

| પાંચ ડાહી | પાંચ મૂર્ખી | |
|---|---|---|
| ૧) સવિતા | ૬) મંજુલા | ૧૧) પાળક સાહેબ |
| ૨) મધુ | ૭) નયના | ૧૨) એક બહેન |
| ૩) રંજન | ૮) લલિતા | ૧૩) બીજી બહેન |
| ૪) કોકિલા | ૯) રવિના | ૧૪) પ્રભુઇસુ વરરાજા |
| ૫) રમીલા | ૧૦) રેખા | ૧૫) એક વડિલવ |

## ૪૦) પ્રભુઇસુનો યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ.

દૃશ્ય - ૧

(પ્રભુઇસુ અને તેમના બાર શિષ્યો મુસાફરી કરતા જતા હોય.અને થાકી ગયા હોય, તેમ વાર્તાલાપ કરે)

થોમા :- (થાકેલા અવાજે બોલે) પ્રભુ,ચાલી ચાલીને ખૂબ થાક લાગ્યો છે, આપણે થોડો આરામ કરીએ ?

પિતર :- હા, મને પણ લાગે છે કે, થોડી વાર કોઇ જગાએ બેસીએ.

બધા શિષ્યો સાથે બોલે :- હા, થોડો આરામ કરીએ.

પ્રભુ ઈસુ :- (ઉભા રહી,આંગળી ચીંધીને કહે) જુઓ,હવે આપણે યરુશાલેમની પાસે જ આવી ગયા છીએ.જુઓ,આ બેથફાગે ગામ આવ્યું અને આ બાજુ બેથાનીઆ ગામ છે. હવે થોડું ચાલવાનું છે. એટલે યરુશાલેમ શહેર આવી જશે. છતાં પણ ચાલો આપણે કોઇ ઝાડના છાંયે થોડો આરામ કરીએ.

યાકુબ :- (આંગળી ચીંધી કહે) જુઓ પે..લું ઝાડ. ત્યાં સરસ છાંયો છે ત્યાં ચાલો

બધા સાથે :- હા,..હા..ચાલો,ચાલો. (બધા એ ઝાડ નીચે જાય. બેસે, કોઇ હાશ કરતાં આડા પડે. એમ ઝાડ નીચે આરામ કરવા બેસે)

યોહાન :- (એક જગા સાફ કરે,પોતાનું કપડું પાથરે અને બોલે) પ્રભુ અહિં બેસો, આવો આ પથ્થર પાસે ટેકો દઇને બેસો. (પ્રભુઇસુ ત્યાં બેસે)

(બધા શિષ્યો ઝાડ નીચે બેસે,કોઇ પાણી પીએ, કોઇ નાસ્તો કાઢીને બધાંને આપે, વગેરે ક્રિયાઓ કરે)

ફિલીપ :- સરસ પવન આવે છે,ઠં..ડો મીઠો.

થોમા :- હા..હોં..મને તો ઉંઘ આવી ગઇ. (આડો પડી આરામ કરતાં કહે)

પ્રભુઇસુ :- ફિલીપ અને માત્થી તમે બે જણ,એક કામ કરો.

ફિલીપ-માત્થી :- (સાથે બોલે) હા,હા..પ્રભુ.કહો શું કામ છે ?

પ્રભુઇસુ :- જુઓ સામે દેખાય છે ને, તે બેથફાગે ગામ છે, તમે બે જણ તે ગામમાં જાઓ. અને તેમાં તમે પેસશો કે તરત જ એક ગધેડાનો વછેરો બાંધેલો મળશે. તેને છોડી લાવો.અને જો કોઇ તમને પૂછે કે, તમે શા માટે આ ગધેડાને છોડો છો ? તો એમ કહેજો કે પ્રભુને તેનો ખપ છે.એટલે તે તરત તમને ગધેડાને લાવવા દેશે.

ફિલીપ-માત્થી :- હા પ્રભુ. અમે હમણાં જ જઇએ. (બંને જણ જાય ..) (બીજા બધા આરામ કરે ,વાતો કરે ખાય વગેરે)

દૃશ્ય– ૨

(એક ગામના પ્રવેશ પાસેના ઘરના આંગણે અક ગધેડો બાંધેલો હોય. ઘર આગળ બેત્રણ લોકો ઉભા ઉભા વાતો કરતા હોય તેવું દૃશ્ય.)

ફિલીપ :- (દૂરથી આંગળી ચીંધીને કહે) માત્થી....જો..જો..પેલો રહયો ગધેડો.



માત્થી :- (આશ્ચર્યથી કહે) ફિલી..પ, કેવું ગજબ કહેવાય.? પ્રભુઇસુએ આપણને કહેલું કે ગામમાં પેસતાં જ તમને વછેરો દેખાશે. તે જો ને ખરેખર એવુ જ છે. પ્રભુઇસુને તો આ...ખી દુનિયા....,ક્યાં શું છે, કોણ શું કરે છે, તે બધી જ ખબર પડે છે હોં

ફિલીપ :- હા....આપણા પ્રભુઇસુ તો સર્વજ્ઞ છે. તે તો જીવતા દેવના પુત્ર છે. એટલે બધી ખબર પડે જ ને ?

(એમ વાતો કરતા કરતા ગધેડા પાસે આવી જાય. અને ત્યા ઉભેલા લોકોને પૂછ્યા વગર જ ગધેડાને છોડવા લાગે. એટલે એક માણસ તમને પૂછે)

૧લો માણસઃ- (જોરથી બોલે) એ..એ..ઓ ભાઇ, એ વછેરાને કેમ છોડો છો ?

ફિલીપ :- (શાંતીથી કહે) ભાઇ...સોરી હોં..પણ પ્રભુઇસુએ અમને કહ્યું કે તમે જઇને એ ગધેડાને છોડી લાવો. પ્રભુઇસુને આની જરુર છે. માટે છોડીએ છીએ.

૨જો માણસ :-(તરત જ,ખુશ થઇ આશ્ચર્યથી કહે) હેં..એ...એ..? પ્રભુઇસુ ? ક્યાં છે પ્રભુ ઇસુ, મારે તેમને જોવા છે.

૧લો માણસઃ- ઓ.... પ્રભુઇસુ માટે હોય તો લઇ જાઓ....લઇ જાઓ ભાઇ.... કંઇ વાંધો નહિ..

ફિલીપ-માત્થી :- થેન્કયુ....થેન્કયુ....આભાર તમારો.. (ફિલીપ-માત્થી ગધેડાને લઇને જાય)

૨જો માણસઃ- ચાલો..ચાલો..આપણે પ્રભુઇસુને જોવા જઇએ. કેવા મહાન છે પ્રભુઇસુ.

ત્યાં ઉભેલા બધા :- હા..હા..ચાલો.... (એમ એ બધા લોકો પણ તેમની પાછળ જાય.)

દૃશ્ય–૩

(ફિલીપ-માત્થી ગધેડાને લઇને પ્રભુઇસુ પાસે આવે.)

પ્રભુઇસુ :- ચાલો, હવે આપણે, યરુશાલેમ જઇએ. (બધા શિષ્યો જવા માટે ઉભા થાય ને જવાની તૈયારી કરે.)

પિતર :- ઉભા રહો પ્રભુ... (એમ કહી, ગધેડા પર લૂગડાં પાથરે પછી કહે) લો, હવે પ્રભુ તમે આની ઉપર બેસો.

(પ્રભુઇસુ ગધેડા પર બેસી જાય.પછી બધા પ્રયાણ શરુ કરે)

પ્રભુઇસુ :- (ચાલતાં ચાલતાં વાતો કરે) જુઓ હવે આપણે યરુશાલેમ જઇએ છીએ. ત્યાં આપણે પાસ્ખા પર્વની તૈયારી કરવાની છે.

(બેથફાગેના લોકો પણ પાછળ પાછળ આવે, એમ ચાલતાં ચાલતાં યરુશાલેમ સુધી પહોંચી જાય છે)

બેથફાગેના લોકો :- (બૂમ પાડતા હોય તેમ બોલતા આવે) ઉભા રહો પ્રભુ .... (પછી દોડતા આવે, અને પ્રભુના રસ્તા ઉપર પોતાના કપડાં પાથરતાં કહે) ઓ પ્રભુ ઇસુ....તમે અમારા રાજા બનો.

(સામેથી યરુશાલેમના લોકો પ્રભુને જોઇને ખુશ થઇ જાય ને બીજા લોકોને બૂમ પાડીને પ્રભુ આવે

છે તેની જાણ કરે એમ લોકોનાં ટોળાં ભેગા થઇ જાય)

એક :- એ..આતો પ્રભુઇસુ આવે છે.

બીજો :- (બીજાને બૂમ પાડતાં કહે) એ..ડેવિડ,.. જલ્દી આવ પ્રભુઇસુ આવે છે.

ત્રીજો :- (બેચાર ઊભા હોય તેમને કહે) ચાલો.. ચાલો.. પ્રભુઇસુ આવે છે ...
(બધા દોડતા જાય, એમ લોકો ભેગા થઇ જાય.)

ચોથો :- પ્રભુઇસુ તો આપણા રાજા બનવાના છે માટે તેમના રસ્તે કિંમતી જાજમ પાથરવી જોઇએ. (એમ પોતાનું કપડુ પાથરે.)

પાંચમો :- (બૂમ પાડતો હોય તેમ કહે) એ,.જેરુશા,,,ઘરમાંથી કબાટમાંથી રેશમી સાડી કાઢી લાવ. આપણા ઇસુરાજા આવે છે.

જેરુશા :- હા...લાવી... (એમ દૌડીને સાડી લાવે ને,પ્રભુઇસુ જતા હોય તે રસ્તા પર પાથરે.)

છઠ્ઠો :- અલ્યા....જોઇ શું રહયા છો ? આ તો આપણા ઇસુરાજા છે. માટે જાઓ ઝાડની ડાળીઓ કાપીને તેમના રસ્તા પર પાથરો.
(હા..હા.. એમ કરતા બે ચાર જણ ઝાડની ડાળીઓ તોડીને પ્રભઇસુના રસ્તા પર પાથરે., કેટલાક ડાળી ફરકાવે અને નારા બોલાવે)

બોલો.. હોસાના --- હોસાના
પ્રભુના નામે જે આવે છે તેને ....ધન્ય હો
પરમ ઉચામા...... હોસાના

(એમ પ્રભુ ઇસુની પાછળ લોકોના ટોળાં નારા પોકારતા ને ગીતો ગાતાં યરુશાલેમ શહેરમાં પ્રવેશ કરે. બધા ગીત ગાય)

સિયોન પુત્રી તારો રાજા આવે રાય..
ખજુરી ડાળી, જૈતુનની ઝાડી,
લાવો ઉખાળી સરકાવી ફરકાવી સૌ પષ્પો ચઢાવો,
જય જય ઇસુરાછને વધાવો

(એમ નાચતા-કૂદતા ને ગીતો ગાતાં, નારા બોલાવતાં પ્રભુઇસુને એક રાજાની જેમ લઇ જાય....)
(એમ સ્ટેજ પર એક બે આંટા મારી ગાતાં ગાતાં જતા રહે......)

-: પાત્રો :-

| બેથફાગે ગામના લોકો | | યરુશાલેમના લોકો |
|---|---|---|
| ૧) પ્રભુઇસુ | ૭) માત્થી (વગેરે બાર શિષ્યો) | ૧૩) ૩જો માણસ |
| ૨) થોમા | ૮) ૧લો માણસ | ૧૪) ચોથો માણસ |
| ૩) પિતર | ૯) ૨જો માણસ | ૧૫) પાંચમો માણસ |
| ૪) યાકુબ | ૧૦) ૩જો માણસ | ૧૬) છઠ્ઠો માણસ |
| ૫) યોહાન | ૧૧) એક માણસ | ૧૭) જેરુશા |
| ૬) ફિલીપ | ૧૨) બીજો માણસ | વધારાના ભાઇબહેન બાળકો લેવા |



# ૪૧ પ્રભુઈસુ પાણી પર ચાલે છે

દિન-૫ "તમે દેવના મિત્ર છે."
શાસ્ત્રપાઠ :- માર્ક ૬ : ૪૬-૫૧

દૃશ્ય-૧

હેતુ :- બાળકો સમજે કે ઈશ્વર તેમના મિત્ર છે, અને તેમણે પણ બીજાઓની સાથે પ્રભુઇસુ જેવા વિશ્વાસુ મિત્ર બનવાનું છે.
(પ્રભુઇસુ પોતાના શિષ્યો સાથે દરિયા કિનારે ઉભા હોય, એક હોડી હોય, સાંજનો સમય હોય તેવું દૃશ્ય)

પ્રભુઇસુ :- (શિષ્યોને કહે,) ભાઇઓ જુઓ સાંજ પડવા આવી છે, ને દરિયાકિનારે આ એક જ હોડી ઉભી છે, હવે થોડીવારમાં અંધારુ પડવા આવશે. માટે જાઓ તમે સામે કિનારે બૈથસઇદા શહેરમાં જતા રહો.

યોહાન :- પ્રભુ તમે જાઓ એમ કેમ કહો છો ? આપણે બધા જઇએ.

પ્રભુ ઇસુ :- ના, મિત્રો, તમે જાઓ હું એકાંતમાં પ્રાર્થના કરવા અહિં રોકાવા માંગુ છું.

થોમા :- અરે પ્રભુ, રાત્રે ? આ જંગલમાં તે રહેવાતુ હશે ? ના રહેવાય, ચાલો, તમે પહેલાં બેસો, હોડીમાં.

હોડીવાળો :- (બૂમ પાડે) ઓ ભાઇઓ, આવવું હોય તો ચાલો, અંધારુ પડશે. હું આ....ચાલ્યો.

પ્રભુઇસુ :- ના, મિત્રો, તમે જાઓ, જલ્દી કરો. જુઓ પેલો હોડીવાળો બૂમ પાડે છે. તે જતો રહેશે. જાઓ,.જાઓ બેસો હોડીમા

પિતર :- ના પ્રભુ, તમને એકલા મૂકીને તો હું નહિ જાઉ.તમે પહેલા બેસો હોડીમાં. નહિ તો હું રહીશ તમારી સાથે.

પ્રભુઇસુ :- પિતર,..હું કહું છું કે, તમે જાઓ,.. હું એકાંતમાં પ્રાર્થના કરવા માંગુ છું. માટે તમે જાઓ .. ઘેર પહોંચો.. .
(પ્રભુ એક બે ને ખભે હાથ મૂકી ધકેલીને આગ્રહ કરીને હોડીમાં બેસાડે.)

દૃશ્ય - ૨

(એક તરફ પ્રભુઇસુ ડુંગર પર ઘૂંટણે પડીને પ્રાર્થના કરતા હોય. બીજી તરફ મધદરિયે ખૂબ તોફાન થાય, હૌડી હાલક ડોલક થાય એવું દૃશ્ય. શિષ્યો ગભરાઇને વાતો કરે)

એક શિષ્ય :- અરે..રે, પવન તો બહુ ચાલ્યો... ખૂબ મોટું તોફાન થશે હોં...

બીજો શિષ્ય:- ઓ બાપ રે, આ હોડી તો ડગમગવા લાગી. ઉંધી પડી જશે એવું લાગે છે.

ત્રીજો શિષ્ય:- (ગભરાઇને બૂમ પાડતો હોય તેમ બોલે) અલ્યા, બધા ચારે બાજુ પકડો.... બેલેન્સ કરો,....નહિ તો ઉંધી પડી જશે.. હોડી.

ચોથો શિષ્ય:- અરે આ મોજાં ઉછળે છે એ તો જુઓ. આ પાણી તો હોડીમાં ભરાવા લાગ્યુ.

પાંચમો શિષ્ય :- અલ્યા, મારા તો પગ ડૂબવા લાગ્યા... જો હવે વધૂ પાણી ભરાશે, તો તો ડૂબી જઇશું આપણે.

હોડીવાળો ગુસ્સાથી :- અરે, તમે બધા બૂમાબૂમ શું કરો છો ? પ્રાર્થના કરોને તમારા ઈશ્વરને.....

પિતર :- હા યાર, આપણે પ્રાર્થના તો કરતા નથી. (બધા પ્રાર્થના કરવા લાગે, પિતર ઉપર જોઇને,હાથ ઉચા કરી પ્રાર્થના કરે.) ઓ પ્રભુ. બચાવો....પ્રભુઇસુ તમે સાથે આવ્યા હોત તો, આ તોફાન ના આવત.....

(એટલામાં દરિયામાં કોઇ માણસ પાણી પર ચાલતો દેખાય. હોડીવાળો એ જોઇને ગભરાઇને બૂમ પાડી ઉઠે.)

હોડીવાળો :- (ગભરાયને) ઓ બાપ રે..... આ સામે શું દેખાય છે ?

એક શિષ્ય :- (આશ્ચર્યથી) હા.આ..આ અલ્યા..કોઇ માણસ જેવું દેખાય છે.

બીજો શિષ્ય :- (ગભરાતાં બૂમ પાડતો હોય તેમ બોલે) મા..ણસ.....? એ તો ભૂ..ત હશે.....બાપ રે.

ત્રીજો શિષ્ય :- (થર થર કાંપતો..બૂમ પાડે) હેં.....ભૂ....ત ?

પ્રભુઇસુ :- (મોટા અવાજે બોલે) હિંમત રાખો ... એ તો હું છું....બીશો નહિ.

બધા સાથે :- (આશ્ચર્યથી બોલે) પ્રભુ..... તમે ? પ્રભુઇસુ......?

પિતર :- (જોરથી બૂમ પાડીને કહે) પ્રભુ....તમે ? પ્રભુઇસુ, જો એ તમે જ હો તો મને આજ્ઞા આપો કે, હું પાણી પર ચાલીને તમારી પાસે આવું.

પ્રભુઇસુ :- (હસતા. હસતાં કહે) આવ.

(એ સાંભળતાં જ પિતર પાણીમાં કૂદી પડે,ખુશ થઈ ચીચીયારી પાડતો બોલે)

પિતર :- પ્રભુ..... હું આવું છું. તમારી પાસે.

(પછી પિતર પાણી પર ચાલવા લાગે.- થોડું ચાલે પછી પોતાને જ આશ્વર્ય થતું હોય તેમ બોલે) અરે .. હું તો પાણી પર ચાલુ. છું.

(પછી તરત ગભરાય જતો હોય તેમ બોલે) હેં....એ..એ....હુ. પાણી પર ચાલું છું ? ....પાણી પર ચલાય..? ડૂબી જઈશ તો..?

(પછી પિતર પાણીમાં ડૂબવા લાગે. – ગભરાયને બૂમ પાડે)

ઓ..ઓ..ઓ..પ્રભુ..ઉ..ઉઉ..બચાવો...બચા..વો. પ્રભુઇસુ ..ઉ..ઉ..ઉ

પ્રભુઇસુ :- (હાથ લાંબો કરીને પિતરને પકડી લે.પછી ઠપકો આપતા હોય તેમ બોલે) અરે અલ્પવિશ્વાસી, શંકા શા માટે કરી ? પિતર, જો તું મારા પર વિશ્વાસ રાખી ચાલ્યો હોત, તો જરુર પાણી પર ચાલી શકયો હોત.

(પછી પ્રભુ પિતરને પકડીને હોડી પાસે લાવે, તેને હોડીમાં ચઢાવે, પછી પોતે પણ હોડીમા ચઢી જાય. અને તોફાન પણ શાંત થઇ જાય. બધા શિષ્યો પ્રભનો આભાર માનતા ભેટી પડે)

હોડીવાળો :- (આશ્ચર્યથી બોલે) અરે, ? તોફાન તો એકદમ બંધ થઇ ગયું ?



બધા શિષ્યો :- (એકાએક ખ્યાલ આવ્યો હોય તેમ આશ્ચર્યથી બોલે) હા..આ..આ..અલ્યા.. તોફાન તો બિલકુલ બંધ થઇ ગયું.....

પિતર :- પ્રભુ, તમે ક્હ્યું અટલે જ આ પવન, દરિયો શાંત થઇ ગયાં.. પ્રભુ..ગજબ કહેવાય..પવન અને, દરિયો પણ તમારુ કહેવુ માને છે.

હોડીવાળો :- હં અ અ અ .....આખી સ્રુષ્ટિ પ્રભુનું કહયુ માને છે.. પણ માણસો જ પ્રભુનું કહયું માનતા નથી..

બધા શિષ્યો :- હા પ્રભુ, તમે અમને બચાવવા જ આવી ગયા. આભાર પ્રભુ તમારો ખૂબ આભાર.. તમે અમારા સાચા મિત્ર છો. તારણહાર છો.

પ્રભુઇસુ :- હા.. હું તમારો સાચો મિત્ર છું. તમે પણ બીજાને, મુશ્કેલીના સમયે મદદ કરી સાચા મિત્રો બનજો,

બધા સાથે :- જરુર.....જરુર...., અમે સાચા મિત્રો બનીશું........

(બધા સાથે કોઇ ગીત ગાય) ઇસુ મારો મિત્ર ઇસુ મારો મિત્ર, ઇસુ મારો મિત્ર સૌથી ઉતમ છે. સોથી ઉતમ છે ખરે સૌથી ઉતમ છે. અથવા હોડી હંકારો નાવિક મારી.

-: પાત્રો :-

| | |
|---|---|
| ૧) પ્રભુઇસુ | ૫) યાકુબ |
| ૨) પ્રભુઇસુના શિષ્યો. | ૬) આન્દ્રિયા |
| ૩) પિતર | ૭) થાદી |
| ૪) યોહાન | ૮) હોડીવાળો |

## ૪૨ પ્રભુઇસુનું સ્વર્ગારોહણ

દિન :- ૧૦

"તમે મારા (દેવના) સાક્ષી છો"

શાસ્ત્રપાઠ :- પ્રે.કૃ. ૧ : ૯-૧૧ માત્થી ૨૪ : ૪, ૪૪

હેતુ :- બાળકો જાણે કે પ્રભુઇસુ બીજી વખત આ પૃથ્વી પર આવશે, ત્યારે ન્યાયાધીશ તરીકે આવશે અને પ્રભુના બાળકોને પોતાની સાથે સ્વર્ગમાં લઇ જશે. અને એ પ્રભુના બાળકો સદાકાળ સુધી તેમની સાથે રહેશે.

(પ્રભુઇસુના અગિયાર શિષ્યો, પિતર આન્દ્રિયાના ઘરે વારાફરતી આવે ને ભેગા થાય. પ્રથમ યાકુબ અને યોહાન આવે, ચાલતાં ચાલતાં વાતો કરે)

યોહાન :- (ચાલતા.. વાતો કરે) ખરેખર આપણા પ્રભુઇસુ મૃત્યુમાંથી સજીવન થયા, તે કેવો મોટો ચમત્કાર.? મને તો ખૂબ જ આનંદ થયો.

યાકુબ :- ખરેખર યહોવાહ દેવ, પોતે જ પભુઇસુના સ્વરુપે આપણી પાસે આવ્યા. (એમ વાતો કરતા પિતરના ઘરે આવે)

પિતર :- આવો આવો, (વારા ફરતી હાથ મિલાવે) કેમ છો.. વગેરે કરે, એવામાં બીજા બેચાર આવે, એમ વારાફરતી અગિયાર શિષ્યો ભેગા થાય)

આન્દ્રિયા :- હવે તો હું પ્રભુઇસુ સાથે જ રહીશ. જ્યાં પ્રભુઇસુ રહેશે ત્યાં જ, તેમની સાથે જ રહીશ.

બીજા શિષ્યો :- હા, હા, અમે પણ તેમની સાથે જ રહેવા માંગીએ છીએ. (થોમા ને બીજા બેત્રણ શિષ્યો આવે, થોમા પ્રવેશ કરતાં પુછે)

થોમા :- (પ્રવેશ કરતાં જ પુછે) ક્યાં છે પ્રભુઇસુ ?

પિતર :- (ખુશ થતાં તરત જ કહે) ઓહો, બધા ભેગા થઇ ગયા. સરસ, ચાલો આપણે પહેલાં પ્રાર્થના કરીએ, પછી વાતો કરીશું.

(કેટલાક ઘૂંટણે પડે,કેટલાક બેસે, કોઇ હાથ જોડીને ઉભા રહે એમ બધા પ્રાર્થનામાં જોડાય.)

પિતર :- (પિતર ઉભા થઇ હાથ આકાશ તરફ ફેલાવીને પાર્થના કરે)

હે અમારા આકાશમાંના પિતા, અમે તમારી સ્તુતિ કરીએ છીએ...વગેરે. (પોતાના શબ્દોમાં પ્રાર્થના કરે)

(પ્રાર્થના કરતા હોય તેવામાં જ પ્રભુ ઇસુ તેમની મધ્યે આવીને ઉભા રહે. પ્રાર્થના પુરી થાય ને આમેન બોલે. બધા પ્રભુને જોઇ આશ્ચર્યચકિત થઇ, કોઇ પગે પડે, કોઇ હાથ પકડી લે,વગેરે)

- અરે પ્રભુ તમે ? ...... (શિષ્યો પ્રભુઇસુને જોઇને, વારાફરતી એવા ઉદગાર આશ્ચર્ય સાથે કરે. ખુશી વ્યક્ત કરે)

- પ્રણામ પ્રભુ.

- સ્તુતિ હો પ્રભુ



- તમે ક્યાં હતા પ્રભુ? હું તમને ક્યારનો શોધતો હતો.

- પ્રભુ હવે હું તમારી સાથે જ રહીશ.

પ્રભુઇસુ :- કુશળ હો, - (હાથ ઉંચો કરે બધાને આશિષ આપતા હોય તેમ કહે)

પિતર :- પ્રભુ, હવે અમારે શું કરવાનું છે ? તે કહો.

પ્રભુઇસુ :- મારી તમને બધાને આજ્ઞા છે કે, તમે બધા હમણાં યરુશાલેમમાં જ રહો. પરમેશ્વર તમને વરદાન આપવા માંગે છે, તેની રાહ જો જો. તમને 'પવિત્રઆત્મા' આપવામાં આવશે. યોહાને તમારું બાપ્તિસ્મા પાણીથી કર્યું હતું પણ હવે, 'પવિત્રઆત્મા'થી તમારું બાપ્તિસ્મા કરવામાં આવશે.

(એમ કહી પ્રભુઇસુ ચાલવા લાગે. બધા શિષ્યો તેમની સાથે જ પાછળ ચાલવા લાગે. ચાલતાં ચાલતાં વાતો કરે)

થોમા :- પ્રભુ..તમે કયાં જાઓ છો ? હવે અમે તમારી સાથે જ રહેવા માંગીએ છીએ.

પ્રભુઇસુ :- જૈતુન પહાડ પર. તમે બધા હવે પૃથ્વીના છેડા સુધી મારા સાક્ષી બનજો. (ચાલતાં ચાલતાં વાતો કરે)

યોહાન :- પ્રભુ, હવે તમે શું કરવાના છો ?

યાકુબ :- એટલે કે પ્રભુ. તમે હવે ઇઝરાયેલનું રાજ્ય ક્યારે સ્થાપો છો ? (જૈતુન પર્વત આવી ગયો હોય. પ્રભુ ઉભા રહે એટલે બધા ઉભા રહે, પ્રભુ તેમની સાથે વાતો કરતા હોય)

પ્રભુઇસુ :- (હાથ ઉપર કરીને કહે) સમય અને પ્રસંગ નક્કિ કરવાનો અધિકાર મારા પરમેશ્વર પિતાનો છે. એ જાણવાનું કામ તમારું નથી.

પિતર :- તો પ્રભુ, હવે અમારે શું કરવાનું છે ? તે તો કહો ?

પ્રભુઇસુ :- પવિત્રઆત્મા તમારા પર આવશે,અને તમે સામર્થ્ય પામશો. (હાથનો ઇશારો કરીને કહે) અને આ બધા પ્રદેશોમાં, છેક પૃથ્વીના છેડા સુધી સુવાર્તા પ્રચાર કરો, તમે મારા સાક્ષી બનશો.

બધા સાથે બોલે :- હા, પ્રભુ અમે તમારા સાક્ષી બનીશું.

પિતર :- પ્રભુ, હું તો આજથી જ ગામેગામ જઇને તમારી સુવાર્તા બધાને કહીશ.

યાકુબ ને યોહાન :- (સાથે બોલે) અમે પણ આજથી જ સુવાર્તા આપવાનું કામ શરુ કરી દઇશું.

(બધા શિષ્યો વારા ફરતી બોલે) હું પણ....હું પણ તમારા વિષે બધાને જણાવીશ.... (વગેરે બીજા શિષ્યો બોલે)

(બધા શિષ્યો અંદર અંદર વાતો કરતા હોય, એવામાં પ્રભુઇસુ એકદમ સરકતા હોય તેમ શિષ્યોથી દુર .. સરકતા સરકતા અદૃશ્ય થઇ જાય. અચાનક શિષ્યોને ખ્યાલ આવે કે પ્રભુઇસુ અદૃશ્ય થઈ રહયા છે, એટલે આશ્ચર્યથી જાતજાતના ઉદગાર કાઢે. દાખલા તરીકે - નીચે જેવા.)

૧) એ..એ..જુઓ જુઓ પ્રભુઇસુ..... (બૂમ પાડતો હોય તેમ બોલે)

૨) ઓ પ્રભુ ..તમે ક્યાં જાઓ છો ? અમને લઇ જાઓ......
૩) અરે પ્રભુ.....પ્ર..ભુ..ઉ.ઉ.ઉ ?
૪) ઓ..ઓ..ઓ..આ પ્રભુ તો આકાશમાં ચઢી જાય છે.
૫) અરે પ્રભુ ક્યાં ચાલ્યા ?
૬) પ્રભુઇસુ અમારે તમારી સાથે આવવું છે. – (વગેરે જેવા ઉદગાર કાઢે)

બધા સાથે બાલે :– ઓ પ્રભુ તમે અમને મુકીને ક્યાં જાઓ છો ? અમને લઇ જાઓ..... (કેટલાક રડે, કેટલાક કલ્પાંત કરતા હોય તેમ કરે. એવામાં બે દૂતો પ્રગટ થાય.)

૧લો દૂત :– ઓ ગાલીલવાસીઓ, (બધા શિષ્યો દૂતને જોઇને આશ્વર્ય કરે,–ગભરાય જાય)

૨જો દૂત :– તમે ઉભા ઉભા આકાશ તરફ કેમ તાકી રહયા છો ? પ્રભુઇસુને હવે તમારી પાસેથી આકાશમાં લઇ લેવામાં આવ્યા છે.

૧લો દૂત :– હવે તમે જે રીતે પ્રભુઇસુને આકાશમાં જતા જોયા, તે જ રીતે પ્રભુઇસુ પાછા આવશે.તે પણ તમે જોશો.

બધા સાથે બોલે :– (આશ્વર્યથી બોલે) હેં..એ..એ..પ્રભુઇસુ પાછા આવશે..... ?

૨જો દૂત :– (બંને દૂતો પાછા પગલે જતાં જતાં બોલે) હા, પ્રભુઇસુ આજ રીતે વાદળ ઉપર સવારી કરી દૂતોના સંગીત સાથે પાછા આવશે. એ પ્રુથ્વી પરના દરેક લોક જોશે. તમે પણ જોશો.

૧લો દૂત :– જાઓ, તમે હવે પ્રભુઇસુની આજ્ઞા મુજબ, પ્રભુના સાક્ષી બનો અને આખા જગતમાં તેમની સુવાર્તા પ્રગટ કરો. (બધા આશ્વર્યથી જોઇ રહે.)
(અંતમાં બધા કોઇ ગીત ગાય.. 'હું ઇસુનો સાક્ષી બનીશ' કે 'ગામે ગામ જઇને,..શહેરે શહેર ફરીને મારી વાતો કહેજો જઇ સંદેશો કહેજો કે જઉ છું સ્વર્ગી શહેરમાં હોજી...જૈતુનવાળા ડુંગરે'.)

–: પાત્રો :–

| | | |
|---|---|---|
| ૧) પ્રભુઈસુ | ૨) યોહાન | ૩) યાકુબ |
| ૪) આન્દ્રિયા | ૫) પિતર | ૬) થોમા |
| ૭) બીજા સાત શિષ્યો | ૮) ૧લો દૂત | ૯) ૨જો દૂત. |
| | | (કુલ પંદર પાત્રો) |



# ૪૩ તમારા તાલંતોનુ શું કર્યું?

માત્થી ૨૫:૧૪-૩૦

પ્રવક્તા:– જાગો જાગો..પ્રભુઇસુના લોકો..જાગો.. રાજાધિરાજ પ્રભુઇસુ વાદળ પર સવારી કરી, પ્રથ્વી પર આવી રહયા છે. તમને આપેલા આશીર્વાદો અને તાલંતોનું તમે શું કર્યું ? યાદ રાખો ... હવે પ્રભુઇસુ પિતા બનીને નહિ,.. મહાન સમ્રાટ–રાજા બનીને આવશે.
દરેક વ્યક્તિએ પ્રભુઇસુને જવાબ આપવો પડશે.. ત્યારે શું થશે ?.. તો જુઓ.. નાટક.. "તમારાં તાલંતોનું શું કર્યું ?"
(એક ધનિક જાગીદાર માણસનું ઘર હોય,ઘણા નોકરચાકરો કામ કરતા હોય, ધનિક વ્યક્તિ કેટલાક નોકરો સાથે વાતચિત કરતા હોય તેવું દ્રશ્ય રજુ કરવું.)

શેઠ :– રમેશ..જા..આપણા નોકરોને કહે દરેક તેમના કામનો હેવાલ મને આપે.

રમેશ :– હાજી શેઠ. (રમેશ બીજા બે.ચાકર વજેસીંગ અને હેમંત ને બોલાવી લાવે)

શેઠ :– વજેસીંગ,બધી જમીન તું સંભાળે છે ને?

વજેસીંગ :– હાજી શેઠ, બધી જમીનમાં ઘઉ, મગફળી, શેરડી, તુવેર, વાવી દીધી છે. ક્યારામાં ડાંગર વાવી છે. ને વાડીમાં શાકભાજી પણ બહુ સરસ થયા છે.

શેઠ :– અને બધા ઢોર ..પશુઓ ?

વજેસંગ :– હા શેઠજી..બધા બળદો, ગાયો, ભેંસો..બરાબર છે. ગાયભેંસોનું દૂધ પણ ડૈરીમાં સારા પ્રમાણમાં ભરી આવીએ છીએ.

શેઠ :– સારુ..હું જોવા આવીશ..અને હેમંત..તારું કામ કેવું ચાલે છે ?

હેમંત :– શેઠજી..આપણી ચોખાની મીલ ધમધોકાર ચાલે છે. આજુબાજુના તમામ ગામોના લોકો ચોખા પીલાવવા આપણી મીલમાં જ આવે છે.

શેઠ :– મશીનો બરાબર છે ને ?

હેમંત :– હા..હા..શેઠજી..નિયમિત ચેક કરાવું છું.બધા બરાબર છે.

શેઠ :– અને રમેશ..તારું કામ..

રમેશ :– હાજી શેઠ, તમે મને આપણાં ઘર,જમીન અને કારોબાર વગેરે પર દેખરેખ રાખવાની જવાબદારી સોંપી છે. તે બધુ બરાબર ચાલે છે.

શેઠ:– દરેકને નિયમિત અને બરાબર પગાર અપાય છે ને ?

રમેશ :– હાજી શેઠ.. બધુ વ્યવસ્થિત ચાલે છે.

શેઠ:– સારુ તો જુઓ, હું પરદેશ જવા વિચાર કરું છું,માટે તમે બધા તમને સોંપેલા કામ બરાબર કરજો.હું ક્યારે પાછો આવીશ તે નક્કિ નથી. (વારાફરતી નોકરને સોનામહોરો આપી કહે) રમેશ, હું તને આ પાંચ સોના મહોરો આપું છું.લે.. (રમેશ સોનામહોરો લે પ્રણામ કરી ઉભો રહે.) વજેસીંગ..તને પણ બે સોનામહોર આપું છું. (વજેસીંગ લઇને બાજુ પર ઉભો રહે) અને મહેશ, લે તુ આ એક સોના મહોર.. (મહેશ લઇ લે) સારું,..તો મારી સૂચનાઓ સાંભળીને બરાબર તમે ? જાઓ, હવે

તમારું કામ કરો.. (શેઠ જતા રહે)
(ત્રણે નોકરો એકબીજા સાથે વાતો કરે)

હેમંત :- અલ્યા રમેશ.. આપણા શેઠ ક્યાં જાય છે? તને તો બધી ખબર હશેને? ક્યારે પાછા આવવાના છે ?

રમેશ :- કહ્યું ના તેમણે..? ક્યારે પાછો આવીશ તે નક્કિ નથી ?

વજેસંગ :- પણ રમેશ ..શેઠૈ આપણને આ સોનામહોરો કેમ આપી ?

હેમંત :- શેઠને શું ? કામ તો આપણે બધા કરીએ છીએ.ને પૈસા એ કમાય છે. હું તો આ સોનામહોર સાચવીને જમીનમાં દાટી મૂકીશ. શેઠનો શો ભરોસો..? આવીને પાછી માંગે, કે લાવો પાછી મારી સોનામહોરો.. (બબડતો બબડતો જતો રહે) હં...પેલાને પાંચ, પેલાને બે ને મને એક જ..

હેમંત :- વજેસીંગ, મને લાગે છે કે, શેઠે આ સોનામહોરો આપી છે. તો જરુર આપણી કસોટી કરવા જ આપી હશે.

વજેસંગ :- મને પણ એવો જ વિચાર આવે છે. (બન્ને વાતો કરતા જતા રહે)

## અંક - ૨

પ્રવક્તા :- કેટલાક સમય પછી શેઠ પોતાના ઘેર પાછા આવે છે. પેલા ચાકરોને બોલાવે છે. દરેકનો હિસાબ માંગે છે
(શેઠ આરમથી ઘરમાં બેઠા હોય. ચા પીતા સમાચાર પેપર વાંચતા હોય. એક ચાકર ..રમેશને બૂમ પાડી બોલાવે)

શેઠ :- રમેશ... (બૂમ પાડે)

રમેશ :- જી શેઠજી...મને બોલાવ્યો ?

શેઠ :- હા..જા તો પેલા બે વજેસીંગ અને હેમંતને પણ બોલવી લાવ.

રમેશ :- હાજી શેઠ.. (રમેશ બોલાવવા જાય. પછી ત્રણે જણ સાથે આવે)

શેઠ :- કેમ છો તમે બધા ? બધું બરાબર ચાલે છે ને ?

ત્રણે સાથે :- હાજી શેઠ..બધું વ્યવસ્થિત ચાલે છે..

શેઠ :- સારું..મેં તમને સોનામહોરો આપી હતી, તેનું શું કર્યું તમે ?

રમેશ :- શેઠજી.. (ખીસામાંથી સોનામહોરો કાઢીને આપે) તમે મને પાંચ સોનામહોર આપી હતી.લો..તે ઉપરાંત હું બીજી પાંચ કમાયો છું લો આ દસ સોનામહોરો...એક..બે..ત્રણ..ચાર..પાંચ..છ..સાત..આઠ.. નવ..દસ.. (દસ સિક્કા ગણીને આપે)

શેઠ :- શાબાશ.. સારા તથા વિશ્વાસુ ચાકર.. તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડયો છે. હું તને ઘણા પર ઠરાવીશ.તારા પ્રભુના આનંદમાં પેસ.

વજેસંગ :- શેઠજી..હું પણ..તમે જે બે સોનામહોર આપી હતી. તે ઉપરાંત બીજી બે કમાયો છું. આ ચાર મહોર..એક..બે..ત્રણ..ચાર.. (સિક્કા ગણી આપે)

શેઠ :- શાબાશ..સારા તથા વિશ્વાસુ ચાકર..તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડયો છે. હું તને ઘણા પર ઠરાવીશ. તું તારા પ્રભુના આનંદમાં પેસ.

હેમંત :- શેઠજી..મને હતું જ કે તમે આવીને સોનામહોર માંગશો જ. તમે બહુ



કડક છો એટલે મને બીક લાગી. તેથી મેં તેને જમીનમાં દાટી રાખી હતી જુઓ, સાથે લેતો જ આવ્યો છું..લો આ તમારી સોનામહોર..

શેઠ :- (ક્રોધથી ઉભા થઇ બોલે) અરે ભૂંડા તથા આળસુ ચાકર.. તું જાણતો હતો કે સોનામહોર હું પાછી માંગીશ..તો તારે એ સોનામહોર બેન્કમાં મૂકવી જોઇતી હતી કે હું પાછો આવું તો મને વ્યાજ સાથે મળત..આ નકામા ચાકરને કેદખાનાના અંધકારમાં નાંખી દો..તેને ત્યાં રડવું ને દાંત પીસવું થશે..
(એમ ગુસ્સાથી બોલતા શેઠ જતા રહે .. અને પેલા બે ચાકરો તેને પકડીને લઈ જાય.)

પ્રવક્તા :- જોયું ને તમે ? આ નાટક નથી. સત્ય હકિકત છે. પ્રભુઇસુ હવે આખા જગતના દેખતાં બીજીવાર પ્રુથ્વી પર આવી રહયા છે. આ જ રીતે તમને આપેલાં તાલંતો.. આશિર્વાદો.. નો હિસાબ પ્રભુઇસુ માંગશે જ. તમારી આવડતો, દાખલા તરીકે ગાવામાટે સુંદર રાગ, વાજીંત્રો વગાડવાનું દાન,શીખવવાનું દાન, બોલવાનું દાન, ચિત્રદોરવાનું, લખવાનું, સેવા કરવાનું, મદદ કરવાની શક્તિ, વાહનો,પૈસા,..વગેરે અનેક દાનો પ્રભુએ તમને આપ્યાં છે. તેનું તમે શું કર્યું ? દરેકને પ્રભુ પુછશે જ. હિસાબ માંગશે જ.......ત્યારે..
પ્રભુ તમને શું કહેશે ? સારા તથા વિશ્વાસુ ચાકર...કે..અરે ભૂંડા તથા આળસુ ચાકર..?
પ્રભુ એ નર્કના અંધકારમાં નાંખી દે તે પહેલાં.. ચેતો.. તમારાં તાલંતોને પ્રભુના મહિમા માટે વાપરો... યાદ રાખો.. આવડત.. શક્તિઓ વાપરવાથી જ વધે છે. માટે ચેતો .. તમારા તાલંતોનો ઉપયોગ કરો.. પભુઇસુ જલ્દી આવી રહયા છે..બોલો. “પ્રભુઇસુ આનેવાલા ...હૈ..”
(બધા પાત્રો સ્ટેજ પર આવી ગીત ગાય..) “આખરી નરશીંગા ફૂંકા જાએ ગાઓ..તું કહાં હોગા..તું કહાં હોગા ?

-: પાત્રો :-

૧) પ્રવક્તા
૨) શેઠ
૩) રમેશ (નોકર)
૪) વજેસીંગ (નોકર)
૫) હેમંત (નોકર)

## ૪૪ દાઉદ અને ગોલ્યાથ

૧ શમુએલ ૧૭ ને ૧ અધ્યાય

દૃશ્ય-૧

(એક ઘરનું દૃશ્ય બતાવવું..માતા રોટલી બનાવતાં પિતા 'યશાઈ' ને જમાડતી હોય. અને તેઓ વાતો કરતાં હોય.)

માતા :- (થાળીમાં રોટલી મૂકતાં કહે) લોકો વાતો કરે છે કે, ચાલીસ દિવસથી બે લશ્કરો સામસામે પડયાં છે પણ લડાઈ ચાલતી નથી. સાચી વાત?

યશાઇ:- હા..સાચી વાત.. એટલે હું તપાસ કરાવું છું. આપણા ત્રણ દિકરા લડાઈમાં છે. તેમને માટે રોટલી બનાવો. હું પોંક ને અંજીર, ખજૂર, દ્રાક્ષ વગેરે તૈયાર કરું છું. તે લઇને દાઉદને મોકલું છું. કે ખબર કાઢતો આવે.

માતા :- હાય..હાય.. ત્રણ દિકરા તો લડાઈમાં છે, ને આ નાનાને ય મોકલો છો?

યશાઇ :- અરે ..તેને લડવા નથી મોકલતો.. અને દિકરાઓની ખબર કાઢવા મોકલું છું..તો થોડું ખાવાનું ય લેતો જાય..ક્યાં ગયો દાઊદ ? (બૂમ પાડે) દા..ઉ..દ..

દાઉદ :- આવ્યો પપ્પા... (કહેતો ઘરમાંથી આવે)

યશાઈ :- બેટા દાઉદ.. જો તારા ભાઇઓ લડાઈમાં ગયા છે. પણ હમણાં લડાઇ બંધ છે, તો તેમની ખબર કાઢવા જઇશ ?

દાઉદ :- હા પપ્પા... હું જઇશ.

યશાઇ :- તો તું કાલે સવારે થોડું ખાવાનું લઇને જજે. એલાહ ના નીચાણમા છાવણી છે. તે જગા જોઇ છે ને તેં ?

દાઉદ :- હા..હા..જોયું છે મેં.. બે પર્વતો સામસામે છે. અને વચ્ચે મોટું મેદાન છે.

યશાઈ :- (ખભો થપથપાવી કહે) શાબાશ...તો જા.અને તારા ભાઇઓ કેમ છે તે ખબર કાઢી આવ. અને તેમની પાસેથી કંઇ નિશાની લેતો આવજે.

દાઉદ :- (ખુશ થતો કહે) હા..હા..પિતાજી હું જઈશ..

યશાઈ :- પણ જલ્દી પાછો આવી જજે હોં..અને થોડૂં ખાવાનું તેમના સાહેબને પણ આપજે..ચાલ આપણે તૈયારી કરીએ.. (બધાં જતાં રહે)

દૃશ્ય-૨

(દાઉદ તેની જોળી ખભે ભરાવી, ખોરાકનો થેલો ખભા પર મૂકી, હાથમાં તેની લાકડી લઇ છાવણીમાં જાય છે.)

(થોડી વારમાં છાવણી પાસે આવીને સૈનિકોના સમાન સાચવનાર પાસે જઇ પ્રણામ કરે)

દાઉદ :- પ્રણામ સાહેબ ..

ચોકીદાર :- કોણ છે ? ક્યાં જાય છે ?

દાઉદ :- સાહેબ..મારા ત્રણ ભાઈઓ આ લડાઇમાં સૈનિકો છે. મારા પિતાએ મને તેમની ખબર કાઢવા મોકલ્યો છે. (થેલામાંથી એક પેકેટ કાઢીને આપે) સાહેબ...લો.. આ તમારા માટે. હું મારા ભાઈઓને મળવા જઉ.?

ચોકીદાર :- લડાઇ ચાલતી નથી માટે જવા દઉ છું..જા..

દાઉદ :- સાહેબ.. આ મારા ભાઈઓ માટે ખાવાનું છે.તે અહીં મૂકું ?

ચોકીદાર :- મૂક..અને જલ્દી પાછો આવજે... (દાઉદ થેલો ત્યાં મૂકી દોડતો જાય)

દૃશ્ય-૩

(સૈનિકો હારબંધ ઉભા હોય. સામસામે બે સૈન્ય હોય. તેવું દૃશ્ય.)

(દાઉદ સૈન્ય પાસે જઇને પોતાના ભાઇઓને શોધે છે. ભાઇઓને જુએ છે. બૂમ પાડતો જઇને ભાઈઓને ભેટી પડે)

દાઉદ :- અલીયાબભાઇ...શામ્માહભાઈ.. (ભેટી પડે)

અલીયાબ :- (આશ્ચર્યથી) અરે..દાઉદ ..તું ?

શામ્માહ :- તું અહીં કેવી રીતે આવ્યો ? (દાઉદની બૂમ સાંભળી અબીનાદાબ પણ પાસે આવી ભેટી પડે)

દાઉદ :- મને પિતાજીએ તમારી ખબર કાઢવા મોકલ્યો છે. તમારા માટે ખાવાનું પણ મોકલ્યું છે.

અબીનાદાબઃ- સારુ.. જો.. લડાઈ ગમે ત્યારે શરુ થઇ જાય.. તું જલ્દી જતો રહેજે.

દાઉદ :- સારું..ભાઇ .. પણ..હું આ બધું થોડીવાર જોઉ? (દાઉદ આમતેમ જોતો ફરવા લાગે. ભાઇઓ પોતાની જગાએ જઇ ઉભા રહી જાય)

(દાઉદ ચાલતાં ચાલતાં બન્ને સૈન્યના લોકોને જોતો હોય. તેવામાં દુશ્મન સૈન્ય માંથી એક કદાવર માણસ બૂમો પાડતો મેદાનમા આવે)

ગોલ્યાથ :- (અટટાસ્ય કરતો) આહા હા હા હા...એય ઇસ્રાએલી બીકણ સસ લાઓ..શું તમારામાં અકેય માણસ નથી ? મારી સામે લડે એવો. તાકાત હોય તો આવે કોઇ. ફક્ત મને ઐકલાને હરાવો ને લડાઇ જીતી લો.. (અટટસ્યિ કરે) . હા હા હા હા.. બધી બિલ્લીઓ છે...હાહાહા હાહ્હ... (આ સાંભળીને દાઉદ ખૂબ દુઃખી સ્વરે પાસે ભેલા એક સૈનિકને પૂછે)

દાઉદ :- (સૈનિકને પૂછે) આ માણસ કોણ છે ? ને આવું કેમ બોલે છે ?

૧ સૈનિક :- અરે, આ દુશ્મન સૈનિકનું નામ ગોલ્યાથ છે. યુધ્ધ કરવા આવ્યો છે. પણ આપણા સૈન્યમાંથી તેની સામે જવાની કોઇને હિંમત ચાલતી નથી. આજે ૪૦ દિવસથી રોજ આવીને આ માણસ ગમેતેમ ગંદુ બોલી તિરસ્કાર કરે છે.

દાઉદઃ- શું એક પલિસ્તી જીવતા દેવના સૈન્યનો તિરસ્કાર કરે ? હું જઈશ તેની સામે લડવા.

૨ સૈનિક :- શું ? તું આ મહા કદાવર માણસ સાથે લડવા જઇશ ? (દાઉદનો મોટો ભાઇ અલિયાબ આ સાંભળીને તેની પાસે આવે છે)

અલિયાબ :- (ગુસ્સાથી કહે) દાઉદ .. તું અહીં કેમ આવ્યો છે ? ઘેટાં રાનમાં કોની પાસે મુકીને આવ્યો છે ? જા..ઘેર જા..

દાઉદ :- અરે મોટાભાઇ,જુઓ તો ખરા... આ પલિસ્તી ણદેવના લોકોનો તિરસ્કાર કરે છે ?

અલિયાબ :- (ગુસ્સામાં બોલે) તું..જા ઘેટાં સાચવ.તારું કામ લડાઈ કરવાનું નથી.
(દાઉદ ત્યાંથી બીજી જગાએ જઇ વાતો કરે)

દાઉદ :- (બીજા સૈનિકને પૂછે) જો હું આ પલિસ્તી ગોલ્યાથને મારું તો રાજા શું આપશે ?

૨ સૈનિક :- જે એને મારી નાંખશે તેને રાજા ઘણું દ્રવ્ય આપશે, તેના કુટુંબને પણ સ્વતંત્ર કરશે અને તેને રાજાની કુંવરી સાથે પરણાવશે.

દાઉદ :- હું એ પલિસ્તીને મારી નાંખીશ.

૨ સૈનિક :- જો તારામાં હિંમત હોય તો ચાલ રાજા પાસે. (તે સૈનિક દાઉદને રાજા પાસે લઇ જાય.)

## દ્રશ્ય-૪

(બન્ને રાજાને પ્રણામ કરે,પછી સૈનિક રાજાને કહે)

૨ સૈનિક :- પ્રણામ મહારાજ, આ છોકરો કહે છે, હું એ પલિસ્તી ગોલ્યાથને મારી નાંખીશ.

રાજા :- અરે છોકરા.. તું એ પલિસ્તી સામે લડવા શક્તિમાન નથી. તું ઘણો નાનો જુવાન છે. એ તો કદાવર ને લડવૈયો છે.

દાઉદ :- રાજા સાહેબ, હું ઘેટાં ચરાવતો હતો ત્યારે એક સિંહે મારું એક ઘેટુ લઇ લીધું. મૈં તે સિંહની દાઢી પકડીને ચીરી નાંખ્યો, ને તેના મોંમાંથી મારું ઘેટું છોડાવ્યું. એવી રીતે એક રીંછને પણ મારી નાંખ્યું હતું. જે યહોવાદેવે મને એ સિંહ અને રીંછના પંજામાંથી બચાવ્યો,તે યહોવા મને આ પલિસ્તીના હાથમાંથી બચાવશે.

રાજા :- (આશ્ચર્યથી કહે) છોકરા..તું ઘણો હિંમતવાન છે.સારૂ જા, યહોવા દેવ તારી હોજો. પણ લે આ મારું બખ્તર, ને માથાનો ટોપ પહેર અને લે આ મારી તલવાર. (દાઉદને એક સૈનિક બખતર, ટોપ વગેરે પહેરાવે.હાથમાં તલવાર આપે)

દાઉદ :- (બધું પહેરીને ચાલી જુએ.) ના.. ના, આ તો બહુ મોટું છે , મને નહિ ફાવે. (બધૂં કાઢી નાંખે) હું તો મારી આ લાકડી ને ગોફણ લઇને જઇશ.
(પછી દાઉદ પોતાની જોળી ખભે ભરવે, તેમાં ગોફણ છે તેની ખાત્રી કરે, પછી જમીન પરથી પાંચ પથ્થર વીણીને જોળીમાં મૂકે, પછી ઝડપથી ગોલ્યાથ સામે લડવા ચાલ્યો જાય.)

## દ્રશ્ય-૫

(બે બાજુ સૈનિકો હારબંધ ઉભા હોય, ને વચ્ચે ગોલ્યાથ રુઆબથી આંટા મારતો હોય, રોજની જેમ તિરસ્કારના શબ્દો બોલતો હોય. તેનો એક સૈનિક તેની ઢાલ ને ભાલો લઈને ઉભો હોય. ગોલ્યાથ દાઉદને આવતો જોઈને આશ્વર્યથી બોલે)

ગોલ્યાથ :- (આશ્વર્યથી કહે) અરે..આ કોઇ આવી રહયો છે ને.. આ તો નાનું



છોકરું છે...એ શું કરવા આવતું હશે ?

દાઉદ :- (જોરથી બૂમ પાડતો હોય તેમ બોલે) એ પલિસ્તી.. ઉભો રહે.. હું આજે તને ભોંયભેગો કરું છું.

ગોલ્યાથ :- (ભયંકર ક્રોધે ભરાય ને બોલે) એય કૂતરા..ચૂપ મર.. એએએ....છાની માની પાછી જતી રહે ખિસકોલી. શું હું કૂતરો છું કે, તું લાકડી લઇને મારી સામે આવે છે ?

દાઉદ :- હા.. હા.. તું જીવતા દેવના સૈન્યનો તિરસ્કાર છે? જો તું... હું તારું માથું ધડથી જુદુ કરું છું કે નહિ.

ગોલ્યાથ :- એ ..છછૂંદરના બચ્ચા..આવ.. પાસે આવ. તારા માંસના ટૂકડેટૂકડા કરીને વાયુચર પક્ષીઓને ને વનચર પશુઓને ખાવા આપી દઇશ.

દાઉદ :- આવું છું...તું તલવાર ભાલા ને બરછી લઇને આવે છે,પણ હું તો જીવતા દેવ યહોવાના નામે આવું છું. જો આજે યહોવાદેવ તને મારા હાથમાં સોંપશે, હું તારું માથુ ધડથી જુડું પાડીશ ને તારા એકલાના જ નહિ પણ તારા આખા સૈન્યના મુડદાં વાયુચર પક્ષીઓ ને વનચર પશુઓ ખાશે. અને આખી દનિયા જાણશે કે તલવાર કે બરછી વડે યહોવા બચાવ કરતો નથી. કેમકે લડાઇ તો યહોવાની છે.

ગોલ્યાથ :- (ગુસ્સાથી દાંત કચકચાવીને કહે) એય..ચૂપ મર..... (ભાલો લઈને દાઉદને મારવા દોડે)
(દાઉદ ઝડપથી ગોફણમાં પથ્થર મૂકે, ગોફણ વીંઝે ને પથ્થર મારે. ગૌલ્યાથના કપાળમાં વાગે, ને ગોલ્યાથ માથે હાથ મૂકી બૂમ પાડતો તમ્મર ખાઇને ચત્તોપાટ પડી જાય. દાઉદ ઝડપથી દોડીને તેની છાતી પર ચઢી જાય, અને ગોલ્યાથની જ તલવાર લઇને તેનું માથુ કાપી નાંખે. અને માથુ હાથમાં ઉચું કરી આનંદની કિલકારી કરતો બોલે)

દાઉદ :- (આનંદથી કિલકારી કરતો બોલે) યહોવાનો જય હો..
(ઇસ્રાએલનું આખું સૈન્ય 'યહોવાની જ હો'..કરતું, આનંદની કિલકારીઓ કરતું દોડીને દુશ્મનોને ભગાડે. પછી બધા સ્ટેજ પર આનંદથી જયજયકાર કરે, નારા બોલાવે)
યહોવાનો જય હો... જય હો..જય હો..
(અંતે બધા પાત્રો સ્ટેજ પર ગીત ગાય શકે..)

-: પાત્રો :-

| | | |
|---|---|---|
| ૧) દાઉદ | ૬) અલિયાબ | ૧૧) સૈનિક-૨ |
| ૨) ગોલ્યાથ | ૭) અબિનાદાબ | ૧૨) સૈનિક-3 (જે ગોલ્યાથની ઢાલ ને ભાલો ઉચકે) |
| 3) રાજા | ૮) શામ્માહ | |
| ૪) યશાઇ-પિતા | ૯) ચોકીદાર | ૧3) બીજા અનેક સૈનિકો- |
| ૫) માતા | ૧0) સૈનિક-૧ | (ઈસ્રાએલ અને પલિસ્તી એમ બે સૈન્યો બનાવવા) |

# પ્રભુના અનુભવની સાક્ષી

પ્રભુ ઇસુનો ધન્યવાદ માનું છું કે આજે ફરી એકવાર મને પ્રભુની સાક્ષીનો અનેરો મોકો મળ્યો છે.  સર્વ માન-મહિમા પ્રભુને અર્પણ કરતાં હું ખુબ જ આનંદ અનુભવું છે. મારો જન્મ અમદાવાદમાં એક હિન્દુ પરિવારમાં થયો હતો. ઇ.સ. ૨૦૧૧માં હું જ્યારે ડલાસ, ટેક્સાસ અમેરિકામાં હતી ત્યારે મારા મમ્મી અમદાવાદમાં ફંગલ ઇન્ફેકશનથી ખુબ જ બિમાર પડ્યા હતા. તે સમયે હું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ પંથ અનુસરતી હતી એટલે મેં ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરી કે મારા મમ્મી ઝડપથી સાજા થઇ જાય એ સમય દરમ્યાન જ મને સ્વપ્ન આવ્યું કે હું સ્વામિનારાયણનાં મોટા ફોટાની સામે ઊભી છું જે મારા ઘરમાં જ હતો અને બે હાથ જોડીને હું પ્રાર્થના કરતી હોઉં છું કે તમે સર્વોપરી ભગવાન છો તો પ્લીઝ મારી મમ્મીને સાજા કરી નાંખો અને ગણતરીના કલાકમાં જ મારા ભાઇનો ઇન્ડિયાથી ફોન આવ્યો કે મારા મમ્મીનું મૃત્યુ થયું છે. આ સાંભળીને મને પ્રશ્ન થયો કે સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે તો તેમણે મારા મમ્મીને સાજા કેમ ન કર્યા ? આ દુઃખદ સમયે વીઝાના પ્રોબ્લેમને લીધે હું ઇન્ડિયા ના જઇ શકી જેથી મને મનમાં વધારે દુઃખ થતું હતું.  મારા પતિની આઉટ-ઓફ-સ્ટેટ (શિકાગોમાં) જોબ હોવાને લીધે રાત્રિના સમયે એકલપણાંમાં ઊંઘી શકતી ન હતી.  જે સમયે હું મારી મમ્મીને યાદ કરીને રડ્યાં કરતી હતી અને મનમાં એક જ ઇચ્છા રહેતી કે મમ્મીને ફરીથી મળવું છે પરંતુ હિન્દુ ધર્મ અનુસાર તેમનો પુનઃજન્મ થઇ ગયો હશે તેમ માનીને મારા મનમાં પ્રશ્ન થતાં કે તેમનો જન્મ કઇ યોનિમાં, કઇ જગ્યાએ થયો હશે? અને મને ક્યાં જોવા મળશે? તે ઉપરથી બીજો પ્રશ્ન એવો થયો કે માણસ મૃત્યુ બાદ ક્યા જતો હશે? જેના ઉત્તરની શોધ માટે મેં ઇન્ટરનેટ પર શોધખોળ શરૂ કરી ત્યારે મને ઘણી બધી નીયર-ડેથ એક્સપીરીઅન્સ વિડીયો મળી જેમાં લોકોએ મૃત્યુ પછી ઇસુનાં દર્શન કર્યા હોવાના અને સ્વર્ગ - નરક વિશેના અનુભવો કહ્યા હતા.  જે ઉપરથી ફરી મેં હિન્દુ લોકોનાં નીયર-ડેથ એક્સપીરીઅન્સ વિડીયો શોધવાની શરૂ કરી અને એક-બે અનુભવોમાં તેમણે નરક તેમજ યમરાજને જોયાની વાત કરી હતી. યમરાજ એ હિન્દુ ધર્મમાં નરકના અધિપતિ છે તે હું જાણતી હતી અને પ્રશ્ન થયો કે ખ્રિસ્તીઓને મૃત્યુ બાદ ઇસુનાં દર્શન થયાં હતા જ્યારે હિન્દુ લોકોને કેમ નરકનાં દેવ યમરાજનાં દર્શન થયાં, નહીં કે અન્ય ૩૩ કરોડ પવિત્ર મનાતા દેવી-દેવતાઓનાં. મેં વધારે રિસર્ચ અને વિડીયો જોવાની ચાલુ રાખી અને ફરીવાર એકવાર વહેલી સવારે મને સ્વપ્ન આવ્યું કે હું દરિયાનાં તળિયે ડુબેલી છું અને તરતા ન આવડતું હોવાથી બહાર આવી શકતી નથી.  જીવન-મૃત્યુનાં તે કપરા સમય દરમિયાન કુદરતી રીતે જ મેં ઇસુને બચાવવા માટે પોકાર કર્યો અને તરત જ ઇસુએ હાથ લંબાવીને મને બહાર કાઢી.  જેથી મને ફરી એકવાર પ્રશ્ન થયો કે ઇસુએ જ કેમ બચાવી? નહીં કે કોઇ હિન્દુ દેવી-દેવતાઓએ.  તે જ સમયે મેં જાગીને પ્રભુ ઇસુનો સ્વીકાર કર્યો.

**- હેતલ એસ. પંચાલ**